ઝાંશીની રાણી.

રા. દત્તાત્રય બળવંત પારસનીસ કૃત મરાઠી ઉપરથી

લખનાર.

મણિલાલ છબારામ ભટ્ટ.

અમદાવાદ.

વિક્રમાર્ક સંવત ૧૯૫૩ ઈ. સ. ૧૮૯૭

મુલ્ય ૧-૪-૦

અમદાવાદ

ધી ગુજરાત ગેઝીટ પ્રેસમાં મુદ્રાંકિત કર્યું.

अर्पणपत्रिका

શ્રીમન્ મહારાજા સાહેબ,

સર શ્રી જશવંતસિંહજી બહાદૂર

કે. સી. આઇ. ઇ.

સંસ્થાન લિમ્બડી.

शार्दूलविक्रीडितवृत्त.

ગાયા છે જશ જેહના રિપુગણે તે વીરબાળા તણા,
આ નાનારસથી ભર્યા ચરિતને આનંદથી આપના;
સત્કર્માંકિત દાનશીલ કરમાં અર્પી રૂડા રાજવી,
રત્ને રત્નતણી રચું સુઘટના સ્વીકારશો પ્રેમથી.

મહારાજ શ્રીનો કૃપાકાંક્ષી
અધીન સેવક.
મણિલાલ છબારામ ભટ્ટ.

પ્રસ્તાવના.

પરભાષામાં રચાયેલાં પુસ્તક ઉપરથી ગુજરાતી ભાષામાં લખાયેલા પુસ્તક ઉપર મોટી પ્રસ્તાવનાની જરૂર રહેતી નથી, છતાં પુસ્તકના સંબંધી કંઈક નિર્દેશની આવશ્યકતા હોવાથી વાચકોને વિદિત કરવાનું કે, ચરિત્રનાં પુસ્તકો દેશોન્નતિની વૃદ્ધિ કરનારાં હોવાથી મોટા ગ્રંથકારોએ અને મંડળીઓએ ચરિત્ર લખવાનો પ્રારંભ કરેલો છે. એ ક્રમ મને પણ મારી અલ્પ મતિ પ્રમાણે સારો લાગવાથી મહા પુરૂષોને પગલે ચાલી ઉત્તર હિંદુસ્તાનમાં આવેલા ઝાંશી સંસ્થાનનાં મહારાણી લક્ષ્મીબાઈ સાહેબનાં લોકોત્તર ચરિત્રનું જે બે ત્રણ ગ્રંથમાં ગ્રંથન થયું છે તે વાંચવાની જીજ્ઞાસા થઈ અને તેમાંથી રા. દત્તાત્રય બળવંત પારસનીસકૃત પુસ્તકનો આધાર લઈ ગુજરાતી ભાષામાં શોભે, તેવો આ લેખ લખ્યો છે. મૂળ મરાઠી પુસ્તકનો રસ અને ભાવ ઘણા ઉત્તમ હોવા સાથે ભાષા વગેરે પણ મનોહર છે. મારા કરતાં બીજા વિદ્વાનને હાથે એનું ભાષાંતર સુરસ થાત, પરંતુ ત્રણ ચાર વર્ષ થયાં તેવો પ્રયત્ન કોઈએ નહિ કરેલો હોવાથી મેં આ સાહસ જેવું ઉપહાસ્યાસ્પદ લખાણ કર્યું છે. મરાઠી ગ્રંથકારોના સંબંધે મારા મનમાં ઉત્પન્ન થયેલા પૂજ્યભાવને પ્રકટ કરતાં હું માત્ર એટલુંજ કહીશ કે મરાઠી ભાષામાં હાલ જેવાં ઉત્તમ પુસ્તકો થયાં છે અને થાય છે તેવી છાયા પણ ગુજરાતી ભાષામાં નથી, અને ગુજરાતના પ્રસિદ્ધ ગ્રંથકારોએ પરદેશીઓનું મનરંજન કરે એવો એકે સ્વતંત્ર ચરિત્રનો ગ્રંથ બહાર પાડયો નથી. મહારાણી લક્ષ્મીબાઈ સાહેબનું જે ચરિત્ર મૂળ મરાઠીમાં લખાયલું છે તે મહારાષ્ટ્ર, મધ્યપ્રાંતો અને ગુજરાતમાં એકે અવાજે ધન્યવાદને પામ્યું છે, એવા એક મોટા ગ્રંથકારને આશ્રયે રહી મેં આ લેખ લખ્યો છે માટે તેમનો હું જેટલો આભાર માનું તેટલો થોડો છે. વાણી અને વિચારમાં જે સ્ખલન હોય તેને માટે મને ક્ષમા આપી વાચકો જો સૂચન કરશે તો તેમનો આભાર માનીશ. મહારાણી લક્ષ્મીબાઇ સાહેબના લોકોત્તર ચરિત્રથી ગુજરાતી વાચકો પ્રસન્ન થશે એટલે હું મારા શ્રમને સફળ થયો માનીશ.

એજ વિજ્ઞપ્તિ.

મણિલાલ છબારામ ભટ્ટ.

उत्सर्ग.

મનહરછંદ.

ધર્મ, અર્થ; કામ અને મોક્ષને સાધનભૂત,
પ્રકાશક જગતવિદિત સારા ગ્રંથના;
ગુજરાતકેરાં સમાહીકમાં શેખર રૂપ,
'ગુજરાતી' તણા અધિપતિ ઇચ્છારામના.
'નવિન પ્રજાના હિતકાજ મહાજનતણાં
લખવાં ચરિત્ર' એવા ઉત્તમ વિચારના
ફળ રૂપ; લેખ આ લખાયલો અકુશળથી
યોગ્ય તો નહિજ હોય કરને કોવિદના.

અનુક્રમણિકા.

પ્રકરણ.		વૃતાંત.	પાનું
,,	૧ લું	ઝાંશી સંસ્થાન.	૧
,,	૨ જુ	જન્મ, બાલ્ય અને વિવાહ.	૧૬
,,	૩ જુ	મહારાજ ગંગાધરરાવની કારકીર્દી.	૨૨
,,	૪ થુ	ઝાંશી ખાલસા કર્યું	૩૭
,,	૫ મું	ઝાંશીમાં બ્રિટિશ અમલ...	૫૧
,,	૬ ઠું	ઝાંશીમાં બળવો...	૫૭
,,	૭ મું	પાછળનું વૃતાંત.	૬૯
,,	૮ મું	રાણીની કારકીર્દી	૭૭
,,	૯ મું	સર હ્યુ રોઝની સ્વારી.	૮૧
,,	૧૦ મું	ઝાંશીનો ઘેરો અને તાતિયા ટોપી	૮૬
,,	૧૧ મું	મહા સંગ્રામ.	૯૪
,,	૧૨ મું	કતલ અને લૂંટ....	૧૦૫
,,	૧૩ મું	કાલ્પીમાં લડાઇ.	૧૧૩
,,	૧૪ મું	ગ્વાલીઅર ઉપર સ્વારી....	૧૨૫
,,	૧૫ મું	છેવટનું યુદ્ધ અને મૃત્યુ...	૧૪૧
,,	૧૬ મું	ઉપસંહાર....	૧૬૧

૬૫૭૧

ઝાંસીની રાણી.

પ્રકરણ ૧ લું.

ઝાંશી સંસ્થાન.

ઉત્તર હિંદુસ્તાનમાં બુંદેલખંડ[1] નામનો બહુજ ફળદ્રુપ પ્રદેશ છે. જે સંસ્થાનો એણી તરફ આવેલાં છે તેમાં ઝાંશી સંસ્થાન એક સુપ્રસિદ્ધ સંસ્થાન છે. વિંધ્યાદ્રિના દક્ષિણ ઉતાર ઉપર જમુના નદીની ઉત્તર દિશાએ ઝાંશી સંસ્થાન આવેલું છે. એની ઉત્તરે ગ્વાલીઅર અને સીમથરની સરહદ; પૂર્વે ધસાન નદી અને તેની પેલી મેર હમીરપુર; દક્ષિણે લલિતપુર પરગણું, વોરછા અથવા તેહેરીની સરહદ; અને પશ્ચિમ દિશાએ દતિયા તથા ગ્વાલીઅરની સરહદ છે. ઝાંશી સંસ્થાનનું ક્ષેત્રફળ ૪૯૮૩$\frac{3}{10}$ માઇલ ચોરસ છે. એમાં ૯૩૪૯૩૪ માણસની વસ્તી, બાર પરગણાં, અને એકંદર ૨૧૪૦ ગામ છે. એમાં પહુન, વેત્રવતી અને ધસાન એ ત્રણ નદીઓવાળો સપાટ, અને કેટલોક પહાડી પ્રદેશ છે. સંસ્થાનના રાજ્યનગર ઝાંશીમાં એક મજબૂત કિલ્લો છે.

---

૧ બુંદેલખંડ એટલે બુંદેલ લોકનો પ્રદેશ. આ નામના સંબંધે બે દંતકથાઓ ચાલે છે, તે આ પ્રમાણે છે:—(૧) સૂર્યવંશનો કોઇ કાશીમાં રાજા હતો તેને તેના ભાઈઓએ બળોન્મત્ત થઇ ગાદી ઉપરથી ઉઠાડી મુકયો, ત્યારે તે દુર્ભાગ્ય રાજા ભટકતો ભટકતો વિંધ્યાદ્રિમાં આવ્યો અને પ્રસિદ્ધ વિંધ્યવાસિની દેવીની તેણે રાજ્ય મેળવવા માટે આરાધના કરવા માંડી. રાજાએ દેવીને પોતાનાં અંગો કાપીને બલિ આપવા માંડયો ત્યારે દેવીએ પ્રત્યક્ષ દર્શન આપી રાજાનો હાથ પકડી લઈ તેને આશીર્વાદ દીધો. રાજાનાં છેદાયલાં અંગમાંથી રુધિરનાં બિંદુ પડયાં તેથી તેના વંશજો બુંદેલ કહેવાયા. (૨) કાશીના રાજાનો કોઈ હરદેવ નામનો ભાયાત એક છોકરીને લઇ ઓચ્છનમાં જઈ રહ્યો હતો. કાઢી આણેલી છોકરી તે 'બુંદી' એટલે દાસી એમ ત્યાંના લોક કહેતા. એણી તરફનો રાજા કેટલાક કાળ પછી એ છોકરીને જોઈ તેનાપર મોહી પડયો. હરદેવને સારાં સારાં વચન આપી રાજાએ તે છોકરી સાથે લગ્ન કર્યાં અને એનાથી જે પ્રજા ઉત્પન્ન થઇ તે ત્યાર પછી બુંદેલ કહેવાઇ. બુંદેલ નામના રાજાઓ હજી બુંદેલખંડના દતિયા વગેરે સંસ્થાનમાં રાજ્ય કરે છે.

આ સંસ્થાનનો પ્રાચીન ઇતિહાસ ઉપલબ્ધ નથી તથાપિ સન ૧૫૦૦ની સાલ પછીનો કંઇક આધાર મળે છે. તે વખતે વોરછાના રાજા બીરસિંગ દેવના તાબામાં ઝાંશી એ નાનું ગામ હતુ. બીરસિંગ દેવે પોતાના અમલની દરમીઆન તેમાં એક મજબૂત કિલ્લો બાંધી તેને સારૂ મહત્વ આપ્યું હતું. બીરસિંગ દેવ ઘણો જુલમી અને ક્રૂર રાજા હતો. અકબર પાદશાહના માનિતા મુસદ્દી અને ઇતિહાસકાર અબદુલ ફજલને તેણે ૧૬૦૨ માં ઠાર માર્યો હતો. અકબરે ક્રોધે ભરાઈ તેને શીક્ષા કરવા માટે પોતાના શાહજાદા સલીમને મોટું લશ્કર આપી બુંદેલખંડ ઉપર ચડાઈ કરવા મોકલ્યો, પરંતુ સલીમના આવતા પહેલાંજ બીરસિંગદેવ ભયથી પલાયન કરી ગયો. ૧૬૦૫ માં એટલે ઉક્ત ચડાઈ પછી ત્રીજે વર્ષે જ્યારે સલીમ જહાંગીર નામ ધારીને દિલ્લીના તખ્તઉપર બેઠો ત્યારે તેણે બીરસિંગદેવને તેનો અપરાધ માફ કરી ઝાંશી પ્રાંત પાછો સોંપ્યો. ૧૬૨૭ માં આ જગજ્જેતા પાદશાહ મરણ પામ્યો અને તેનો શાહજાદો શાહજહાન દિલ્લીની ગાદીએ આવ્યો ત્યારે પુનઃ બીરસિંગદેવે પોતાની દુષ્ટતા પ્રકટ કરી. તેણે પાદશાહી દેશમાં ધાંડાઈ અને લૂંટફાટ કરવા માંડી. શાહજહાન પાદશાહે તેની ખોડ ભૂલાવી દીધો એટલુંજ નહિ પણ તેની જાગીર વગેરે જપ્ત કરી લીધી. એ વખતથી તે છેક ૧૭૦૭ માં દિલ્લીની ગાદીએ બહાદૂરશાહ આવ્યો ત્યાં સુધી ઝાંશી સંસ્થાન મોગલ પાદશાહોની હકૂમતમાં રહ્યું. બહાદૂરશાહે છત્રસાલ રાજાને તે પછી ઝાંશી સંસ્થાન જાગીરમાં બક્ષીસ આપ્યું.

રાજા છત્રસાલ જાતનો પરમાર રજપૂત હતો અને પન્નામાં તેની રાજ્ય ગાદી હતી. એના પિતાનું નામ ચંપતરાવ હતુ. છત્રસાલ હિંદુ ધર્માભિમાની અને શૂરવીર હતો. આખા બુંદેલખંડ ઉપર તેની હકૂમત હોવાથી તેની પાસે સારી સંપત્તિ અને વૈભવ હતાં. હિંદુસ્તાનમાં સર્વત્ર એનું યશોગાન થતુ હતુ. એ કાળના એક હિંદી કવિએ તેના ઐશ્વર્યનું અલૌકિક વર્ણન કરેલું છે.

कवित.

राजत अखंड तेज छाजत सुजस बडो,
गाजत गयंद दिग्गज निहिये शालको;
जाके परतापसों मलिन आफताब होत,

तोप तीज दुज्जन करत बहु ख्यालको;
साजि सज्जि गज तुरी कोतलकतारी दीन्हे,
भूषन भनत ऐसो दीन प्रतिपालको;
और राजा राव मन एक हू न ल्याऊ अब,
साहूको सराहौं की सराहौं छत्र शाल को ॥१॥

બુંદેલખંડનો રાજા છત્રસાલ ઉત્તમ રીતે રાજ્ય ચલાવતો હતો તેથી પ્રજા તેના ઉપર પ્રસન્ન હતી પરંતુ 'परवृद्धिभिराहितव्यथः स्फुट निर्भिन्नदुराशयोधमः' 'પરવૃદ્ધિથી પામતા વ્યથા, અધમોના સ્ફુટ છે દુરાશયો.' એ નિયમ પ્રમાણે અધિકારથી ઉન્મત્ત થયેલા અને હિંદુ રાજાઓને ત્રાસ આપવામાંજ શોભા માનનારા મુસલમાનોથી તેનો ઉત્કર્ષ સહન થઈ શક્યો નહિ. માળવાનો સુબેદાર અને અલ્હાબાદનો નવાબ મહમદ બંગષ, એ બે જણે મળીને તેના ઉપર સ્વારીએ કરવા માંડી. છત્રસાલ રાજા આ વખતે ઘરડો થઇ ગયેલો હોવાથી તેનાથી એ લોકની રણસ્વાગતા થઇ નહિ, પરંતુ બળવાન શત્રુઓની સામે થવાને માટે કોઇની સારી મદદ મેળવવાના સંબંધે તે વિચારમાં પડ્યો; કારણકે, મુસલમાનોની પાસે સાઠ હજાર માણસની ફોજ તૈયાર હતી અને દિલ્લીના પાદશાહની પણ તેમને કુમક મળે એમ હતું. તેમને રાજાએ જવાબ દેવો એ અશક્ય જેવું લાગ્યું અને એના એજ વિચારમાં તે નિરાશ તથા મંદોત્સાહ થઇ ગયો, પરંતુ આખરે તેને યાદ આવ્યું કે, મહારાષ્ટ્રમાં ગોબ્રાહ્મણ પ્રતિપાળ ક્ષત્રિય કુલાવતંસ શ્રીમંત છત્રપતિ શાહુ મહારાજના પ્રધાન બાજીરાવ પેશવા રણકુશળ છે અને તેમની મદદ મળશે તરતજ બાજીરાવ પેશવા ઉપર પત્ર લખી જણાવ્યું કે, તેમણે બુંદેલખંડમાં મદદ લઇ આવી એક વૃદ્ધ રજપૂત રાજાને મુસલમાનોની દાઢમાંથી મુક્ત કરવો. છત્રસાલે બાજીરાવ પર મોકલેલો વિનંતિપત્ર ઓતપ્રોત કરુણારસથી ભરપૂર હતો. તેમાં સો હિંદી દુહા લખેલા હતા જેમાંનો એક આપણે અત્રે ટાંકીશું.

दुहो.

जैसी बीती गजराजकु वैशी बिती है आज ।
बाजी जात बुंदेलकी राखो बाजी ! लाज. १

આવી મજકુરનો વિનંતી પત્ર જોઇને બાજીરાવ પેશવાને છત્રસાલની દયા આવી. શ્રીમંત છત્રપતિ સરકારની અનુજ્ઞા લઈ તેની કુમકે બુંદેલખંડ જવાનો તેમણે નિશ્ચય કર્યો. સુબંદોબંધ લશ્કરની ગોઠવણ કરી બાજીરાવ પેશવાએ શુભ ચોઘડીએ સૈન્ય લઇને રવાનગી લીધી. મજલ દરમજલ કાપતા તેઓ 'ચાકણચૌરાશી' આવ્યા અને સુમારે એકવીસ દિવસે બુંદેલખંડમાં આવીને ઉભા રહ્યા. આવતાં વાંતજ છત્રસાલ રાજાના શત્રુ મહમદ બંગષની અને તેમની વચ્ચે લડાઇ થઇ. મરાઠા સૈન્યે મુસલમાનોના લશ્કરને દાંદાદોરા કરી નાંખ્યું. મહમદ બંગષ બાજીરાવના પ્રતાપસૂર્યના તેજે જીવ લઇને નાશી છૂટયો અને આ પ્રમાણે છત્રસાલ રાજાના ઉપર આવેલું સંકટ વાદળ વેરાઇ ગયું. બાજીરાવ પેશવાના કંઠમાં વિજયશ્રીએ જયમાળ પહેરાવી. પન્નામાં બાજીરાવ અને છત્રસાલ રાજાનો સપ્રેમ સમાગમ થયો ત્યારે રાજાએ આ નરપુંગવને ઉત્તમ રીતે આવકાર આપ્યો અને કેટલોક પ્રાંત નજર કર્યો. વળી છત્રસાલ રાજાએ બાજીરાવ પેશવાને પોતાના તૃતીય પુત્રરૂપ ગણી મરતી વેળાએ પોતાના ત્રણ કરોડ રૂપિઆની ઉપજવાળા પ્રદેશમાંનો એક કરોડ રૂપિઆની ઉપજનો પ્રાંત બક્ષીસ આપ્યો.[1]

આ પ્રમાણે બક્ષીસમાં મળેલા એક કરોડ રૂપિઆની ઉપજના મુલુકને ત્રણ ભાગે વહેંચી નાંખી શ્રીમંત બાજીરાવ પેશવાએ તેના ઉપર ત્રણ સુબાઓ નિમ્યા. ગોવિંદ પંત બુંદેલને પહેલો સુબો ઠરાવી તેના તાબામાં સાગર, ગુલસરાઇને જાલવણ વગેરે ચાલીસ લાખ રૂપિઆની ઉપજનો પ્રદેશ સોંપ્યો.[2] બાજીરાવ પેશવાના અનુપમ સૌંદર્ય ઉપર મોહી પડી તેના અલૌકિક ગુણ અને શૌર્ય ઉપર લુબ્ધ થઈ રહેલી મસ્તાનીથી બાજીરાવને સમશેર બહાદૂર નામનો પુત્ર થયો હતો, આને બીજો સુબો

૧ છત્રસાલને જગદરાજદેવ, અને હરદેવ બે કુંવરો હતા તથાપિ મરાઠી નાની બખરમાં બાવન પુત્ર હતા એમ લખેલું છે. વળી ઉક્ત બખરમાં એમ પણ લખેલું છે કે, બુદ્ધિસિંગ નામના રાજકુંવરે તો મહમદખાંન બંગષને શિકસ્ત આપવામાં બાજીરાવને સારી મદદ કરી હતી. આના સંબંધે કંઈ વધારે પુરાવો મળતો નથી.

૨ ગોવિંદપંત બુંદેલને પાણીપતની લડાઇમાં નજીબખાંએ મારી નાંખ્યો ત્યારે એને બે પુત્ર હતા. કાલ્પીનું રાજ્ય કેટલાક દિવસ તેમણે ચલાવ્યું અને હાલ તેના વંશજોની પાસે સાગર મુલુક પૈકી ગુલસરાઈ વગેરે ત્રણ લાખ રૂપિઆની ઉપજનો પ્રદેશ ચાલુ છે. ગુલસરાઇના રાજાનું નામ રાજા આત્મારામ બાબા બહાદૂર છે.

બનાવી તેના તાબામાં બાંદા અને કાલ્પી વગેરે ચાલીસ લાખની ઉપજનો પ્રદેશ સોંપ્યો. એ થોડું જીવી મરણ પામ્યો તેથી તેના તાબાનો મુલુક પાછળથી સિંધિયાને સોંપવામાં આવ્યો હતો.[1] બાકીનો વીસ લાખ રૂપિઆની ઉપજનો પ્રદેશ નારોશંકર મોતીવાળા નામના એક શૂરવીર સરદારને સોંપી તેની સુબેદારી પણ તેને આપી. આ વીસ લાખનો મુલુક તેજ ઝાંશી પ્રાંત.

ઈ. સ. ૧૭૫૬ ની સાલમાં, પૂર્વના ગોસાવી રાજાએ બંડ કરીને પેશવાના સુબેદારોને[2] નશાડી મૂક્યા. પેશવા સરકારને જાણ થતાં તેમણે રઘુનાથરાવ હરિ નેવાળકર નામના એક શૂરવીર સરદારને બુંદેલખંડ તરફ મોકલ્યો. રઘુનાથરાવે ઝાંશી આવી શૌર્યથી ત્યાંના જાગીરદાર

---

૧ ઇ. સ. ૧૮૦૭ ની સાલમાં બાંદા પ્રાંત અંગ્રેજી સરકારે ખાલસા કર્યો અને સમશેર બહાદૂરના વંશજોને ચાર લાખની નેમણુક કરી આપી. હાલ તેમના વંશજ બાવણી ઇંદુરમાં છે, તેમને વર્ષ દિવસે અંગ્રેજ સરકાર તરફથી માત્ર તેરહજાર રૂપિઆનુંજ પેનશન મળે છે.

૨ ઝાંશીમાં નીમેલા પેશવાઈ સુબાઓના સંબંધમાં ઘણોજ મતભેદ જોવામાં આવે છે. શ્રીમંત દામોદરરાવે આપેલી હકીકતમાં નારોશંકર મોતીવાળાને ઝાંશીની સુબેદારી મળી હતી એમ લખેલું છે ને બીજે ઠેકાણે લખેલું છે કે ઝાંશીમાં પ્રથમ ગંગાધરપંતની નેમણુક થઇ હતી. પછી ગોવિંપંત બુંદેલે અને પછી સન ૧૭૪૨ ની સાલમાં નારોશંકર મોતીવાળાની નિમણુક થઈ હતી. ૧૭૫૭માં પેશવાએ નારોશંકરને પાછા બોલાવી લઇ મહાદાજી ગોવિંદને ઝાંશીના સુબા નીમ્યા હતા. તેમણે રોહિલખંડ કબજે કર્યો. ૧૭૫૯ માં પછી પાછી બાબુરાવ કનૈયાશવની નેમણુક થઇ. આ વખતે ગોવિંદપંત બુંદેલે પેશવાને લખી મોકલ્યું કે જો કોઈ શૂરવીર સરદારને અત્રે મોકલશો તો આણી તરફ પુષ્કળ મુલુક મળશે. આ ઉપરથી પેશવાએ ચિંતામણરાવ હરિ અને રઘુનાથ હરિ નેવાળકરને મોકલી દીધા. 'લોક હિતવાદી'માં લખે છે કે, 'બાબાજી પંડિતની પછી નારોશંકર રાજે બહાદૂર ૧૭૪૨ માં બુંદેલખંડમાં આવ્યા અને ઉર્ચાના રાજા પાસેથી બીજો કેટલોક મુલુક મેળવી ઝાંશીનો કિલ્લો સમારી દુરસ્ત કરાવ્યો તથા શહેર વસાવ્યું. એમણે પન્નાની હિરાની ખાણમાંથી પણ નીમે ભાગ લીધો. પછી નારોશંકર પાછા આવ્યા અને મહાદાજી ગોવિંદ સુબા થઈ ગયા. એમના પછી બાપુરાવને નીમવામાં આવ્યા હતા. વળી તેમના પાછા આવ્યા પછી પુનઃ ૧૭૬૧ ની સાલમાં નારોશંકર નીમાયા હતા અને એ સાલમાંજ જાલવણનો સુબેદાર ગોવિંદપંત બુંદેલે પાણીપતમાં માર્યો ગયો હતો. સમશેર બહાદૂરને બુંદેલખંડથી પુના મોકલ્યા તેમના પછી વિશ્વાસરાવ લક્ષ્મણ અને પછી ૧૭૭૦માં રઘુનાથ હરિ આવ્યા, તેમણે ૨૪ વર્ષ સ્વતંત્રતાથી કારભાર કર્યો. આમાં કંઈ

[1]ગોસાવીનો દોર તોડી નાંખ્યો, અને પેશવા સરકારનો અમલ પુનઃ સંસ્થાપિત કર્યો. આ સમાચાર પુનામાં પેશવા સરકારને મળ્યા એટલે તેમણે રઘુનાથ હરિને અભિનંદન અને ધન્યવાદ આપી એ બહાદૂરીના બદલામાં ઝાંશીની સુબેદારી વંશ પરંપરાને માટે સોંપી.

રઘુનાથરાવ ઝાંશીના કાયમ સુબા થયા પછી તેમણે સઘળા બુંદેલરાજ્યના બંદોબસ્ત માટે મોટી ફોજ જમાવી. જે ગોસાવી દંગો ફીસાદ કરતા તેમને પોતાના તાબામાં લીધા. આનંત; આભાત, આખાત અને નાગા નામે તેમના ચાર અખાડા હતા. એ દરેક અખાડામાં એક હજાર હજાર માણુસ હતાં. દરેક ગોસાવીને માસિક ચાર રૂપિઆનો પગાર બાંધી આપ્યો અને લડાઇની વખતે તે પેશવા સરકારને મદદ કરે તથા લડાઇમાંથી જે લૂટ મળે તેમાંથી તેમને અડધો ભાગ મળે એવો ઠરાવ બાંધી આપ્યો. તે લોક હથીઆર તરીકે તરવાર, બાણ, તોડેદાર બંદુક, તીર કામઠાં અને ઉંટ ઉપરની જંઝાગો વાપરતા હતાં. આ ગોસાવી સૈન્યની સહાયથી રઘુનાથરાવે બુંદેલ ખંડનાં ત્રીસ બતરીશ સંસ્થાનોને પોતાની આણમાં આણ્યાં હતાં. એ સંસ્થાનોવાળાઓએ પેશવા સરકારના મુલકમાં લૂંટફાટ કરવી બંધ કરી એટલુંજ નહિ પણ પોતાનામાં તંટો પડે ત્યારે તેમણે ઝાંશીના સુબેદારને પોતાની મદદે બોલાવવા માંડયા અને તેના બદલામાં પાંચ છ લાખ રૂપિઆ ખંડણી આપવા માંડી. બુંદેલખંડમાં મરાઠાની સત્તા પૂર્ણપણે સ્થાપન કરનાર રઘુનાથરાવને

મેળ મળતો જણાતો નથી. સન ૧૭૫૬ ની સાલમાં ઝાંશીના ગોસાવીએ બંડ કરીને નારોશંકરને હાંકી કાઢયો ત્યાર પછી પેશવા સરકારે રઘુનાથરાવ હરિ નેવાળકરની યોજના કરી એમ માનીએ તો નારોશંકર ઘણોજ શૂર હોઈ તે ગોસાવીથી હાર ખાય એમ તેના 'રાજેશ્વર, બહાદૂર' એ ઈલકાબ ઉપરથી મનાતું નથી. વળી પાણીપતની લડાઇમાં તેનું નામ વધારે પ્રસિદ્ધ થઈ ગએલું હોઇ તે ભાઉ સાહેબનો માનિતો સરદાર હતો એમ સર્વ જાહેર વાત છે. આ નારોશંકરના સંબંધે ફોરેસ્ટ સાહેબે 'ગવર્નમેન્ટ સીલેકશનમાં કેટલુંક લખેલું છે. એ ઉપરથી નારોશંકર નાનાસાહેબ પેશવાના રાજ્યમાં ઝાંશીનો સુબેદાર હતો એટલુંજ માત્ર સિદ્ધ થાય છે. તાત્પર્ય, રઘુનાથ હરિની પૂર્વે ઝાંશીમાં જે સુબેદારો થયા તેની વિગત બરોબર મળતી નથી.

૧ આ ગોસાવી પાછળથી રઘુનાથ હરિને શરણે આવ્યો હતો. તેને તેણે અગીઆર બાર હજારની આવકવાળી જાગીર બક્ષીસ આપી હતી જે અદ્યાપિ પણ તેના વંશજો ખાય છે.

તેમના ભાઇઓ લક્ષ્મણરાવ તથા શિવરાવ ભાઉની સારી મદદ મળી હતી.

રઘુનાથ હરિ નેવાળકરનો મૂલ પુરૂષ પહેલો રઘુનાથરાવ હતો, એ કોંકણ પ્રાંતમાં મોજે કોટ તરફ વાત્સ પરગણે રાજપૂરમાં અષ્ટાધિકારી હતો. તે ખાનદેશમાં ધુળિઆની પાસે મોજે બહાદરપુર કરીને એક નાનુ ગામ છે ત્યાંના વતની હતા. તેમને બે પુત્ર હતા, એકનું નામ ખંડેરાવ અને બીજાનું નામ દામોદરપંત. આ બે પુત્ર સાથે રઘુનાથરાવ પોતાની ગરીબ અવસ્થામાં કાળ ગાળતા હતા. એ બે છોકરાઓને સારી સંતતિ થઇ, અને તે ભાગ્યવાન નિકળવાથી બહાદરપુર જેવા ભીખારી ગામમાં રહેનારા નેવાળકર કુળનો સારો ઉદય થયો. રાઘોપંત, સદાશિવપંત અને હરિપંત એ ત્રણ પુત્ર દામોદર પંતને થયા. એ ઘણા હોંશિયાર અને પરાક્રમી નીકળ્યા એટલે તેઓએ શ્રીમંત પેશવા સરકારની અને માળવાના સુબેદાર મલ્હારરાવ હોલકરની પાસે જઇ પોતાના શૌર્યાદિ ગુણોના યોગથી તેમની કૃપા સંપાદન કરી. તેમણે ખાનદેશમાં ચોરવડ, સારમણી, અને ઉત્રાણ તથા ગુજરાતમાં અમદાવાદ ઇત્યાદિ ઠેકાણે પરાક્રમ કરી નામ મેળવ્યું. પછી વળી તેમને હોલકરને ત્યાં સૈન્યમાં સરદારી મળી. તેમણે પોતાના પરાક્રમોથી ખાનદેશ જીલ્લામાં પારોળે ગામ વગેરેની જાગીર મેળવી. ત્યારપછી રાઘોપંત એક લડાઇમાં માર્યો ગયો. સદાશિવપંત અને હરિપંતના પુત્ર લક્ષ્મણરાવ વગેરે પારોળમાં રહીને પોતાની જાગીર સંભાળતા હતા, અને હરિપંત પુનામાં રહી પેશવા સરકારના લશ્કરમાં સરદારી કરતા હતા. હરિપંતના પુત્ર રઘુનાથરાવ પેશવા સરકારની પાસે હોવાથી તેમના ગુણ સરકારના મનમાં ઉતરેલા હતા. ઝાંશીના ગોસાવીઓના બંડની ખબર પુનામાં આવતાં તેમણે રઘુનાથરાવ હરિને ઝાંશીનો બંદોબસ્ત કરવાને મોકલ્યા. રઘુનાથરાવે ઝાંશીને પોતાનું પરાક્રમ કેવી રીતે દેખાડી આપ્યું તથા કેવી રીતે તેની સુબેદારી સંપાદન કરી વગેરેનું દિગ્દર્શન આપણે ઉપર કરી ગયા છીએ. રઘુનાથરાવે ચાલીશ વર્ષ સુધી ઝાંશીમાં રહીને પેશવા સરકારની સુબેદારી બરોબર બજાવી અને સર્વ મુલકનો બંદોબસ્ત કર્યો એટલુંજ નહિ પણ બુંદેલખંડમાં મહારાષ્ટ્ર રાજ્યનો ધ્વજ દંડ ફરકતો કર્યો. તેમણે મહારાષ્ટ્ર દેશના લોકનું અંગી સ્વધર્માભિમાન, તેજસ્વીતા પરાક્રમ વગેરે ગુણો બુંદેલખંડના લોકમાં પ્રસિદ્ધ કર્યા. આવા પ્રતાપશાળી પુરૂષના વંશમાં પુરૂષો તો શું, પણ સ્ત્રીઓ પણ પરાક્રમી ની-

કરે અને પોતાનાં પરાક્રમોથી લોકને છક્ક કરી નાંખે એમાં શું આશ્ચર્ય ? અર્થાત્ ઝાંશીના શૂરવીર સુબેદાર રઘુનાથરાવ હરિ નેવાળકર એ આ ચરિત્રની નાયિકા મહારાણી લક્ષ્મીબાઈ સાહેબના બંધુવંશનો મૂળ પુરુષ હતો એ હવે જુદું લખવાની જરૂર નથી.

રઘુનાથરાવ એ કંઈ સામાન્ય પુરૂષ નહેતા. ઝાંશીની સુબેદારીથી તેમણે પોતાનું નામ ગજાવી મૂક્યું હતું એમ નહિ, પરંતુ આલોકમાં પોતાનું નામ અમર કર્યા પછી તેમણે પારલૌકિક સુખનું પણ સાધન કર્યું હતું. વૃદ્ધ થયા પછી ઝાંશીની સુબેદારી પોતાના નાના ભાઈ શિવરાવભાઉને આપી બાકી રહેલું આયુષ્ય ઈશ્વર ચિંતનમાં ગાળવાને તેમણે કાશી વાસ કર્યો હતો. ત્યાં સને ૧૭૯૬ માં તેમણે કૈલાસ વાસ કર્યો. રઘુનાથરાવનો બેતાવ અને ઉત્તર વયનો વૈરાગ્ય જોઇને કોઈ પણ માણસ તેમને સ્વાર્થ સિદ્ધ કરીને પરવારેલા સાધુ પુરૂષની ઉપમા આપ્યા વગેરે રહે તેમ નહોતું.

ઉપર આપણે કહી ગયા કે રઘુનાથરાવની પછી તેમનાં ભાઇ શિવરાવ ભાઉને ઝાંશીની સુબેદારી મળી. એ શિવરાવભાઉ પણ શૂરવીર હતા. તે વખતે પુનામાં પેશવાની ગાદી ઉપર બીજા બાજીરાવ સાહેબ આવેલા હોવાથી દરબારમાં ગોંધળ થઈ રહ્યું હતુ સર્વ પ્રતોપરની દેખરેખ ઓછી થવાથી પેશવાને ખંડણી આપી તેમને નામે રાજ્ય કાર્યભાર કરનારા સુબેદારો હવે સ્વતંત્ર થયા હતા. ઝાંશીની સુબેદારી પેશવાએ રઘુનાથરાવને વંશપરંપરાને માટે આપેલી હતી. તેઓ માત્ર જમા ખર્ચની યાદી પેશવાને મોકલાવતા હતા, પરંતુ બાજીરાવના વખતમાં અંધાધુધી ચાલી રહેલી હોવાથી શિવરાવ ભાઉએ પણ એ યાદી મોકલવાનું બંધ કર્યું. બુંદેલખંડમાં શિવરાવભાઉ અગ્રેસર હતા અને બીજાં બુંદેલ રાજ્ય તેમને પુછીને પાણી પીતાં હોવાથી બ્રિટિશ સરકારે તેમની દોસ્તી કરવાનો ઘાટ ઉતાર્યો. એ વખતે અંગ્રેજોનું હિંદુસ્તાનમાં ઝાઝું જોર નહોતું, છતાં પેશવા સરકારની સાથે વસાઈનું તહનામુ થયા પછી મરાઠી સામ્રારાજ્યમાં તેમને ચંચુ પ્રવેશ થયો હતો. સિંધિયા, હોલકર, નાગપુર, અને ભોંસલે વગેરે મરાઠા સરદારોની સાથે કંઈ કંઈ મિસ કહાડીને તેમની શક્તિ કમી કરવા માટે બ્રિટિશ સરકારને નામે બેલસ્લી, અને લેક જેવા મોટા મોટા અંગ્રેજ સેનાપતિઓ લડાઈ કરતા હતા. લેક સાહેબે ધીરે ધીરે બુંદેલખંડમાં

પગ ઘાલવા માંડયો, પરંતુ ત્યાં અનેક બુંદેલ રાજાઓ પેશવાના અબાદ્ય સુબેદાર શિવરાવ ભાઉના બળૈશ્વર્ય તળે મોટા બંદોબસ્તથી રહેતા હોવાથી બ્રિટિશ સરકારનો ત્યાં સહેજ પણ પ્રવેશ થવાની આશા નહોતી. લેક સાહેબે તેથી શિવરાવભાઉ અને બ્રિટિશ સરકારનો નવિન સ્નેહ સંબંધ બાંધવાને તા. ૧૮ મી નવેમ્બર ૧૮૦૩ ની સાલમાં ફઝલખાન નામના વકીલને વચમાં રાખી એક 'વઝુલ ઉલઅર્જ' નામનો મૈત્રી સંબંધક ખલિતો તેમના ઉપર મોકલાવ્યો.

આ મૈત્રિપત્રથી બુંદેલખંડનો મુખ્ય સુબેદાર શિવરાવભાઉ અંગ્રેજ સરકારને અનુકૂલ થયો એટલે ત્યાં બ્રિટિશ સત્તા સ્થાપવનું ફાવ્યું. સન ૧૮૦૪ માં અંગ્રેજોની ફોજ લઇને કેપટાન બેલીસ બુંદેલખંડમાં આવ્યો. ભાઉ સાહેબે તેને જે રાજ્યકીય સલાહ આપી તે, તે વેળાના કમાન્ડર ઇન-ચિફ લૉર્ડ લેક સાહેબને બહુજ પસંદ પડી. પછી તેના અને ગવર્નર જનરલના હુકમથી કેપટાન બેલીસે કડારા મુકામે તા. ૬ ઠ્ઠી ફેબ્રુવારી ૧૮૦૪ ને રોજે નવ કલમનું એક સંધિપત્ર કરી લીધું. એનો સારાંશ આ પ્રમાણે છેઃ—ભાઉ અને બ્રિટિશ સરકાર પરસ્પર મિત્ર થયા છે તેથી સંકટને વખતે પરસ્પરમાં મદદ કરવી. શિવરાવભાઉએ યૂરોપખંડના કોઇ પણ રાજ્યના અથવા જગતના માણસને અંગ્રેજ સરકારની અનુમતિ વગર પોતાના રાજ્યમાં નોકર રાખવો નહિ અને પૂર્વની માફક ભાઉ સાહેબે પેશવા સરકારને ખંડણી આપવી.

આ તહનામા પ્રમાણે શિવરાવ ભાઉએ બ્રિટિશ સરકારની સાથે સારી રીતે ચાલીને તેમને વારંવાર મદદ કરી હતી તે કહેવાનું કંઇ કારણ નથી; કેમકે, चित्तेवाचिक्रियायां च महतामेकरूपता એ સજ્જન વર્તન ક્રમ ભાઉ સાહેબમાં યથાર્થ વાસ કરીનેજ રહેલો હતો. શિવરાવ ભાઉની સત્યતાને માટે બ્રિટિશ સરકાર તરફનો સારો પુરાવો છે. તા. ૧૨ મી એપ્રિલ ૧૮૦૪ ને રોજે વિલાયતમાં કોર્ટ ઓફ ડિરેક્ટરની સીક્રેટ (ગુપ્ત) કમિટીમાં, તે વખતના ગવર્નર જનરલ લૉર્ડ વેલસ્લી અને તેના સભાસદ જી. એચ. બાર્લો તથા જે. એડને એક રિપોર્ટ કરી તેમાં શિવરાવ ભાઉની મદદ વિષે અચ્છો લેખ લખેલો છે.* આ ઉપરથી ઝાં-

* "Soon after Captain Ballies' arrival in Bundelcund, he received proposals from the Subadar of Jhansi, who holds the fort of that name and its dependent districts

શીના સુબેદાર શિવરાવ ભાઉનો બ્રિટિશ સરકાર ઉપર ચિર સ્મરણીય ઉપકાર થયેલો છે એમ સિદ્ધ થાય છે. આવા ઉપકારને માટે—नहि कृतमुपकारं साधवो विस्मरंति 'સુજન નથી કરેલા, ભુલતા ઉપકારો એ ન્યાયાનુસાર લૉર્ડ વેલસ્લી અને લૉર્ડ લેકે મોટી કૃતજ્ઞ બુદ્ધિથી ભાઉને વારંવાર અભિનંદન આપ્યું હતું; કારણકે ભાઉની મૈત્રીને લીધેજ બુંદેલખંડનાં બીજાં રાજ્યો બ્રિટિશ સરકારને અનુકૂળ થઈ રહ્યાં હતાં.

શિવરાવ ભાઉએ પણ પોતાના ભાઈ રઘુનાથરાવની માફક ૧૮ વર્ષ સુધી ઝાંશીનો રાજ્ય કાર્યભાર ચલાવીને સુકીર્તિ સંપાદન કરી, સને ૧૮૧૪ માં તે માંદા પડયા. એ માંદગીથી તેમણે પોતાના પૌત્ર રામચંદ્રરાવને ઝાંશીની સુબેદારી આપીને તથા વિશ્વાસુ કાર્યભારીઓને રાજ્ય વ્યવસ્થા સોંપીને શ્રીક્ષેત્ર બ્રહ્માવર્તમાં જઈ વાસ કર્યો. ત્યાં રામ નામની ધુન લગાવી છેવટે ગંગામાં જલસોઇ કરી દેહ ત્યાગ કર્યો. ઐહિક સુખનો અને રાજ્યકાર્યભારનો યથેચ્છ ઉપભોગ કરી અંતકાળે પરમેશ્વર પ્રાપ્તીનું મુખ્ય સાધન જે ભગવન્નામસ્મરણ તે ઉત્તમ પ્રકારે કરી પારલૌકિક સુખનો લાભ લઈ લેનાર રાજપુરૂષ ઝાંશીના બે સુબેદારો જેવા

---

under the nominal authority of the Peishwa, to connect his interests with those of the British Government, to which his Excellency the Commander-in-Chief authorized Captain Ballies to accede.

On the 4th of January 1804, the Subadar of Jhansi arrived in the British camp.

Regular engagements have been concluded with that Chief by Captain Ballies, and have received the approbation of the Commander-in-Chief, and the Governor-General-in-Council.

The troops of the Subadar of Jhansi have since been employed in co-operating in the defence of Bundelcund and the adjoining districts in the neighbourhood of Jhansi. The example of the Subadar has induced several other Chiefs in that quarter to place themselves under the protection of the British Government."—Despatch of the Governor-General in-Council to the Secret Committee, 12th April 1804, Vol. 5, p. 92.

ક્વચિતજ કોઈને મળતા હશે એમ કહેવામાં અતિશયોક્તિ નથી.

કૃષ્ણરાવ, રઘુનાથરાવ, અને ગંગાધરરાવ એ ત્રણ પુત્રો તથા બે પુત્રીઓ મળી શિવરાવ ભાઉને પાંચ સંતાન હતાં. ભાઊસાહેબની હયાતિમાંજ કૃષ્ણરાવ સને ૧૮૧૧ માં મરણ પામ્યો હતો, તેથી તેના પુત્ર રામચંદ્રરાવને ઝાંશીની સુબેદારી મળી. રામચંદ્રરાવ સગીર વયનો હોવાથી સંસ્થાનનો કાર્યભાર તેની માતુશ્રી સખુબાઈ અને સંસ્થાનનો જુનો દિવાન રાવ ગોપાળરાવ ભાઉ સંભાળતાં હતાં. એ વખતે પુનામાં પેશવા સરકાર રંગતાનના શિખર ઉપર ચઢ્યા હતા, અર્થાત્ મોજમઝામાં પડયા હતા તેથી પેશવાઈની સર્વસત્તા બ્રિટિશ સરકારના હાથમાં ગઈ હતી. *તા. ૧૩ મી જુન ૧૮૧૭ ને રોજ પેશ્વાની વતી તેમના વકીલ મોર દીક્ષિત અને બાપુજી લક્ષ્મણ એ બે જણાએ બેટ ઉપર એલ્ફીન્સ્ટન સાહેબના બંગલામાં જે તહનામું કર્યું હતું તેની ૧૩ મી કલમ મુજબ બુંદેલખંડનું સર્વ સ્વામિત્વ અંગ્રેજ સરકારના કબજામાં આવ્યું હતું.[1] આથી બ્રિટિશ સરકારે પોતાનું સ્વામિત્વ સ્થાપિત કરવાને માટે ઝાંશીના સુબેદાર રામચંદ્રરાવની સાથે નવિન તહનામું કરવાની યુક્તિ કરી, અને તે પ્રમાણે તા. ૧૭ મી. નવેમ્બરને રોજ ઝાંશીના સુબેદાર રાવ રામચંદ્રની તરફથી ગોપાળરાવ ભાઉ અને બ્રિટિશ સરકાર તરફથી પોલિટીકલ સુપ્રિન્ટેડન્ટ જૉન વાહુચપ વચ્ચે પિપ્રીની છાવણીમાં દશ કલમનું તહનામુ થયું. એ નવા

---

*"The treaty was to last "while sun and moon endureth." The day was to come when these eternal vows were to be pooh-poohed as mere dead flowers of oriental rhetoric. But the original of the treaty from first to last stands in the handwriting of the Governor-General. Peishwa and Satara have passed away, but these words of his will not pass away!"--Empire in Asia, p. 243,

1 "His Highness Rao Pandit Prudhan Bahadoor hereby cedes to the Honourable East India Company all his rights, interests, or pretentions, feudal territorial or pecuniary in the province of Bundelkhand, including Saugor, Jhansi and the lands held by Nana Govindrao, and agrees to relinquish all connection with the Chiefs in that quarter."

તહનામામાં બ્રિટિશ સરકારે ઝાંશી સંસ્થાન, રાવ રામચંદ્રના કુળમાં વંશપરંપરા ચલાવવાનું કબૂલ કરી, તેમણે અંગ્રેજ સરકાર સાથે રાજ્યભક્તિથી ઈમાન અને ઈતબારથી મૈત્રિ રાખવા તથા વેળા કવેળાએ પરસ્પરને મદદ કરવી એમ ઠરાવ્યું.

તહનામા પ્રમાણે ઝાંશીના સુબેદાર રાવ રામચંદ્રે અંગ્રેજ સરકારને ઉત્કૃષ્ટ સહાય કરી હતી. ૧૮૨૫ માં જ્યારે લોર્ડ કોમ્બરમિયરે ભરતપુરને ઘેરો ઘાલીને તે સર કરી લીધું ત્યારે મધ્ય હિંદુસ્તાનમાં પિંઢારી વગેરે બંડખોર લોકોએ ઘણોજ ત્રાસ વર્તાવી મૂકયો હતો. તે લોકોમાં કોઇ નાના પંડિત નામનો જાળવણુની ગાદી ઉપર હક ધરાવવાનું કહેનાર એક બંડખોર માણસ સૈન્ય વગેરે જમાવીને ઘણો પ્રમત્ત થઇ ગયો હતો. એણે અંગ્રેજોની સાથે ઊઘાડું વેર દેખાડી તેમના તાબાના કેટલાક પ્રાંત હસ્તગત કર્યા એટલુંજ નહિં પણ કાલ્પી શહેરપર હલ્લો કરી તે સર કરી લીધું. આ જોઇને અંગ્રેજ અધિકારીઓ ઘણાજ ચિંતાગ્રસ્ત થઈ ગયા. ઝાંશીના પોલિટિકલ એજંટ એન્સી સાહેબે ઝાંશી સરકારની મદદ લીધા વગર હવે ઉગરવાનો ઉપાય નથી એવો વિચાર કરી રાવ રામચંદ્રને યુદ્ધ સામગ્રી મોકલવા માટે વિનંતિ કરી. રામચંદ્રરાવે તરતજ તેની વિનંતિ માન્ય રાખી પોતાના રસાલામાંથી ૪૦૦ ઘોડેસ્વાર ૧૦૦૦ શૂરવીર પાયદળ, અને બે તોપો અંગ્રેજોની મદદે મોકલી દીધાં. એ સૈન્યે કાલ્પી જઇ બંડખોરોનો પરાભવ કર્યો અને શહેર પૂર્વવત્ પાછું અંગ્રેજોના તાબામાં સોંપી આપ્યું. ઝાંશીના સૈન્યની મર્દાઈ જોઇને અંગ્રેજ અધિકારીઓને સંપૂર્ણ સંતોષ થયો. તે વખતના ગવર્નર જનરલ લૉર્ડ વિલિયમ બેન્ટીકે ઝાંશીના સૈન્યને અભિનંદન આપી ત્યાંના સુબેદાર રાવ રામચંદ્રનો આ અત્યુત્તમ મદદના બદલામાં કૃતજ્ઞ બુદ્ધિથી તા. ૧૮ ડીસેમ્બર ૧૮૩૨ માં એક મોટો દરબાર ભરી ઉપકાર માન્યો તથા તેમને 'મહારાજાધિરાજ' અને 'ફિદવી બાદશાહ જાનુના ઈંગ્લિસ્તાન'ની પદવી આપી, છત્ર ચામર અને નગારાં ઈત્યાદિ રાજ ચિન્હોથી તેમને અલંકૃત કરીને અંશતઃ તેમના ઉપકારમાંથી મુક્ત થવાનો યત્ન કર્યો. 'યુનિયન જેક' નામનો વાવટો પોતાના કિલ્લાપર ચડાવવાની આ વખતે રામચંદ્રરાવે રજા માગી તે મોટા સંતોષથી અને ઘણી ખુશીથી બ્રિટિશ સરકારે આપી. આ ઉપરથીજ ઝાંશી સરકારની બ્રિટિશ પ્રતિ રાજ્યભક્તિ સ્પષ્ટ થાય છે.* પોતાના કિલ્લા ઉપર બ્રિટિશ રાજ્ય ચિ-

*"The adoption of the flag of the British Government

મ્હવાળો વાંવટો ચડાવનારની રાજ્યનિષ્ટાની કોનાથી ગણના થાય તેમ છે?

આગળ લખી ગયા છીએ કે રામચંદ્રરાવ સગીર વયમાં હોવાથી રાજ્ય કારભાર તેમનાં માતુશ્રી સખુબાઇ ચલાવતાં હતાં. એ સખુબાઈ ઘણી ક્રૂર અને ક્રોધી સ્ત્રી હતી. રામચંદ્રરાવ ઉમ્મરમાં આવતાં સ્વતંત્રપણે રાજ્ય કાર્યભાર કરવા લાગ્યો તે સખુબાઇથી દેખી ખમાયું નહિ રામચંદ્રરાવ તેનો પેટનો જણ્યો છોકરો છતાં સઘળો રાજ્યકાર્યભાર પોતાના હાથમાં રહે તો ઠીક, એવી એને ઉત્કટ ઇચ્છા હતી. આ વિચારથી તેણે રામચંદ્રરાવનો ઘડો લાડવો કરવાને માટે અનેક ઘાતકી ઉપાયો કર્યા, પરંતુ તેમાં તેનું કંઇ વળ્યું નહિ, ત્યારે દુષ્ટાએ એક બીજી યુક્તિદાર યોજના કરી. રામચંદ્રરાવને ઝાંશીના લક્ષ્મી તળાવમાં પડીને તરવાનો બહુ શોખ હતો, તેથી સખુબાઇએ તળાવમાં પાણીની નીચે ધારવાળા ભાલાઓ રોપાવ્યા કે જેથી તે જેવો પાણીમાં ભુસકો મારે તે વોજ તેમાં વિંધાય જાય. અહો હો! રાજ્યલોભ કેવો બળવાન છે!! પેટના જણ્યાને માટે રાજ્ય લોભથી કેવી ક્રૂરતા થાય છે તેનું આ એક અદ્ભુત ચરિત્રીક દૃષ્ટાંત છે. પેશવાના કુળમાં કૃત્યા આનંદીબાઇએ રાજ્ય લોભને અધીન થઇ પોતાના હાથના ઉછેર ભત્રિજાનો વધ કરાવી પોતાની ક્રૂર તથા દુષ્ટ નામનાને ઇતિહાસના કાળા અક્ષરમાં અમર કરી હતી, તેવીજ રીતે ઝાંશી સંસ્થાનની ઉક્ત કૃત્યા સખુબાઇએ કર્યું એમાં શક નથી, પરંતુ 'જેને રામ રાખેરે તેને કુણ મારી શકે.' આ ધીરાભક્તની ઉક્તિ પ્રમાણે સખુબાઇએ રામચંદ્રનો ઘાટ ઘડી રાખ્યો હતો પરંતુ તેમ થયું નહિ. નારાયણરાવ પેશવાના રક્ષક ચાફાચી ટિવેકરના જેવોજ નિમકહલાલ અને સ્વામિને માટે પ્રાણ આપતાં પણ અજર ન કરે એવો લાલુ કોદલકર રામચંદ્રરાવની સાથે હતો, તેણે એ કપટ પ્રબંધનો સણુસણાટ જાણેલો હોવાથી સખુબાઈની બાજી ધુળ મેળવી પોતાના સ્વામિને ઉગારી લીધો. રામચંદ્રરાવે તેની ઉત્તમ સેવાનો બદલો આપ્યો અને સખુબાઇએ પણ તેને પોતાના ક્રોધનાં ફળ ચખાડયાં. મારાની મારફતે તેને કિલ્લાની બહાર ઠાર કરી નંખાવ્યો. રામચંદ્રરાવ સ્વભાવે ગરીબ હોવાથી તેણે પોતાની માતુશ્રીના ઉપર વેર લીધું નહિ. ત-

---

by a friendly and a little State was truly expressive of that loyalty and faithfulness for which the Hindus are always remarkable in the history of humanity."—Cf. Indophilus' letters to the Times, P. 11.

થાપિ દરબારના શાણા અને ચતુર પ્રધાનોએ સખુબાઇનું આ દુષ્ટ કૃત્ય જોઇ તેને કેદમાં ખોશી ઘાલી. જે કુળમાં રાણી લક્ષ્મીબાઇ જેવી લોકોત્તર અબળા ઉત્પન્ન થનાર હતી તેજ કુળમાં સખુબાઇ જેવી કુલાંગાર કૃત્યા પણ થઇ હતી, એ કેટલું આશ્ચર્ય જેવું છે? પરંતુ નહિ એમાં આશ્ચર્ય જેવું શું છે? તુળશી અને ભાંગ એકજ વૃંદાવનમાં ઉગે છે, અને બોયડીના બેઉ કાંટા એક જગાએથી ફૂટે છે; છતાં એક વાંકો અને બીજો સિદ્ધો થાય છે.

રામચંદ્રરાવની કારકીર્દીમાં રાજ્ય કાર્યભાર ઉપર બીલકુલ લક્ષ અપાયલું નહિ હોવાથી ઉપજ ઘટી ગઈ. બુંદેલલોકો રામચંદ્રરાવની નબળાઇનો લાભ લઈ દેશમાં લૂંટફાટ ચલાવવા લાગ્યા અને પદ્દુજ વગેરે પરગણામાં તેમણે દહાડા પાડવા માંડ્યા, પરંતુ પછી તર્તજ તેનો બંદોબસ્ત કરવામાં આવ્યો.

સને ૧૮૩૫ માં રામચંદ્રરાવ માંદા પડ્યા અને એ માંદવાડમાંથી ફરીને બેઠા થવા પામ્યા નહિ. તેમને પુત્ર સંતાન નહોતું. રામચંદ્રરાવની વિધવાએ પછી તેની બહેનના પુત્ર કૃષ્ણરાવ (સાગર પરગણામાં કોઈ મોરેશ્વરરાવ ખેર નામનો માણુસ હતો તેના પુત્ર) ને દત્તક લીધો. આ દત્તવિધાન અશાસ્ત્ર હોવાથી ઝાંશીના દરબારીઓમાં ફૂટ પડી. ગાદીના વારસાની બાબત છેવટ બ્રિટિશ સરકાર સૂધી ગઈ અને ત્યાંથી એવો નિકાલ આવ્યો કે, શિવરાવભાઉનો ઔરસ પુત્ર અને રામચંદ્રરાવનો પિત્રાઈ ભત્રિજો રઘુનાથરાવ ગાદીનો ખરો વારસ છે. ઝાંશીના પોલિટિકલ એજંટ બેગ્લી સાહેબે પછી એજ રઘુનાથરાવને ગાદીએ બેસાડ્યો. ઝાંશીની ગાદીપર આ ત્રીજો રઘુનાથરાવ હતો.

ત્રીજો રઘુનાથરાવ દુર્વ્યસની અને રાજ્ય વ્યવહાર શૂન્ય હતો. ઝાંશી સંસ્થાનની ગાદી મળતાંજ તેણે ચેનબાજી ઉડાવવાનો પ્રારંભ કર્યો. થોડા સમયમાં તેની મંડળીમાં કંચનિયો અને તાયફાઓનો જમાવ થઈ ગયો. રઘુનાથરાવ ઇશ્કબાજીમાં ગુલતાન રહેવા લાગ્યો એટલે સંસ્થાનની ઉપજ એક ચતુર્થાંશથી પણ ઓછી આવવા માંડી, મનસ્વી દરજ વધવા માંડ્યું અને સંસ્થાનનાં ફળદ્રુપ પરગણાં જે ગ્વાલિઅર અને બારછા હતાં તે શાહુકારોને ઘેર ઘરાંણે મૂકાઈ ગયાં. એ રઘુનાથરાવની કારકીર્દીમાં આ પ્રમાણે ઝાંશી સંસ્થાન ધુળધાણી થઈ જવાનો વખત આવ્યો, પરંતુ નામદાર બ્રિટિશ સરકારે રઘુનાથરાવનું દેવાળું જોઇ

સને ૧૮૩૭માં સંસ્થાનની વ્યવસ્થા પોતાના હાથમાં લઈ લીધી, એટલામાં વળી સને ૧૮૩૮ ના એપ્રિલ માસમાં તેમણે પરલોકવાસ કર્યો. રઘુનાથરાવે ગજરા નામની એક ગણિકા-નર્તકી રાખી હતી અને તેને પેટે અલીબહાદૂર અને સમશેર બહાદૂર નામના બે છોકરા થયા હતા. એમને રઘુનાથરાવે ૭ હજારની જાગીર આપી હતી જે અદ્યાપિ તેમના વંશજો ભોગવે છે.

રઘુનાથરાવે કૈલાસવાસ કર્યો ત્યારે નીચે પ્રમાણે ગાદીઉપર હક ધરાવનારાઓ ઉભા થયા. ૧ ગંગાધરરાવ, ૨ રામચંદ્રરાવનો દત્તક કહેવરાવનારો કૃષ્ણરાવ, ૩ રઘુનાથરાવનો દાસીપુત્ર અલીબહાદૂર અને ૪ રઘુનાથરાવની વિધવા.

આ બધા હકદારોના હકનો વિચાર કરવા માટે ગવર્નર જનરલે, લેફ્ટેનંટ સ્પેઅર્સ. (ગ્વાલીઅરનો રેસીડંટ) સાયમન ફ્રેજર, અને કેપટન ડી. રોસ એ ત્રણ જણની એક મંડળી નીમી. ગંગાધરરાવ શિવરાવ ભાઉનો પુત્ર હોવાથી ઝાંશીની ગાદી ઉપર તેનો હક છે એવો એ મંડળીએ મત આપવાથી લૉર્ડ ઓકલાંડે તેને ગાદીપર બેસાડવાનો હુકમ આપ્યો, પરંતુ ઝાંશી સંસ્થાનપર કરજ થયેલું હોવાથી તે પુરૂ થાય ત્યાં સૂધી સંસ્થાનની વ્યવસ્થા અંગ્રેજ સરકારે નીમેલો સુપ્રીન્ટેડન્ટ કરે એમ ઠરાવ્યું. એ પ્રમાણે સને ૧૮૪૨ સૂધીમાં બધુ કરજ અદા થઈ ગયું ત્યાર પછી સદર સાલની તા. ૨૭ મી ડિસેમ્બરે બુંદેલખંડના પો૦ એજંટ વિલીઅમ હેન્રી સ્લિમને ગંગાધરરાવની પાસે આઠ કલમોનું નવું તહનામુ કરાવી તથા બુંદેલખંડમાંના અંગ્રેજી સૈન્યના ખરચને માટે ૨,૨૭૪૫૮ રૂપિઆનો મુલુક લખાવી લઇને ઝાંશી સંસ્થાનની સર્વ મુખત્યારી સોંપી. આ ગંગાધરરાવ તેજ આ ચરિત્રની શૂરવીર નાયિકા મહારાણી લક્ષ્મીબાઇના પતિ હતા.

પ્રકરણ ૨ જું.

જન્મ, બાલ્ય અને વિવાહ.

મહારાષ્ટ્રમાં સતારાની પાસે કૃષ્ણાનદી ઉપર વાંઇ નામના ક્ષેત્ર-માં કૃષ્ણરાવ તાંબે નામનો એક કરાડા જાતનો બ્રાહ્મણ રહેતો હતો. પે-શવાઇમાં તે મામલતદારી કરતો. કૃષ્ણરાવને બળવંતરાવ નામનો એક પુત્ર હતો, તે શૂરવીર હોવાથી પેશવા સરકારે તેને હજુર ફોજની સરદારી આપી હતી. તેને મોરોપંત અને સદાશિવ નામે બે છોકરા હતા. સદાશિવરાવ ખિલાઓરમાં માર્યો ગયો હતો. મોરોપંત પુનામાં તેના પિતાની પાસે રહેતો હતો અને શ્રીમંત બીજા બાજીરાવ પેશવાના ભાઇ ચિમાજી આપ્પાની તેના ઉપર સારી ભાવના હતી. સને ૧૮૧૮ માં શ્રીમંત બાજીરાવ પેશવાએ બરાનપુર તરફ ધોરી ગામને મુકામે માલકમ સાહેબ સાથે સર્વ રાજ્યકાર્યભારથી મુક્ત થઇ દરસાલ ૮ લાખ રૂપિયાનું પેશન લેવાનું માન્ય કર્યું અને બાકી રહેલું આયુષ્ય બ્રહ્માવર્તમાં ગાળવાનો નિશ્ચય કર્યો. આ વખતે આપ્પા સાહેબ પેશવાની સ્વારી પણ દક્ષિણમાં હતી. પુનાના રેસિડંટ માઉંટ સ્ટુઅર્ટ એલ્ફિન્સ્ટન સાહેબે તેને કહ્યુ કે, 'દશવીશ લાખનો મુલક તમને આપીએ અને તમે પુના સંસ્થાન સંભાળીને રહો'. ચિમાજી આપ્પાએ તે લક્ષમાં લીધુ નહિ. ચિમાજીને વસાઇમાં રાખવામાં આવ્યા પરંતુ પછી તેમણે પોતાની કાશીમાં જવાની ઇચ્છા બતાવી તેથી અંગ્રેજ સરકારે અમુક પેનશન બાંધી આપી ત્યાં જવાને પરવાનગી આપી. ચિમાજી આપ્પા સાવ સાદો માણસ હતો એટલે તેણે નામની પેશવાઇ ભોગવવાની આશા છોડી દીધી, અને બાજીરાવ સાહેબની પછી બરોબર છ માસ કેડે કાશી તરફ ગમન કર્યું. તેની સાથે જે માણસો ગયા હતા તેમાં મોરોપંત તાંબે પણ સહ કુટુંબ ગયા હતા. તે શ્રીમંત સાહેબની દિવાનગીરી કરતા તેને પેટે દરમાસે તેમને ૫૦ રૂપિઆ મળતા હતા.

મોરોપંતની પત્નીનું નામ ભાગીરથી બાઇ હતુ. બાઈ ઘણી રૂપ ગુણસંપન્ન હોવાથી મોરોપંતનો સંસાર સુખી નીવડયો હતો. આ દંપતીમાં સારો સ્નેહ હતો, તે એવો કે મહાકવિ કાલિદાસની નવમલ્લિકા અને સહકારવાળી ઉક્તિ એમનામાં સાર્થ થતી હતી. મોરોપંતને સારો આશ્રય હોવાથી કોઇ વાતે ઉણપ નહોતી. એક તરફથી પૈસા ટકાનું

સુખ અને બીજી તરફથી સુશીલ પત્નીનું સુખ હોવાથી તેમનો સંસાર સારી શોભા આપતો હતો. મોરોપંતની સ્ત્રીના સંબંધમાં તો આ નીચેની ઉક્તિ બહુજ યોગ્ય લાગે છે.

गीति.

पत्यनुकूला चतुरा प्रियंवदा या सुरूपसम्पूर्णा ।
सहज स्नेहरसीला कुलवनिता केन तुल्या स्यात् ॥

પતિ સેવા તત્પર સૌભાગ્યવતી ભાગીરથી બાઈએ કાશીક્ષેત્રમાં કાર્તિક વદ ૧૪ સંવત ૧૮૯૧ (તા. ૧૧ નવે૦ ૧૮૩૫) ને દિવસે એક કન્યા રત્નને જન્મ આપ્યો. મોરોપંતને ઘેર લક્ષ્મી આવવાથી કાશીવાશી પેશવાઈ કુળમાં આનંદ વર્તી રહ્યો. તાંબેના કુળમાં આ કન્યા રત્ને કાશીક્ષેત્રમાં જન્મ લીધો તેજ આ ચરિત્રની શૂરવીર નાયિકા મહારાણી લક્ષ્મીબાઈ હતાં, એમ જુદુ કહેવાની હવે જરૂર નથી. રીત પ્રમાણે કન્યારત્નનો જન્મ મહોત્સવ થયા પછી બારમે દિવસે નામ પાડવાનો મોટો મહોત્સવ થયો અને તેમાં એ કન્યાનું નામ મનુબાઇ પાડવામાં આવ્યું.

મનુબાઇનું સુંદર બાળરૂપ જોઇને સર્વનાં મન આનંદ પામતાં હતાં. બાળક મનુબાઇને જોઇને પાછળથી તે હિંદુસ્તાનની વીરબાળાઓમાંની એક તરીકે નામ કાઢશે એવી કોઇને સ્વપ્ને પણ કલ્પના નહિ થઇ હોય? મનુબાઈના જન્મ સ્થાનના ગ્રહજ બળવાન હતા. મોરોપંતે કાશીક્ષેત્રના નામાંકિત જયોતિઃશાસ્ત્રીની પાસે તેની જન્મપત્રિકા કરવી હતી અને તેમાં જોશીએ લખ્યું હતું કે, આ કન્યા રાજ્ય લક્ષ્મીથી અલંકૃત થઈ મહા ઐશ્વર્યશાલિની થશે, પરંતુ તે વેળા તો જોશીજીનો જોશ કોને ખરો લાગે?

મનુબાઇ ત્રણ ચાર વર્ષની થઇ એટલામાં તેની જનેતાએ પરલોક વાસ કર્યો. વળી મોરોપંતને કાશીવાસ છોડી બ્રહ્માવર્તમાં જઇને રહેવું પડયું; કારણકે તેમનો યજમાન શ્રીમંત આપ્પા સાહેબ કૈલાસવાશી થવાથી તેના આશ્રયે રહેલા સર્વને શ્રીમંત બાજીરાવે પોતાની પાસે રાખી આશ્રય આપ્યો હતો. બ્રહ્માવર્તમાં મોરોપંત બાજીરાવ સાહેબની પાસે રહેવા હતા. મનુબાઈ બાપને ઘણી લાડકવાઇ હતી. જનેતાના મરી ગયા પછી મોરોપંત તેને છાતી ઉપર રાખ-

તા હતા, છતાં ન માતુ:પરદૈવતમ્ બાળકને મા સરખું બીજું શું છે? મા જેવી પોતાના બાળકની સંભાળ રાખે છે તેવી બીજુ કોઈ રાખી શકતુ નથી. નાનપણમાં છોકરાંની માઁ મરી જતાં તેમની બધી સંભાળ પિતા ઉપર આવી પડે છે. મોરોપંત ઉપર આ રીતે મનુબાઈની સંભાળ રાખવાનું આવી પડયું. છોકરી રૂપાળી અને સોજવાળી હેવાથી પેશવા સરકારની આપ્ત મંડળીમાં તે એકથી બીજા અને બીજાથી ત્રિજાના હાથમાં રહેતી હતી. સર્વે મોટા પ્રેમથી તેને લડાવતા હતા. તેની પાણીદાર વિશાળ આંખો અને રૂપાળુ ગોરૂ મુખ જોઇને સર્વેને આનંદ ઉપજતો. આ પ્રમાણે મનુબાઈ માત્ર તેના પિતાનીજ નહિ, પણ સમસ્ત મંડળીની લાડકવાઈ થઈ હતી. બાજીરાવ સાહેબની હજુરમાં રહેનારા રામચંદ્ર પંત સુબેદાર, બાબાભટ્ટ વગરે પ્રમુખ મંડળી આ કન્યાની ચાલ અને સતેજ વૃત્તિ જોઈ તેને મોટા કૌતુકથી 'છબિલી' કહેતા હતા. શ્રીમંતના દત્તક પુત્ર ચીરંજીવી, નાનાસાહેબ, અને રાવસાહેબ આ વખતે નાના નાના હોવાથી તેને તરેહ તરેહના ખેલ ખેલાવતા હતા, અને તેમાં મનુબાઈ સારો ભાગ લેતી હતી. આ બાળકોનો સ્વચ્છંદ લીલાવિહાર જોઇને બાજીરાવ પેશવાને પરમ આનંદ થતો. નાનાસાહેબ તથા રાવસાહેબના વિધાભ્યાસને માટે તે કાળની પદ્ધતિ પ્રમાણે એક શિક્ષક રાખવામાં આવ્યો હતો, તે તેમને મોડી અને બાળબોધ અક્ષર શિખવતો. બાળક મનુબાઈ હમેશાં તેમની સથે રહેતી તેથી તેને પણ સાધારણ રીતે અક્ષર ઓળખતાં આવડ્યા. નાના સાહેબ અને રાવસાહેબ ઘોડાપર બેશી ફરવા નીકળતા ત્યારે પણ મનુબાઈ તેમની સાથે જતી. નાના સાહેબે તરવાર ફેરવવા માંડી ત્યારે તે પણ પટા ખેલતાં શીખી. નાના સાહેબ હાથી પર બેસે ત્યારે તે પણ હાથી ઉપર બેસે. એક વાર નાના સાહેબ હાથીપર બેઠા ત્યારે મનુબાઇએ પણ હાથી ઉપર બેસવાની હઠ લીધી. પેશવાની પાસે માત્ર એકજ હાથી હતો તેથી 'મનુબાઇને તારી સાથે હાથી ઉપર બેસાડ એમ તેમણે કહ્યું છતાં નાના સાહેબે માન્યું નહિ, અને મનુબાઇએ પણ હઠ લીધી. આ જોઇને મોરોપંતને રીસ ચઢી તેથી તેણે કહ્યું કે, 'તારા નશીબમાં હાથી ક્યાંથી હશે?' પિતાનાં વચન સાંભળી તે પાણીદાર પુત્રીએ ઉત્તર આપ્યો કે-'એક તો નહિ પણ મારા નશીબમાં તો દસ વીસ હાથી છે.' ખરેખર ત્યાર પછી વિવાહિતા થતાં

તે ઘણા હાથીની ધણીઆણી થઈ. આટલી વાર્તા લંબાવવાનું પ્રયોજન માત્ર એજ કે, મનુબાઈનું બાલ્ય શ્રીમંતાઈમાં ગયું હતું, અને તેથી તેનામાં ઘણાક રાજવંશી ગુણો અનાયાસે આવ્યા હતા. સદનુકરણ એ એક કહેતી છે અને જેને તેનો સમાગમ થાય છે તેનો ભાગ્યોદય થયા વગર રહેતો નથી. બાલ્યમાં બાળકોનું મન ઘણુંજ અનુકરણશીલ હોય છે અને તે વેળાએ જેવું અનુકરણ પ્રાપ્ત થાય છે તેવી તેમની ઉન્નતિ અથવા અવનતિ થાય છે. પેશવા વંશના શ્રીમંત બાજીરાવ પેશવાના તેજસ્વી કુમારોની સાથે વસતાં તેમના ક્ષત્રિય ગુણોનું અનુકરણ કરવાની તેને ઉત્તમ સંધિ મળી. સરદાર કુળમાં મનુબાઈ અદ્વીતિય ક્ષાત્ર તેજની પુતળી નીકળી આવી તે ખરેખર સ્વાભાવિક અને યોગ્યજ હતું. આ ઉદાહરણ ઉપરથી આધુનિક વિદ્વન્મંડળને સ્ત્રીઓની ઉન્નતિનાં મૂળતત્વોનું પૂર્ણ સંશોધન કરવાની પુષ્કળ જગા મળી આવશે એમાં શંકા નથી.

જેમ જેમ મનુબાઈ કન્યાકાળમાં આવતી ગઇ તેમ તેમ મોરોપંતને યોગ્યવર શોધવા સંબંધીની ચિંતા વધતી ગઇ. વરની શોધ કરવા માંડી. શ્રીમંત બાજીરાવ પેશવાની સાથે બ્રહ્માવર્તમાં ઘણા બ્રાહ્મણો આવેલા હતા પરંતુ તે સઘળા કોંકણસ્થ જાતિના હતા એટલે મોરોપંતને બ્રહ્માવર્તમાં પોતાની નાતનો કરાડો વર મળવો દુર્લભ હતો. જાલવણ અને ગુલસરાઇમાં મોરોપંતે વરની તજવીજ કરવા માંડી, કારણકે ગોવિંદપંત બુંદેલે જાતના કરાડા બ્રાહ્મણ હતા અને ત્યાં તેમના વંશજો રાજ્ય કરતા હતા, તેથી ત્યાં સારૂ ઘર મળશે એવી આશા હતી; પરંતુ તેવો કંઇ યોગ આવ્યો નહિ.

આખરે એક દિવસે મોરોપંતે છોકરીના જન્માક્ષર કોઇ સારા જોશીને બતાવી તેના ગ્રહ કેવા છે તે જોવાનો વિચાર કર્યો, એટલામાં અકસ્માત ઝાંશી સંસ્થાનના પ્રસિદ્ધ જ્યોતિઃશાસ્ત્રી વેદશાસ્ત્રીસંપન્ન તાત્યા દીક્ષિત શ્રીમંત બાજીરાવ પેશવાને મળવા માટે બ્રહ્મવર્તમાં આવી પહોચ્યા. મોરોપંતે મનુબાઇના જન્માક્ષર એ જોશીબાવાને આપી તે નાઇષ્ટાનિષ્ટ ગ્રહ જોવાની વિનંતી કરી. જન્માક્ષર જોઈ તાત્યાદિક્ષિત જોશીબાવાએ કહ્યું કે, 'આ છોકરીના ગ્રહ એટલાતો ઉત્તમ છે કે તે કોઇ રાજ્યગાદીનું ભૂષણ થવી જોઇએ.' તાત્યા દિક્ષિત જેવા જ્યોતિઃશાસ્ત્ર સંપન્ને જે ભવિષ્ય ભાખ્યું તેથી કોને આનંદ ન થાય ? મોરોપંતને પો-

તાની છોકરીનું ઉચ્ચ ભવિષ્ય સાંભળી ઘણો આનંદ થયો તથાપિ એવો ભાગ્યશાળી વર કયાંથી મળનાર છે, એવી શંકાથી તેણે પોતાનો હર્ષ દેખાડયો નહિ. તેણે જોશીબાવાને ઝાંશીમાં કોઈ વર હોય તો બતાવવાની વિનંતિ કરી તેપરથી દિક્ષિતજીએ મોરોપંતને કહ્યુ છે કે—'આ છોકરી ખચીત રાણી થશે, ઝાંશીના મહારાજ ગંગાધરરાવ બાબા સાહેબનાં રાણી સૌભાગ્યવતી રમાબાઈ સાહેબ હમણાંજ કૈલાસવાશી થયાં છે, તેથી આ છોકરીનુ ત્યાં ચોકડુ બેસશે અને તેનાં ઉત્તમ ગ્રહોનું માહાત્મ્ય તત્કાળ અનુભવમાં આવશે.' જોશીબાવાનો સમાધાનકારક ઉત્તર સાંભળી મોરોપંતે શ્રીમંત બાજીરાવ પેશવાની મારફતે ઝાંશીના મહારાજ ગંગાધરરાવ બાબા સાહેબને પૂછાવ્યું. મોરોપંત જેવા એક સામાન્ય ગૃહસ્થની વિનંતિ ઝાંશી સંસ્થાનાધિપતિ માન્ય રાખે એ દેખીતુંજ અસંભવિત હતું, પરંતુ મોરોપંતને પેશવાનો પૂર્ણ આશ્રય હોવાથી તે કામ તેમની જ સહાયથી છેવટે સફળ થયું.

બાજીરાવે પ્રથમ તાત્યા દીક્ષિતની મારફતે ઝાંશીના મહારાજ ગંગાધરરાવ બાબા સાહેબને કન્યાનાં ગુણ રૂપ વગરે નિવેદન કરાવરાયાં, અને ગ્રહોની અનુકૂળતા વગેરે પણ જણાવી. 'હું વિચાર કરી જોઈશ.' એવો પ્રથમ જવાબ મળ્યો પરંતુ પછી બાજીરાવ વચમાં પડેલા હોવાથી મહારાજાએ કન્યાને જોઈ આવવા માટે દરબારના કેટલાક માણસોને બ્રહ્માવર્ત મોકલ્યા. આ લોકોએ પાછા આવી કન્યાના ગુણરૂપની ખાતરી આપી. પછી વિવાહની હા પાડી ઝાશીમાં લગ્ન સમારંભ કરવાનો ઠરાવ કર્યો. કેટલાક માણસો લઇ મોરોપંત ૧૮૪૨ માં ઝાંશી આવ્યા. વૈશાખ માસમાં લગ્ન કર્યાં અને એ મંગળ અવસર સારી રીતે પસાર થયો. કન્યાના પક્ષ તરફનાઓને મહારાજ ગંગાધરરાવે સારાં સારાં ઈનામ આપ્યાં અને ઝાંશી દરબારમાં પણ સર્વેને યોગ્યતા પ્રમાણે શિરપાવ આપ્યા.

જે દહાડે વધૂવરને વળાવવાનો ઠાઠદાર વરઘોડો કહાડવામાં આવ્યો અને નવ પરિણિતાને લઇને મહારાજ ગંગાધરરાવ બાબા સાહેબે રાજ્ય મહેલમાં પ્રવેશ કર્યો તે દહાડે ઝાંશીના લોકોને એમજ લાગ્યું કે જાણે મૂર્તિમાન લક્ષ્મીએ આવીને મહારાજના ગૃહમાં વાસ કર્યો. મનુબાઈનું તેજ દિવસે સાસરાનું નામ **લક્ષ્મીબાઈ** પાડવામાં આવ્યું અને તેના ઉત્સવમાં સર્વત્ર સાકર વેંચવામાં આવી. જેવો વધૂવરે રાજ માહાલયના ઊંબરામાં પગ દીધો તેવીજ સલામતીની તોપો છોડવામાં આવી. પોતાની પુત્રીનું

મોટું ભાગ્ય જોઇ તેના પિતાને કેટલો આનંદ થયો હશે તે વાચકોએજ વિચારી જોવું. જેને પોતાની પુત્રી એક રાજાની રાણી થશે એવું સ્વપ્નમાં પણ નહિ આવ્યું હોય, તેવા મોરોપંતને જ્યારે આ પ્રત્યક્ષ અનુભવ થયો હશે ત્યારે કેવો આનંદ ઉત્પન્ન થયો હશે. ખરેખર कर्मणो गहनागति કર્મની ગતિ ગહન છે 'કર્મ કરે તે ન કરે મા ને બાપજો.' એવુંજ મનુબાઇના સંબંધમાં થયું. વળી ખરેખરે—

रथोद्धता.

यन्मनोरथशतैरगोचरं न स्पृशन्ति कवयोऽपि यद्गिरा ।
स्वप्नवृत्तिरपि यत्र दुर्लभा लीलयैव विदधाति तद्विधिः ॥

લગ્ન સમારંભમાં મનુબાઇના ધીટપણાનો એક ચમત્કારી દાખલો મળી આવેલો છે. લગ્નના પ્રસંગમાં વધૂ વરના છેડા ગાંઠવાનો ચાલ સર્વ લોકમાં સરખોજ છે. આ પ્રમાણે જ્યારે ઉપાધ્યાય બાવાએ મહારાજના શેલા સાથે મનુબાઇના પાનેતરના પાલવની ગાંઠ વાળવા માંડી ત્યારે મનુબાઇએ ધીટપણે ઉપાધ્યાય બાવાને કહ્યું કે–'સારી મજબૂત ગાંઠ બાંધજો.' આ શબ્દો સાંભળીને સાજનીયા ચકિત થઈ ગયા. વળી ઉક્ત શબ્દોનો ગૂઢાર્થ સમજતાં તો સર્વ વિદ્વાન મંડળ પણ સ્તબ્ધ થઈ ગયું. મનુબાઇના શબ્દોનો અર્થ એવો હતો કે, 'મારી અને મારા વરની ગાંઠ એવી બાંધજો કે તે કદી શિથિલ થાય નહિ.' મનુબાઈનાં ચાતુર્ય પૂર્ણ વચનનો આવો સરસ અને ગૂઢ ભાવ હતો પરંતુ દુર્દૈવને લીધે એ મનોરથ પૂર્ણ થયો નહિ.

મનુબાઈ ઝાંશી સંસ્થાનનાં મહારાણી થયા પછી પુનઃ તેમને બ્રહ્માવર્ત જવાનો પ્રસંગ આવ્યો નહિ. મહારાજ ગંગાધરરાવે મોરોપંતને ૩૦૦ રૂપિઆને પગારે ઝાંશીના દરબારમાં એક સરદારની પદવી આપી. આ વખતે મોરોપંતની ઉમ્મર આશરે ૩૨ વર્ષની હતી અને મનુબાઈની માતુશ્રી મોરોપંતની પત્ની ભાગીરથી બાઈ તો મરી ગયાં હતાં એમ આગળ લખેલુંજ છે. આથી ગુલસરાઈ સંસ્થાનના વાશી વાસુદેવ શિવરાવ ખાનવલકરની કન્યા સાથે મોરોપંતે બીજી વારનાં લગ્ન કર્યાં. એ કન્યાનું નામ ચિમાબાઈ હતુ અને હાલ તે જીવે છે.

પ્રકરણ ૩ જું.

મહારાજ ગંગાધર રાવની કારકીર્દી.

શ્રીમંત મહારાજાધિરાજ ગંગાધરરાવ ઉર્ફે બાબા સાહેબનો વિવાહ થયા પછી ઝાંશી સંસ્થાનની પૂણ મુખત્યારી તેમને મળી. પહેલાં સંસ્થાન ઉપર થયેલું કરજ ફીટી જઇને રાજ્યની એકંદર વ્યવસ્થા સારી થયેલી હોવાથી તથા બાબાસાહેબની યોગ્યતા અને કર્તૃત્વ શક્તિ પૂર્ણપણે લક્ષમાં લઇને બુંદેલખંડના પોલિટિકલ એજંટ કર્નલ સ્લીમન સાહેબે સવ રાજ્ય સૂત્ર બાબાસાહેબના હાથમાં સોંપવાની હિંદુસ્તાનની સરકારને ભલામણ કરી. વડી સરકારમાંથી મંજુરી આવતાંજ નવીન તહનામું કરવામાં આવ્યું. બુંદેલ લોક ઘણાજ ફીસાદી હોવાથી તેમના બંદોબસ્ત માટે કેટલુંજ સૈન્ય રાખવું આવશ્યક હતું અને તે લશ્કરનું ખરચ ઝાંશી સંસ્થાનમાંથી લેવું એવો અંગ્રેજ સરકારનો મનસુબો હોવાથી ૨૨૭૪૫૮ રૂપિઆની ઊપજનો મુલક સંસ્થાનમાંથી અંગ્રેજ સરકારને જુદો કહાડી આપવાની મહારાજ ગંગાધરરાવને જરૂર પડી. આના સંબંધમાં થોડોક ઉલ્લેખ આગળ આપ્યો છે. બાબાસાહેબે આ વખતે સારા ઠરાવ કરી લઇને બે પલટણો અને બે તોપખાનાં પોતાની તહેનાતમાં રાખી લીધાં. તહનામુ છેવટનું પસંદ થયા પછી ગંગાધરરાવને રાજ્યાધિકાર આપવાનો સમારંભ થયો. પોલિટિકલ એજંટે સંસ્થાનની શિલક ત્રીસલાખ રૂપિઆ હતી તે મહારાજ ગંગાધરરાવને સ્વાધીન કરી તેમને સન્માન પૂર્વક ખિલાત તથા પોષાક આપ્યો. વળી ઝાંશીની રૈયત અને જમીનદાર લોક તરફથી પણ સારાં નજરાણાં આવ્યાં. આ ઉપરથી મહારાજ ગંગાધરરાવ ઝાંશીની પ્રજાને ઘણા પ્રિય હતા તે સ્પષ્ટ જણાઈ આવે છે.

મહારાજાના હાથમાં રાજસૂત્ર આવતાંજ પોતાનો કાર્યભાર સર્વ લોકને અનુકૂલ થાય એમ કરવાનો પ્રયત્ન ચાલુ કર્યો. પ્રથમ ધન તથા સૈન્યની સારી વ્યવસ્થા કર્યા પછી સર્વ ખાતાઓમાં ચતુર, કર્તવ્ય દક્ષ અને પ્રમાણિક માણસોની યોજના કરી. સંસ્થાનના દિવાન પદ ઉપર રાવ્રો રામચંદ્ર નામના હુશિયાર અને કાબેલ ગૃહસ્થની નિમણુક કરી દરબારી વકીલનું કામ નૃસિંહરાવ કૃપાને આપ્યું અને અદાલત ઉપર નાના ભોપટકરની યોજના કરી. આ પ્રમાણે બીજાં નાના ખાતાંઓ ઉપર પણ યોગ્ય માણસોની નિમણુક

કરી. પરમણુાંમાં સારા સારા તહેસિલદારો મોકલ્યા. ઠાકૂર અને બુંદેલ લો-કોનો જે ભાગમાં ઘણો ઉપદ્રવ હતો ત્યાં ત્યાં થોડુંક સૈન્ય રાખી સારો બંદોબસ્ત કર્યો, આવી રીતે સંસ્થાનની એકંદર વ્યવસ્થા સારી થવાથી ચારે તરફ શાંતિ પ્રસરી રહી અને રૈયત પણ તે જોઇને રાજી થઈ.

મહારાજ ગંગાધરરાવ ભાગ્યશાળી હતા અને પોતાના રાજ્યને વૈભવ સંપન્ન કરવાની તેમને ઘણી ઉત્કંઠા હતી. ગાદી ઉપર આવતાંજ પૂર્વની માફક રાજ્યને સંપત્તિવાન કરવાનું તેમણે મનૂ ઉપર લીધું. પહેલાં ત્રીજા રઘુનાથરાવના વખતમાં ઘણી અંધાધુંધી ચાલી હતી તેથી રાજ્યનો વૈભવ અને ઠાઠ નષ્ટ થઇ ગયાં હતાં. ગંગાધરરાવે તે વૈભવ અને ઠાઠ પાછો જેમને તેમ હતો તેવો ઉત્કૃષ્ટ કરવાને ઘણો પ્રયત્ન કર્યો. આ વખત રાણી લક્ષ્મીબાઇનાં પગલાંથી સંસ્થાનની ગતરાજ લક્ષ્મી પુનઃ પ્રાપ્ત થવા માંડી એમ લોકો કહેવા લાગ્યા. સંસ્થાનના ખજાનાની સ્થિતિ ઉત્તમ પ્રકારે સુધરતી ચાલતાં રત્ન ભંડારમાં પૂર્વની રાજ લક્ષ્મીનું તેજ ચમકવા માંડ્યું. મહારાજને હાથી ઘોડા રાખવાનો ઘણો શોખ હતો, તેમણે સુમારે ૨૨ હાથી રાખ્યા. સિદ્ધબકપ નામનો તેમાં એક સુંદર હાથી હતો. એ હાથી મહારાજની ખાસ સ્વારીનો હોવાથી તેનો સઘળો સાજ સુવર્ણનો કરાવ્યો હતો. સંસ્થાનની અપાર સમૃદ્ધિમાં શું શોભે તેમ નથી. હાથી ઘોડાઓના સાજ, અલંકાર અને અંબાડીઓ સઉ સોના રૂપાનું હતું. મહારાજે એક મીયાનો (મેના) કાશીથી કરાવી મંગાવ્યો હતો તેનું નકશી કામ સર્વ સુવર્ણમય હોઈ ઘણુંજ અપ્રતિમ હતું. એવો તામઝામ–મીયાનો બીજા કોઈ સંસ્થાનાધિપતિ પાસે નહોતો એમ કહેવાતું. મહારાજનો રસાલો મોટો હતો, તેમ લડાયક નોકર વર્ગ પણ બહુ હતો. ખુદ સંસ્થાનની અને ઠાકૂર લોકની ફોજ ૫૦૦૦ માણસની અને ઘોલ પોલીસનાં માણસો ૨૦૦૦ હતાં. આ ઉપરાંત ૫૦૦ ઘોડેસ્વારનો રસાલો, ૧૦૦ ખાસ પાયગા અને ચાર તોપખાનાં હતાં. આ ઉપરથી ગંગાધરરાવની કારકીર્દીમાં ઝાંશી કેટલું તર્યું હતું તે વ્યક્ત થાય છે.

મહારાજનો સ્વભાવ જરા દયાળુ હતો તેમ તેમનો અમલ જરા કડક હતો. તેમની રાજના નોકર મનુષ્યો ઉપર અને રૈયત ઉપર જબરી સેહ હતી. જે જે વખતે જે જે કામ નીમેલું હોય તે તે વખતે તે થવુંજ જોઇએ, એવો તેમણે કાનુન રાખ્યો હતો. કંઈ પણ વિલંબ કે ભૂલ

થાય તો પોતે માણસની ગરદન પકડી શીક્ષા કરતા હતા. તે પોતાનું રાજ્ય ન્યાયથી અને વિચારપૂર્વક ચલાવતા હતા. સાહેબ લોકો પણ તેમના નામથી સતેજ રહેતા હતા. આજુબાજુનાં બીજાં સંસ્થાનોમાં તેમનો ભારબોજ વધારે હતો. વોરછા, દતિયા, સીમરથ, ચરખારી, પન્ના છત્રપુર, વગેરેના બુંદેલરાજા તેમને 'કાકા' કહેતા હતા અને માન રાખતા હતા. તેમના સતેજપણાની ઘણી વાતો પ્રસિદ્ધછે. [1]

સંવત ૧૯૦૭ (સન ૧૮૫૦) ના મહા સુદ ૭ ને દિવસે મહારાજ ગંગાધરરાવ સહ કુટુમ્બ કાશીએ ગયા હતા. મહારાજની સ્વારીનો બંદોબસ્ત રાખવા તથા ઠેક ઠેકાણે દરજ્જા પ્રમાણે તેમનો માન વર્તાવો રાખવા માટે કલકત્તાના ગવર્નર જનરલે દરેક સ્થળના બ્રિટિશ અધિકારીઓને હુકમ મોકલાવ્યા હતા. મહારાજની વૃતિ એટલી બધી તેજસ્વી હતી કે, તે કોઈનું યત્કિંચિત્ પણ અપમાન સહન કરી શકતા નહિ. કાશી આવ્યા ત્યારે કાશીનો બ્રિટિશ અધિકારી તેમની સામે લેવા આવ્યો નહિ એટલા માટે તેમણે કલકત્તે યાદી લખી મોકલી તેની પાસે માફી મગાવી, નોકરીનું રાજીનામું આપવાની ફરજ પાડી. વળી રાજેન્દ્ર બાબુ નામનો એક મોટો બંગાળી ગૃહસ્થ કાશીમાં રહેતો હતો. તેણે મહારાજની આગળ ખડીતાજીમ—નમન ન કરતાં ગર્વિષ્ટપણાથી અમર્યાદ કરી. આ ઉપરથી મહારાજાએ તેને પકડાવી બગલમાં હાથ ઘાલીને કેટલીક વાર ઉભો રહેવાની ફરજ પાડી. તેણે કલકત્તામાં અરજી કરી તેનો એવો જવાબ આવ્યો કે, 'મહારાજ ગંગાધરરાવ મોટા રાજા છે અને જો તમારે તેમને ખડીતાજીમ આપવી નહોતી તો તમારે તેમને મળવા ન જતાં પોતાને ઘેરજ બેશી રહેવું હતું.'

મહારાજ ગંગાધર રાવે પ્રયાગ, કાશી અને ગયા વગરે ત્રિસ્થળમાં યાત્રા કરી પોતાની મહત્તા પ્રમાણે સારૂ ધર્મદાન કર્યું. કાશી ક્ષેત્રમાં આ-

---

૧ એમ કહેવાયછે કે એકવાર વિજયાદશમીને રવિવાર હતો તેથી અંગ્રેજી સૈન્ય (કંટીજન્ટ ફોજ) ઠરાવ પ્રમાણે સીમોલ્લંઘન સ્વારીમાં આવી નહિ શકે એવું કહી મોકલાવ્યું કે 'આજ રવીવારછે તેથી અમે કમર કસતા નથી.' મહારાજા સાહેબે એક હલકારાની સાથે વિલસન (સ્લીમન ?) સાહેબે જનરલને પ્રતિ ઉત્તર મોકલાવ્યો કે મેં જે પ્રાંત ફોજના ખર્ચ બદલ આપ્યોછે તે તેમની પાસેથી સેવા લેવાને માટે છે અને જો અવસરે તમે નહિ આવો તો હું આપેલા મુલક ઉપર હમણાંજ જપ્તી મોકલાવીશ. આવા સખત પ્રતિ ઉત્તરથી છેવટે અંગ્રેજ ફોજને સ્વારીમાં સામેલ થવું પડયું હતું.

વી મહારાણી લક્ષ્મીબાઇએ પોતાની જન્મભૂમિનાં દર્શન કર્યાં. મહારાજ કાશીની યાત્રા[1] કરી પાછા ઝાંશી પધાર્યા ત્યારે શહેરમાં મોટો આનંદોત્સવ કરવામાં આવ્યો. તેજ વર્ષમાં એટલે સંવત ૧૯૦૮ (૧૮૫૧) ના માર્ગશીર્ષ શુદ ૧૧ ને દિવસે મહારાણી લક્ષ્મીબાઇએ પુત્રરત્નને જન્મ આપ્યો. પુત્ર જન્મ વખતે આખા શહેરમાં સાકર વહેંચવામાં આવી અને

---

૧ મહારાજ કાશીમાં હતા તે દરમીયાન તેમની અને શ્રીમંત-અણ્ણા સાહેબ વિંચૂરકરનો સમાગમ થયો હતો. 'તીર્થ યાત્રા પ્રબંધ' નામના પુસ્તકમાં આ સમાગમના સંબંધે એમ લખેલું છે કે-આ વખતમાં ઝાંશી સંસ્થાનાધિપતિ ગંગાધરરાવ બાબા સાહેબ કાશી યાત્રાએ આવ્યા હતા. તેમને રઘુનાથરાવનો મેળાપ થયો હતો. આ મોટા સંસ્થાનાધિપતિની સ્થિતિ અને લોક રીતથી કંઈક ભિન્ન તરેહવાર આચાર જોઈને રઘુનાથરાવને આશ્ચર્ય લાગ્યું. આશ્ચર્ય લાગવાનું કારણ સ્પષ્ટ લખ્યું હોત તો ઠીક. મહારાજા ગંગાધર રાવના સંબંધે લોકમાં અનેક ગપાષ્ટકો ચાલે છે અને તરેહવાર બાબત સંભળાય છે પરંતુ તેની પૂર્ણ તપાસ કરતાં એમ લાગે છે કે—મહારાણી લક્ષ્મીબાઈ અત્યંત શૂર નીકળવાથી જનસમાજ તરફથી તેમના પતિ ઉપર વાતો ચાલી પરંતુ તે સઘળી સાવ અસત્યછે. સ્ત્રી શૂરત્વમાં પ્રસિદ્ધ થઈ કે તેના ધણીમાં કંઇજ હીર-પાણી નહોતું, કિવા પુરૂષત્વ નહોતું એમ લોકો કહેછે, એ આપણા લોકનો સહજ સ્વભાવછે. સ્ત્રી શૂરા નીકળી એટલાજ ઉપરથી તેના ધણી ઉપર આપવાદ મૂકવા એ ઠીક નથી. મહારાજ ગંગાધરરાવના સંબંધમાં જે વાત લોકમાં પ્રચલિતછે તેના સત્ય સંબંધે કંઈજ પુરાવો મળતો નથી. વળી એ વાતમાં પણ 'કાગનો વાઘ' બનાવ્યા જેવું થયેલું છે. કોઈ કહેછે કે, મહારાજ ગંગાધરરાવ બંગડી પહેરતા, પરંતુ ખરી વાત તેમ નથી તે હમેશાં કહેતા હતા કે, "અમે સર્વે સંસ્થાનવાળાઓએ હવે ચૂડી પહેરવી જોઈએ છીએ." આનો અર્થ તો માત્ર એટલોજ હતો કે-દેશી રાજાઓની સ્થિતિ સ્ત્રીઓની માફક પરાવલંબિત થઇ ગઇછે. આના સંબંધમાં આ નીચે લખેલી બાબત સાંભળવામાં આવેછે. "એકવાર રેસીડંટે બાબા સાહેબને સ્નેહ સંબંધ સારો હોવાથી એમ પૂછ્યું કે, 'મહારાજ ! ઘણા દિવસથી એક વાત હું સાંભળુછું. ક્રોધ ન કરતાં ક્ષમા કરશો એવી આશા રાખીને ને આપને પુછુંછુ. બાબાસાહેબે હશીને કહ્યું કે-તમારે જે પુછવું હોય તે ખુશીથી પુછો. મને સુઝશે તે હું ઉત્તર આપીશ. પછી રેસીડંટે કહ્યું કે, 'મહારાજ આપ સંસ્થાન વાળા મોટા માણસ છો, સમજુ છો, તેમજ આપનો બ્રાહ્મણ ધર્મ છે છતાં એવું સંભળાય છે કે, આપ હર વખત સ્ત્રીનો વેશ ધારણ કરીને હાથે બંગડી પહેરો છો એ શું ? બાબાસાહેબે ઉત્તર દીધો કે, 'હું તો એક માંડળિક રાજા છું પરંતુ હિંદના સર્વે રાજાઓએ અંગ્રેજ બહાદૂરની બંગડીઓ પહેરીછે.'

મહારાજાએ મોટો ઉત્સવ કરાવ્યો. પરંતુ દુર્ભાગ્યે તે પુત્ર ત્રણ માસનો થઈને મરી ગયો, આથી મહારાજને ઘણું દુઃખ લાગ્યું.

પુત્ર શોકનો ઘા લાગવાથી મહારાજ ગંગાધર રાવની તબીયત જરા વધારે બગડતી ગઈ. સને ૧૮૫૨ માં તેમની તબીયત છેકજ બગડી ગઈ, પરંતુ સારા ઓસડથી જરા ફેર પડ્યો. આ બીમારીથી આવેલી અશક્તિ ચાલુ રહી અને તેથી કંઈ સહેજ સાજ હવામાં કે ખાવા પિવામાં ફેરફાર થતાંજ અનેક દુઃખ થઈ આવવા લાગ્યાં. સને ૧૮૫૩ ના અક્ટોબર માસમાં ઝાંશીમાં નવરાત્રિપર મોટો શારદીય મહોત્સવ શરૂ થયો. આ વખતે હમેશની રીત પ્રમાણે મહારાજાએ પોતાની કુળદેવીની ભક્તિમાં જરા વધારે શ્રમ લીધો તેથી તેમની પ્રકૃતિ બગડી આવી. દશેરાને દહાડે વળી સીમોલ્લંઘનની સ્વારી મોટા ઠાઠ માઠથી કહાડવામાં આવી. આ વખતે ઝાંશીના લોક પોતાના રામ રાજાનો અનુભવ લેતા હોય એમ લાગ્યું. મહારાજાના કાર્યભારથી લોક પ્રસન્ન થયા હતા અને તેમનું રાજ્ય ચિરકાળ ચાલે એમ ઈચ્છતા હતા, પરંતુ વિજયાદશમી પછી મહારાજાની તબીયત ઘણી બગડી ગઈ અને તેમાંથી સંગ્રહિણીનો રોગ થયો. ઝાંશીના વૈદ્યોનાં ઓસડ શરૂ થયાં. ઝાંશીના આસિસ્ટંટ પોલિટીકલ એજંટ મેજર એલિસે મહારાજની પ્રકૃતિના સમાચાર મળતાંજ બુંદેલખંડના એજંટ મેજર માલકમને સર્વ હકીકત લખીવાળી. તે પોતે મહારાજની પ્રકૃતિ બદલ વિશેષ કાળજી રાખવા લાગ્યો. દરબારના માણસો અનેક ઉપાય કરવા લાગ્યા. કોઈએ મહાલક્ષ્મીનાં અનુષ્ઠાન કરવા માંડયાં, કોઇએ પ્રસિદ્ધ હકીમને બોલાવી તેની પાસે નવીન ઔષધો કરાવ્યાં પરંતુ કોઈ રીતે મહારાજને આરામ થયો નહિ. દહાડે દહાડે પ્રકૃતિ બગડતી રહેવાથી રાણીને ચિંતા ઉત્પન્ન થઈ. તેમણે અન્નનો ત્યાગ કર્યો અને અહોરાત્ર સ્વામિ સન્નિધ રહીને પરમેશ્વરની કૃપા માગવા માંડી. મહારાજની અસ્વસ્થતાથી દરબારના માણસોનાં મુખ નિસ્તેજ થઇ ગયાં.

નવેમ્બર મહિનાનાં પહેલાં બે અડવાડિયાં એમને એમ પસાર થયાં પણ ત્રીજુ અઠવાડિયું બેસતાં મહારાજ ગંગાધરરાવની પ્રકૃતિમાં વધારે અવચિન્હ જણાવા માંડયાં. સર્વે લોકને મહારાજની ચિંતા ઉત્પન્ન થઈ, સંસ્થાનનો દિવાન નૃસિંહરાવ (પૂર્વનો દિવાન રાઘો રામચંદ્ર હતો તેને કર્નલ સ્લીમન સાહેબે શિફારસ કરી ગ્વાલિઅરની દિવાનગીરી અ-

પાવી હતી.) અને મહારાજના સસરા મોરોપંત ઉર્ફે મામા સાહેબ, એ એ જણાંએ મહારાજની આગળ સંસ્થાનની વ્યવસ્થા સંબંધી વાત ઉચ્ચારી. તેમણે તે વેળાએ જવાબ આપો કે, 'મારી પ્રકૃતિથી હજી મને નિરાશા થઇ નથી, તથાપિ હિંદુ ધર્મ પ્રમાણે દત્તક લેવાની મને ઘણી ઇચ્છા છે. મારા વંશના વાસુદેવરાવ નેવાલકરનો પુત્ર આનંદરાવ છે તેને માટે હવે દત્ત વિધાનુની તૈયારી કરો.' આનંદરાવની વય આ વખતે પાંચ વર્ષની હતી તેમ છતાં તે ઘણોજ હોંશિયાર અને પાણીદાર હતો. મહારાણી લક્ષ્મીબાઈ અને ખુદ બાબા સાહેબની પણ એનેજ દતક લેવાની ઇચ્છા હતી. ઝાંશી દરબારના કારભારી અને મોટા અમલદાર નરસિંહરાવ, મામા સાહેબ, લાહોરીમલ્લ અને ટટ્ટીચંદ એ ચાર જણે દત્ત વિધાનનો સમારંભ કર્યો. ઝાંશીના વિદ્વાન પંડિત વિનાયકરાવે યથાશાસ્ત્ર દત્ત વિધાન વિધિ કરાવ્યો. એ વિધાનમાં સઘળા મોભાદાર માણસોને બોલાવેલા હતા. બુંદેલખંડના પોલિટિકલ આસિ. એજંટ મેજર એલિસને અને લશ્કરી અમલદાર કેપ્ટન માર્ટિનને ખાસ રાજવાડામાં નોંતર્યા હતા. આ સર્વ મંડળની સમક્ષ આનંદરાવને દત્ત વિધાન કરી તેનું નામ દામોદરરાવ ગંગાધરરાવ પાડવામાં આવ્યું. મહારાજે સપ્રેમાનંદથી તેના મુખમાં સાકર ઘાલી અને રીત પ્રમાણે પાન સોપારી તથા શેલાં પાઘડીઓ વહેંચવામાં આવ્યાં. હિંદુશાસ્ત્ર પ્રમાણે 'મને પુત્ર પ્રાપ્ત થયો' એમ જોઇને મહારાજને પૂર્ણ સંતોષ થયો.

દત્તવિધાન થઈ ગયા પછી મહારાજે દિવાન નૃસિંહરાવ તથા મામા સાહેબને પોતાની પાસે બોલાવી એક ખલિતો તૈયાર કરવાનું કહ્યું. આ વેળાએ ઝાંશીનો પોલિટિકલ આસિસ્ટંટ એજંટ મહારાજની પાસેજ હતો. ખલિતો લખાઇને તૈયાર થતાં મહારાજે પોતાને હાથે તે એલિસ સાહેબને આપ્યો. એ ખલિતામાં નીચે પ્રમાણે લખ્યું હતું:—

"બ્રિટિશ સરકારની રાજ્ય સત્તા બુંદેલખંડમાં પ્રસ્થાપિત થઈ ત્યાર પહેલાંથી મારા પૂર્વજોએ તેમને કોઈ નહિ ને કોઈ પ્રકારે મદદ આપ્યા કરેલી. એ વાત યૂરોપખંડમાં પણ સુપ્રસિદ્ધ છે. મેં પણ તેમનાજ પગલે ચાલીને બ્રિટિશ સરકારની આજ્ઞા ધારણ કરી સર્વદા શુભ વર્તન કરેલુંછે એ અહીં આવી ગયેલા કેટલાક પોલિટિકલ એજંટોને પૂર્ણ માહિત છે'

"હું હમણાં માંદો છું અને મહા દુઃખની વાત એ છે કે, હું બ્રિ-

ટિશ સરકારને પ્રમાણિકપણે અનુસરતો આવેલો છું અને સરકારે પણ, મને મોટી મહેરબાનીથી ચલાવી લીધેલો છે; છતાં છેવટ મારી પુઠે મારા વંશનો નાશ થવા દહાડો આવ્યો છે, એમ થાય નહિ તેટલા માટે મેં બ્રિટિશ સરકારની સાથે થયેલા તહનામાની બીજી કલમ પ્રમાણે આનંદરાવ નામના પાંચ વર્ષના છોકરાને દત્તક લઇ તેનું નામ દામોદરરાવ ગંગાધરરાવ પાડયું છે. એ છોકરો મારા પ્રપિતામહના વંશનો હોઇ મારો ભત્રિજો થાય છે."

"ઈશ્વરની કૃપાથી અને સરકારની મહેરબાનીથી હું હજી આ મંદવાડમાંથી બેઠો થઈશ એવી મને આશા છે. અને જ્યાં સુધી હું ઘરડો થયો નથી ત્યાં સુધી મને સંતતિ થવાનો સંભવ છે અને જો એમ થશે તો યોગ્ય લાગશે તેમ બંદોબસ્ત કરવામાં આવશે, પરંતુ જો મારૂં દેહાવસાન થયું તો આજ પર્યંત હું સરકાર પ્રત્યે પ્રમાણિકપણે ચાલતો આવ્યો છું એમ ધારીને આ છોકરા ઉપર સરકારે મહેર રાખવી એમ માગી લઉછું. અને મારી ધણિયાણીને તે હયાત રહે ત્યાંસુધી સંસ્થાનની માલિક—ધણીઆણી તથા આ દત્તક છોકરાની માતુશ્રી સમજીને સંસ્થાનની વ્યવસ્થા તેને સોંપાવવી. તેને કોઈ રીતે ત્રાસ કિંવા દુઃખ પડે નહિ એમ કરજો."

આ ખલિતો આપતી વેળાએ મહારાજનું અંતઃકરણ અત્યંત ગદ્ગદિત થઇ ગયું. તેમણે જે વેળાએ મેજર એલિસના હાથમાં એ ખલિતો આપ્યો અને તેમની ઇચ્છા પરિપૂર્ણ કરવા માટે તેને અંતઃકરણ પૂર્વક વિનંતિ કરી તે વેળાએ મેજર એલિસનું અંતઃકરણ દ્રવિભૂત થઇ ગયું અને તેણે—'હું આપનો ખિલતો બ્રિટિશ સરકાર ઉપર મોકલી દઇશ અને મારાથી થશે એટલો તેમાં યત્ન કરીશ' એમ કહી મહારાજનું આશ્વાસન કર્યું. એટલામાં મહારાજને ઘણીજ અશક્તિ થઈ ગઈ તેથી કિંચિંત્ ગ્લાનિ આવી, તે જોઇને મેજર એલિસ અને કેપટન માર્ટિન તેમને ઔષધ અપાવીને પોતાને બંગલે ગયા. મહારાણી લક્ષ્મીબાઈ આ વખતે મહારાજની પાસેના ચકના પડદામાં બેઠાં હતાં, તે સાહેબ લોકના ગયા પછી મહારાજની પાસે આવ્યાં. આ સમયે તેમની સ્થિતિ એવી થઇ રહી હતી કે, જે કલમથી પણ લખી શકાય તેમ નથી.

મેજર એલિસે બંગલે ગયા પછી સવારમાં બનેલો સઘળો વૃતાંત બુંદેલખંડના પોલિટિકલ એજંટ મેજર માલકમને લખી વાળ્યો. તેમાં

તેણે લખ્યું કે, "આજ સવારે અમે મહારાજની વિનંતિ પ્રમાણે રાજમહેલમાં ગયા હતા. મેં અને કેપટન માર્ટિને તેમની મુલાકાત લીધી હતી પરંતુ મને લખતાં ઘણુંજ દુઃખ થાયછે કે, મહારાજની પ્રકૃતિ બહુ ક્ષીણ થઈ ગઈ છે અને તે આસન્ન સ્થિતિમાં પડી રહે છે. આની સાથે મોકલેલો ખલિતો મહારાજની સમક્ષ મને વાંચી દેખાડેલો છે. એ સમાપ્ત કરતી વેળાએ મહારાજને મૂર્છા આવી અને અમે રાજમહેલની બહાર નીકળી અમારે બંગલે આવ્યા."

એલિસ સાહેબના ગયા પછી ઔષધોપચાર કરતાં મહારાજને વળી થોડો આરામ થયો. તેમના મંદવાડથી રાણીસાહેબના મનમાં નિરંતર ચિંતા થયા કરતી હતી અને એ ચિંતાથી તેમના મુખ ઉપરથી નૂર ઉડી ગયું હતું. મહારાજને કંઈક ઉંઘ આવી અને આરામ થયો એટલે તેમના જીવમાં જીવ આવ્યો. વળી તેમની પ્રકૃતિમાં ફેરફાર થયો અને રાણીનું મન વ્યગ્ર થઈ ગયું. આમ કરતાં કરતાં સાંજના ચાર વાગ્યા (તા. ૨૦ નેવેમ્બર) એટલે તો દોઢી આગળ હજારો લોક, 'મહારાજા સાહેબને કેમ છે' એમ પૂછવાને માટે એકઠા થયા. આમ લોક તેમને માટે પૂછપરછ કરતા હતા એટલામાં વળી રેસિડંસીમાંથી એક સ્વાર પણ તબીયતના સમાચાર લેવાને માટે આવ્યો. આ વખતે તેમને બીલકૂલ ઠીક નહોતું, બોલવું પણ બંધ થઈ જઈ શરીરનું ભાન રહ્યું નહોતું, તેથી તે સ્વારની સાથે એમ કહેવડાવામાં આવ્યું કે, 'હવે મહારાજાની મુલાકાત થશે નહિ.'

મહારાજાની આવી દશા થતાંજ રાણીનો કંઠ ગદ્ગદિત થઇ કરુણારસથી ભરાઈ ગયો અને આંખમાંથી શ્રાવણ અને ભાદરવો ચાલી રહ્યા. રુંધેલા શોકના આવેશમાં વળી તે બોલી ઉઠયાં કે, 'હે કુળદેવિ! મહાલક્ષ્મી! જો તમારે આમજ કરવું હોય તો માડિ! મને પહેલેથી જ તમારી પાસે બોલાવી લો.' રાણીસાહેબના આવા સ્ફુટ રુદનથી મામાસાહેબ વગેરેએ તેમની પાસે આવીને ધીરજ આપી, અને મહારાજને કેટલીક અમુલ્ય માત્રાઓ ચટાડી. માત્રાઓ ચટાડતાં તેમનો ઝોખો વળ્યો અને હોંશિયારી આવી. આંખો ઉઘાડતાંજ તે બોલ્યા કે, 'એજંટ સાહેબ ક્યાં છે?' પાસે બેઠેલા માણસોએ પછી તરતજ એલિસ સાહેબને બોલાવવાને માટે એક સ્વાર મોકલ્યો.

પહેલો સ્વાર રેસિડંસીમાં પહોચ્યો તેની પાછળ જ બીજો ગયો

અને તેણે એજંટ સાહેબને જણાવ્યું કે 'મહારાજા સાહેબ આપને મળવા ઇચ્છે છે.' એ સ્વારોની સાથે તાબડતોબ મી. એલિસ ડાકતર એલનને લઇને રાજમહેલમાં આવ્યો. આ વખતે દિવાનખાનાની પાસે નીચેજ જનાનખાનાની પાસેના એક ઓરડામાં મહારાજાસાહેબને લાવીને સુવાડેલા હતા. એલિસ સાહેબ આવતાં તેમના મનમાં આનંદ ઉત્પન્ન થયો અને તેની સાથે વાત કરવાનો તે પ્રયત્ન કરવા લાગ્યા, પરંતુ એ હોંશિયારી ઔષધજન્ય અને ક્ષણિક હોવાથી સાહેબે તેમને બોલવાની તસ્દી ન લેવા દેતાં ડાક્તરને તેમની તબીયત તપાસવાનું કહી ઔષધ લેવાને આગ્રહ પૂર્વક વિનંતિ કરી. મહારાજ બહુજ ધર્મીષ્ટ હોવાથી અંગ્રેજી ઔષધ લેવાની તે ના પાડતા હતા, પરંતુ બ્રાહ્મણને હાથે ગંગાજળથી ઔષધ બનાવવા મોકલવાનું સાહેબે કબૂલ કરવાથી તેમ કરવાને અને ઔષધ લેવાને અનુમતિ આપી. ડા. એલને તે પ્રમાણે ઔષધ તૈયાર કરવાનું કબૂલ કરી પોતાને બંગલે જઈ ઉત્તમ ઉત્તમ ઔષધો મેળવી એક બ્રાહ્મણ જોડે તે રાજમહેલમાં મોકલી આપ્યું. મેજર એલિસ સાહેબ પણ પછી પોતાને બંગલે ગયો. ડાકતરનું ઓસડ આવ્યું પરંતુ તે નજરે પડતાંજ તેમણે કહ્યું કે, 'હું આ દવા કદી પણ લેવાનો નથી.' મહારાજે માન્યું નહિ ત્યાં ડાક્તર પણ ના ઇલાજ.[1]

મરણ પહેલાં પણ મહારાજ ગંગાધરરાવે એક ખલિતો બુંદેલખંડના એજંટ મેજર માલકમ ઉપર મોકલવાને હુકમ આપ્યો હતો. એ ખલિતામાં પણ પહેલાની બધી મતલબ હતી, શિવાય કે, રામચંદ્રરાવની સાથે પૂર્વે ૧૮૧૭ માં બ્રિટિશ સરકાર સાથે જે તહનામું થયું હતું તેમાંથી આટલું વધારે ઉમેરવામાં આવ્યું હતું:—'ઝાંશી સરકારને બ્રિટિશ સરકાર સાથે સ્નેહભાવ રહે અને તે કાયમ રાખવાના હેતુથી બ્રિટિશ સરકારનો અમલ બુંદેલખંડમાં શરૂ થયો તે વેળાએ કૈલાસવાશી શિવરાવ ભાઉના તાબામાં હતો તે, અને હાલ ઝાંશી સરકારના તાબામાં છે તે સર્વ પ્રાંતનું રાવ રામચંદ્રને અને તેના વારસને તથા વારસદારને ઠેકાણે સંસ્થાપિત થનારને, બ્રિટિશ સરકાર વંશપરંપરાના માલિક નીમી તે તે પ્રાંતનો સંસ્થાપક છે એમ કબૂલ મંજુર રાખે.' આ બાજી કલમ દાખલ કરી એમ લખ્યું કે—'મારી વિનંતિ પ્રમાણે મે-

---

૧ એક ગ્રંથકારે લખ્યું છે કે જો મહારાજ ગંગાધરરાવે અંગ્રેજી દવા લાધી હોત તો તે જીવ્યા હોત અને ઝાંશી દરબારનેમાટે વારસ મુકયો હોત.

જર એલિસ અને ઝાંશીના અંગ્રેજ સૈન્યના અધિપતિ કેપટન માર્ટિને મારી મુલાકાત લીધી હતી તેમને મેં સમક્ષમાંજ આ ખલિતામાં લખેલી બાબતો સ્પષ્ટ કરીને કહેલી છે. મારી પુંઠે મેં મારા ભત્રિજા આનંદરાવને દત્તક લઈ તેની યોજના કરી છે એવી મતલબનો ખલિતો મેં તેમને આપ્યો છે તે, તેઓ આપની ઉપર મોકલશે એવી મને પૂર્ણ ખાત્રી છે.'

મહારાજ ગંગાધર રાવે આ પ્રમાણે વ્યવસ્થા કરી તેથી, બ્રિટિશ સરકાર ઝાંશી સંસ્થાન પૂર્વવત્ તેમના દત્તકને આપી ચલાવશે. અને ઝાંશીના રાજાઓનું નામ ચિરકાળ ચાલ્યા કરશે એવી તેમને સંપૂર્ણ આશા હતી. મહારાજની તબીયત આ વખતે એટલી બધી બગડી ગઈ હતી કે મહારાણી લક્ષ્મીબાઇ તો તેમને સાંભર્યાં જ નહિ: કારણ કે બ્રિટિશ સરકાર તેમની વિનંતિ કદી પણ અમાન્ય કરનાર નથી એવો તેમને પૂર્ણ ભરોસો હતો.[1]

આ પ્રમાણે રાજ્યની વ્યવસ્થા કરીને મહારાજ ગંગાધરરાવે પોતાનો ઐહિત પ્રવાસ સમાધાન અંતઃકરણથી પુરો કર્યો. મહારાજ ગંગાધરરાવ સંસ્થાનાધિપતિ હોવાથી તેમની પાસે મોટા વૈદ્યો હાજર રહેતા હતા અને હજારો સેવકો તેમની સંભાળ લેતા હતા, પરંતુ આવરદાની દોરી આવી રહેતાં તેમાંના કોઇનો કંઇજ ઉપાય ચાલ્યો નહિ. તા. ૨૧ મી નવેમ્બરનો દિવસ ઉગતાં મહારાજની પ્રકૃતિમાં દુઃચિન્હ દેખાવા માંડયાં. મહારાણી લક્ષ્મીબાઈ પણ નિરાશ થઇ દુઃખથી વ્યાકુળ થઇ ગયાં. પ્રાતઃકાળથી જ હજારો બ્રાહ્મણોને પુણ્ય દાન દેવાવા માંડયાં હતાં તથા મહારાજની પાસે વિષ્ણુસહસ્ત્ર નામનો પાઠ કરવા માંડયો હતો. છેવટ મધ્યાન્હ વીતતાં મહારાજની નાડી બંધ પડી અને તા. ૨૧ મી નવેમ્બરના ત્રીજા પહોરને અમલે ઝાંશીના છેલ્લા મહારાજ ગંધાધરરાવે કૈલાસવાસ કર્યો.

---

૧ મહારાજ ગંગાધરરાવે બ્રિટિશ સરકારપર ભરંશો રાખી જે ખલિતા પાઠવ્યા હતા તેના સંબંધમાં પાછળથી એક અંગ્રેજ લેખક લખે છે કે-He was allowed to die in the delusion that native fidelity would be remembered. The Empire was grown so strong that the autocrat of Fort William thought it could afford to forget fidelity.

W. M. TORRENS. M. P.

કવિ છોટમ કહે છે, તે સત્યજ છે કે:—
"જાયા તે જરૂર જવાના જગત માંહિ,
જાયા તે જરૂર જવાના,
જેવા હોય વટોળીઆ વાના, જગત માંહિ,
જાયા તે જરૂર જવાના.
હું હું કરીને કે છે હુંકારો, તે તંગ માને છે મારૂ;
દીપ જ્યોતિની પેરે બુઝાતાં, આવરી રહેછે અંધારૂ
જગત માંહિ જાયા તે જરૂર જવાના."

તુરતજ મહારાજના મરણના સમાચાર આખા શહેરમાં ફરીવળ્યા અને જ્યાં ત્યાં લોકો રૂદન કરવા લાગ્યા. રાજમહેલ શોકાંધકારથી શૂન્ય થઈ ગયો અને મહારાણી લક્ષ્મીબાઈ પણ હૈયુ હાથમાં ન રહેવાથી છૂટે મુખે રોયાં. તે શોકમાં રોકુંટમાં તે પોતાના દેહનું ભાન પણ ભૂલી ગયાં. એ વખતની તેમની શોકાક્રાંત સ્થિતિનું તો વર્ણન પણ થઈ શકતું નથી.

પછી મહારાજ ગંગાધરરાવને રીતિ પ્રમાણે પ્રેતસંસ્કાર કરવામાં આવ્યો. આખું ઝાંશી શહેર મહારાજની પછવાડે સ્મશાન ગયું. ખુદ પોલિટિકલ એજંટ મેજર એલિસ અને ઝાંશીના બીજા મોટા મોટા યૂરોપીઅન અધિકારીઓ પણ શોકનો પોષાક પહેરી સ્મશાનમાં ગયા હતા. સ્મશાનથી પાછા આવ્યા પછી મેજર એલિસ અને કેપટન માર્ટિન 'ઇરેગ્યુલર કેવલરીનાં કેટલાંક માણસો સાથે મહારાણી લક્ષ્મીબાઈ સાહેબને આશ્વાસન દેવાને રાજ્યમહેલમાં ગયા. મેજર એલિસે મહારાણીને અતિશોક ન કરવાને માટે વિનંતી કરી અને આશ્વાસન આપ્યું. આ વખતે મહારાણી એટલાં બધાં શોકમાં ગીરફતાર થઇ ગયાં હતાં કે જેને જોતાં પાષાણના હૃદયવાળો હોય તેના મનમાં પણ શોક ઉત્પન્ન થાય, તો પછી એલિસ સાહેબ જેવો દયાળુ ગદ્‌ગદિત થઈ જાય તેમાં શી નવાઈ!! તેણે દયાર્દ્ર અંતઃકરણથી કહ્યુ કે, 'સર્વ કંઇ થશે તે તમારી મરજી પ્રમાણેજ થશે અને હવે તમે ઝાઝો શોક કરશો માં.' વારંવાર આ પ્રમાણે મહારાણીને ધીરજ આપી ખજાનાનો બંદોબસ્ત કરવા તે કિલ્લામાં ગયો.

ઝાંશીનો કિલ્લો અત્યંત પ્રચંડ અને મજબૂત હોવાથી તેમાં રાજ્યના કેદીઓ અને ખજાનો રહેતો હતો. ખજાનામાં સુમારે ૨૪૫૭૩૮

રૂપિઆની કિમ્મતનું સોના રૂપાનું નાણું હતું. આ ખજાનાનાં સર્વ બારણાં મેજર એલિસ અને જવાલાનાથ પંડિતે બરોબર તપાસી તેના ઉપર મહોર છાપ મારી અને કિલ્લાનાં રક્ષણને માટે સિંધિયાની કંટિજંટ ફોજમાંની ૬ ઠ્ઠી પલટણનાં ૧૦૦-૧૨૫ માણસોની એક ટુકડી ત્યાં આગળ મૂકી. મહારાજના મરણથી સંસ્થાનમાં કંઈ ગડબડ ન થાય તેને માટે તો તેણે સંસ્થાનના દિવાન કારભારી વગેરેને મળીને આગળથીજ બંદોબસ્ત કર્યો હતો. વળી કેપ્ટન માર્ટિને લશ્કરી બંદોબસ્ત પણ ઘણો સારો રાખ્યો હતો.

ઝાંશીના આસિસ્ટંટ પોલિટિકલ એજંટ મેજર એલિસના *પત્રથી મહારાજ ગંગાધરરાવના મત્યુના સમાચાર જાણી બુંદેલખણ્ડના પોલિટિકલ એજંટ મેજર માલકમ સાહેબે તા. ૨૫ મી નવેમ્બરે હિંદુસ્તાનની સરકારના ફોરિન-પરરાજ્ય સંબંધો-સેક્રેટરીને એક પત્ર લખ્યો હતો અને તેમાં તેણે નીચે પ્રમાણે લખ્યું હતુઃ—

"ગ્વાલિઅર, બુંદેલખંડ અને રીવા સંસ્થાનના પોલિટિકલ એજંટ મેજર ડા. એ, માલકમ પ્રતિ હિંદુસ્તાનની સરકારના સેક્રેટરી, ફોરિન-ડિપાર્ટમેન્ટ, ફોર્ટ વિલીઅમ.

૧ નામદાર ગવર્નર જનરલ ઈન કૌન્સિલને જણાવતાં મને અત્યંત દિલગીરી થાય છે કે, ઝાંશીના મહારાજ ગંગાધરરાવ તા. ૨૧ મી નવેમ્બરે ઝાંશીમાં દેવલોક પામ્યા છે.

૨ મૃત્યુની પહેલાં એક દિવસે મહારાજાએ પાંચ વર્ષની વયના દામોદરરાવ ગંગાધરરાવ ઉર્ફે આનંદરાવ નામના એક છોકરાને દત્તક લીધો છે. તે તેમનો ભત્રિજો થાયછે એમ તેમણે કહેલું છે. પરંતુ ખરેખર મને લાગેછે કે તે મહારાજના મુખ્ય પૂર્વજ રઘુનાથરાવથી પાચમો પુરુષ છે એટલે અંગ્રેજી રીત પ્રમાણે તે મહારાજના પ્રપિતામહ તરફનો પિતરાઈ જ માનવો જોઇએ.

૩ તા. ૨૦ એ મહારાજ અને મેજર એલિસને મુલાકાત થઈ હતી તેના સંબંધમાં મેજર એલિસ તરફથી મારા ઉપર આવેલા પત્રો નામદાર ગવર્નર જનરલના અવલોકનાર્થે આ સાથે બીડયા છે. વળી મહારાજાએ આનંદરાવ નામના છોકરાને દત્તક લીધો તેના સંબંધમાં

*તા. ૨૧ મી નવેમ્બર ૧૮૫૩ ને દિવસેજ મેજર એલિસે બુંદેલખંડના પો. એ. મેજર ડી. એ માલકમ પર મહારાજના મરણનો પત્ર લખ્યો હતો.

સવિસ્તર હકીકત વાળો એક ખલિતો જે મારા ઉપર આવેલો છે તે પણ આ પત્રોની સાથે સામેલ છે.

૪ ઝાંશીના સંસ્થાનાધિપતિએ મૃત્યુ સમયે એકા એક દત્તક લેવાનો વિચાર કર્યાથી ઝાંશી દરબારના પ્રત્યેક માણસને આશ્ચર્ય ઉપજ્યું હશે એમ મને લાગે છે, કારણ કે, ઘણું કરીને સર્વ સંસ્થાનની માલમતા રાણીની હયાતિ સૂધી તેના કબજામાં સોંપવાની તે અંગ્રેજ સરકારને વિનંતિ કરશે એમ સર્વ ધારતા હતા. બ્રિટિશ સરકારની સાથે પ્રથમ જેણે તહનામું કર્યું હતું તે ઝાંશીના સુબેદાર શિવરાવ ભાઉના વંશમાં કોઇ વારસ પુરૂપ નથી અને પાસેના કોઇ સગાં સાગવાંમાં પણ નથી, એટલે કદી પણ ન થનારા દત્તકનો ખુટો વિચારમાં આવે એમ જણાતું નથી.

૫ હિંદુસ્તાનની સરકારની જાણ માટે, ઝાંશી સંસ્થાનાધિપતિનું એક સાધારણ વંશવૃક્ષ હું આ સાથે બીડું છું. તે બરોબર હશે એમ મને ભરસો છે. એ વંશ ઝાડ ઉપરથી એમ જણાઈ આવશે કે, જે છોકરાને હમણાં દત્તક લીધો છે તે મહારાજ ગંગાધરરાવના પૂર્વજ રઘુનાથરાવ (પહેલા) ના વંશનો છે.

૬ મેજર એલિસને મેં તા. ૨ જીને રોજ જે એક સૂચનાપત્ર લખ્યો હતો અને જેની પ્રત હિંદુસ્તાનની સરકારને તા. ૩ જીને દિવસે બીડેલી છે તેમાંની સૂચના પ્રમાણે મેજર એલિસ વર્તે છે અને સરકારનો ઝાંશી સંસ્થાનની વ્યવસ્થા માટે છેવટનો હુકમ આવશે ત્યાં સૂધી તે મરહુમ રાજા સાહેબે કરેલા દત્તવિધાન સંબંધે બિલકૂલ લક્ષ આપનાર નથી.

૭ ઝાંશીના રાજાઓ સાથે બ્રિટિશ સરકારને કેવો સંબંધ છે તેની સંક્ષિપ્ત માહિતી અત્ર આપેલી હશે તો તે સરકારને અનુકૂળ પડશેજ, અને તે ઉપરથી ઝાંશીના રાજાઓને પોતાના સંસ્થાનના માલિક કરવાને માટે દત્તક લેવાનો અધિકાર છે કિંવા નહિ—જેને માટે મને ઘણો સંશય રહે છે તેને માટે નિશ્ચયાત્મક અભિપ્રાય આપવામાં આવશે તો ઠીક પડશે.

૮ સને ૧૮૦૪ માં બુંદેલખંડ સાથે આપણો સંબંધ થતાજ શિવરાવ ભાઉ સાથે, પેશવાના નોકર અને માંડળિક તરિકે તહનામુ થયું હતું. ૧૮૧૭ માં કે જે વેળાએ ઝાંશી સંસ્થાન ઉપરના સર્વ હક્ક પેશવા સરકારે બ્રિટિશ સરકારને આપ્યા તે વેળાએ આપણે શિવરાવ

ભાઉના ભત્રિજા રામચંદ્રરાવને ઝાંશી સંસ્થાનના વંશપરંપરાના માલિક તરીકે કબૂલ કર્યો હતો. તે પ્રમાણે સને ૧૮૩૨ માં આપણે ઝાંશીના સુબેદારોને 'રાજા'નો કિતાબ આપ્યો હતો.

૯ રામચંદ્રરાવ ૧૮૩૫ માં મરણ પામ્યા ત્યારે તેમને પુત્ર સંતતિ ન હોવાથી સંસ્થાનને ખાલસા કરવું કિંવા નહિ, એ પ્રશ્નની ચર્ચા ચાલી હતી પરંતુ તે વખતે શિવરાવભાઉના રઘુનાથરાવ અને ગંગાધર રાવ નામના બે પુત્ર હયાત હતા તેથી સંસ્થાન તેમને ચાલવવા દેવું એવો ઠરાવ થયો હતો. પરંતુ હાલ ગંગાધરરાવના મૃત્યુથી તેમના વંશનો છેવટનો અંત આવ્યો છે.

૧૦ મારે અત્ર એમ પણ જણાવવું અવસ્ય છે કે, સને ૧૮૩૫ માં જ્યારે રાવ રામચંદ્ર મરણ પામ્યા ત્યારે એક તેમનો દત્તક, અને બીજો તેમની સ્ત્રીએ લીધેલો દત્તક, એ બે જણાએ એ સંસ્થાન ઉપર પોતાનો હક છે એમ કહેવા માંડયું હતુ, પરંતુ તે વખતે તેમનો હક નામંજૂર કરવામાં આવ્યો હતો. તે વખતના કાગળ પત્રો હાલ મારી પાસે નથી પરંતુ તમારા દફતરમાંથી તમને મળશે. એ કાગળો ઉપરથી એમ જણાશે કે, ઝાંશી સંસ્થાનના રાજાને કિંવા તેની વિધવા રાણીને સાર્મભૌમ સરકારની પરવાનગી વગર દત્તક લેવાનો હક પહોચતો નથી.

૧૧ મહારાજ ગંગાધરરાવે પોતાની પાછળ જે સ્ત્રીના હાથમાં સર્વ રાજ્યવ્યવસ્થા સોંપવાની ઇચ્છિા જણાવેલી છે તે સ્ત્રી ઘણીજ સન્માન્ય અને લોકપ્રિય છે તથા સંસ્થાનનો કાર્યભાર ઉત્તમ રીતે ચલાવવાને સંપૂર્ણ સમર્થ છે. પરંતુ પ્રસ્તુતના સ્થિતિમાન ઉપરથી સરકાર આ સંસ્થાન ખાલસા કરવાનો પોતાનો હક વિલંબ ઉપર નાંખશે એમ મને લાગતુ નથી, તેથી મને એવો ભરૂંસો છે કે સરકારની પાસેથી રાણી સાહેબને તેમના કૈલાસવાસી પતિની સર્વ મિલકત અને ઝાંશીમાંનો રાજ્યવાડો આપવામાં આવશે અને તેની સ્પષ્ટતા માટે તથા તેમના મોટા કુટુંબનાં માણસો માટે યોગ્યતા પ્રમાણે તથા સુખથી રહેવાઇ શકાવાને માટે યોગ્ય રકમની નીમણુક આપવામાં આવશે એવું તેને આશ્વાસન આપવાની મને પરવાનગી મળવી જોઇએ.

. ૧૨ રાણી સાહેબના ખર્ચને માટે અમુક રકમ ઠરાવવી એ કામ જરા કઠિણ છે તથાપિ જે અર્થે બુંદેલખંડમાં સંસ્થાપિત થયેલાં રાજ્ય કુંટુંબોમાં છેવટનું રાજય કુટુંમ્બ તે માત્ર આટલું આજ છે,

અને જેને માટે પેશવા સરકારની પાસેથી તથા વિનાયકરાવ પાસેથી ધર્માર્થ દ્રવ્ય મળવાની જેમને આશા રહી નથી એવા તેઓના આશ્રયના માણસો હવે રાણી સાહેબની પાસે આવશે તેમ તેમના વતીનાં ખરચ વધી પડશે. સરકારે આ બધી બાબતો ધ્યાનમાં લઇ રાણી સાહેબને ભરપુર નીમણુંક દેવાની ઇચ્છા ઘણું કરીને દેખાડવી અને તેમ થાય તો દરમાસે ૫૦૦૦ તનખા–રૂપિઆથી ઓછી નીમણુંક તો નહિજ ચાલે એમ હું નમ્ર સૂચના કરૂંછું.

૧૩ ઘણા કાળ સુધી ઝાંશી સંસ્થાન આપણા અધિકાર તળે હતું અને મેજર રોસે તેની જે વ્યવસ્થા કરી હતી તે સરલ રીતે ચાલી હતી તે ઉપરથી મને લાગેછે કે–સરકાર આ સંસ્થાન ખાલસા કરવાનો વિચાર કરે ત્યારે તેની વ્યવસ્થા તેના પાડોશી સિંધિયા સરકારના પ્રાંતો પ્રમાણે કરતાં આપણને કંઇ અડચણ પડશે નહિ.

૧૪ જ્યારે સરકાર સંયુક્ત સંસ્થાન મને મારા તાબામાં લેવાનું ફરમાવશે ત્યારે હું તેમ કરવાને તૈયાર છું, પરંતુ મને તેમજ મારા મદદનીસ મેજર એલિસને વસુલાતી ખાતાનો ઝાઝો અનુભવ નથી અને અમારે ગ્વાલિઅર અને બુંદેલખંડમાં રાજ્ય કામ ઘણાં હોવાથી ત્યાં દૂરના પ્રાંતમાં વારંવાર જવું આવવું પડે છે તેથી હું વિનંતિ કરૂંછું કે, બુંદેલખંડમાંના જે જીલ્લાઓ જબલપૂરના કમિશનર કેપટન આર્સ્કિનને સોંપેલા છે તેના ભેગુ ઝાંશી પણ તેનેજ સોંપવું ઠીક પડશે.

પોલીટિકલ એજન્સી. ઓફીસ, કાંપ પન્ના. ૨૫ નવેમ્બર ૧૮૫૩	(સહી) ડી. એ. માલકમ ગ્વાલીઅર બુંદેલખંડ અને રીવાનો પો. એજંટ.

પોલિટિકલ એજંટ સાહેબનો આવો રિપોર્ટ સરકાર ઉપર ગયા પછી ઝાંશી સંસ્થાનની કેવી વ્યવસ્થા થાય તેનું ભવિષ્ય વંચાઈ જ જાય છે. તેની ઈચ્છા ઝાંશીને સંયુક્ત કરવાની હોય ત્યાં બીજી શી આશા રાખી શકાય? લૉર્ડ ડેલહાઉસીની અનુજ્ઞા પ્રમાણે સતારા, નાગપુર અને તંજાવર જેવાં મોટાં રાજ્યોને રેસિડંટે બીનવારસી ઠરાવી કંપની સરકારના રાજ્યમાં સામીલ કરી દીધાં હતાં તો પછી ઝાંશીના શા બાર? વળી ફક્ત એજંટોના જેવી ઉત્કંટ ઇચ્છા વાળા મેજર માલકમ સરખા વિશ્વાસુ અને કર્તવ્યદક્ષને તો સંયુક્ત રાજ્યનીતિનું

જ પસંદ પડે. મેજર માલકમનો પત્ર જતાં જ ઝાંસીનો બંદોબસ્ત કરવાની સપાટાબંધ તૈયારીઓ થવા માંડી. ઝાંશીમાં સિંધિયા સરકારની કંટિજંટ ફોજની ૬ ઠ્ઠી પલટણનો એક ભાગ ને બંગાળ નેટિવ ઇન્ફ્ટ્રીની પલટણ મૂકવાનો વિચાર કરીને વળી ઝાંશી તથા કરેરાના બે કિલ્લાઓના બંદોબસ્ત માટે બ્રિગેડિઅર પાર્સન્સ પાસેથી બીજી ચાર પંલટણ મગાવવાની વ્યવસ્થા કરવામાં આવી.

આણી તરફ રાણી સાહેબ તથા કાર્યભારી મંડળને એમ વિશ્વાસ હતો કે ઝાંશી સંસ્થાનનો કાર્યભાર દામોદરરાવને નામે ચલાવવામાં આવશે; કારણ કે મહારાજ ગંગાધરરાવે પો. એજંટની મારફતે બ્રિટિશ સરકાર પર જે ખલિતો પોતાના મરણની પૂર્વે મોકલાવ્યો હતો તે ઉપરથી સરકાર સર્વે વ્યવસ્થા મન.માનીતી રીતે કરશે. ૧૮૧૭ માં રામચંદ્રરાવ સાથે થયેલા તહનામા પ્રમાણે ઝાંશી સંસ્થાન વંશપરંપરા ચલાવવાનું વચન દીધેલું હતું અને વળી સંસ્થાનાધિપતિઓએ સર્વદા કૃતજ્ઞતા દેખાડી હતી તેથી બ્રિટિશ સરકાર બધુ ભૂલી જશે એમ સ્વપ્ને પણ કોઇને સંશય નહોતો, પરંતુ રાજ્યાલોભમાં અંધ થયેલા બ્રિટિશ સરકારના પ્રતિનિધિઓ તે બધુ ભૂલીજ ગયા. માલકમ સાહેબનો પત્ર કલકત્તામાં જતાં કૌંસિલ ઓફ ઇન્ડિયાના મેમ્બરો પ્રેસિડંટ જે. ડોરીન, તેનો કૌન્સીલર જે. લો. અને ફ્રેડરિક, જે. હાલિડેએ એમ ઠરાવ્યું કે, ગવર્નર જનરલ કલકત્તામાં આવે (લૉર્ડ ડેલહાઉસી આ વખતે અયોધ્યામાં હતો.) ત્યાં સુધી ઝાંશીના દત્તકવાળા પ્રશ્નને એમનો એમજ રહેવા દેવો અને રાજકાર્યભારમાં કોઈ પ્રકારનો ફેરફાર કરવો નહિ. એજંટે સંસ્થાનમાં સલાહશાંતિ જાળવવાને વધારે કાળજી રાખવી અને સૈન્યની મદદ જોઇએ તો તે તરતજ બ્રિગેડિઅર પાર્સન્સની પાસેથી મગાવી લેવી. આ પ્રમાણે ઝાંશીના પો. એજંટને ફરમાવવામાં આવ્યું.

પ્રકરણ ૪ થું.

ઝાંશી ખાલસા કર્યું.

नीचैर्गच्छत्युपरि च दशा चक्रनेमिक्रमेण ।

મનુષ્યને તેમજ રાજ્યને ઉન્નતાવસ્થા ક્યારે આવશે અને પડતી ક્યારે થશે તે કોઈના જાણવામાં આવતું નથી. કાળચક્રની એવી ગતિ છે કે, જે કોઈના કળવામાં આવતી નથી. આજ જે પુષ્પ ખીલેલાં હોય છે તે કાલ કરમાઈને ખરી જાય છે અને આજ જે કળીમાં હોય છે તે કાલ પૂર્ણ વિકાશી વૈભવ સંપન્ન થઈ રહેછે. બ્રિટિશ સરકારના રાજ્યની ચડતી પરથી અને દેશી રાજ્યોની પડતી પરથી આ ક્રમ યથાસ્થિત દેખાઈ આવે છે. હિંદુસ્તાનમાં વેપાર કરવાની માત્ર પરવાનગી મેળવવાને જેમને ૧૭૧૨ માં ભગીરથ પ્રયત્ન કરવો પડયો હતો[1] અને ૧૭૫૨ ની સાલમાં જેમના તાબામાં માત્ર ત્રણ વખારો અને ૨૦ ચોરસ માઇલ જેટલી જમીન હતી તે લોકના તાબામાં આજ એટલે ૧૮૫૭ ની સાલમાં ૬૫૦૦૦૦ ચોરસ માઇલ જમીન આવી રહેલી છે અને આખા હિંદુસ્તાન ઉપર જેનો સામ્રાજ્ય સંબંધી વાવટો ઉડેછે એવી બ્રિટિશ પ્રજાના ઉદયમાં આટલો જલદી ફેરફાર થઈ જશે એમ કોણ ધારતું હતું? રોમન લોકોથી ત્રણસેં વર્ષમાં આખું યૂરોપ લેવાયું નહોતું તો બ્રિટિશોએ તેથી અરધા કાળમાં આખું હિંદુસ્તાન હાથ કરી લીધું છતાં હિંદુસ્તાનમાં આપણે રાજ્ય સત્તા મેળવવી એવો તો તેમનો મૂળમાં હેતુજ

૧આ વખતે બંગાળાના ગવર્નરે દિલ્લીશાહને નીચે પ્રમાણે લખ્યું હતું:—
"The supplication of John Russell, who is as the minutest grain of sand, and whose forehead is the tip of his footstool, who is the absolute monarch and prop of the universe, whose throne may be campared to that of Soloman's, and whose renown is equal to that of yras + + + The Englishmen, having traded hitherto in Bengal, Orisa and Behar, custom free (except in Surat) are your majesty's most obedient slaves always intend upon your commands. + + We crave to have your majesty's permission in the above mentioned places, as before, and to follow our business without molestation."

નહોતો. સન ૧૭૮૨ સાલમાં વૉર્ન હેસ્ટિંગ્સ સાહેબે હિંદુસ્તાનમાં ખટપટ ચલાવી તેના સંબંધે હાઉસ ઓફ કૉમન્સમાં વાદવિવાદ થયો તે સમયે એવું ઠર્યું હતુ કે, 'હિંદુસ્તાનમાં આપણા રાજ્યનો વિસ્તાર કરવા અથવા મૂલક હાથ કરવા માટે યત્ન કરવો એ બ્રિટિશ રાજ્યની રાજનીતિ, વા ઇચ્છાથી વિરૂદ્ધજ છે,' આ ઠરાવ પછી ૬ વર્ષ કરતાં વધારે વખત ગયો નહિ એટલામાં ૧૭૯૦ માં મહીસૂરના રાજા ટિપૂ સુલતાને અંગ્રેજોના મિત્ર ત્રાવણકોરના રાજા ઉપર સ્વારી કરી ત્યારે લૉર્ડ કોર્નવોલીસે તેના ઉપર તરાપ મારી તેનું અર્ધું રાજ્ય મેળવ્યું. આ વખતે પેલો 'રાજ્યનીતિ વા ઇચ્છા' વાળો ઠરાવ દફ્તરમાં દબાવી મૂકીને હાઉસ ઓફ કોમન્સ અને હાઉસ ઓફ લૉર્ડ્સે એ ન્યાય ભરેલા પગલાને માટે તેનો આભાર માન્યો. વળી ટિપૂની સાથે શરૂ કરેલા વિગ્રહનો સને ૧૭૯૯ માં અંત આણી વેલસ્લી સાહેબે તેનો મૂલક ખાલસા કર્યો. પછી તરતજ કર્ણાટક હસ્તગત થયું અને પછી દુઆબ તથા અયોધ્યાના નવાબની પાસેથી મળેલા મૂલકો એકત્ર કરતાં હિંદુસ્તાનમાં આપણું રાજ્ય પુષ્કળ વધ્યું છે એમ જોઇને કોર્ટ ઓફ ડિરેક્ટરોને અત્યંત સંતોષ ઉત્પન્ન થયો અને તેઓએ એવો નિશ્ચય કર્યો કે, હવે વધારે મૂલક મેળવવો કે વધારવો નહિ. પરંતુ વળી પુનઃ તેમને નિરૂપાયે મૂલક વધારવાનો પ્રસંગ આવ્યો! અર્લ ઓફ મોઇરા ગવર્નર જનરલ થતાંજ નેપાળની લઢાઇ શરૂ થઈ અને ત્રણ સારા પ્રાંતો અંગ્રેજોના હાથમાં આવ્યા. પછી બે વર્ષ કેડે પિંઢારી લોકો સાથે જંગ મચ્યો અને પુના, નાગપુર, ઇંદોર, અને ગ્વાલીઅર એ ચાર ઠેકાણાના રાજાઓ સાથે અથડા અથડી થઈ તેથી અંગ્રેજોના હાથમાં પુષ્કળ મૂલક આવ્યો. આ વખતે ગવર્નર જનરલ સાહેબે વળી એવો ઠરાવ કર્યો કે હવે આપણે સિંધુ નદીની પેલીમેર આપણી સરહદ વધારવી નહિ. એ ગવર્નર સાહેબના ગયા પછી લોર્ડ આમહર્સ્ટ સાહેબ ગવર્નર જનરલ થઇને હિંદુસ્તાનના કિનારા ઉપર આવી ઉતર્યા. તેમનાં પગલાં થતાં વતાંજ બ્રહ્મદેશવાળો વિગ્રહ મંડાયો અને લડાઈ શરૂ થઇ. બ્રહ્મદેશની લડાઈથી વળી આસામ, તેનાસરીમ અને આરાકાન એ પ્રાંતો અંગ્રેજોના સુખોપભોગ માટે બ્રિટિશ સલતનમાં આવી વધ્યા. ત્યાર પછી લોર્ડ બેન્ટિક સાહેબની કારકીર્દી શરૂ થઇ અને તેમની પણ ઇચ્છા ન હોવા છતાં કુર્ગ પ્રાંત ખાલસા કરવાની જરૂર પડી. પછી લૉર્ડ ઓકલાંડ

આવ્યા તેમણે સિંધુ નદીની પેલી મેર વધતા જતા રૂશિયનોની હદ નક્કી કરવા પાછળ તેર હજાર માણસોનો અફગાનીસ્તાનના હિમમય ડુંગરોમાં ભોગ આપ્યો અને તેમના કેડે લૉર્ડ એલિનબરો હિંદુસ્તાનના ગવર્નર જનરલના પદ પર આવ્યો તેને 'સિંધુ નદીના બન્ને કિનારા પર શાંતિ રાખવાને માટે વધારે તો શું પણ એશિયામાં 'આબાદી આબાદ' એ કહેવત પ્રમાણે કરવાને માટે અને મોગલ પાદશાહના ઔદાર્ય ગુણ ઉપર લોકસુધારણા માટે તાણ કરવાં કાજે હિંદુસ્તાનમાં દાખલ થતાં સિંધ પ્રાન્ત ખાલસા કર્યા શિવાય અથવા સિંધિયાની સત્તા મર્યાદિત કર્યા સિવાય હિંદુસ્તાનમાં શાંતિ પ્રસરાવી ફાવીજ નહિ. ત્યાર પછી સર હેનરી હાર્ડિંગની યોજના થઇ અને તેમને સખત તાકીદ આપવામાં આવી કે, લડાઈ તથા પ્રાંત ખાલસા કરવાનો તમે પ્રસંગજ આણતા નહિ; પરંતુ સોળ મહિના ઉપરાંત તે પોતાની તરવાર મેન રાખી શકયા નહિ. પંજાબમાં ખટપટ ઉભી થઇ અને ૬૦૦૦૦ શીખ યોધાઓ સતલજ નદીના કિનારા ઉપર લડાઈ કરવાને ઉભા રહ્યા. આ લડાઇ લડવી પડી અને તેના પરિણામમાં વળી સતલજ નદીનો દક્ષિણ કિનારો અને જાલંધર દોઆબનો પ્રાંત ખાલસા કરવો પડયો. હવે સર્વત્ર શાંતિ પ્રસરી રહેશે એવી ખાતરી હતી, એટલામાં લૉર્ડ ડેલહાઉસી ગવર્નર જનરલના અધિકાર ઉપર આવ્યો. તેના આવ્યા પછી ત્રણ મહિનાની દરમીઆન પુનઃ પંજાબમાં સળવળાટ થયો અને તેને પરિણામે પણ બ્રિટિશ સરકારના રાજ્યમાં ઘણોક પ્રદેશ વધ્યો. અર્થાત્ આ પ્રમાણે ધીરે ધીરે આખો ભરતખંડ બ્રિટિશ સરકારની સત્તા નીચે આવ્યો અને તેમનો વિજય ધ્વજ હિંદુસ્તાનની ચારે દિશાઓમાં ઉડવા માંડયો.

લૉર્ડ ડેલહાઉસીએ હિંદુસ્તાનની એકંદર સ્થિતિ ધ્યાનમાં લઇ સૂક્ષ્મદૃષ્ટિથી અવલોકન કર્યું તો તેને અનેક નાનાં નાનાં રાજ્યો અને જાગીરો બ્રિટિશ રાજ્યની અંદર સ્વતંત્ર રહી ગયેલાં જોવામાં આવ્યાં. જે લોકના તાબે પહેલાં ત્રણ વખારો હતી તે લોકના હાથમાં આખો ભરતખંડ આવવા છતાં પણ રાજ્યલોભ શાંત ન પડયો અને તેમણે નાનાં નાનાં રાજ્યો ખાલસા કરી લેવાનો નિશ્ચય કર્યો. સંસ્થાનો અને જાગીરો ખાલસા કરવામાં આવશે તો તેમની સાથે કરેલાં તહનામાં આપણે પોતાને રદ કરવાં પડશે અને બ્રિટિશ રાજ્યનીતિને લાંચ્છન લાગશે એવો મત ડયુક ઓફ વેલિંગટન,

સર ટોમસ મનરો, સર જોન માલકમ અને મૌંટ સ્ટુઅર્ટ એલ્ફીન્સ્ટનનો હતો* અને તેમણે તથા બીજા રાજકાર્ય પટુ તથા વિચારશીલ પુરૂષોએ એ વિચારને અનેકવાર પ્રતિપાદન કરેલો હતો છતાં તે મતની ઉપેક્ષા કરી લૉર્ડ ડેલહાઉસીએ પોતાની રાજ્યનીતિનો સુકાન બીજી દિશા તરફ ફેરવ્યો. તેને એમજ, લાગ્યું કે, બ્રિટિશ મુલકમાં આવેલાં નાનાં નાનાં નવાબી અને દેશી રાજ્યોને નીભાવવાની કંઈજ જરૂર નથી. એ રાજ્યો સામ્રાજ્યને અડચણ કરતા છે, તેમનો કંઈ ઉપયોગ નથી અને તેઓ કામમાં આવે તેવી આશા પણ નથી, તો પછી તેમનાવતીનો ત્રાસ અને ઉભોભ લો શું કરવાને માટે જોઇએ ? એ નાનાં રાજ્યોને બ્રિટિશ મુલકમાંથી ખાલસા કરી લેવાં એટલે રાજ્ય રીતને યોગ્ય બાંદોબસ્ત અને કાર્યક્રમની ગોઠવણ થાય, લૉર્ડ ડેલહાઉસીએ આવા નિશ્ચયથી એમ ઠરાવ્યું કે, 'જે સંસ્થાનનો ઔરસ કિંવા કોઈપણ જાતનો વારસ રહેલો ન હોય અને જેને હિંદુધર્મશાસ્ત્ર પ્રમાણે દત્તક લેવાને માટે સરકારની પરવાનગી માગવી પડે એવાં સંસ્થાનોને બીનવારસી ઠરાવી ખાલસા કરવાનો પ્રસંગ કદી પણ જવા દેવો નહિ.'

લૉર્ડ ડેલહાઉસી સાહેબનો આવો નિશ્ચય થયો ને હિંદુ રાજ્યોના દુર્દૈવે સતારા, નાગપુર, ઝાંશી અને તંજાવર વગેરે મરાઠી સંસ્થાનોના રાજાઓને ઔરસ પુત્ર ન હોવાથી કાળચક્ર તેમના ઉપર આવી પડ્યું. ક્રમેક્રમે તે ખાલસા થતાં ચાલ્યાં. હિંદુ રાજ્યની મુખ્ય ગાદી જે સતારાનું રાજ્ય તેના ઉપરજ પહેલ વહેલું ખાલસા કરવાનું આવ્યું. સતારાના છેલ્લા છત્રપતિ શાહાજી મહારાજ ઉર્ફે આપ્પા સાહેબે કૈલાસવાસ કર્યો અને તેમને ઔરસ વારસ ન હોવાથી તેમણે મરતા પહેલાં એક છોકરાને દત્તક લીધો, પરંતુ લૉર્ડ ડેલહાઉસી સાહેબે તેને વારસ તરીકે ન સ્વીકારતાં છત્રપતિની ગાદી નષ્ટ કરી. નાગપુર તથા તંજાવરની પણ એજ દશા થઈ અને બુંદેલખંડમાં આવેલા ઝાંશી સંસ્થાન ઉપર પણ લૉર્ડ ડેલહાઉસીની ગદા આવી પડી. એ ગદાના તીક્ષ્ણ આઘાતથી એ સંસ્થાન સાવ નાશ પામ્યું એ ઘણીજ દિલગીરીની વાત છે.

---

* આના સંબંધમાં 'are we bound by our treaties' એ નામનું એક પુસ્તક ૧૮૫૩ માં લંડનમાં છપાયું હતું તેમાં ઉક્ત ગૃહસ્થોના મત ખુલાસાવાર આપેલા છે.

ત્રીજા પ્રકરણમાં કહ્યા પ્રમાણે બુંદેલખંડના પોલિટિકલ એજંટ મેજર માલકમનો રિપોર્ટ હિંદુસ્તાનની સરકાર પર ગયો પરંતુ લૉર્ડ ડેલહાઉસી તે વખતે અયોધ્યા તરફ ફરવા ગયેલો હોવાથી તેના સંબંધી છેવટનો ઉત્તર આપવાનું છ માસ મોકુફ રહ્યું હતું અને પોલિટિકલ એજંટના ઉપર કલકત્તેથી લખાણ આવ્યા પ્રમાણે ઝાંશીનો કાર્યભાર શરૂ થયો હતો. શ્રીમંત દામાદરરાવને કૃપાળુ બ્રિટિશ સરકાર મંજુર રાખશે એવી મહારાણી લક્ષ્મીબાઇને સંપૂર્ણ આશા હતી છતાં તેમણે પોતે એક વિજ્ઞાપનાપત્ર લોર્ડ ડેલહાઉસીના ઉપર મોકલાવ્યું. એ અરજ પત્રનો સાર નીચે પ્રમાણે છેઃ—

'મારા સસરા શિવરાવ ભાઉએ આ પ્રાંતમાં બ્રિટિશ સરકારનો અંમલ થયા પૂર્વે જે મદદ કરેલી તે અહીંના દફતરમાં મોજુદ છે. એ મદદોના બદલામાં બ્રિટિશ સરકારે અમારાં કુટુમ્બ ઉપર જે મહેરબાની દેખાડેલી અને અમોને જે આશ્રય આપેલો તેને લીધે અજાર નિરંતર કલ્યાણ જ થયેલું છે.

કર્નલ સ્લિમને ૧૮૪૨ માં મારા મરહુમ ધણી સાથે જે તહનામુ કરેલું છે તેમાં પૂર્વે ૧૮૧૭ માં રામચંદ્રરાવ સાથે થયેલા તહનામાની સર્વ કલમો રદ કરેલી નથી, પણ તે કાયમ રાખેલી છે અને તે પ્રમાણેજ ઝાંશી સંસ્થાનને સઘળા હક આપેલા છે એમ નવા તહનામામાં સ્પષ્ટ લખેલું છે.

શિવરાવ ભાઉના સન્માન્ય વર્તન અને બ્રિટિશ સરકાર ઉપરના અંતઃકરણ પૂર્વક તેમના અચલ પ્રેમ ઉપર લક્ષ દઇને વા તેમના મરણ પહેલાં ઝાંશી સંસ્થાન વંશપરંપરા રામચંદ્રરાવના વંશમાં ચલાવવામાં આવશે એવી જે ઇચ્છા સરકારે બતાવેલી હતી તે માન્ય રાખીને આ નવું તહનામું કરવામાં આવેલું છે.'

'ઝાંશી સરકારનો પ્રેમભાવ અને વિશ્વાસ દૃઢ કરવા માટે આ તહનામામાં એમ ઠરાવવામાં આવે છે કે, રાવ રામચંદ્ર, તેમના વારસ, અને ગાદીનશીન, એ સર્વે શીવરાવભાઉના પ્રાન્તના વંશપરંપરાના માલીક છે. આ ઉપરથી એવો અર્થ થાય છે કે, મોક્ષ પામવા માટે પોતાની પાછળ ઉત્તર ક્રિયા કરવા સારૂ તેઓ જે પુત્રને દતક લે તે પુત્રને બ્રિટિશ સરકાર માન્ય રાખે અને તેમના વંશમાં ઝાંશીની ગાદી પરંપરા ચાલુ રહે.

હિંદુશાસ્ત્રમાં ફરમાવ્યા પ્રમાણે પિતાને પિંડદાન દેવાને કિંવા તેનાં શ્રાદ્ધ સંસ્કારાદિ વિધિ કરવાને ઔરસ પુત્ર પ્રમાણેજ દત્તકને પૂર્ણ અધિકાર છે, એટલે મરણ પામનારાઓને ઔરસના જેટલુંજ પહોંચે છે. વળી દત્તક પુત્ર લેવાની રીત આખા હિંદુસ્તાનમાં ચાલે છે. આ રીવાજને અનુસરીને મારા ભર્તારે તા. ૧૯ મી નવેમ્બરને દિવસે સાંજે, દિવાન નરસિંહરાવ 'અપ્પા, લાલા લાહોરી મલ, અને લાલા તટીચંદ, વગેરે મુખ્ય મુખ્ય મુત્સદ્દી વર્ગને પોતાની પાસે બોલાવીને એમ કહ્યું કે, 'મારી પ્રકૃતિ હવે બીલકુલ અસ્વસ્થ થઇ ગઇ છે અને ઔષધથી પણ કંઈ ટેકો લાગતી નથી માટે હિંદુશાસ્ત્ર પ્રમાણે ગાદીનો વારસ થવાને યોગ્ય હોય એવા મારા ગોત્રના એક હોંશીયાર છોકરાને દત્તક તરીકે લેવાની મારી ઇચ્છા છે.'

તે પ્રમાણે રામચંદ્ર બાબાને બોલાવી અમારા ગોત્રમાંથી અનેક છોકરાઓમાંના વાસુદેવરાવના આનંદરાવ નામના પાંચ વર્ષની વયના છોકરાને તેમની ભલામણથી પસંદ કરવામાં આવ્યો. પછી મારા ભર્તારે શાસ્ત્રી મંડળ બોલાવી તેનું દત્તવિધાન કરાવ્યું. બીજે દહાડે સવારે વળી પંડિત વિનાયકરાવે સંકલ્પ કરાવ્યો અને આનંદરાવના પિતા વાસુદેવરાવે યથાવિધિ પુત્રદાન દીધું. પછી એ છોકરાનું નામ દામોદરરાવ ગંગાધરરાવ પાડીને દત્તવિધાન સમાપ્ત કરવામાં આવ્યું.

'કારભારી મંડળીએ મહારાજની આજ્ઞા ઉપરથી મેજર એલિસ અને કેપટાન માર્ટિનને દત્તવિધાન સમારંભ જોવાને માટે રાજ્યમંદિરમાં નોતર્યા હતા. આમંત્રણ મોકલવાથી એ બેઉ અધિકારીઓ તા. ૨૦ ને દિવસે દસ વાગતાં રાજવાડામાં આવ્યા હતા. એજ વખતે મારા ભર્તાર મહારાજ ગંગાધરરાવે દત્તવિધાનને મંજૂર રાખવા માટે સરકાર ઉપર એક અરજપત્ર લખાવી તેમને આપ્યું હતું, એટલુંજ નહિ પણ તે ખલિતો મહારાજની સમક્ષ સર્વેને વાંચી સંભળાવ્યો હતો અને મેજર એલિસે "નામદાર સાહેબને તમારી ઇચ્છા પ્રમાણે સર્વ હકીકત લખી મોકલીશ" એવું વચન પણ આપ્યું હતું.

'બીજે દિવસે એટલે સોમવાર તા. ૨૧ મી નવેમ્બરને દિવસે મહારાજ ગંગાધરરાવે કૈલાસ વાસ કર્યો અને પછી તેમની સર્વ ઉત્તરવિધિ ઔરસપુત્ર પ્રમાણે દામોદરરાવ ગંગાધરરાવે કરી.

મારા સ્વામિએ આ છોકરાને પોતાના મરણ પહેલાં નામદાર

બ્રિટિશ સરકારને ખોળે મૂકેલો છે, હવે તેનાપર મહેરબાની રાખવી અને તેનું સંરક્ષણ કરવું એ સરકારનું કાર્ય છે. છેવટ મારી એવી વિજ્ઞાપના છે કે, જે પ્રમાણે 'દત્તિઆના માજી રાજા, પરીક્ષિત, અને જાલવણના સંસ્થાનાધિપતિ બાબરાવ અથવા વેરછાના રાજા તેજસિંહે લીધેલા દત્તક પુત્રોને સરકારે સ્વીકારેલા છે તે પ્રમાણે આ દામોદર રાવવાળુ દત્ત વિધાન પણ સરકારે માન્ય રાખવાં મહેરબાની કરવી; કારણ કે ઝાંશીના તહનામામાં જે પ્રમાણે 'સતત' (Dawana) કરીને શબ્દ લખેલો છે તેજ પ્રમાણે એ સંસ્થાનવાળાઓના તહનામામાં નથી તેટલા માટે તેઓના કરતાં પણ આ સંસ્થાનને દત્તક લેવાનો હક અધિક છે."

રાણી સાહેબનો અરજ પત્ર ગવર્નર જનરલના ઉપર મોકલવામાં આવ્યો. ઝાંશીની ગાદીને ખાલી પડેલી જોઈ મહારાજ ગંગાધરરાવના ખાનદેશમાં પારોળે ગામમાં રહેનાર કોઈ સબંધના પિતરાઇઓમાંથી કોઈ સદાશિવરાવ નારાયણ નામનો ગૃહસ્થ ઝાંશી આવ્યો અને તેણે પોલિટિકલ એજંટ મૈજર માલકમને પોતાને ગાદી મળવા માટે અરજ કરી. એજ પ્રગાણે કૈલાસવાસી રામચંદ્રરાવના નામંજૂર થયેલા દત્તક પુત્ર કૃષ્ણરાવે પણ પોતાનો હક સાબીત કરવાને હિંદુસ્તાનની સરકારને અરજ કરી. આ બેઉ જણનો ઝાંશીની ગાદી ઉપર કંઈ હક પહોંચતો નહોતો, પરંતુ રાજ્ય લોભ કોને ન લલચાવે !!

મહારાણી લક્ષ્મીબાઈની વિનંતિ માન્ય કરાવા માટે ઝાંશીના પોલિટિકલ એજંટ મેજર એલિસે તા. ૨૪ ડિસેમ્બર ૧૮૫૩ ને દિવસે એક પત્ર લખ્યો અને તેમાં સ્પષ્ટતાથી લખ્યું કે, 'વેરછા સંસ્થાન પ્રમાણે ઝાંશીના રાજ્ય સાથે આપણા સખ્યનાં અને દોસ્તીનાં સંધી પત્ર થયેલ છે અને તે બેઉ તહનામાની કલમો એક સરખી રાખેલી છે, માટે એક સંસ્થાનને દત્તકનો હક મળે અને બીજાનો જાય એવો વર્તન ભેદ પાડવાનું કારણ નથી. કોર્ટ ઓફ ડાયરેકટરે તા. ૨૭ મી માર્ચ સન ૧૮૩૯ માં પાઠવેલી યાદીની ૧૬ અને ૧૭ કલમોમાં આવી જાતનાં સંસ્થાનોને દત્તક લેવાનો પૂર્ણ હક છે એમ માન્ય કરેલું છે, ત્યારે જે કુટુંબને તેની પૂર્વની મદદ બદલ બ્રિટિશ સરકારે સંસ્થાનાધિપતી ઠરાવેલ છે તે કુટુંબને બીજાની પ્રમાણે તે પ્રાચીન નથી એવા સબબે તેનો હક નાકબુલ કરવો એ બાબત ડારેકટરોની કોર્ટના હુકમ વિરૂદ્ધ હોઈ તેથી તેમની આજ્ઞા ભંગ કરવા જેવું થશે એવો મારો મત છે.' આ પત્ર બુંદેલ-

ખંડના પોલિટિકલ એજંટના દફ્તરમાં એમનો એમ પડી રહ્યો અને પાછળથી કેટલેક દિવસે તે કલકતે રવાને કરવામાં આવ્યો.

સને ૧૮૫૪ ના ફેબ્રુવારી માસમા જ્યારે લાર્ડ ડેલહાઉસી કલકત્તે પાછો આવ્યો ત્યારે ઝાંશી સંસ્થાનનું કામ તેણે હાથમાં લીધું. હિંદુસ્તાનની સરકારના પરરાજ્યઅમાત્ય જે. પી. ગ્રાંટ સાહેબે ઝાંશી સંસ્થાનની માહિતીનો એક ખરડો તૈયાર કર્યો અને તેમાં સંસ્થાનનો અને બ્રિટિશ સરકારનો સંબંધ કેવો હતો, તેનો સંક્ષિપ્ત ઇતિહાસ રજુ કર્યો. તેના ખરડાના લેખની સઘળી ધારણા ઝાંશી સંસ્થાન ખાલસા કરવાની હતી એમ કહીએ તોપણ ચાલે. એ ખરડા ઉપરથી લૉર્ડ ડેલહાઉસી અને તેના અમાત્યચક્રે જે ઠરાવો કર્યા તે આ પ્રમાણે હતાઃ—

હિંદુસ્તાનનાં ગુવર્નર જનરલ લૉર્ડ ડેલહાઉસીના ઠરાવ.

ઝાંશીના રાજા મહારાજ ગંગાધરરાવ સને ૧૮૫૩ ના નવેમ્બર મહિનાની આખરે પરલોકવાશી થયા. તેમને પુત્ર સંતાન નહિ હોવાથી તેમણે મરણની અગાઉ એક છોકરાને દત્તક લીધો છે. તે છોકરાને હિંદુસ્તાનની સરકારે ઝાંશીની ગાદીના વારસ તરીકે કબૂલ રાખવો એમ મહારાજાની વિધવા રાણી લક્ષ્મીબાઈ વિનંતિ કરે છે.

સેક્રેટેરીએ ઝાંશી સંસ્થાનની જે સંક્ષિપ્ત માહિતી તૈયાર કરી છે તેમાં બ્રિટિશ સરકાર અને ઝાંશીનો કોઈ પ્રકારનો સંબંધ સ્પષ્ટ થતો નથી. આ બાબત ઉપર લક્ષ પૂર્વક વિચાર કરતાં અને ઝાંશી સંસ્થાન સાથે આપણે પ્રથમથી ચાલેલો પત્ર વ્યવહાર જોઈ જતાં, ઝાંશીના રાજા સાહેબના તાબામાં હાલ જે પ્રાંત છે તેની યોગ્ય વ્યવસ્થા કેવી રીતે કરવી તેના સંબંધમાં મારો જે કાંઇ મત બંધાયલો છે તે હું નીચે પ્રમાણે સાદર કરૂંછું.

મારા મત પ્રમાણે એ પ્રાંતની સત્તા બ્રિટિશ સરકારની પાસે આવી છે. રાજ્યનીતિની દૃષ્ટિએ જોતાં તે સરકારની પાસેજ રાખવી એ વધારે યોગ્ય છે.

જે તત્વને અનુસરીને ઝાંશી સંસ્થાનની વ્યવસ્થા કરવી જોઇએ તે તત્વના હમણાંજ નાગપુર અને તેહેરી સંસ્થાનોની બાબતમાં વાદવિવાદ ચાલો પૂર્ણ રીતે વિચાર થયેલા છે. બુંદેલખંડના નાંનાં નાનાં સંસ્થાનોના સંબંધમાં લે. ગવર્નર સર ચાર્લસ મેટકાફે જે વિશેષ તત્વ લાગું કરેલાં છે અને જે વડી સરકારે ૧૮૩૭ની સાલમાં માન્ય રાખેલાં છે તેનો, તથા માંડળિક સંસ્થાનોના સંબંધે સને ૧૭૯૪ની સાલ-

માં કોર્ટ ઑફ ડારેકટરોએ જે સર્વ સાધારણ તત્વ લાગુ કરેલું છે તેનો સઘળાનો એકંદર વિચાર કરતાં, ઝાંશી સંસ્થાન એ વારસ ગણીને તે બ્રિટિશ સરકારને પોતાના તાબામાં લેવાને પૂર્ણ હક છે એમ કહેવાને કંઈ હરકત નથી.

ઉપર જણાવેલાં તત્વોનો જેમાં સમાવેશ થાય છે તે બાબતના ખુલાસા થવા માટે નીચે પ્રમાણે ઉલ્લેખ કરવો પડે છે.

ડારેકટરોએ એવું.૨૫૯ કહેલું છે કે, "હિંદુસ્તાનમાં સર્વ સાધારણ કાયદા પ્રમાણે સતારા જેવાં જે સ્વતંત્ર રાજ્યો હોય, તેમની માલકી સાર્વભૌમ સરકારના સ્વીકાર સિવાય દત્તક વારસોની પાસે કદી પણ જાય નહિ અને એવી રજા દેવાને સાક્ષાત કિંવા પરંપરાથી આપણે કોઈ રીતે બંધાયલા નથી. જો તેવી રજા ન આપી હોય તો આપણાં તાબામાં આપેલા પ્રાંતના હિત માટે આપણે યોગ્ય દૃષ્ટિ પહોંચાડવી પડે."

બુંદેલખંડના સંસ્થાનીક રાજાઓના સંબંધમાં સર ચાર્લસ મેટકાફે આ પ્રમાણે લખેલું છે. 'જે ઠાકૂરો અને રાજાઓને ઓરસ પુત્ર ન હોય તેમણે દત્તક લઈને, શું વડી સરકારમાં આવનારી મિલકતનો ખરો હક બુડાડવાનો છે અને શું તેમના દત્તકોનો સ્વીકાર કરવાને માટે બ્રિટિશ સરકાર બંધાયલી છે?

આ પ્રશ્નનું સમાધાન કરતાં વંશપરંપરાથી મળેલા ગાદીના હકદાર રાજાઓના, અથવા એવા રાજાઓના કિંવા સાર્વભૌમ સરકારના જાગીરી કિંવા સરંજામ મળવાના સંબંધી જે મોટો ફેર છે તેના ઉપર એસ. ફ્રેજરનું લક્ષ ગયું હોય એમ લાગતું નથી.

આ ઉપરથી મારો મત એવો છે કે, જ્યારે હિંદુ રાજાઓને ઔરસ સંતતિ ન હોય ત્યારે બીજા વારસોને પડતા મૂકીને દત્તક લેવાનો તેમને હક છે અને બ્રિટિશ સરકારે હિંદુ ધર્મ શાસ્ત્ર પ્રમાણે દત્તક વિધાન કરીને લીધેલા એવા દત્તકને સ્વીકારવો જોઇએ.

'હવે ઉપર કહ્યા પ્રમાણે, જેને જાગીર કિંવા સરંજામ કોઈ રાજા પાસેથી મળ્યો હોય એવા જાગીરદારના સંબંધમાં વારસાની બ્યવસ્થા કરવાનો અધિકાર, જે રાજાએ એવી જાગીર આપી કિંવા તે જાગીરદારના હક જેમને લડાઇને માટે કિંવા બીજા પ્રકારે મળેલા હોય તેને ઇનામની શરત પ્રમાણે આપવા. આવી બાબતમાં ઔરસ પુત્રને હક પહોચે છે તેટલો દત્તકને પહોચતો નથી, જે રાજાએ જાગીર આપી હોય અથવા તેના

અધિકાર ઉપર જે આવ્યો હોય તેને જો ઔરસપુત્ર ન હોય તો તેનો હક પાછો લઈ લેવો.

ઝાંશી સંસ્થાન ગમે તેટલું પણ માંડળિક છે અને તે જેના તાબામાં છે તે બ્રિટિશ સરકારના સંબંધનું રાજ્ય છે એટલે તેના સત્તાધીશને ઔરસપુત્ર ન હોવાથી તે પાછું લઈ લેવાની બ્રિટિશ સરકારને સત્તા છે.

ઝાંશી સંસ્થાન માંડલિક છે એમાં કંઈ શંકા નથી. પહેલાં પણ તે સ્વતંત્ર રાજ્ય નહોતુ. તેહેરી સંસ્થાન જે અર્થે સ્વતંત્ર માનવામાં આવે છે તેટલું પણ આ રાજ્ય સ્વતંત્ર નથી; કારણ કે ઝાંશી તેહેરીનો એક ભાગ છે અને તેહેરીના મુખ્ય માલીક પેશવાએ તે એક બીજા માણુસની દેખરેખમાં સોંપ્યું હતુ.

સન ૧૮૦૪ માં શિવરાવ ભાઉએ બ્રિટિશ સરકાર સાથે તહનામું કર્યું તેમાં પણ લખેલું છે કે, 'ઝાંશીના સુબેદાર પેશવા સરકારના માંડળિક છે.' શિવરાવભાઉએ પોતે એકવાર કબૂલ કરેલું છે કે, 'અમે પેશવાના હુકમ પ્રમાણે ઝાંશીની દેખરેખ રાખીએ છીએ.' શિવરાવભાઉએ બ્રિટિશ સરકારને ગાદી મળવા સંબંધે અરજ કરી હતી તે અરજીમાં પણ લખ્યું હતુ કે, 'પેશવા સરકારની રજા વગર ઝાંશી સંસ્થાન વંશ પરંપરાને માટે માગી લેવાનો અમને અધિકાર નથી.' આ બધી બાબતો ઉપરથી સ્પષ્ટ થાય છે કે ઝાંશીના સુબેદારનો દરજ્જો કેટલો અને કેવો છે. વળી બુંદેલખંડના પોલિટિકલ એજંટે પણ લખ્યું છે કે, કાગળ પતર જોવાથી એમ જણાય છે કે, ભાઉસાહેબ ઝાંશી સંસ્થાનનો કાર્યભાર તપાસતા હતા તે ઝાંશીના સ્વતંત્ર માલીક તરીકે નહિ પરંતુ એક નોકર સુબેદાર તરીકે તેમ કરતા હતા. તેમનો કાર્યભાર ચલાવવો કિંવા નહિ તે પેશવા સરકારના હાથમાં હતુ. ગવર્નર જનરલ ઇન કૌંસિલનો આ મત બુંદેલખંડના પોલિટિકલ એજંટના લેખ ઉપરથી બંધાયો હતો. કારણ કે તેણે સયુક્તિક એમ લખ્યું હતુ કે, શિવરાવભાઉ ઝાંશીના કલેકટરના દરજ્જાનો માણસ હતો અને પેશવાને તે જે જમાખરચનું સરવાયું મોકલતો હતો તેમાં પણ એવીજ સહી કરતો હતો. ટુંકામાં માત્ર એટલુંજ કે ઝાંશી સ્વતંત્ર નહિ પરંતુ પેશવાનુ માંડળિક સંસ્થાન છે એમ ધારીને તે ભાઉ સાહેબના વંશજો પાસે રહેવા દેવું કિંવા નહિ તેનો સઘળો અધિકાર પેશવાને છે. આ ધોરણને અનુસરી-

નેજ અંગ્રેજ સરકારે ૧૮૧૫ માં રામચંદ્રરાવને સુબેદારીનો પોષાક આપવાની ના પાડી હતી. આનું કારણ કદાપિ એમ હોય કે, 'આપણે તેને ગાદી ઉપર બેસાડીએ તો પેશવાનું સ્વામિત્વ આપણે છીનવી લીધા બરોબર થાય અને તેથી પેશવાને ખોટું લાગે; એટલુંજ નહિ પણ વળી રામચંદ્રરાવના હકો બ્રિટિશ સરકારે કબૂલ કર્યા છે એમ ગણાય.'

સને ૧૮૧૭ માં પેશવાની સાથે સંધિ થતાં ઝાંશીનો સઘળો હક બ્રિટિશ સરકારના હાથમાં આવ્યો, તથાપિ ઝાંશીના સુબેદાર રામચંદ્ર રાવનો સુબેદારીનો હક સરકારે વંશપરંપરાને માટે સ્વીકાર્યો નહિ. શિવરાવ ભાઉ અને સરકાર વચ્ચે સારો સ્નેહ હોવાથી ઝાંશીનું રાજ્ય નહિ પણ તેમાંનો કેટલોક ભાગ જે શિવરાવ ભાઉના તાબામાં હતો તે વંશપરંપરાને માટે સરકારે તેને આપ્યો. ૧૮૧૭ના તહનામાની બીજી કલમ પ્રમાણે 'રામચંદ્ર અને તેના વારસ તથા ગાદીનસીન એ શિવરાવભાઉ જે પ્રાંતનો ઉપભોગ કરતા હતા તે પ્રાંતના વંશપરંપરાના માલીક થયા.'

આ પ્રમાણે જ્યારે ઝાંશીના સુબેદારોને વંશપરંપરાને માટે ગાદી મળતી ત્યારે પણ તેમનો કનિષ્ટ દરજ્જો કાયમ રહ્યો હતો અને તેને સન ૧૮૩૨ સૂધી રાજાનો કિતાબ મળ્યો નહોતો.

ઈ. સ. ૧૮૫૩ ની સાલમાં રામચંદ્ર પડ્યા. મરણની પહેલાં તેમણે એક છોકરાને ગાદીના વારસ તરીકે દત્તક લીધો હતો, પરંતુ તેને સરકારે માન્ય રાખ્યો નહિ. પછી તેના ભત્રિજા રઘુનાથરાવને ગાદીનો હક મળ્યો. ૧૮૩૮ માં રઘુનાથરાવ મરણ પામ્યા અને ગાદી તેમના ભાઈ ગંગાધરરાવને મળી. એજ ગંગાધરરાવ હાલ મરણ પામ્યા છે.

ગંગાધરરાવને ઔરસપુત્ર નથી એટલે જેને ઝાંશીની ગાદી વંશપરંપરાને માટે આપવામાં આવી હતી તે રામચંદ્રરાવનો કોઈ ઔરસ વારસ નથી. ઝાંશી અને બ્રિટિશ સરકારનો સંબંધ થયા પછી જે જે રાજાઓએ ત્યાં રાજ્ય કર્યું છે તેમને કોઈને ઔરસ પુત્ર નથી, એટલે વંશપરંપરા ચાલનારી ઝાંશીની ગાદીને માટે હાલ કોઈ વારસ રહ્યો નથી.

અચિર મરણ પામેલા રાજા સાહેબે પોતાના મરણની એક દહાડો આગમચ જે છોકરાને દત્તક લીધો છે તે છોકરો વંશાવલી જોતાં બહુ દૂરનો સગો છે. આસન્નસ્થિતિમાં પડેલા માણસે કરેલું દત્તવિધાન સંશયયુક્ત હોય છે અને આના સંબંધે તો તે બહુજ સંશયી છે.

મરહુમ રાજાને વારસ દત્તક લેવાની કદી પણ પૂર્વે ઈચ્છા થઈ નહોતી, એમ સર્વ કોઈ સારી રીતે જાણે છે. પોલિટિકલ એજંટે રાજાના વૃતાંત અને દત્તવિધાન સંબંધે જે રિપોર્ટ કર્યો છે તેમાં પણ એમ ધ્વનિત કરેલું છે કે, 'ઝાંશીના મહારાજને મરણ વખતે દત્તક લેવાનો એકાએક વિચાર થયો તેથી દરબારીઓને આશ્ચર્ય લાગ્યું હોય એમ મને ભાસતુ હતું; કારણ કે સર્વ કોઈ એમ ધારતા હતા કે સઘળી માલમિલકતની રાણીને સુંપરત કરવાની તે બ્રિટિશ સરકારને ભલામણ કરશે.' બ્રિટિશ સરકાર અને તેમની વચ્ચે થયેલ પ્રથમની સંધિ પ્રમાણે ઝાંશીના સુબેદાર શિવરાવ ભાઉના સરળ વંશમાં કોઈ વારસ પુરુષ તેમ પાસેનો સગો ન હોવાથી દત્તક લેવાશે નહિ એમ સઉ ધારતું હતું.

મહારાણી લક્ષ્મીબાઈએ ગવર્નર સાહેબને જે અરજપત્ર પાઠવેલો છે તેમાં તેમણે એવી અરજ કરી છે કે, બુંદેલખંડનાં તેહેરી, દતિયા અને જાલવણ સંસ્થાનોનો દત્તક હક જેમ માન્ય રાખવામાં આવ્યો છે તેમ ઝાંશીનો દત્તક પણ માન્ય રાખવો.

તેહેરી અને દતિયા એ સ્વતંત્ર સંસ્થાનો છે એટલે તેમનો વારસા સંબંધી નિયમ કંઈ ઝાંશી જેવા સામંત સંસ્થાનને લાગુ પડતો નથી. જાલવણ માંડળિક સંસ્થાન છતાં તેને દત્તક લેવાનો હક આપવામાં આવ્યો હતો એ વાત ખરી, પરંતુ આટલું તો લક્ષમાં રાખવું જ જોઇએ કે, એકાદ પ્રસંગે બ્રિટિશ સરકારે કોઇને દત્તક લેવાને કંઈ કારણસર પરવાનગી આપી એટલે બીજા સંસ્થાનવાળાઓએ પોતાને દત્તક લેવાની પરવાનગી છે એમ સમજવું નહિ, તેમ એટલા ઉપરથીજ બધાને હક છે એમ પણ કંઈ કહી શકાય નહિ. વળી જાલવણ સંસ્થાનવાળાને દત્તકનો હક મળ્યો છે એમ માનવાને પણ કારણ નથી, કારણ કે દત્તવિધાન થયા પછી જાલવણ સંસ્થાન ખાલસા કર્યું હોય એમજ ચાલે છે.

પોતાના દત્તકના સંબંધમાં વળી રાણીએ એક એવું કારણ પણ બતાવ્યું છે કે, 'સન ૧૮૧૭ ના તહનામાની ૨ જી કલમ પ્રમાણે રામચંદ્રરાવ તેના વારસ અને તેની પછી થનારા સઘળાઓ ગાદી ઉપર આવે અને ઝાંશીનું રાજ્ય વંશપરંપરા ચાલે એમ બ્રિટિશ સરકારે કબૂલ કરેલું છે.' આ ઉપરથી તેઓ ગમે તેને પોતાનો દત્તક કરે અને તેને બ્રિટિશ સરકાર માન્ય રાખે એવો હેતુ હોય એમ સંભવતુ નથી. રાણીસાહેબનું આ કારણ કાગળપત્રો અને ઐતિહાસિક પુરાવા ઉપરથી જ નિર્મૂ-

ળ થાય છે; કારણ કે રામચંદ્રરાવે પોતે જે દત્તક લીધો હતો તે પણ બ્રિટિશ સરકારે માન્ય રાખ્યો નહોતો, પરંતુ બીજા માણસને ગાદી આપી હતી.

ઉપરની કલમોમાં દેખાડ્યા પ્રમાણે એ તો સિદ્ધ છે કે, ઝાંશી સંસ્થાન માંડળિક રાજ્ય છે અને ત્યાંના અધિકારીઓ સાર્વભૌમ રાજ્યના જાગીદારો છે. બુંદેલખંડમાંની ઘણી જાગીરોમાંની એ પણ એક જાગીર છે. યુદ્ધ અથવા બીજા કાર્યના પારિતોષિક તરીકે માણસોને જાગીર આપવામાં આવે છે, અને જાગીર આપતાં કરેલી શરત પ્રમાણે વારસ સંબંધીનો હક મર્યાદિત કરવાનો વડી સરકારને પૂર્ણ હક છે. આ પરથી એમ સ્પષ્ટ જણાય છે કે, તેવી જાગીર ભોગવવાનો હક માત્ર ઔરસ પુત્રનેજ રહે છે. ઝાંશીના મરહુમ રાજાને ઔરસ પુત્ર નથી એટલુંજ નહિ પણ બ્રિટિશ સરકારને જેની સાથે સંબંધ થયેલો તેવા તેના પૂર્વજ રાજાના વંશમાં પણ કોઈ રહ્યું નથી એટલે ઝાંશીની જાગીરનો હક હાલ કોઇને રહ્યો નથી અને એ સબબે સરકાર રાણી લક્ષ્મીબાઈના દત્તકપુત્રને માન્ય રાખી શકતી નથી.

ઝાંશી સંસ્થાન પોતાના તાબામાં લેવાથી અંગ્રેજ સરકારને કંઈ લાભ નથી, કારણ કે એ સંસ્થાન કંઈ મોટું નથી તેમ તેની ઉપજ પણ કંઇ મોટી નથી, પરંતુ બુંદેલખંડમાં જે પ્રદેશ બ્રિટિશ સરકારના તાબામાં છે તેમાં એ વચ્ચે આવેલું છે માટે જો સંયુક્ત થયું હોય તો તેની યોગ્ય વ્યવસ્થા કરવાને સુલભ થઈ પડે. ઝાંશી સંસ્થાન બ્રિટિશ રાજ્યમાં આવતાં તેની પ્રજાને સુખ થશે એમ કહેવાનું કંઈ પ્રયોજન નથી. સઘળી બાબતો ઉપર સંપૂર્ણ લક્ષ આપ્યા પછી એમજ ઠરે છે કે, ઝાંશી સંસ્થાન બેવારસ છે માટે બ્રિટિશ સરકારે લોકના કલ્યાણને કાજે તેને પોતાના દેશની સાથે સંયુક્ત કરી નાંખવું. પોલિટીકલ એજંટે ભલામણ કર્યા મુજબ રાણીને ભરપુર નિમણોક આપવી અને સંસ્થાનની વ્યવસ્થા બીજા પ્રાંતોની પ્રમાણે લેફ્ટનંટ ગવર્નરના તાબામાં સોંપવી.

લૉર્ડ ડેલહાઉસી સાહેબના આ ઠરાવને તેના કૌન્સીલરોએ તરતજ અનુમોદન આપ્યું અને ઝાંશી સંસ્થાન બ્રિટિશ રાજ્યમાં સામેલ કરી દેઈ ઝાંશીના પૂર્વ રાજાઓ સાથેની મૈત્રિના સંબંધનો અને ઉપકારક વૃત્તિનો અંત આણી નાંખ્યો.

લૉર્ડ ડેલહાઉસી સાહેબે ઝાંશી સંસ્થાન ખાલસા કરવા સંબંધે જે

ન્યાય બતાવ્યો તે કેટલો સત્ય અને યોગ્ય છે તે બતાવવા દેશી રાજાઓ સાથેનાં તહનામાં જોવાથીજ સમજાય તેમ છે. ઝાંશી સંસ્થાન સાથે બ્રિટિશ સરકારને કેવો સંબંધ હતો તે તો વાંચનાર વાંચી ગયા છે. વારંવાર થયેલાં તહનામાં ઉપર લક્ષ ન આપતાં તથા તેનો પોતાને અનુકૂળ પડતો અર્થ કાઢી લઇને સંસ્થાનને ખાલસા કરવું, હિંદુશાસ્ત્ર પ્રમાણે દરેક સંસ્થાનવાળાઓને દત્તક લેવાનો હક છે એમ અભિવચન* આપેલાં હોવા છતાં દત્તક ના મંજૂર કરવા, પ્રજાનો મત જોયા વગર માત્ર પોલિટિકલ એજંટોના અભિપ્રાયે ચાલવું, સંસ્થાનની યોગ્યતા ઉપર નજર ન રાખતાં તેને કનિષ્ટ ગણવું અને છેવટ બધા હક વચન અને અભિવચન ઉપર પાણી ફેરવવા છતાં પણ સંસ્થાન ખાલસા કરવામાં અમને લાભ નથી એમ કહેતાં જવું એ લૉર્ડ. ડેલહાઉસીની માનસિક ઉદાર વૃત્તિનો પ્રભાવ તેમની રાજનીતિ અને કાર્ય કેટલાં ઉમદા હતાં તે દેખાડી આપે છે.

પ્રકરણ ૫ મું.

ઝાંશીમાં બ્રિટિશ અમલ.

મહારાજ ગંગાધરરાવના મરણ પછી 'પડી તે ભોગવેજ છૂટકો' એમ જાણી રાણી લક્ષ્મીબાઇએ શોક શમાવી દુ:ખને દાબી રાખ્યું. દત્તક લીધેલા દામોદરરાવને માટે બ્રિટિશ સરકારના ઉપર અરજ પત્રો મોકલવા માંડયા. બે ત્રણ મહિના થયા પણ કંઈ જણાયું નહિ ત્યારે વળી પુન: એક પત્ર તૈયાર કરાવી કલકત્તે મોકલાવ્યો. આ પત્રમાં રાણીએ બુંદેલખંડનાં બીજાં સંસ્થાનોવાળાના દત્તક પુત્રોને બ્રિટિશ સ-

---

* ઇંગ્લંડના ત્રીજા જ્યોર્જ રાજાએ ઈસ્ટઇન્ડિયા કંપનીને સનંદ આપી હતી તેમાં આમ સ્પષ્ટ લખેલું હતું કે—"And in order that regard should be had to the civil and religious usages of the said natives, be it enacted that the rights and authorities of fathers of families and masters of families, according as the same might have been exercised by Hindoo or Mahomedan law, shall be preserved to them respectively within their said families &c." 33 GEORGE III CAP. 42. 52.

રકારે માન્ય રાખ્યાનાં ઉદાહરણો આપ્યાં હતાં એટલુંજ નહિ પરંતુ તેની સાથે રામચંદ્રરાવની ઉપર બ્રિટિશ સરકારે મોકલેલો આભાર દર્શક પત્ર પણ સામેલ કર્યો હતો. તા. ૧૬ મી ફેબ્રુવારી ૧૮૫૪ ને દિવસે આ પત્ર બુંદેલખંડના પોલિટિકલ એજંટ મેજર માલકમની મારફતે લોર્ડ ડેલહાઉસી ઉપર મોકલવામાં આવ્યો. મેજર માલકમે રાણીના પત્ર સાથે પોતાના તરફની સારી ભલામણ લખી, પરંતુ પહેલી વખતના લખાણે જે થવાનું હતું તે થઈ ગયું હતું. તા. ૨૮ મી ફેબ્રુવારીએ મેજર માલકમની ભલામણ સાથે રાણીનો ઉક્ત પત્ર કલકત્તે પહોચ્યો તેની એક દિવસ અગાઉ ઝાંશી સંસ્થાનનું ભવિષ્ય લખાઇ ગયું હતું.

ઝાંશી સંસ્થાન ખાલસા કરવા બાબત ગવર્નર જનરલનો ઠરાવ બુંદેલખંડના પોલિટિકલ એજંટના ઉપરં લખાઈ આવ્યો કે તરતજ તા. ૧૫ મી માર્ચ ૧૮૫૪ ને દિવસે ઝાંશીના આસી. પોલી. એજંટ મેજર એલિસને સંસ્થાન ખાલસા કરી લેવાનો હુકમ થયો. તેણે રાજ્ય ખાલસા કરવા માટે નીચે પ્રમાણે જાહેરનામુ કહાડ્યું.

જાહેરનામુ.

"ગ્વાલીઅર, બુંદેલખંડ અને રિવાના પોલિટિકલ એજંટ મેજર ડી. એ. માલકમની તરફથી જાહેર કરવામાં આવે છે કે, 'ઝાંશીના મહારાજ ગંગાધરરાવ, તા. ૨૧ નવેમ્બર સન ૧૮૫૩ ને દિવસે કૈલાસવાશી થયા તે પહેલાં તેમણે દામોદરરાવને દત્તક લીધો છે, પરંતુ નામદાર ગવર્નર જનરલે એ દત્તવિધાન ના મંજૂર કરવાથી, હિંદુસ્તાનની સરકારના સેક્રેટરી તરફથી તા. ૭ મી માર્ચ સને ૧૮૫૪ નો હુકમ આવ્યા પ્રમાણે ઝાંશી સંસ્થાન બ્રિટિશ સરકારના અમલમાં લેવામાં આવ્યું છે. આ જાહેરનામાની મારફતે તમામ લોકને જાહેર કરવામાં આવે છે કે, ઝાંશી પ્રાંત હાલ બુંદેલખંડના પોલિટિકલ એજંટ મેજર એલિસના તાબામાં સોપવામાં આવ્યો છે. આજથી ઝાંશી પ્રાંતની સર્વ પ્રજાએ, 'આપણે બ્રિટિશ સરકારના અમલ તળે છીએ' એમ સમજી મેજર એલિસ સાહેબને મહેસૂલ વગેરે ભરવું અને સુખી તથા સંતુષ્ટ રહેવું.'

તા. ૧૩ મી માર્ચ સન ૧૮૫૪

(સહી) ડી. એ. માલકમ.

આ જાહેરનામુ પ્રસિદ્ધ થતાંજ ઝાંશીના ઇતિહાસમાં પ્રસિદ્ધ થયેલા શિવરાવભાઉના વંશનો અંત આવ્યો અને ઝાંશીમાંથી સ્વરાજ્ય સુખનો નિરંતરને માટે નાશ થયો. પ્રજા ખિન્ન થઇ અને રાજ્ય ભક્ત સેવકો અત્યંત દિલગીર થયા. ઝાંશીના રાજાઓએ બ્રિટિશ સરકારની જે અતિ ઉત્તમ સેવાઓ પૂર્વે બજાવી હતી તેનો આવો બદલો મળશે એમ પ્રજાના મનમાં સ્વપ્ને પણ ખ્યાલ આવ્યો નહોતો. પરરાજ્ય અમલમાં ગયેલી પ્રજા ખિન્ન થઇ પરંતુ તેના મનમાં એમ ન આવ્યું કે લોર્ડ ડેલહાઉસી સાહેબે તો તેમના સુખને માટે ઝાંશીનું રાજ્ય વંશપરંપરાના દેશીરાજાના હાથમાંથી લઇ લીધું છે. તે વેળાની અજ્ઞાન પ્રજા બ્રિટિશ સરકારની માયાળુ અને સુખપ્રદ રાજ્યનીતિની તુલના કેવી રીતે કરી જાણે ?

ઝાંશી સંસ્થાન ખાલસા કર્યાનું જાહેરનામું બહાર પડયા પછી આ. પોલિટિકલ એજંટ મેજર એલિસ, રાણી સાહેબને પોલિટિકલ એજંટનો વટ હુકમ બતાવવાને માટે રાજ્ય મહેલમાં મળવા ગયો ત્યારે રીત પ્રમાણે ચકના પડદામાં બેશી રાણીએ મેજર એલિસની મુલાકાત લીધી. કારભારી લોકની મારફત મેજર એલિસે, ગવર્નર જનરલ તરફથી દત્તક ના મંજુર કર્યાનો જે લેખ લખાઇ આવ્યો હતો તે રાણીને વાંચી સંભળાવ્યો, અને પોલિટિકલ એજંટના હુકમ પ્રમાણે જણાવ્યું કે, 'આપને ભરપુર નિમણુંક આપવામાં આવશે, અને આપનો માન મરતબો યોગ્ય રીતે રખાશે.' આ પ્રમાણે આશ્વાસન આપવા છતાં સંસ્થાન ખાલસા કરવાનું વચનવજ્ર રાણીને એવું વાગ્યું કે તેથી તેને અત્યંત દુઃખ થયું. મેજર એલિસે રાણીના મનનું સમાધાન કરવાને ઘણાક યત્ન કર્યા પરંતુ તેથી તેમનું મન માન્યું નહિ ત્યારે તેણે રજા માગી. આ વખત અશ્રુથી ગદ્દગદિત થઈ ગયેલા કંઠે રાણીએ મેજર એલિસને કહ્યું કે, 'मेरा झांशी देयंगा नाहि' રાણીનો આ કરૂણોદ્દગાર બ્રિટિશ સલતનમાં તુતીના અવાજની માફક કોણ સાંભળનાર હતું ? પુનઃ પુનઃ મેજર એલિસ–ઝાંશી સંસ્થાન ખાલસા કરવામાં આવ્યું છે એમ ગાજી વગાડીને કહી છેવટ રાણીને શોક સાગરમાં ડુબતી મૂકી પોતે રાજ્ય મહેલમાંથી ચાલ્યો ગયો. જેના મનમાં પોતાનાં દત્તક પુત્રને રાજ્ય ગાદીએ બેસાડવાની અને રાજ્ય ચલાવવાની અનેક અભિલાષાઓ હતી તે રાણીને એ વેળાએ કેવું લાગી આવ્યું હ-

શે તે વાંચનારેજ વિચારી જોવું. રાણીના મનની આશાઓ મનમાંની મનમાંજ રહી ગઇ અને ન ધારલો દુઃખનો સાગર ઝાંશી ઉપર રેલ્યો. રાજવાડામાં પથરાયલા શોકને તો આ કલમ લખી શકતી નથી. બું-દેલખંડના પોલિટિકલ એજંટ મેજર માલકમ સાહેબે ઝાંશી ખાલસા કરયા પછી તે સમાચાર હિંદુસ્તાનની વડી સરકારના ફોરિન સેક્રેટરીને લખી મોકલ્યા જેમાં રાંણીના તથા રાજ્યના માણસોના સંબંધે તે સારૂ બોલ્યો હતો પરંતુ કવેળાનો વરસાદ શા કાંમનો !!

ઝાંશી ખાલસા કરતાં નીચેના હક રાંણી લક્ષ્મીબાઇને આપવામાં આવ્યા હતા. (૧) રાંણી સાહેબને ઝાંશીના ખજાનામાંથી દર માસે રૂપિઆ ૫૦૦૦ જન્મપર્યંત આપવા. (૨) ઝાંશીમાં જે રાજ્ય મહેલ છે તે રાણીને રહેવા સારૂ તેમને સ્વાધીન રાખવો અને તે તેમજો પોતાનો ખાનગી મહેલ અને મિલકત છે એમ ગણવો. (૩) રાણીસાહેબ જીવે ત્યાં સુધી તેમના ઉપર અથવા તેમના નોકર માણસો ઉપર અંગ્રેજ સરકારની અદાલતોનો અમલ ચાલે નહિ. (૪) કૈલાસવાસી મહારાજ ગંગાધરરાવની ઇચ્છા પ્રમાણે, સંસ્થાનનું સર્વ જવાહીર અને ખાનગી શિલિક, અને સંસ્થાનના હિસાબે સરકારી ખજાનામાં રહેલો અવેજ રાણી સાહેબને આપી દેવો, અને છેવટ તેમના પાછળના માણસોના ચરિતાર્થ માટે જે બંદોબસ્ત કરવો હોય તેની એક યાદી હિંદુસ્તાનની સરકાર પર મોકલી આપવી.

આ પ્રમાણે લૉર્ડ ડેલહાઉસી ઉપર પોલિટિકલ એજંટે એક પત્ર તા. ૨૫ મી માર્ચ ૧૮૫૪ ને રોજ લખ્યો. એ પત્રની બધી કલમો ઉપર વિચાર કરી તે માન્ય રાખવામાં આવી પરંતુ સંસ્થાનનું જવાહીર અને સર્વ ખાનગી મીલકતનો હક કૈલાસવાસી મહારાજા ગંગાધરરાવના દત્તકનો છે એમ ઠરાવ્યું. તેમણે લીધેલો દત્તક રાજ્યને યોગ્ય થયો નહિ પરંતુ તેમની ખાનગી મીલકતનો તો તે વારસ ઠરે છે એમ સરકારે ઠરાવ્યું !!

લાર્ડ ડેલહાઉસીનો આવો મત આવતાં પો. એજંટે ઝાંશીના રાજ્ય ખજાનામાંથી છ લાખ રૂપિઆ ઝાંશીના દત્તક પુત્ર દામોદરરાવને નામે બ્રિટિશ ખજાનામાં રાખ્યા અને એવો ઠરાવ કર્યો કે શ્રીમંત દામોદરરાવ વયમાં આવે ત્યારે એ રૂપિઆ વ્યાજ સિકે તેમને પાછા આપવા. રાજ્યનું જવાહીર અને સોના રૂપાનાં વાસણ તથા દાગીના શ્રી-

મંત દામોદરરાવને નામે મહારાણી લક્ષ્મીબાઇને સ્વાધીન કર્યા. કિલ્લામાંથી સઘળો સામાન શહેરમાં લઈ જઇ ત્યાં રહેવાની તેમને રજા આપી. આ રીતે જે કિલ્લો મહારાજા રામચંદ્રરાવના વખતથી રાજમહેલ તરીકે વપરાતો હતો તે આજ અંગ્રેજ સરકારને ભોગ પડયો.

ઝાંશી સંસ્થાન ખાલસા કરી અંગ્રેજ સરકારે સિપાઇઓને છ મહિનાનો પગાર બક્ષીસ આપી કાયમની વિશ્રાંતિ કરી અને તેમને ઠેકાણે અંગ્રેજ ફોજની ભરતી કરી. બંગાળ નેટિવ ઇનિફ્ટ્રીની બારમી પલટણ ઝાંશીમાં લાવીને કિલ્લાનો બરોબર બંદોબસ્ત કર્યો. આ સિવાય કમીજાસ્તી મદદમાં લેવાને સિપ્રીની છાવણીમાંથી કેપ્ટન હેનેસ અથવા બ્રિગેડિયર હેલ્લેને પોતાના અધિકારમાં રાખવા એમ ઠરાવ્યું. આ વખતે ઝાંશીના લશ્કરી અધિકારીઓએ કિલ્લા ઉપરની તોપો અને યુદ્ધ સામગ્રીનો નાશ કર્યો. તેમણે ત્યાં સંપેલો સઘળો દારૂગોળો તળાવમાં ફેંકી દીધો અને પેશવાના વખતની મોટી મોટી તોપો નિરુપયોગી કરી નાંખી.

મહારાણી લક્ષ્મીબાઇને ૫૦૦૦ રૂપિઆ પેનશન અને મીલકત છોકરાને માટે આપવી એવું ઠરવા છતાં બ્રિટિશ સરકારના બોલ ઉપર વિશ્વાસ ન આવવાથી તેમણે એ નાની રકમ લેવાની ધસીને ના પાડી, અને પુનઃ ઝાંશી સંસ્થાનના સંબંધે વિલાયતમાં અરજ ગુજારવાનો યત્ન કર્યો. ત્યાંથી દાદ મળશે એવી આશા હતી. ઉમેશચંદ્ર બાર્નજી નામના એક બંગાળી તથા એક યૂરોપિયન ગૃહસ્થને રૂ૬૦૦૦૦ આપીને કોર્ટ ઓફ ડાયરેકટર્સ આગળ અરજ કરવાને મોકલ્યા. આ બે જણની સાથે જે અરજ પત્ર મોકલવામાં આવ્યો હતો તેમાં લૉર્ડ ડેલહાઉસીના મુદ્દાનું અસત્ય સિદ્ધ કરવામાં આવ્યું હતું. બેઉ જણા આ પત્ર લઇને વિલાયત સિધાવ્યા પરંતુ ત્યાં જઇને તેમણે શું કર્યું તે કંઈ જણાયુંજ નહિ. નાના સાહેબનો વકીલ અજીમુલ્લાખાન વિલાયત ગયો હતો તેણે ત્યાં મોજ ઉડાવી હતી વગરે બાબતની પણ ખબર મળી હતી પરંતુ રાણી સાહેબના વકીલોનો તો પછી કંઈ પતોજ લાગ્યો હોય એમ જણાતું નથી. પડતા પર પાટુની માફક રૂ૬૦૦૦૦ ઉપર આ રીતે પાણી ફર્યું.

આણી તરફ કોર્ટ ઓફ ડાયરેકટરે તા. ૨ જી અગષ્ટ ૧૮૫૪ ને રોજ, હિંદુસ્તાનની સરકારે મોકલેલા કાગળપત્તરો ઉપર અને રાણીના અરજં પત્ર ઉપર વિચાર કરીને ઝાંશી સંસ્થાન ખાલસા કર્યું તે યોગ્ય જ કર્યું છે એવો ઠરાવ કરીને શિવરાવ ભાઉ સાથે થયેલું તહનામુ ભૂલી

જઈ હિંદુસ્તાનની સરકારના મતને મંજુર રાખ્યો. વિલાયતથી મંજુરી આવતાં ઝાંશી સંસ્થાન હવે પાછું મળનાર નથી એમ રજપ્રેપ ખાતરી થઈ, પરંતુ વિલાયત ગયેલા આપણા વકીલો કંઈ ખટપટ કરશે એવી રાણીને તો આશાજ બધાઈ રહી. હવે આવી વ્યર્થ આશા રાખવામાં કંઈ માલ નથી એમ આ અંતઃપુરવાસિનીના કેમ માનવામાં આવે ?

બુંદેલખંડમાં સુવર્ણના કકડા જેવો ઝાંશી પ્રાંત છેવટ લોર્ડ ડેલહાઉસીના હેતુ પ્રમાણે, અંગ્રેજ સરકારના કબજામાં આવ્યો, અને પોલિટિકલ સાહેબની સૂચના પ્રમાણે તેને વાયવ્ય પ્રાંતના ગવર્નરના કબજામાં સોંપવામાં આવ્યો. ઝાંશી ખાલસા કરવામાં અવિશ્રાંત શ્રમ લેનાર મેજર માલકમ સાહેબની પછી ૧૮૫૪ ના મે માસથી વડોદરાના રેસિડંટની જગાએ બદલી થઈ અને કેપટન મેકફરસન ગ્વાલીઅરનો પોલિટિકલ એજંટ થઈ આવ્યો એટલે 'ઝાંશીની સાથે તેને કશો સંબંધ રહ્યો નહિ. ઝાંશી પ્રાંત ઉપર મી. સ્કિન કમિશનર નિમાઈ આવ્યો અને સરકારને હાથ ઝાંશીનો સઘળો કાર્યભાર ચાલવા માંડયો.

બ્રિટિશ સરકારે આપેલાં વચનો ઉત્તર હિંદુસ્તાનનાં સંસ્થાનોના સંબંધમાં લોર્ડ ડેલહાઉસીએ તોડયાં તેના ફળ રૂપજ ૧૮૫૭નો બળવો થયો એમ ઘણા લેખકોએ લખ્યું છે. અસ્તુ. તે ગમે તેમ હો પરંતુ આપણે તો હવે રાણી લક્ષ્મીબાઈએ કેવી રીતે કાળક્રમણ કરવા માંડયું તેણી તરફ નજર નાંખીએ.

'ધાર્યું ધણીનું થાય, મનવા! ધાર્યું ધણીનું થાય' એ વૈરાગ્યવચનાનુસાર મહારાણીએ મન વાળી પોતાનો કાળ ભક્તિમાં ગાળવા માંડયો. બડી ફજરમાં ઉઠી પોતાનું નિત્યકર્મ કરવું, બપોરે પુરાણાદિકની કથાનું શ્રવણ કરવું અને સાંજે સાયંસંધ્યા કરી ઈશ્વિર સ્તવન કરતાંજ શયન કરવું એ ક્રમ મહારાણીએ ચાલુ કર્યો. કુળદેવી મહાલક્ષ્મી ઉપર રાણીને અનન્ય શ્રદ્ધા હોવાથી શુક્રવારે તે ત્યાં દર્શને જતાં અને ઉપવાસ કરતાં. રાજ્યસત્તા બ્રિટિશ સરકારના હાથમાં જતાં રાજસેવકોને રજા આપી હતી, માત્ર મોરોપંત તાંબે અને લક્ષ્મણરાવ બાંડેજ રાણીની મિલકતનો કાર્યભાર કરતા હતા.

આ પ્રમાણે દિવસો જતાં મહારાણીના દત્તક પુત્ર દામોદરરાવને ઉપવિત દેવાનો કાળ આવ્યો. ઝાંશી સંસ્થાનિકના ઉપવિત માટે રાણી સાહેબે તેને નામે અંગ્રેજ સરકારની તિજોરીમાં જમા પડેલાં

નાંણુંમાંથી એક લાખ રૂપિઆ માગ્યા છતાં સરકારે જણાવ્યું કે, 'ઉકત નાંણું દત્તકનાં છે અને દત્તક સગીર વયનો હોવાથી તમને મળશે નહિ; છતાં ચાર સદ્‌ગૃહસ્થોની સહીથી અરજી કરશો તો સરકાર વિચાર કરશે.' નાંણુંના માલિકની સંકડામણ જોઈ રાણીએ સરકારના ફરમાન પ્રમાણે અરજી આપી ત્યારે નાંણું મળ્યાં અને ઝાંસી સંસ્થાનના વારસ દત્તક દામોદરરાવને જનોઇ દેવાઈ! આ પણ કાળની ગતિ ! !

મહારાણી લક્ષ્મીબાઈ, ઉપર કહ્યું તેવી રીતે પોતાનો કાળ ગાળતાં હતાં તેવામાં જગત્ પ્રસિદ્ધ ૧૮૫૭ નો બળવો થયો; તેમાં નિર્દોષ રાણીસાહેબના ઉપર મિથ્યાપવાદ આવ્યો અને તેમાંજ તેમનો છેવટ પ્રાણ ગયો. આ દુ:ખદ વૃતાંત હવે આપણે નવા પ્રકરણમાં લખવું પડશે.

પ્રકરણ ૬ ઠું.

ઝાંસીમાં બળવો.

લોર્ડ ડેલહાઉસીએ સાતારા, ઝાંસી, તંજાવર, નાગપુર અને અયોધ્યા વગેરે રાજ્યો સ્વતંત્ર બ્રિટિશ મૂલકની સાથે જોડી દીધાં એટલુંજ નહિ પરંતુ ઉત્તર હિંદુસ્તાનના ઘણાક જમીનદારો અને તાલુકદારોના હક હિંદુશાસ્ત્ર પ્રમાણે લેવાતા દત્તકને નામંજુર કરતાં રદ બાતલ ગણાવા લાગ્યા તેથી સરકારનો ધર્મ ઉપર ડાળો છે એમ લોકના સમજવામાં આવ્યું. આ પ્રમાણે થતાં બ્રિટિશ રાજ્યનીતિ અસમાન છે એવો લોક મત થયો. રાજા પ્રજાના પ્રેમભાવમાં દિનપ્રતિદિન ઘટાડો થતો ચાલ્યો. લોક મત જ્યારે આવો હતો ત્યારે વળી મોટાં રજવાડાંના અમલદારોને હાથે અપમાન થવાના દાખલા પણ એની મેળેજ સહસા બની આવવા લાગ્યા. છેવટ લોર્ડ ડેલહાઉસીનો અમલ ઉતર્યો અને સને ૧૮૫૬ ના વર્ષમાં તેણે પોતાનો ઓધ્ધો નવા ગવર્નર જનરલ લોર્ડ કેનિંગને સોંપ્યો. આ વખત સર્વત્ર શાંતિ હતી અને કોઈપણ ઠેકાણેથી શત્રુ જાગી નીકળવાની ધારતી નહોતી, પરંતુ લોર્ડ ડેલહાઉસીની ગાજવિજીયા રાજનીતિનાં ફળ તેને ચાખવાંજ પડશે એમ લોર્ડ કેનિંગને લાગ્યું હતું. જ્યારે કોર્ટ ઓફ ડિરેકટરોએ તેને હિંદુસ્તાનના ગવર્નર જનરલની પદવી ઉપર નીમ્યો ત્યારે તેણે જણાવ્યું હતું કે, 'હિંદુસ્તાનમાં મારી કારકીર્દી

શાંતિવાળો ચાલ્યો જાય તો સારૂ એવી મારી ઇચ્છા છે, પરંતુ ત્યાંના વાતાવરણમાં કાઈ એવી જાતનો દ્વેષ ફરતો જોવામાં આવે છે કે જે એક ક્ષણમાં આખુ આકાશ સળગાવી મારી દુર્દશા કરી નાંખશે, એ પણ મારે લક્ષમાં રાખવાનું છે.' આ ભવિષ્યવાદ થોડાજ કાળમાં તેના આવ્યા પછી ખરો પડયો એ દિલગીરીની વાત છે.

સને ૧૮૫૭ની સાલનો પ્રારંભ થયો, અને દેશમાં ચાલતી અવ્યવસ્થા પ્રતિદિન વૃદ્ધિંગત થતી ચાલી. આવા વસવસાના વખતમાં વળી નવી જાતના કાર્તુસ વાપરવાનો હુકમ થયો, અને તેના ઉપર ગાય તથા ડુકકરની ચરબી લગાડેલી છે એવી ગપ પણ તેની સાથેજ પ્રવર્તી રહી. ડમડમની છાવણીમાં આ ગપાટો પ્રથમ ચાલ્યો. હિંદુ અને મુસલમાન સિપાઈઓના મનમાં આથી એવી ખાતરી થઇ કે, બ્રિટિશ સરકાર બેઉ પ્રજાનો ધર્મ બુડાડવા ધારેછે. સિપાઈઓના મનમાં આવેલી ભૂલ ભરેલી સમજણ દૂર કરવાને માટે અધિકારી લોકે જે જે યત્ન કરયા તે નિષ્ફળ ગયા એટલુંજ નહિ પરંતુ તેથી તો તેમના દ્વેષને વિશેષ પ્રજ્વલિત થવાનાં કારણ મળ્યાં. સિપાઇઓ વળી એમ પણ માની ગયા કે; ઠેક ઠેકાણેના રાજાઓ તેમનાં રાજયો ખાલસા કરવાથી ધુંધવાઇ રહેલા છે તે તથા અન્યાય પામેલા જાગીરદારો અને લોકો બંડમાં તેમને સહાય થશે. પ્રથમ બહારાનપુરની ૧૯ મી કાળી પાયદળ પલટણે પોતાનું ખરૂ સ્વરૂપ દેખાડયું. બહારાનપુરવાળી બાબત બહાર આવતાં સર્વત્ર ધુંધવાઈ રહેલો દ્વેષાગ્નિ પ્રજ્વલિત થઇને ચારે તરફ એકદમ સળગી ઉઠયો. તા. ૨૪મી એપ્રિલ ૧૮૫૭ને દિવસે મિરતની ત્રીજી નેટિવ કેવલરીના સિપાઈઓએ કાર્તુસ વાપરવાની સરકારને સાફ ના પાડી. અધિકારીઓ દમ બેસાડવા ગયા તેમાંથી પિંછાંનું પારેવું થયું અને જોતજોતામાં મોટો દંગો કરી સિપાઇઓએ બંડ કર્યું. પિંઢારી લોકોએ આ બંડનો ઝુંડો હાથ ધર્યો. એ તોફાન ઉપર ચડેલા સિપાઇઓએ મે માસમાં તોફાન ઉપર ચઢી ત્યાં રમખાણ મચાવી મૂકયું. મિરતમાંથી બ્રિટિશ રાજ્યસત્તાનો ઉચ્છેદ કર્યા પછી તેમણે દિલ્લીનો મારગ લીધો, અને ત્યાં આવતાં પણ તેમને સઘળી અનુકૂળતા થઇ રહી.

મિરત અને દિલ્લીમાં બંડ થયાના સમાચાર સર્વત્ર ફરી વળતાં જ્યાંને ત્યાં મોટી હોહા તથા ત્રાસ વર્તાઈ રહ્યો. સૈનિકો ચારે તરફથી તોફાન કરી કરીને દિલ્લી ઉપર આવવા લાગ્યા. ફિરોજપુર, બરેલી, મુ-

રાદાબાદ, શહાજહાનપુર, કાડેપુર, લખનો વગેરે ઠેકાણે બંડનો પ્રારંભ થયો. અંગ્રેજ સરકારની અવકૃપાથી ત્રાસિત થયેલા શ્રીમંત નાનાસાહેબ જેવા રાજપુરૂષ અને દિલ્લીના પાદશાહ, તથા અયોધ્યાના નવાબ વગેરે તે લોકની સાથે મળી ગયા અને તેમની સત્તાનો સ્વીકાર કરયો. વસ્તુતઃ આ 'સિપાઇઓનું બંડ' છે એવી મોટી મહત્તા નહિ તો તેમને ક્યાંથી મળતાં ઘણાક બૈદિલ થયેલા રાજ્ય પુરુષોની સહાય મળવાથીજ એ લોકના દંગાએ રાજકીય સ્વરૂપ પકડ્યું.

મીરત અને દિલ્લીમાં થયેલાં બંડની ખબર ઝાંશીમાં આવી પહોંચી. આ વખતે ઝાંશીમાં બંગાળ નેટિવ ઈન્ફન્ટ્રીની ૧૨મી પલટણ ૧૪મી ઈરેગ્યુલર' કેવલરી અને એક તોપખાતું એટલું સૈન્ય હતું. આ સૈન્યનો ઉપરી કેપ્ટન ડેન્લાપ હતો. ઝાંશીનો કમિશનર અને સર્વ રાજકીય ખાતાનો ઉપરિ અધિકારી કેપ્ટન એલેકઝાંડર સ્કીન હતો. મે મહિનામાં ઝાંશીના લશ્કરમાં કંઇક છૂપી વાતો ચાલતી હતી પરંતુ તેથી કંઈફુટ પડી નહોતી. સર્વે ઠેકાણે સૈન્યમાં ભેદ પડયો હતો પણ ઝાંશીના સૈન્યમાં કદીપણ ભેદ પડનાર નથી એમ ત્યાંના યુરોપિઅન અધિકારીઓને ભરૂસો હતો. ઝાંશીથી કેટલેક દૂર નૌગામ કરીને એક લશ્કરી છાવણીનું ગામ છે ત્યાં કાર્તુસવાળી વાત પ્રસિદ્ધ થતાં સૈનિકોમાં કેટલીક ચર્ચા ચાલવા માંડી એટલે ત્યાંના સેનાપતિઓએ વધારે બંદોબસ્ત કરી દીધો. આ જોઇને ઝાંશીના અધિકારીઓને ઘણુંજ આશ્ચર્ય લાગ્યું, કારણ કે ઝાંશીનું લશ્કર અધિકારીઓના હુકમમાં રહેલું હતુ અને તેમને કોઇ રીતે વધારે જાપતો રાખવાની જરૂર પડી નહોતી. ઝાશીનો કમિશનર કેપ્ટન સ્કીન, ડેપ્યુટી કમિશનર કેપ્ટન ગાર્ડન, અને કમાન્ડીંગ ઓફીસર કેપ્ટન ડન્લાપ એ ત્રણે જણ એક વિચારથી ચાલતા હતા અને તેમને પોતાના સૈન્યમાં કંઇ કાળા ધોળાં કારસ્તાન ચાલે છે એવો સંશય આવ્યો નહોતો. તા ૧૮ મી મે એ કેપ્ટન સ્કીન સાહેબે સરકાર પર જે રિપોર્ટ લખી મોકલ્યો હતો તેમાં તેણે લખ્યું હતું કે, 'ઝાંશીના સંબંધમાં ભય રાખવાનું બીલકુલ કારણ નથી. મને લખતાં મોટો આનંદ થાય છે કે, અહીનું લશ્કર એકનિષ્ઠાથી રહેલું છે એટલુંજ નહિ પણ દિલ્લી અને મીરતમાં થયેલાં બંડની વાત સાંભળી તેઓ ગુસ્સે થયા છે. અત્રેનો સેનાધિપતિ કેપ્ટન ડન્લાપ છે અને તે પોતાના સૈનિકોની કેવી ઈચ્છા છે તે બરોબર સમજે છે. આથી કરીને અત્રેના લશ્કરમાં જ-

રાપણ ખટપટ જાગવાની મને ધાસ્તી રહેતી નથી. હવે બુંદેલખંડનાં નાનાં નાનાં રાજ્યો અને સંસ્થાનોના સંબંધમાં વિચાર કરતાં એમ જણાય છે કે, ચૌદ વર્ષ ઉપર અત્રેના લોકોએ બંડ કર્યું હતું ત્યારે તેમને એવી શિકસ્ત આપવામાં આવી હતી કે હવે તેઓ બંડનું નામ સાંભળતાંજ થર થર ધ્રુજી ઉઠે છે. વેરછા, છત્રપુર અને અજયગઢનાં રાજ્ય કેવળ નાનાં છે. દુભાના રાજાને મોટા બંદોબસ્તથી બ્રહ્માવર્તમાં મોકલવામાં આવ્યો છે. સીમ થરના રાજાને ચેપ લાગતાં તેને કિલ્લામાં કેદ કરવામાં આવેલો છે. બાકી પન્ના અને ચરખારીના રાજા રહ્યા, તે માત્ર નામધારી રાજાઓ છે, અને વળી ટાલનાં હંગામથી તેઓ તદન અલગ રહેલા છે. આ રીતે આણી તરફ સર્વત્ર સુરક્ષિત છે એમ મને ભરૂસો છે. અહીંના લોકના ઉપર મને વિશ્વાસ છે અને તે વિશ્વાસનું કારણ યથાર્થ છે એમ માનવાને મને ખાત્રી છે, તા૦ ૩૦ મી મે ને દિવસે પુનઃ તેણે સરકારને રિપોર્ટ કર્યો હતો તેમાં પણ તે લખે છે કે, 'અહીં સર્વત્ર શાંતિ છે સૈન્ય સાવ એક દૃઢ નિશ્ચય છે, પરંતુ શહેરના કેટલાક ધનવાન ઠાકોરો વગરે લોક, જેઓ કદાપિ સરકારની સાથે બરોબર રીતે ચાલતાજ નથી તેઓ કંઈક બડબડાટ કરે છે પરંતુ બીજી તરફ બંડવાળાઓને હરાવ્યાની વાત અહીં આવી ત્યારથી તેઓ મંદ પડી ગયા છે.' વળી તા. ૩ જી જુનને દિવસે તેણે ફરીને સરકારમાં લખ્યું હતુ કે, 'હજી સૂધી તો અમે સર્વે સુરક્ષિત છીએ. સોમવારે રાતે મારા સાંભળવામાં એમ આવ્યું હતું કે, પાનનો ઠાકોર કુંચ ગામ ઉપર હલ્લાં કરનાર છે. સેનાપતિને બોલાવીને મેં તેને ખબર આપી કે તે ગામના રક્ષણને માટે તમે એક પલટણ મોકલવાનો બંદોબસ્ત કરો. મારા હુકમ પ્રમાણે બીજે દિવસે સવારે આઠ વાગે ઘોડેસ્વારની એક પલટણ તેણી તરફ મોટા ઉત્સાહથી રવાના થઈ અને રાતના ત્યાં પહોંચી, પરંતુ આ સમાચાર જતાં ત્યાંના લોકની ખટપટનો અંત આવી ગયો. આ બંડ સર્વત્ર પ્રસરેલું છે એવો લોક મત છે તેના સંબંધમાં લખતાં હું આનંદથી જણાવવાને શક્તિમાન છું કે, ઝાંશીમાં બંડ પ્રસરેલું નથી એટલુંજ નહિ પરંતુ અહીંના લોક ફૂટી જવાના નથી.' આ ઉપરથી સ્પષ્ટ સમજાય છે કે ઝાંશીમાં બંડ ઉઠવાનાં કોઇ પણ કારણ ઉભાં થયાં હોય એમ મુદલ જણાતું નથી. ઝાંશીનાં મહારાણી ઉદાર બુદ્ધિવાન, સહન શિલ અને રાજ્ય નિષ્ટ હતાં તેથી તથા ઝાંશી ખાલસા કર્યા પછી તેનો બધો અધિકાર અંગ્રેજ અધિકારીઓને હાંથ હતો તેથી સ્કીન સાહેબને પૂર્ણ ખાત્રી હતી.

ઝાંસીના અંગ્રેજ અધિકારીઓ બેસાવધ હોવાથી તા. ૧ લી જુનના દિવસથી ત્યાંના લશ્કરે પોતાનું ખરૂં સ્વરૂપ દેખાડવા માંડ્યું. પહેલે દિવસે ત્યાંના એક બંગલામાં આગ લાગી પરંતુ તે આકસ્મિક હશે એમ સમજાયું, એટલે તેમાં સંબંધમાં વધારે ચર્ચા થઈ નહિ. પછી વળી બે ત્રણ દિવસ સુધી જ્યાં ત્યાં સ્વસ્થતા રહી પરંતુ તા. ૪ થી જુનને દિવસે કાળી બાયદળ પલટણની ૭ મી ટુકડીના સિપાઇઓએ બંડનો આરંભ કર્યો. એ પલટણના હવાલદાર ગુરૂબક્ષે કેટલાક માણસની સાથે 'સ્ટાર ફોર્ટ' ને કબજે કરી લીધો. આ કિલ્લો નાનો છતાં ત્યાં બંદુકો અને દારૂગોળો સખવામાં આવતો હતો. બંડખોરોએ ત્યાં જતાંજ દારૂગોળાથી હાહાકાર વર્તાવી મૂક્યો. આ સમાચાર કેપટન ડન્લાપના જાણવામાં આવતાં તેણે ૧૨ મી પલટણના સિપાઇઓ તથા રિસાલાને એકત્ર કરી કવાયત લીધી અને તેમને ઠેકાણે લાવવાનો યત્ન કર્યો. સ્ટારફોર્ટના પહેરેગીરો ફૂટી જવાથી તેઓએ દારૂ ગોળો પોતાને હાથ કરી લીધો ને અંદરથી બહાર કરવા લાગ્યા. આ ભયનું સ્વરૂપ જણાતાં સઘળા યુરોપિયનો છાવણી છોડીને શહેરમાં આવી ભરાઈ બેઠા. કેપટન સ્કીન અને ગૉર્ડન સાહેબે સઘળાઓને કિલ્લામાં પેશી જવાની ગુપ્ત રીતે સૂચના કરી. ઝાંસીની સેના એક દમ ફુટી ગયેલી જોઈને કેપટન ડન્લાપે નૌગામના લશ્કરી અધિકારી ઉપર કુમકને માટે તાબડતોબ એક પત્ર લખી મોકલ્યો.

બીજે દિવસે સવારે કેપટન સ્કીન અને ગાર્ડન સાહેબે છાવણીમાં જઇને છૂપી રીતે કેપટન ડન્લાપની મુલાકાત લીધી અને ત્યાં, આગળ ઉપર કેમ કરવું તેના સંબંધે વિચાર કર્યો. પછી સ્કીન સાહેબ પાછો કિલ્લામાં આવ્યો. ગાર્ડન સાહેબે પોતાને બંગલે 'છોટી હાજરી' લઇ આસપાસના રાજાઓને સૈન્યની મદદ મોકલવા માટે પત્રો લખ્યા અને પાછી તે પોતે પણ કિલ્લામાં આવ્યો. કેપટન ડન્લાપે દારૂ ગોળાની બરોબર તૈયારી કરી પેલા પત્રો મોકલવા માટે પોસ્ટ ઑફિસ ભણી જવા માંડ્યું ત્યાં તે એનસાઇન ટેલર નામના યુરોપિયનને પોતાની સાથે લઇને ફરીને કવાયત લેવાની જગાએ આવ્યો. એ બે જણ પાછા આવ્યા એટલે ૧૨ મી પલટણે પોતાના દારૂગોળાનો તેમના ઉપર પ્રયોગ કરી તેમને ત્યાં ને ત્યાંજ ઠાર કરી નાંખ્યા. કેપટન ડન્લાપ લશ્કરી અધિકારી હોવાથી ઘણો ઉપયોગી માણસ હતો પણ તે તો આમ અણુધાર્યો ચાલ્યો ગયો!

પહેલેજ સપાટે ઝાંસીનો મુખ્ય સેનાધિપતિ કેપટન ડન્લાપ મા- ર્યો જવાથી બંડવાળાઓનું કામ ચઢી વાગ્યું અને વિજયાનંદથી ફુલાઈ જઇ તેમણે છાવણીના બીજા યુરોપિયનોને જમ રાજાને ત્યાં લેખાં આપવા મોકલવાનો આરંભ કર્યો. સાર્જંટ મેજર ન્યુટન અને સરવે ખા- તાના અધિકારી લેફ્ટેનંટ ટર્નબુલ્લને તેઓએ બીજે સપાટે વધેરી નાં- ખ્યા. પછી તેમણે ૧૫ મી નેટીવ ઇન્ફન્ટ્રીના અધિકારી લેફ્ટેનંટ કાં- બેલ સાહેબના ઉપર હલ્લો કર્યો પરંતુ તે હોંશિયારીથી તેમના સપા- ટામાંથી છૂટીને કિલ્લામાં ભરાઇ જવા પામ્યો. કેપટન સ્કીન, તેની સ્ત્રી અને બે છોકરાં ત્યાં હતાં. એ સિવાય જે યુરોપિયન કિલ્લામાં હતા તેમનાં નામ નીચે પ્રમાણે છે. ઝાંસીનો ડેપ્યુટી કમિશનર કેપટન ગો- ર્ડન, સરવે ખાતાનો સાહેબ લેફ્ટેનંટ બર્ગેસ, ૧૨ મી પલટણનો ડો. મે- કીગન અને તેની સ્ત્રી, ધરણુ ખાતાનો અધિકારી લેફ્ટેનંટ પાવિસ, તે- ની સ્ત્રી અને નાનો છોકરો, કસ્ટમનો કલેકટર ડબલ્યુ- ક્રેસ. કારશીઅર અને તેનું કુટુંબ, ટી. અંડ્રુજ અને તેનું કુટુંબ, મિસિસ બ્રાઉન અને તેની પુત્રી. મી. સ્કોટ અને તેનું કુટુંબ. ક્રાફર્ડ નામના બે ભાઇઓ. પર્સેલ નામના બે ભાઈઓ, ઈલીઅટ, ફ્લેમીંગ અને બીજા નાના મોટા યુરોપિઅન કામદારો મળીને સુમારે ૪૫ જણ કિલ્લામાં ભરાઇ બેઠે- લા હતા.

કેપટન સ્કીન સાહેબે આ સઘળાઓને હથિયાર આપી સારા બં- દોબસ્તથી કિલ્લામાં રાખ્યા હતા. વળી તેમણે શત્રુથી હારી ન જતાં પો- તાનું રક્ષણ કરવાનો નિશ્ચય કરેલો હતો. કિલ્લાનાં મજબૂત બારણાં બંધ કરી તેની જોડે પથ્થર વગરે ગોઠવીને પૂર્ણ બંદોબસ્ત કર્યો હતો. આણી તરફ બંડવાળાઓએ છાવણીમાં હાહાકાર વર્તાવી જે કોઈ યુરોપિયન હાથ આવ્યો તેનો પ્રાણ લઈ પછી કિલ્લા તરફ નજર કરવા માંડી હતી. કિલ્લામાં ભરાઈ બેઠેલાઓએ મોટા યત્નથી બંડવાળાઓને પાછા હઠાવ- વાનો યત્ન કર્યો પરંતુ આ સંક્ષોભ પામેલા બંડવાળાઓના સાગર સામે તે બીચારાઓનો શો આશરો ! ! ત્રિજે દિવસે સવારે તેમણે ત્રણ જણ- ને મહારાણીની પાસે મદદ માટે મોકલ્યા, પરંતુ મી. સ્કોટ અને પ- ર્સેલ બંધુઓને મહારાણી પાસે જતાં રસ્તામાંથી પકડી પાડી અધવચ- માં બંડવાળાઓએ કતલ કરી નાંખ્યા. ઝાંસીના સદર અમીન અંડ્રુજ સાહેબને બંડખોરોએ રાજવાડાની પાસેજ ઠાર કરી નાંખ્યો હતો એમ કહેવાય છે.

કેપટન સ્કીન અને ગોર્ડને નગોડ તથા ગ્વાલીઅરમાંથી કુમક મેળવવાને પત્રો પાઠવ્યા, પરંતુ ત્યાંથી મદદ આવે તે પહેલાં બંડખોરોએ પોતાનો હેતુ સિદ્ધ કરવાને માટે થોડો પરિશ્રમ કર્યો નહોતો. તા. ૭ મીને દિવસે બપોરે તેમણે કિલ્લાપર હલ્લો કરી તેને હસ્તગત કરવાને માટે નિશ્ચય કર્યો. તરતજ લડાઇની શરૂઆત થઇ. કિલ્લામાંના યુરોપિઅનોએ પોતાનું શૌર્ય દેખાડી બંડવાળાઓને ઘણીવાર સુધી ફાવવા દીધા નહિ. બંડખોરોએ પોતાની તોપોનો ઉપયોગ કર્યો પરંતુ તેમનામાં સારા ગોલંદાજ ન હોવાથી તેમનું કંઇ વળ્યું નહિ. કિલ્લાવાળા યુરોપિઅનોએ બંડખોરોના ઉપર તોપનો તથા બંદૂકનો મારો એવી તો ચાલાકીથી ચલાવ્યો કે તેમને પાછા હઠવું પડ્યું, તથાપિ તેમનો સમવાય મોટો હોવાથી તેઓ વારંવાર ચઢી આવવા લાગ્યા. બંડવાળાઓએ કિલ્લાનાં ચોર બારણાં શોધી કાઢવાનો યત્ન કર્યો. ઝાંશીના આસિસ્ટંટ સર્જ્યન લેફ્ટેનંટ પાવિસ સાહેબે, કિલ્લામાં આવતાં પોતાના વિશ્વાસુ સિપાઈઓ પાસે રાખ્યા હતા, પરંતુ તેઓ બંડવાળાઓની સાથે મળી ગયા અને તેમને કિલ્લામાં આવવાના ગુપ્ત માર્ગ દેખાડવા લાગ્યા. આ વાત પાવિસ સાહેબના જાણવામાં આવતાં તેણે તેમને ઠપકો આપ્યો. એક જણે તે પરથી ગુસ્સે થઈ પાવિસ સાહેબનો પ્રાણ લીધો પરંતુ કેપટન બર્ગેસે તેને વિશ્વાસઘાતના બદલામાં દેહાંત દંડ દેતાં વાર લગાડી નહિ.

બંડવાળાઓએ કિલ્લો લેવાને માટે મોટી તૈયારી કરી તે જોઇને અંદરના લોકો નિરાશ થવા લાગ્યા. બંડખોરોએ કિલ્લાના દરવાજા તોડી નાંખવાનો યત્ન કરવા માંડયો ત્યારે કેપટન સ્કીન અને ગોર્ડને તેમનાપર ગોળીનો મારો ચલાવવા માંડયો, પરંતુ તેમની ગોળીઓનું કંઈ સારૂ પરિણામ આવતું હોય એમ જણાયું નહિ. બંડખોરોએ કિલ્લાની દેવડી સર કરીને કોટ ઉપર ચડવા માંડયું ત્યારે અંદરના લોકોએ મારવું કિંવા મરવું એવા ઠરાવથી પ્રાણ ઉપર આવી જઇ લડવા માંડયું. આ વખતે યુરોપિઅન લોકોની સ્ત્રિઓમાં પણ શૂરાતન આવ્યું હતું. કહે છે કે, કેપટન સ્કીનની મડમ તેને વારા ફરતી બંદુકો ભરી આપતી હતી. મી. કે સાહેબ આને વજન આપતો નથી છતાં એટલું તો સિદ્ધજ છે કે, અગ્નિનો વખત આવી પહોંચેલો હોવાથી મડમોએ પણ શૂરાતનથી શત્રુઓની સામે થનાર પોતાના સ્નેહિઓને મદદ કરી હતી.

ગોર્ડન સાહેબ આ વખતે વિકરાળ બની ગયો હતો અને દોઢી ઉપર નિશાન માંડી તે બંડખોરોની પડાપડી ઉપર એક સરખી નજર માંડી રહ્યો હતો. બંડખોરો મી. ગોર્ડનને સારી રીતે ઓળખતા હતા તેથી જ્યારે મી. ગોર્ડન ચિંતા અને ફેલ્વિમાં બેઠેલો હતો ત્યારે એક તીરંબાજે એવો તાકીને તેને તીર માર્યો કે તે લોથ થઇ પૃથ્વી ઉપર પડયો. ગોર્ડન સાહેબના ઉપર બધો આધાર હોવાથી યુરોપિઅનો હવે નિરાશ થયા અને કિલ્લાની અંદર ભરાઈ ગયા. આ વખતે વળી કિલ્લામાંનો દારૂગોળો પણ પુરો થઇ રહ્યો હતો. સ્કીન સાહેબ ગાર્ડનના મરણથી અને દારૂગોળાની સમાપ્તીથી નિરાશ અને નિરુપાય થઇ ગયો. ૧૪ મી ફેવલરીના રિસાલદાર કાલાખાન અને ઝાંશીના તેહેસીલદાર અહમદ હુસેને મોટા જોશથી કિલ્લાનો ઘણોખરો ભાગ સર કરી લીધો ત્યારે અંદરના યુરોપિઅન લોકોએ સંધિનો વાવટો ચડાવ્યો.

તા. ૮ મી જુનને દિવસે સવારે વિજયાનંદથી ફુલાઈ જઇ શત્રુઓમાંના પ્રમુખનું એક ટોળું કિલ્લાની પાસે આવ્યું. તેમણે ઝાંશીના હકીમ સાલે મહમદને સ્કીન સાહેબની પાસે મોકલ્યો. સ્કીન સાહેબ તેને મળ્યો અને કહ્યું કે, 'જો અમને અખોવન સાગર જવા દો તો અમે તમને કિલ્લો સ્વાધીન કરીને ચાલ્યા જઇએ.' સાલે મહમદે તેમનો વાળ પણ વાંકો થશે નહિ એવું અભય વચન આપ્યું ત્યારે દરેક યુરોપિઅન હથીઆર મૂકી કિલ્લાનાં દ્વાર ઉઘાડી બહાર નિકળ્યા. આ અનાથ લોક બહાર આવ્યા કે તરતજ બંડખોરોએ 'દીન દીન'નો પોકાર પાડયો અને નિરાધાર અંગ્રેજ લોકના ઉપર તુટી પડી તેમને કેદ કરી લીધા. 'કાફરોને કાપી નાંખો' એવી ચારે તરફથી બૂમો પડવા માંડી, પરંતુ બકરાંની માફક નિર્બળ સ્થિતિમાં આવી ગયેલા અંગ્રેજ લોકોમાંથી કોઈ ચુંકેચાં કરી શક્યું નહિ. બંડવાળાઓ તેમને મુસ્કે ટાટ બાંધી મારતા મારતા ગામ બહાર લઈ ગયા એટલામાં એક ઘોડેસ્વાર ટુકડી આવી તેણે જણાવ્યું કે, અંગ્રેજોને જોગનબાગ પાસે કતલ કરવાનો રિસાલદાર સાહેબે હુકમ આપેલો છે. આ ઉપરથી બંડખોરોએ એ નિર્દોષ લોકનો શિરચ્છેદ કરવાનો ઠરાવ કર્યો. ઝાંશીના જેલ દારોગાએ (જેનું બક્ષીસઅલી નામ હતું) અનાથ લોકને સ્ત્રીઓની, પુરૂષોની અને છોકરાંની એમ ત્રણ હારોમાં ગોઠવ્યાં. પછી પોતે સ્કીન સાહેબનું મસ્તક તેના ધડથી જૂદું પાડી બીજાઓને એજ પ્રમાણે કતલ કરવાની તાકીદ આપી. પથ્થરના

જેવા કઠણ હૃદયના બંડખોરોએ પછી કલ્પાંત કરતી, મડમો અને છોકરાંને તરવારની તીક્ષ્ણ ધારથી છેદી નાંખ્યાં. આ ભયંકર પ્રસંગનું વર્ણન કરવાને આ કલમ પણ અસમર્થ છે.*

એ કતલમાં માર્યા ગયેલાં અંગ્રેજોની સંખ્યા સુમારે સાઠ હતી એમ ઘણા અંગ્રેજ ઇતિહાસકો કહે છે. બીજા લોકો છાવણીમાં માર્યા ગયા હતા તેમની સંખ્યા ૬૭ ની હતી એમ કેપટન પિંકે પોતાના રિપોર્ટમાં લખેલું છે. જબલપુરના કમિશનર અર્સ્કિને ૭૬ જણાવ્યા છે અને ઇન્દુરની પ્રતમાં ૭૫ મરદ, ૧૯ મડમો, અને ૬ છોકરાં માર્યા ગયાં એમ લખેલું છે.

આ ઘોર કતલમાં મહારાણી લક્ષ્મીબાઈ સાહેબ સામેલ હતાં કે નહિ એ મોટો પ્રશ્ન છે, અને તેનો નિકાલ કરવો તે અત્યંત મહત્વનું અને વિકટ કામ છે. ચમત્કારીક દૈવયોગથી રાણી સાહેબ પાછળથી અંગ્રેજોની વિરુદ્ધ થયાં તેથી કરીને તેઓ પ્રથમથીજ બંડખોરોમાં સામેલ હતાં એમ ઇતિહાસકો ભૂલથી લખી ગયા છે પરંતુ કેટલાંક કારણ અને દાખલાઓથી તેઓ આ ભયંકર કતલમાં સામેલ નહોતાં એમ સિદ્ધ કરી શકાય છે. અણિને વખતે રાણી સાહેબે અંગ્રેજ લોકને સહાય કરી હતી એવા પુરાવા છે. આના સંબંધે નિશ્ચયાત્મક નિર્ણય ઉપર આવવું એ અગત્યનું છે.

લૉર્ડ હેલહાઉસીએ ઝાંશીપ્રાંત સર કર્યો તેથી રાણી સાહેબ ગુસ્સે થયાં અને તેમણે અંગ્રેજ લોકનો પિછો પકડયો એમ દરેક ઇતિ-

---

*કેપટન સ્કોટ લખેછે કે:—

"The men died first, Burgess taking the lead, his elbows tied behind his back and a prayer-book in his hands. What a sad end for so kind hearted and unselfish a man! But to die confessing the faith is a noble death. The rest died in the same way. They tried hard to get the women and children saved......The women we are told, "stood with their babes in their arms, and the older children holding their gowns. They had to see the men killed," but there was every reason to believe "they were spared any violence save death."

Captain Scot's letter--Times, Sept. 11th 1857.

(*The Indian Empire.*)

હાસકારે લખેલું છે અને રાણી સાહેબના ઉપર પુષ્કળ વાક્પ્રહાર કરેલા છે.* અંગ્રેજ સરકારે ઝાંશી સર કરીનેજ રાણી સાહેબને અસંતુષ્ટ કર્યા નહોતાં પરંતુ તેમને રામ આવે એવાં બીજાં પણ ઘણાં કૃત્યો કર્યાં હતાં. અંગ્રેજ ઇતિહાસકોએ આવાં ઘણાં કારણ દેખાડયાં છે. રાણી સાહેબને મળતું પેનશન બંધ કરી તેમના સ્વામિના દેવામાં આપવા માડયું હતું. મહારાણીના દેવસ્થાનનાં બે ગામ ઉપર જપ્તી મૂકી, અને ઝાંશીમાં ગોવધ કરવા માંડયો વગેરે બાબતોથી રાણીના ક્રોધમાં વધારો થયો એમ તેઓ લખે છે પરંતુ તેમાંનું એકે કારણ માનવાને આધાર મળી આવતો નથી. રાણી સાહેબે મરણ પર્યંત અંગ્રેજ સરકાર પાસેથી પેનશન લીધું નથી. વળી તેમના સ્વામિનું દેવું હતું નહિ, પરંતુ બંડ થયું અને તેમાં રાણી સહેબને પાછળથી સામેલ થવું પડયું એટલે કાકતાલીય ન્યાય પ્રમાણે અંગ્રેજ ગ્રંથકારોએ બળતી બાબતો સામેલ કરી દીધેલી લાગે છે. એકેને માટે સાધાર પુરાવો મળતો નથી. રાણી સાહેબે બંડના વખતમાં અંગ્રેજ લોકને ઘણી સારી મદદ કરી હતી તેના સંબંધમાં કેટલાક પુરાવા મળે છે અને તે બધી બાબત અત્ર સાદર કરવાથી સત્યાસત્ય તપાસનાર વાચકને વિચાર કરવાનું ઠીક પડશે એમ ધારી તે બાબતો નીચે પ્રમાણે જણાવવી આવશ્યક લાગે છે.

જુન માસના પ્રરંભમાં ઝાંશીના સૈન્યમાં કંઇક સવવળાટ થતાં કેપ્ટન ગોર્ડન તથા છાવણીના બીજા કેટલાક ગોરાલોક રાણી સાહેબની મુલાકાતે ગયા અને વિનંતિ કરી કે, કાલે અમારા ઉપર કંઇ આફત આવશે કે કેમ તેનો ભય છે તેથી આપે અમારૂ રક્ષણ કરવું અને ઝાંશીનો ૨૫ લાખનો પ્રાંત સુરક્ષિત રહે તેને માટે મદદ કરવી. આ વખતે રાણી સા-

---

*રાણી સાહેબને માટે રૉબર્ટ મૉંટગોમરી કહે છે કે:—

"She was a heathen: the forgiveness of injuries was no article in her creed; and believing hereself deeply injured by the infraction of the Hindu laws of adoption and inheritance, she threw aside every consideration of tenderness for sex or age, and committed herself to a deadly struggle with the supreme Government by an act, for which as she must have wellknown, her own life would, in all human probability, pay the forfeit."

The Indian Empire Vol. II. P. 303.

હેમે પોતાની કાળી પલટણ તેમની મદદમાં આપવાનું તથા પોતાથી બનતી મદદ કરવાનું વચન આપ્યું હતું.* રાણી સાહેબ પાસે માત્ર હજુરીઆ તથા બીજા મળીને સો બસેં માણસ હતા તેથી તેમણે પોતાના રક્ષણ માટે વધારે માણસ રાખી લેવાની અંગ્રેજ અધિકારીઓ પાસેથી રજા મેળવી અને તેમણે તે રજા આપી. વળી બીજે દિવસે રાતે મા. ગાર્ડન રાણી સાહેબને મળવા આવ્યો અને મુલાકાત થતાં જણાવ્યું કે, 'અમને કંઇ થશે તો તેની હરકત નથી પરંતુ અમારી સ્ત્રિઓની રક્ષા કરવાનું તો આપે આપના હાથમાં રાખવાનું છે. તેમને આપ આપના મંદિરમાં જ આશ્રય આપીને રાખો એમ હું ખોળો પાથરી માગી લઉછું.' ગોર્ડન સાહેબનો સંસ્થાન પર સારો પ્રેમ હતો તેથી રાણી સાહેબને દયા આવી અને તેમણે તેને જણાવ્યું કે, 'જ્યાં સુધી હું બેઠી છું ત્યાં સુધી તમારે તમારાં બૈરાંની ચિંતા રાખવી નહિ.' આ પ્રમાણે વાત થયા પછી રજા લઈ તે છાવણીમાં ગયો. અને બીજે દહાડે સવારે ગોરા લોકનાં બૈરાં રાજવાડામાં આવ્યાં. રાણી સાહેબે તેમને સુરક્ષિત જગ્યામાં ઉતારો આપી તેમના ઉપર રક્ષણની ગોઠવણ કરી. પછી છાવણીમાં દંગો થયો અને બંડખોરોએ મરારી બંગલો બાળી મૂકી દારૂગોળો અને ખજાનો ઉશાડી મૂકયાં, ત્યારે સાહેબ લોક પણ કિલ્લામં ગયા. પછી કિલ્લામાં પોતાનું સારી રીતે રક્ષણ થશે એમ ધારી સાહેબ લોકો રાજવાડામાંથી પોતાનાં બૈરાં છોકરાંને ત્યાં લઈ ગયા. **તેઓ કિલ્લામાં ગયા ત્યારથી રાણી સાહેબે સર્વ સાહેબ લોકને વારંવાર ધીરજ આપી એટલુંજ નહિ પરંતુ બે ત્રણ દિવસ સુધી રોજ રાતે ત્રણ મણ ઘઉંના રોટલા અને બીજો ખોરાકીનો સા-**

---

*"It was at this time the Rani wrote to Colonel + + + a letter protesting that she was loyal and asking his permission in consideration of the disturbed state of the country, to enlist a large body of armed men for her protection and that of her property."

"This (Colonel), knowing that he had but little voice in the matter, but wishing to retain as long as he was able, at least the semblance of friendly relations with Luchme Bai, consented to."—*The Rane P. 180,*

માન મોકલવાનો બંદોબસ્ત રાખ્યો.* રાણી સાહેબે અંગ્રેજ લોકોને કટાકટીને વખતે આ પ્રમાણે મદદ કરેલી છે તેમ છતાં કેટલાક અંગ્રેજ ઇતિહાસકો તેના ઉપર વાક્પ્રહાર કરે છે તેમને શું કહેવું. કર્નલ મેલીસન કહે છે કે, તા. ૧ જુનને રોજે બપોરે રાણી સાહેબ એ સ્વારની સાથે બહાર નીકળ્યાં હતાં અને હસન અલી નામના મુલાંને મુસલમાન લોકને વાયજ આપાવી તેમને અંગ્રેજ સામે ઉસ્કેર્યા હતા. આ કેવી મોટી ગેર સમજુતી છે. પડદામાં રહેનારી એક હિંદુ રાણી ખરે બપોરે બહાર નીકળે એ સંભવિતજ નથી. વળી બંડવાળાઓએ રાણી પોતાના કામમાં સામેલ છે એમ જણાવવાને સ્વારીનું ધર્ધીંગ કર્યું હોય એમ કેમ ન કહેવાય?

રાણી સાહેબની બંડખોરોને બિલકુલ સહાય નહોતી એમાં કંઈ શંકા નથી. જો રાણી સાહેબ પાસે આ વખતે થોડું પણ સારૂ અને બળવાન સૈન્ય હોત તો ઝાંસીમાંના એકે યુરોપિયનનો વાળ વાંકો થયો હોત નહિ. રાણી સાહેબ પાસે સૈન્ય નહોતું અને બંડખોરો વધારે પ્રબળ હતા એટલે સાહાય પણ શી કરી શકે? તથપિ બંડવાળાઓ ઝાંશી છોડીને દિલ્લી તરફ ગયા પછી તેમણે સઘળા યુરોપિયન લોકનાં શબને ઠેકાણે પડાવ્યાં. આ કતલમાંથી જે બે સાહેબો અને એક મડમ છૂપી રીતે બચી ગયાં હતાં તેમની રાણી સાહેબે તજવીજ કરાવી સારો બંદોબસ્ત કરી આપ્યો. ઝાંશીની કતલમાંથી બચી ગયેલાઓમાંનો એક માર્ટિન નામનો સાહેબ આગ્રામાં હજી પણ હયાત છે. એણે તા. ૨૦ અગસ્ટ ૧૮૮૯ માં રાણી સાહેબના દત્તક પુત્ર શ્રીમંત દામોદરરાવને એક પત્ર લખી નીચે પ્રમાણે જણાવ્યું હતું:-

"Your poor Mother was very unjustly and cruelly dealt with-and no one knows her true case as I do. The poor thing took no part whatever in the massacre of the European residents of Jhansi in June 1857. On the contrary she

---

*"Whether the Europeans in the fort held any communication with the Ranee is not known; but they are stated to have remained unmolested till the 7th June, and to have employed during the interval, in endeavouring to get provisions and ammunition into the fort &c. &c."

The Indian Empire P. 305.

supplied them with food for 2 days after they had gone into the Fort—got 100 match-lock men from Kurrura, and sent them to assist us, but after being kept a day in the Fort, they were sent away in the evening. She then advised Major Skene and Captain Gordon to fly at once to Dattia and place themselves under the Raja's protection, but this even they would not do; and finally they were all massacred by our own troops—the Police, Jail & Cds: Este."

ઝાંશીમાં થયેલા બંડ અને કતલમાંથી બચી ગયેલા આ વૃદ્ધ યુરોપિયનના લખવાથી સિદ્ધ થાય છે કે રાણી સાહેબનો બંડવાળાઓમાં બિલકુલ હાથ નહોતો. આ મહત્વનો અને જીવતો પુરાવો છે તો પછી બીજા પુરાવાઓની શી જરૂર છે, તથાપિ આના સંબંધમાં પ્રસિદ્ધ ઇતિહાસકાર કે સાહેબ શું કહે છે તે જણાવવું અગત્યનું ધારી અત્રે લેવું ઉચિત લાગે છે:—

"I have been informed, on good authority, that none of the Ranee's servants were present on the occasion of the massacre. It seems to have been mainly the work of our own old followers. The Irregular Cavalry issued the bloody mandate and our Gaol Darogah was foremost in the butchery.

પ્રકરણ ૭ મું.

પાછળનું વૃતાંત.

બંડવાળાઓએ ઝાંશીના યુરોપિયનોનું ઠેકાણું પાડયા પછી રાણી લક્ષ્મીબાઇ ઉપર કહેણ મોકલાવ્યું કે, "અમારે દિલ્લી જવું છે માટે વાટ ખર્ચીના ત્રણ લાખ રૂપિઆ આપો નહિ તો રાજ મેહેલ ઉપર તોપનો મારો શરૂ કરીએ છીએ." આવો સંદેશો આવતાં રાજમેહેલમાં સર્વે ભયાતુર થઇ રહ્યાં. મામાસાહેબ તાંબે, અને દિવાન લક્ષ્મણરાવે આ સંકટમાંથી કેવી રીતે પાર ઉતરવું તેને માટે રાણીની સલાહ પૂછી. રાણી જાતે સ્ત્રી છતાં તેનું ધૈર્ય અપ્રતિહત હતું. અણિને

વખતે જરા પણ ગભરાટ ન બતાવતાં તેણે સ્વરક્ષણનો ઉત્તમ માર્ગ શોધી કાઢી બંડવાળાઓને એવું કહી મોકલ્યું કે, 'મારૂં રાજ્ય ખાલસા થયા પછી મારી પાસે કંઇ દ્રવ્ય રહ્યું નથી અને અમારી સ્થિતિ ઘણી ગરીબ થઈ ગયેલી છે તેવી વેળાએ તમારા જેવાઓએ મારા જેવી અબળાને ત્રાસ આપવો એ કંઇ યોગ્ય નથી.' બંડવાળાઓએ આ જવાબ ઉપર લક્ષ ન આપતાં ઉલટું રાણી સાહેબને કહાવી મોકલ્યું કે, 'જો તમારી પાસે અમને ખર્ચ આપવા જેટલા પણ રૂપિઆ ન હોય તો અમે રાજ મહેલને જમીનદોસ્ત કરી તમારા તાબાનો ઝાંશીનો મુલક સદાશિવરાવ નારાયણને આપી દઇશું.' આ હકીકત રાણી સાહેબને જણાવવામાં આવી ત્યારે તે નિરુપાય થયાં અને બંડવાળાઓને જેમ તેમ કરીને સમજાવી કાઢવા માટે તેમણે પોતાની ગાંઠના દાગીનામાંથી એક લાખ રૂપિઆનો અવેજ આપી સ્વરક્ષણનો ઉત્તમ માર્ગ સાધી લીધો. રાણી પાસેથી નાણું ઓકાવી પ્રસન્ન થયેલા બંડવાળાઓ પછી 'ખુલ્ક ખુદાકા, મુલ્ક બાદશાહકા, અમલ રાણી લક્ષ્મીબાઈકા' એવી દુવાઇ ફેરવી દિલ્લી અને નૌગામ તરફ નીકળી પડયા.

બંડવાળાઓ ઝાંશી છોડીને ચાલ્યા ગયા પછી રાણી સાહેબે ગોપાળરાવ લધાટે સાગરકર, ફોજદારી શિરસ્તેદાર અને અહસાન અલ્લી શિરસ્તેદાર માલ અને કમિશનરના શિરસ્તેદાર વગેરે મોટા મોટા ગૃહસ્થોને બોલાવી 'કેવી રીતે કરવું' તેની સલાહ પૂછી. અંગ્રેજ સરકારની ઝાંશીમાંની કાળી પલટણે જે દુષ્ટ કર્મ કર્યું તેથી રાણી સાહેબને બહુ લાગી ગયું અને તેમણે પોતાથી બને તેટલી અંગ્રેજ લોકને મદદ કરી, પરંતુ તે વખતે તેમનું કંઇ વળ્યું નહિ. અંગ્રેજ લોકને બીજી રીતે કંઈ મદદ કરવાને માટે રાણી સાહેબે આ મસલત કરવા માંડી હતી. મોટા મોટા માણસોએ એ પ્રમાણે એકત્ર વિચાર કરીને રાણી સાહેબને એવો અભિપ્રાય આપ્યો કે, સાગરમાં હજી કંઈ ફિસાદ થઈ નથી માટે ત્યાંના કમિશનરને તેનો બંદોબસ્ત કરવાને સૂચવવું. આ પ્રમાણે વિચાર થયા પછી ગોપાળરાવ શિરસ્તેદારે એક ખલિતો લખીને સાગરના કમિશનર પર મોકલાવ્યો. એ ખલિતા પરથી ત્યાંના અધિકારીઓએ સાવધ થઇને પાકો બંદોબસ્ત કરી દીધો, અને બીજા યુરોપિઅનો આવે તેટલા વખત સુધી ઝાંશીની વ્યવસ્થા રાણી સાહેબે પોતે જ રાખવી એવી સુપરત કરી એમ પણ કહેવાય છે.

આ વખતે રાણી સાહેબની પાસે ચતુર મુસદ્દી લોક રહ્યા નહોતા. રાજ્ય ખાલસા થતાં કાર્યભારી લોક ચાલ્યા ગયા હતા અને બીજા પોતાને ઘેર સ્વસ્થ થઈ બેઠા હતા. આથી કરીને કોઈ જાતનો રાજકીય ગુંચવાડો ઉત્પન્ન થતો તો તેનો યોગ્ય નિકાલ કરવાને માટે મસલત કરવા જોગ માણુસ કોઈ મળતું નહિ. બાઈ સાહેબ પોતે ચતુર હોવાથી કાર્યભારી મંડળની સાથે વિચાર કરીને એક નિશ્ચય ઉપર આવતાં, મામા સાહેબ તાંબે ખાસ દીવાન અને લક્ષ્મણરાવ બાંડે બધો કાર્યભાર ચલાવતા હતા. મામા સાહેબ કાર્યભાર કુશળ નહોતા, અને લક્ષ્મણરાવ છેક કારકુનીથી વધીને રાણી સાહેબના હાથ તળે મોટે પદ પર પહોંચ્યો હતો. પરંતુ તેનામાં પણ રાજતંત્ર ચલાવવાને માટે જોઈતી યુક્તિ નહોતી. ટુંકામાં કહીએ તો આ વખતે રાજવાડામાં સલાહ લેવા જોગ કે મસલત કરવા જોગ કોઈ માણુસ નહોતો, તેથી રાણી સાહેબ બ્રિટિશ રાજ્યની સાથે કેવા સ્નેહથી વર્તે છે તે વ્યક્ત કરનાર કોઇ રહેલું નહોતું. દરબારમાં અંગ્રેજી જાણનાર પણ કોઈ નહોતું એટલે આ પ્રમાણે ગેરસમજણ થઈ રહી હતી. પ્રાંતનો બંદોબસ્ત કરવાને માટે જે નવા માણસો નીમવામાં આવ્યા હતા તે બધા વોરછા વગરે સ્થળેથી આવેલા હોવાથી અરાજ્યનિષ્ટ અને અનનુભવી હતા. રાણી સાહેબનો ખરો હેતુ અંગ્રેજોને કોણ જણાવે? રાણી સાહેબે અંગ્રેજ લોક ઉપર પોતાનો પ્રીતિભાવ જણાવનારા પત્રો લખ્યા હતા અને બંડ થયા પછી તેવો પ્રયત્ન પણ કર્યો હતો એમ સિદ્ધ થાય છે. ઝાંશીનો કમિશનર કેપટન પિંક આના સંબંધમાં સ્પષ્ટ લખે છે કે,

" It is stated on the most trustworthy authority, that at the same time, she endeavoured to keep terms with our Government, by writing to the Commissioner of Jubbulpoor and to others lamenting the massacre of our countrymen; stating she was in no way concerned in it, and declaring that she only held the Jhansi District till our Government could make arrangements to reoccupy it. "

આ શિવાય એ ખલિતો હાથોહાથ આપનાર માર્ટિન સાહેબ અદ્યાપિ હયાત છે તે શ્રીમંત દામોદરરાવ સાહેબના પત્રમાં લખેછે કે:—

" She sent kharreetas to Col. Erksine at Jubbulpore, to Col. Frasor, Chief Commissioner of Agra, which *I handed to him my own hand,* to hear her explanation, but—No!—

Jhansi had been a by-word and was condemned unheard!"
આ ઉપરથી રાણી સાહેબ અંગ્રેજોની વિરૂદ્ધ નહોતાં. અંગ્રેજ સરકારનું ઝાંશીમાં કોઈ ન રહેતાં તેમના હુકમ પ્રમાણે ઝાંશીનો બંદોબસ્ત રાખવાનું સોંપવામાં આવેલું હતું એમ જણાય છે.

ઝાંશી પ્રાંત ઉપર બ્રિટિશ સત્તા હવે બિલકુલ રહી નહિ ને તે પ્રાંતનું સ્વામિત્વ મહારાણી લક્ષ્મીબાઈ સાહેબની પાસે આવ્યું એમ જોઇને કેટલાક રાજ્યલોભી પુરૂષોએ તેનો લાભ લેવાનો યત્ન કર્યો રાણી સાહેબ પડદે રહેનારી એક અબળા સ્ત્રી છે તેનું આપણી આગળ શું ચાલનાર છે એવો ભ્રમમૂલક વિચાર મનમાં લાવીને સદાશિવરાવ નારાયણ જે ઝાંશીના રાજ્યવંશનો પુરૂષ હતો તેણે રાજ્યપદ મેળવવાને માટે યત્ન ચલાવ્યો. આ માણસનો કંઇ હક પહોંચતો ન હોવા છતાં મહારાજ ગંગાધરરાવના સ્વર્ગવાસ પછી ઝાંશી આવીને તેણે પોલિટિકલ એજંટની મારફતે અંગ્રેજ સરકાર ઉપર કેટલીક અરજીઓ મોકલાવી હતી. હિંદુસ્તાનની સરકારે તેનો હક રદ બાતલ ગણ્યો તેથી તે અંગ્રેજ સરકારની વિરૂદ્ધ થયો હતો. અનાયાસે ઝાંશીમાં બંડ થયું અને ન ધણિયાતુ રાજ્ય થયું છે એવો સંધિ જોઇને તેણે પોતાનાં સો બસો માણસોની મરફતે ઝાંશીની આસપાસના મૂલકમાં લૂટફાટ અને ધિંગામસ્તી ચલાવવા માંડી અને પછી તેણે ઝાંશીથી ત્રણ ચાર મૈલપર આવેલો કરેરાનો કિલ્લો અંગ્રેજ સરકારના થાણદારને મારી કાઢીને હાથ કરી લીધો. એ કિલ્લામાં પછી થોડાં નવાં માણસનો ઉમેરો કરી આસપાસના ઠાકોર લોકને રગડી તેમની પાસેથી ધાન્ય અને વસૂલ એકઠી કરવા માંડી. થોડા દિવસ પછી તેણે ઝાંશીની ગાદીને પડતી રહેવા દઈ કરેરામાંજ પોતાને ઝાંશીનો રાજ્યાભિશેક કરાવ્યો, અને 'મહારાજ સદાશિવરાવ નારાયણ' એ પદ ધારણ કર્યું. તેજ વેળાએ તેણે પોતાના નામનાં જાહેરનામાં કાઢી આસપાસના ઠાકોર લોક પર, હુકમ મોકલાવ્યા. સંવત ૧૯૧૪ના અસાડ વદ ૮ ને દિવસે તેણે રાજપૂર દિહિલાન થાણદાર ગુલામ હુસેન ઉપર એક પત્ર લખીને તેને જણાવી દીધુ કે, 'તમને રાજપુર દિહિલાનના થાણદાર તરીકે કાયમ રાખ્યા છે માટે તમે તે કામ અમારે નામે ચલાવજો અને તમારા તાબાનાં સર્વે ગામમાં 'મહારાજ સદાશિવરાવ નારાયણ ઝાંશીના રાજા થયા છે એવી ખબર આપી અમારા નામની દુવાઇ ફેરવજો.' તે થાણદારે એ હુકમને માન્ય રાખ્યો નહિ. સદાશિવરાવે આ ઉપરથી તેને તે સ્થા-

નમાંથી બરતરફ કરવાને માટે તેના ઉપર અસાડ વદ ૧૦મે બીજે ખ-લીતો પાઠવ્યો અને તેના ઘોડા અને જાયદાદ લૂંટી લીધાં. આ પ્રમાણે સદાશિવરાવે ઝાંશી પ્રાંતમાં પોતાની મરતેમીયાંના જેવી સત્તા ચલાવવા માંડી. આ વાત રાણી સાહેબના જાણવામાં આવતાં તેમણે તેને પરાજી-ત કરવાને પોતાનાં એક હજાર માણસ મોકલ્યાં. તે માણસોએ કરેરાના કિલ્લા ઉપર ઘેરો ઘાલી તેને સર કર્યો. એટલે મહારાજ સદા-શિવરાવ સિંધીઆના મુલકમાં આવેલા તરવર ગામમાં નાશી ગયા. ત્યાં-થી નવું સૈન્ય એકઠું કરીને વળી તેણે ઝાંશી જવાનો વિચાર કર્યો. રા-ણી સાહેબના જાણવામાં તે વાત આવી ત્યારે તેમણે તેને ત્યાંથી પકડી મંગાવી ઝાંશીના કિલ્લામાં બંદિવાન તરીકે પૂરી દીધો. આ પ્ર-માણે મહારાણીએ અંગ્રેજ લોકના એક શત્રુને કેદ કરીને તે પ્રદેશમાં ચાલતુ અંધેર શાંત પાડી નાખ્યું. આ જોઇને 'ટકુ માર્યે તેજી કંપે' તેમ બુંદેલા અને ઠાકૂર વગેરે બદમાસ લોકો પણ દંગો ફિસાદ કરતા બંધ પડી ગયા.

એક શત્રુને પરાજિત કરીને રાણી સાહેબ સ્વસ્થ થયાં ન થયાં એટલામાં ઝાંશીની પાસેના વોરછા નામના બુંદેલ સંસ્થાનનો દિવાન નથેખાં વીસ હજાર માણસ ભેગું કરીને ઝશી ઉપર ચઢી આવ્યો, તેણે એકે એકે ઘણાંક ગામ વશ કર્યા પછી ઝાંશીથી ત્રણ મૈલ ઉપર આવી વે-ત્રવતી નદીના કિનારા પર પડાવ નાંખ્યો. આ વખતે રાણી લક્ષ્મીબાઇની પાસે ઘણું થોડું સૈન્ય હતું. રાણીના સૈન્યને સપાટાબંધ ફેંદી નાંખીશું એમ તેના મનમાં ફાંકો હતો તેથી તેણે રાણીના ઉપર પેગામ મોકલ્યો કે, 'અંગ્રેજ સરકાર તમને જે પેનશન આપે છે તે પેનશન હું તમને આપી-શ માટે તમારે મને ઝાંશીનો કિલ્લો મુગે મોઢે સોંપી દેવો.' આ પેગા-મ આવ્યા પછી રાણી સાહેબે પોતાના દિવાન તથા મુસદ્દી લોકને બોલા-વી તેમની સલાહ લીધી. તેમણે ગભરાઇ જઇને એવી સલાહ આપી કે જે વોરછાની રાણી આપણને પેનશન આપે તો લડવાની ખટપટ કરવાનું આપણે શું પ્રયોજન છે? આ ઉત્તર સાંભળીને મહારાણીને મહા પરિ-તાપ થયો, અને તેમણે એ નામર્દાઇનો ઉત્તર માન્ય ન રાખતાં નથેખાં-ને એવો જવાબ મોકલાવ્યો કે, 'હું શિવરાવ ભાઉની વહુ છું. તમારા જેવા બુંદેલ લોકને અબળા બનાવી મૂકવાનું મારામાં સામર્થ્ય છે માટે તમે વિચાર કરીને લડાઇ કરવાને આવજો.' આ સંદેશો આવતાં નથેખાં-ને ધુનધુન ચઢી ગયું અને તે એકદમ ચઢી આવ્યો.

આણી તરફ રાણી સાહેબે ઝાંશી સંસ્થાનના નેક નોકર ઠાકુર અને બુંદેલાઓને બોલાવીને દરબાર ભર્યો. દિવાન જવાહરસિંગ, દિવાન દિલીપસિંગ, વેરછાવાળા રાજાના જમાઈ, દિવાન રઘુનાથ રાવ, દિવાન દુલાજી કૈરનઈવાળા વગરે સરદારોને એકઠા કરીને રાણી સાહેબે તેમને આ પ્રમાણે કહ્યું, 'તમે વેરછાવાળા રાજાના તાબેદાર હોવાથી આ ગાદીના સેવક છો તેટલા માટે આ વખતે તમારે મારી આબરૂ સાંભળવાની છે.' રાણી સાહેબનું કહેવું સાંભળીને સર્વ બુંદેલ સરદારોએ કહ્યું કે, 'ઝાંશીનું સાર્વભૌમ અંગ્રેજ સરકારની પાસે છે તેથી સર્વ અધિકાર તેમના હાથમાં છે. વારછા એ આપણી બરોબરનું સંસ્થાન છે, તેને આપણું ઉપરિ થઈ જવા દેવાનું કદી બનનાર નથી. જ્યાં સુધી અમારા જીવમાં જીવ છે ત્યાં સુધી અમે આ રાજ્ય કોઈને લેવા દેનાર નથી.' આ રીતે સર્વ સરદારોએ પણ લીધા પછી તે પ્રમાણેનો પત્ર નથેખાં ઉપર લખી મોકલાવ્યો, અને તેની સાથે દારૂ તથા પાંચ ગોળા મોકલાવીને કહેવ્યું કે, 'આ અમારી પાસે છે માટે તમારે ખુશીથી લડવા આવવું.'

નથેખાં તરતજ તૈયાર થઈ આવ્યો, પરંતુ રાણીસાહેબને ત્યાં બધી તયારી થયેલી નહોતી. ઝાંશીનું સૈન્ય અંગ્રેજ સરકારે ઓછું કરી નાંખ્યું હતું કિલ્લા ઉપરની જૂની તોપો અને દારૂ પણ ખરાબ કરી નાંખ્યો હતો. નથેખાંના સૈન્યની સામે ટકર લઈ તેને પાછું કાઢવાની રાણી સાહેબની નેમ બર આવવી એ મુશ્કેલ કામ હતું. રાણી સાહેબે આમ છતાં પણ પોતાના બુદ્ધિ ચાતુર્યથી આ પ્રસંગમાં પાર પડવાનો વિચાર કર્યો. સદાશિવરાવવાળા માણસોમાં વધારો કરી પ્રથમ તેમણે પાંચહજાર માણસ એકઠાં કર્યાં. પછી ઝાંશીમાં દારૂગોળો તૈયાર કરવાનાં કારખાનાં શરૂ કરાવરાવ્યાં. કિલ્લામાં પહેલાંની ત્રણ તોપો હતી તે અને રાજવાડામાં ચાર તોપો ગુપ્ત રાખેલી હતી તે બહાર કઢાવી કિલ્લાના મજબૂત બુરજ ઉપર ચઢાવરાવી. ઝાંશી સંસ્થાનના સરદાર અને ઠાકોર લોકને નિમંત્રણ લખી મોકલ્યાં એટલે સર્વે સરદારો પોતપોતાનાં સૈન્ય લઈને ઝાંશીમાં આવ્યા. રાતોરાત તોપોના મારાનો બંદોબસ્ત કરી તેના ઉપર હોશિયાર ગોલંદાજ નીમી દીધા. સવારના પહોરમાં દિવાન જવાહરસિંગને રણ કંકણ બાંધીને સેનાધિપતિના પદ ઉપર નીમ્યા. તેણે શહેરના દરેક મોરચા ઉપર માણસની નિમણુક કરી એક હજાર માણસને બહાર પડવાને માટે હથીયારબંધ તૈયાર કર્યાં. પઠાણી દરવેશ પહેરીને રાણીસાહેબ પોતે મુખ્ય બુરજ ઉપર આવીને હાજર થયાં અને

પેશવાએ તથા અંગ્રેજોએ આપેલા યુનિયન જેક નામના વાવટાઓ કિલ્લા ઉપર ચઢાવી દીધા.

આણી તરફ નથેખાં, ઝાંશીને કચરી નાંખવું એ સહેલ સમજી ઘણોજ ફુલાઈ ગયો હતો. 'મારા જેવા શૂરવીરની સાથે ઝાંશીની એક વિધવા બ્રાહ્મણી શું લડી શકનાર છે? હું એક અડધી ક્ષણમાં ઝાંશી સર કરીશ.' આવા અભિમાનમાં તે ગરકાવ થઈ ગયો હતો. અનંત ચતુર્દશીને દહાડે તેણે તૈયાર થઈને ઝાંશી ઉપર હલ્લો કર્યો. વોરછાનું સૈન્ય ઝાંશી ઉપર ચઢી આવે છે એવું જોઈને રાણી સાહેબે કિલ્લાને દક્ષિણ વિભાગે તેને અંદર આવવા દીધું અને તે તોપના મારાને સુમારે આવ્યું એટલે તેમણે પોતાના ચતુર ગોલંદાજ ગુલામ ગોષખાંને નથેખાંનો જરી પટકાના ઓઢાવાળો હાથી દેખાડી તેના ઉપર પહેલા ગોળાથી શુકન કરવાનો હુકમ આપ્યો. તરતજ ગોલંદાજોએ તોપનો મારો ચલાવાની શરૂઆત કરી. નથેખાંના શૂરવીર બુંદેલાઓ પણ બંદુકો તથા તીર છોડવા લાગ્યા ને પહોર સુધી મહા ભયંકર યુદ્ધ ચાલ્યુ પરંતુ કિલ્લા ઉપરની પ્રચંડ તોપોના અસહ્ય મારા આગળ નથેખાંના લશ્કરના પગ ટકી શક્યા નહિ, તેથી તેણે પોતાના સૈન્યને પાછું ફેરવી કિલ્લાની આસપાસ ઘેરો ઘાલ્યો. દરરોજ બેઉપક્ષના લશ્કરમાં યુદ્ધ ચાલ્યા કરતુ પરંતુ એકે વાર નથેખાના લશ્કરને યશ મળતો નહિ. પહેલે સપાટેજ તેનો જરીપટકાનો હાથી ગોળાથી પટકાઇ જતાં તેના સૈન્યનું હીર જતું રહ્યું હતું. ઝાંશીની વિધવારાણી એક અબળા આપણા જેવા જવામરદને મુઠીઓ વાળીને વારંવાર નશાડવાને શકિતમાન થાયછે એ ઘણુંજ શરમ ભરેલું છે, એવા વિચાર કરીને નથેખાંએ ઝાંશીના કિલ્લાના વોરછા દરવાજા સામે ચાર તોપો મુકીને તથા સૈન્યના ચાર ભાગ પાડીને ઝાંશીના સૈન્ય ઉપર હલ્લો કરવાનું નકી કર્યું. રાણી સાહેબની પાસે સૈન્યની ખરેખરી તજવીજ હતી, તથાપિ જે વખતે નથેખાંએ ચાર તોપનો વોરછા દરવાંજા ઉપર એક સરખો મારો ચાલવા માંડ્યો તે વખતે જો દરવાજામાં જરા પણ ગુંચારૂ પડશે તો શત્રુઓ ને અંદર આવવાનું સહેલ થઇ પડેશે એમ જણાવા લાગ્યું, ત્યારે પોતે જાતે શ્રમ લઇને વોરછાને દરવાજે આવાને ઉભાં રહ્યાં અને મોટા પ્રેમભાવથી ત્યાં આગળના સૈન્યને આવેશ આપવાં માટે તેમને શાબાશો અને બક્ષીસો વહેંચી. રાણીની બક્ષીસથી ઉત્તેજીત થયેલા માણસોએ તોપોનો એવો મારો લાગ્યો કે દરવાજે શત્રુ-

ના હાથમાં જઇ શક્યો નહિ. પછી રાણી સાહેબે પોતાના લાલાભાઉબક્ષી-ને બોલાવી 'કડકવિજળી' નામની તોપ કિલ્લા ઉપર આણાવી અને ગો-લંદાજોને સોનાનાં કડાં ભેટ આપી મારો શરૂ કરાવરાવ્યો. આ તોપ શરૂ થતાં સામાપક્ષના ગોલંદાજો ભયભીત થઇ નાશી ગયા અને તેમની તોપો ઝાંશીના સૈન્યે હસ્તગત કરી લીધી. આ રીતે ઘણા દિવસ સુધી બ-ને વચ્ચે લડાઇઓ થઇ તેથી વિપક્ષનાં હજારો માણસ માર્યાં ગયાં અને ઘણાંક ઘાયલ થયાં. ઝાંશીની પાસેના એક પહાડમાં રઘુનાથ સિંગ જરૈયા પડાવ નાખી રહ્યો હતો તેણે વિપક્ષને ઘેરી લઇ વિખેરી નાંખ્યા અને તેમાંના ઘણા માણસોને ઝાંશી આણ્યા. રાણી સાહેબે બીજા માણસો-ને બોલાવ્યા હતા તેની ભાળ લાગતાંજ શત્રુએ તેમના માર્ગમાં અટ-કાય નાંખવાની યોજના કરી. સૈન્યના અધિપતિ રઘુનાથસિંગ અને શત્રુના સૈન્ય વચ્ચે હાથોહાથ યુદ્ધ ચાલ્યું તેમાં તરવારોથી લડાઈ થઇ પરંતુ તેમાંય શત્રુઓને નાશી જવું પડ્યું. એ લડાઇમાં પચાસ માણસ મરણ પામ્યું. આ પ્રમાણે નથેખાંનો પરાજય થયાના સમાચાર મળતાં-જ રાણી સાહેબે રઘુનાથસિંગની સ્તુતિ કરી અલંકાર તથા ઉમદા વ-સ્ત્રોની તેને ભેટ આપી.

ઝાંશીના લશ્કર આગળ આપાણું કંઇ ચાલવાનું નથી એમ ખાત્રી થતાં નથેખાંએ સંધિને માટે સંદેશો મોકલ્યો. મહારાણી લક્ષ્મી-બાઇએ વોરછાની પૂર્વ મહત્તાને ધ્યાનમાં લઈ તુરતજ તહનામું કર્યું અ-ને વોરછાની રાણી 'લદૈયાં' અને લક્ષ્મીબાઇ બે બહેનોની માફક મળ્યાં ભેટ્યાં. આ સંધિપત્ર કરાવવામાં બાણપુરના રાજા મર્દાનસિંહે અને કલિંજરના ચોબાએ મધ્યસ્થ રહીને કામ કર્યું હતું. પછી મહારાણી-એ ઝાંશી પ્રાંતનો સારો બંદોબસ્ત કર્યો. આ બાબતનો હૅમિલ્ટન સાહેબ ઉપર હેવાલ લખી મોકલાવ્યો પરંતુ નથેખાંએ તે ખલીતો લઇને જતા સાંઢણી સ્વારને મારી નાંખી એ પત્ર સાહેબને પહોચવા દીધો નહિ, એટલુંજ નહિ પણ ઉલટું તેણે સાહેબને એમ લખી મોકલ્યું કે રાણી બંડવાળાઓમાં સામેલ થઇ છે માટે હું તેની સામે છું. ગમે તેમ હો પરંતુ એટલું તો સત્યજ છે કે, મહારાણી લક્ષ્મીબાઇએ બ્રિટિશ રાજ્યને માટે ઝાંશીનો સારો બંદોબસ્ત રાખ્યો હતો.

પ્રકરણ ૮ મું.

રાણીની કારકીર્દી.

મહારાજ ગંગાધરરાવ જીવતા હતા ત્યારે તો રાણી સાહેબની બુદ્ધિને તથા ગુણને બહાર આવવાનું કારણ મળ્યું નહોતું, પરંતુ એટલું તો તે વખતે પણ જાણીતુંજ હતું કે, તેમનો દાબ નોકર ચાકરો ઉપર વિશેષ અને સ્વભાવ કડક છે. મહારાજ પરલોકવાસી થતાં કેટલાક દિવસ સુધી રાણી શોકમાં રહ્યાં પરંતુ પછી દામોદરરાવને નામે તેમને રાજ્ય વ્યવસ્થા કરવાનું માથે લેવું પડ્યું. સરકારે રાણીને ન્યાય ન આપ્યો તેમ છતાં તેમણે વડી સરકાર પરની પોતાની રાજભક્તિને ન વિસારતાં કામકાજ કરવા માંડ્યું. બળવાના વખતમાં જ્યારે ઝાંશી પ્રાંતમાંથી બ્રિટિશ સત્તા સર્વેતર નાશ પામી હતી ત્યારે પણ રાણીએ અંગ્રેજ સરકારને માટેજ પોતાના દેશમાં વ્યવસ્થા રાખી હતી અને સ્વપ્રજાના સુખને માટે નથેખાં જેવા વિઘ્નસંતોષી તોફાનીઓને પોતાનો હાથ બતાવી દબાવી દીધા હતા 'પડદાનશીન' રાજગૃહવાસી સ્ત્રી આ પ્રમાણે રાજ્ય કાર્ય દક્ષતા અને સમર શૌર્ય બતાવે એ કેટલું આશ્ચર્ય કારક કહેવાય? પરંતુ એમાં વિશેષ આશ્ચર્ય જેવું શું છે, કેમકે:—

> स्त्रियो हि नाम खल्वेता निसर्गादेव पंडिताः ॥
> पुरुषाणां तु पांडित्यं शास्त्रैरेवोपदिश्यते ॥

રાણી સાહેબે ઝાંશીનો કારભાર થોડા દિવસ કર્યો પરંતુ તેથી પ્રજા પૂર્ણ આનંદ પામી માટે તેનું કંઇક દિગ્દર્શન કરાવવું એ પણ અત્ર સકારણ કહેવાશે.

રાણી લક્ષ્મીબાઇએ ઝાંશીના રાજ્યકારભારની લગામ પોતાના હાથમાં લીધી કે તરતજ પૂર્વના રાજ્યવૈભવ નગરમાં દેખાવા માંડ્યો. જ્યારે સંસ્થાન ખાલસા કરવામાં આવ્યું ત્યારે સર્વ વૈભવ રાણી સાહેબને સ્વાધીન કરવામાં આવેલો હતો પરંતુ રાજ્ય સત્તા નષ્ટ થવાથી તે શોભતો નહોતો. પ્રથમ હિંદુસ્તાનનાં દેશી રાજ્યોમાં જેમ દક્ષિણમાં પુના અને હિંદુસ્તાનમાં ઝાંશીનાં રાજ્ય વખણાતાં હતાં તેમ થોડા વખતના રાણીના રાજ્યમાં પણ ઝાંશી વખણાવા લાગ્યું. પોતાના ઉપર પોતાની માનિતી રાણી રાજ્ય કરે છે એવા ગર્વથી પ્રજા પ્રફુલ્લ જણાવા લાગી અને શહેરનો ઠાઠમાઠ વધી પડ્યો.

રાણીની દિનચર્યાના સંબંધે એક માણસ આ પ્રમાણે જણાવે છે કે તે નિત્ય પ્રભાતમાં પાંચ વાગે ઉઠી નાહી ધોઈ વિધવાને યોગ્ય વિધિપૂર્વક પ્રાતઃકર્મ કરી પછી આશ્રિત તથા સરદાર લોકની મુલાકાત લેતાં. રાણી સાહેબ એવાં ચતુર હતાં કે જો કોઈ સરદાર એક દિવસ મુલાકાતે ન આવ્યો હોય તો તેને બીજે દિવસે પૂછ્યા વગર રહે નહિ. બપોરે ભોજન કરી તે જરા વિરામ લેતાં અને પછી ભેટ, નજરાણા તથા વસ્ત્ર વગેરેની વ્યવસ્થા કરતાં. સાંજના ત્રણ વાગ્યા પછી પોતે કચેરીમાં જતાં અને તેમ કરતાં બહુધા પુરુષનો પોષાક પહેરતાં. કોઈ વાર સ્ત્રીના વેશે પણ દરબારમાં જતાં. દરબારમાં તેમની બેઠક એક પડદાની પાછળ હતી. રાણી સાહેબ દરબારમાં આવીને બિરાજ્યા પછી દિવાન લક્ષ્મણરાવ એક પછી એક કામ કાઢતા હતા. રાણી તે બાબત સમજી દિવાનને ફેંસલા લખાવતાં અથવા કોઈવાર જાતે પણ લખતાં હતાં. દિવાની તેમજ ફોજદારી કામમાં તે ઘણાં દક્ષ હતાં *

મહારાણી લક્ષ્મીબાઈ પોતાની કુળદેવી મહાલક્ષ્મી ઉપર બહુ શ્રદ્ધા રાખતાં હતાં. પ્રત્યેક શુક્રવારે અને મંગળવારે ગામની બહાર એક રમણીય તળાવ ઉપર આવેલા મહાલક્ષ્મીના દેવળમાં તે મોટા ઠાઠમાઠથી દર્શન કરવા જતાં. દર્શન કરવા જતાં કોઈવાર જરીઅસ પડદાવાળા મેનામાં બેસતાં અને કોઈવાર પુરુષ સ્વાંગમાં ઘોડેસ્વાર થઈને જતાં. મહાલક્ષ્મીના મંદિરના નિભાવ માટે તેમણે પોતાના રાજ્યને છાજે તેવો બંદોબસ્ત રાખ્યો હતો. મહારાણીની સ્વારી જ્યારે જ્યારે બહાર નીકળતી ત્યારે દેશી રાજ્યોના હક પ્રમાણે લશ્કર, દિવાન, અને મુત્સદ્દી વર્ગ સાથે રહેતો હતો.

---

*મેજર ટેલર લખે છે કે:—"The Ranee Lukhmi bai, a Maharatha Brahamin had no affection of personal concealment; and she sat daily on the seat or Gadee, of her deceased husband, receiving reports, giving derections, hearing petitions and comporting herself as a brave and determined woman had need to do in her position. In appearance she was fair and handsome, with a noble presence and figure, and a dignified and resolute, indeed stern, expression which appeared to have usurped the place of the piculiar softness which, when she was younger and had good hope of a presperous life and distinguished her." Seeta.

જેવી મહારાણીને ધર્મ ઉપર આસ્થા હતી તેવીજ તેમને પોતાના આશ્રિત લોકો ઉપર પ્રીતિ હતી. ગુણ અને વિદ્યાની તેમને સારી પરખ હતી તેથી તેમના દરબારમાં વિદ્વાન્ અને કળાબાજ માણસોનો જમાવ થતો. રાજવાડામાં સદ્ગુણી માણસો રહેતા અને પ્રસંગોપાત તેઓ રાણી સાહેબના દરબારને વિદ્યાના વાદનું સ્થાન બનાવતા. રાજવાડામાં પુરાણ, ઇતિહાસ, કાવ્ય અને તત્વજ્ઞાનનાં પુસ્તકો પુષ્કળ હતાં.

અશ્વ પરીક્ષામાં આખા ઉત્તર હિંદુસ્તાનમાં મહારાણી અગ્રગણ્યા ગણાતાં હતાં. શ્રીમંત નાના સાહેબ પેશવા, બાબા સાહેબ આપ્ટે ગ્વાલીઅરકર અને ઝાંસીનાં મહારાણી લક્ષ્મીબાઈ, તે વખતે ઘોડાની પરીક્ષાને માટે પ્રસિદ્ધ હતાં. એમ કહેવાય છે કે, એકવાર કોઈ સોદાગર બે ઘોડા લઇને મહારાણી પાસે આવ્યો હતો. રાણીએ તેમની પરીક્ષા લઇ એકની હજાર અને બીજાની પચાસ રૂપિયા કિમ્મત આંકી. બેઉ ઘોડા સરખા હતા છતાં કિમ્મતમાં આ પ્રમાણે ન્યૂનાધિકતા જોઇ દરબારીઓ આશ્ચર્ય પામ્યા પરંતુ પછી પેલા સોદાગરે ખરેખરી વાત જાહેર કરી દીધી. તેણે કહ્યું કે, 'આ એક ઘોડો જાતિનો ફેટલ છે પરંતુ મેં તેને મસાલા ખવરાવી મસ્ત બનાવેલો છે.' રાણી સાહેબે પછી તે બેઉ ઘોડા ઠરાવેલી કિમ્મતે ખરીદ કર્યા અને સોદાગરને બક્ષીસ આપી વિદાય કર્યો.

રાણી સાહેબ વળી દાનશીલા હતાં. દુઃખીનું દુઃખ ભાગવામાં તે નિરંતર તત્પર રહેતાં. એકવાર એક વિદ્વાન્ બ્રાહ્મણ તેમની પાસે આવ્યો હતો. એને બીજીવારનું ઘર કરવું હતું પરંતુ કન્યાના બાપને ચારસેં રૂપિઆ આપ્યા વગર બને તેમ નહોતું. મહારાણીએ તેને ચારસેં રૂપિઆ કન્યા માટે અને સો રૂપિઆ બીજા ખરચને માટે આપી વિદાય કર્યો અને તેમ કરતાં કહ્યું કે, 'પુરાણિકજી! પરણો ત્યારે અમને પણ કંકોતરી લખજો.' વળી એકવાર જ્યારે રાણી સાહેબની સ્વારી મહાદેવી મહાલક્ષ્મીનાં દર્શન કરી આવતી હતી ત્યારે કેટલાક ગરીબ ભીખારીઓ મેનાની આગળ પાછળ વિંટાઈ વળ્યા. રાણી સાહેબે દિવાનને તેમની ઇચ્છા વિષે પૂછતાં દિવાને જણાવ્યું કે, 'આ ગરીબ ભીખારીઓ શીયાળાની મોસમ ચાલે છે તેમાં ટાઢથી હેરાન થાય છે અને આપને વિનવે છે.' રાણીએ તુરતજ આજ્ઞા આપી કે, 'તેમને રૂદાર બંડી અને ટોપીઓ આપજો.' દિવાને હુકમ પ્રમાણે ઝાંસીના દરેક ભીખારીને બોલાવીને કપડાં અપાવ્યાં અને રાણી સાહેબને તે વિદિત કર્યું રાણીની

દયાનાં તેમના દુશ્મનો પણ વખાણ કરતા. નયેખાંની સાથે લડાઈ થઈ ત્યારે વિપક્ષના ઘાયલ થયેલા માણસોને તે પોતાની સમક્ષ મલમપટા કરાવતાં અને તેમના શરીર ઉપર હાથ ફેરવી તેમની તબીઅતના સમાચાર પૂછી હોંશિયારી આપતાં. આવી કૃપાળુ રાણી ઉપર પ્રજા માતાના જેવો સ્નેહ રાખે એમાં શું આશ્ચર્ય !!

દામોદરરાવ ઉર્ફે રાવસાહેબ ઉપર મહારાણીને અત્યંત પ્રીતિ હતી. રાણી તેને લાડ લડાવવામાં કમીના રાખતાં નહિ. જ્યારે ઝાંશીનું સંસ્થાન પૂર્ણ આ પ્રમાણે સાચવ્યું ત્યારે તેમને સંપૂર્ણ આશા ફલિત થઈ હતી કે, નામદાર બ્રિટિશ સરકાર તેમના દત્તકને સ્વીકારીને ઝાંશીની ગાદી આપશે. તેમણે જબલપુરના કમિશનર, સેંટ્રલ ઈંડિયાના પોલિટિકલ એજંટ અને આગ્રાના કમિશનર ઉપર ઝાંશીનું રક્ષણ કર્યાના પત્રો મોકલ્યા હતા એટલુંજ નહિ પણ પોતાની આશા સફળ થવા માટે તેમણે એક વકીલને વિલાયત પણ મોકલ્યો હતો. રાણી સાહેબ આ પ્રમાણે જ્યારે ગાદીની આશા રાખી રહ્યાં હતાં ત્યારે આણી તરફ અંગ્રેજ સરકાર ઝાંશીની રાણી બંડવાળાઓની સાથે સામેલ થઈ ગયેલાં છે એમ જાણતી હતી તેથી યુદ્ધકળામાં અત્યંત પ્રવીણ સેનાની સર હ્યુ રોઝ એક મોટું અને પ્રબળ સૈન્ય લઈને ઝાંશી ઉપર ચઢી આવ્યો અને—

रात्रिर्गमिष्यति भविष्यति सुप्रभातं
भास्वानुदेष्यति हसिष्यति पद्मजालम्
इत्थं विचिन्तयति कोशगते द्विरेफे
हा हन्त हन्त नलिनीं गज उज्जहार ॥

આ ઉક્ત પ્રમાણે રાણી સાહેબની સર્વ આશાઓ ઉપર પાણી ફરી વળ્યું અને અત્યાચાર પ્રકાર બન્યો. હિંદુસ્તાન દેશને આવી વીર સ્ત્રી આજ નહિ તેણે કરીનેજ આમ બેગમજ થઈ ગઈ-ભલતું ખરૂં છે કે, बलीयसी केवलमीश्वरेच्छा ॥

પ્રકરણ ૯ મું.

સર હ્યું રોજની સ્વારી.

तादृशी जायते बुद्धिर्व्यवसायोपि तादृशः ॥

सहायास्तादृशा एव यादृशी भवितव्यता ॥ १ ॥

મહારાણી લક્ષ્મીબાઈ સાહેબે, સ્વતંત્ર થયેલા ઝાંશી પ્રાંતની લગામ અંગ્રેજ સરકારના વતી હાથમાં લઈને દેશમાં જે અવ્યવસ્થા ચાલતી હતી તે નરમ પાડી, પ્રજાનું રક્ષણ થાય તેવા બંદોબસ્ત કરી દીધો, પરંતુ રાજ્યધોરણ પ્રમાણે નવી કાર્યભારી મંડળી બરોબર થઈ શકી નહિ, અને તેને લીધે રાણી સાહેબની અરજી સરકારને વિદિત થઈ નહિ. જબલપુર અને આગ્રાના કમિશનરો ઉપર ઘણાક ખલિતા મોકલવામાં આવ્યા પરંતુ તે કેમ પહોંચ્યા નહિ તેનો કોઇને વિચાર આવ્યો નહિ. મધ્ય હિંદુસ્તાનના પોલિટિકલ એજંટ સર રોબર્ટ ઉપર પણ નથેખાંના પરાજય થયા પછી ખલિતો મોકલાવ્યો હતો છતાં તે નથેખાંનાં કાવતરાંથી પહોંચ્યો નહિ અને ઉલટું તેણે સરકારને એમ ભરાવી આપ્યું કે, રાણી બંડવાળાઓની પક્ષમાં ગયાં છે. રાણીસાહેબ એમ સમજીને મૌન રહ્યાં કે, અંગ્રેજ સરકાર ઝાંશી પ્રાંત મેં સ્થિર પડેલો છે તે દિલ્લી, લખનૌ વગેરે પ્રાંતને સ્થિર પાડ્યા પછી મારી પાસેથી પોતાને સ્વાધીન લેશે, અને મારી રાજ્ય નીતિને માટે ધન્યવાદ આપશે. અલ્પ કાળને માટે પ્રાપ્ત થયેલી સત્તાથી ઉન્મત્ત થઇ નવા કારભારીઓએ આના સંબંધે જુના ઘડાયલા લોકની સલાહ લીધી નહિ એટલુંજ નહિ પરંતુ અંગ્રેજનું સૈન્ય ઝાંશી ઉપર આવે છે એવી ઈંદોર અને કાશીથી ખબર મળ્યા છતાં તે બાબત રાણી સાહેબને જણાવી નહિ. જુના વૃદ્ધ કાર્યભારી લાલાભાઉ બક્ષી, અને નાના ભોપટકરે નવા દિવાન લક્ષ્મણ રાવ બાંડેને તેના સંબંધે ઘણો સમજાવ્યો છતાં ગર્વિષ્ટપણાથી તેણે તેમને તુચ્છકારી કાઢ્યા તો કાઢ્યા પણ તેમને રાણી સાહેબની મુલાકાત ન થાય એવો બંદોબસ્ત કર્યો. આટલું થવા છતાં નાના ભોપટકર પ્રસંગ જોઇ રાણી સાહેબને મળ્યો અને મહત્વની રાજકીય વાતનો યથાર્થ ઉહાપોહ કરી એવી પ્રાર્થના કરી કે, મેં ઝાંશીના મહારાજનું અન્ન ખાધું છે માટે કહું છું કે, ગમે તેમ કરીને પણ આપણા તરફનો પક્ષ

અંગ્રેજ સરકારની તરફ મોકલાવો તો સારૂં કારણ કે આપણે બંડવાળા-ઓની સાથે કંઇ સંબંધ નથી છતાં, આપણે તેમને જણાવવું જોઇએ કે, બારછાગળાઓની સાથે લડીને અમે ઝાંશીનો બંદોબસ્ત કર્યો છે તે સરકારની વતીથી કર્યો છે. આમ આપણે સરકારને જણાવીશું તો તેમના કાન ઉઘડશે. નાના જેવા દૂરદૃષ્ટિવાન અને વિચારવાન ગૃહસ્થનું આ બોલણું સાંભળી રાણી સાહેબે અંગ્રેજી ભાષા જાણનારો એક વકીલ ગ્વાલીઅર અને ઇંદોર મોકલવાને માટે કારભારીઓને હુકમ કર્યો.

રાણી સાહેબનો હુકમ થયો તેથી નવા કારભારીઓએ એક અણઘડ માણસને શોધી કાઢી તેને આવું મહત્વનું કામ સોંપ્યું. એ વકીલ ગ્વાલીઅર અથવા ઇંદોર ગયો નહિ પરંતુ સિંધિયા સરકારના રાજ્યમાં એક ઇસાગડ નામનું ગામ છે ત્યાં જઇને પડયો અને ત્યાંથી ખોટાપત્ર ઝાંશી મોકલવા માંડ્યા. આ અણઘડના ખોટાપત્રો પર વિશ્વાસ રાખી નવા કારભારીઓ સ્વસ્થ બેશી રહ્યા અને ઝાંશીનો પડતો દહાડો આવ્યો. પછી दुर्मंत्री राज्यनाशाय તે ઉક્તિનો ઝાંશીના દરબારીઓને અનુભવ મળ્યો.

આણી તરફ અંગ્રેજ સરકારની બાજુએ જે બનાવ બન્યો તે તદ્દન જુદો હતો. સન ૧૮૫૭ ના જુન માસમાં ઝાંશીના બંડવાળાઓએ અંગ્રેજ લોકની જે કમકમાટ ઉપજાવે તેવી રીતે કતલ ચલાવી હતી તેનું ક્યારે વેર લેવાય એમ અંગ્રેજ લોકો ધારતા હતા, તેમાં વળી ઘણા ખરા અંગ્રેજ અધિકારીઓને એવી ખબર હતી કે, રાણી એ કતલનું કારણ છે. સરકારને આવી શંકા હતી તેમાં રાણીએ રાખેલા પ્રાંતીક સૈન્યથી વધારો થયો. મધ્ય હિંદુસ્તાનમાંથી બ્રિટિશ સત્તાનો સદંતર નાશ થઇ ગયા હતો તેથી ગવર્નર જનરલ લૉર્ડ કેનિંગે સરકાર પાસેથી એક અનુભવી યુદ્ધકળા વિશારદ સેનાપતિ માગ્યો હતો. સારા સેનાની વગર બંડવાળાઓને પહોંચી વળાય તેમ નહોતું. ઇંગ્લાંડની સરકારે સારી તપાસ ચલાવી છેવટ મેજર જનરલ સર હ્યુ રોજને શોધી કાઢી હિંદુસ્તાન તરફ મોકલ્યો અને તેજ વીર નરે અંગ્રેજોની હારેલી બાજી જીતી આપી તા. ૧૯ મી સપ્ટેમ્બર ૧૮૫૭ ને દિવસે સર હ્યુ રોજ મુંબાઇના કિનારા પર આવી ઉતર્યો.

વળી આ વખતેજ, મધ્ય હિંદુસ્તાનનો પૂર્ણ માહીતગાર અને લોકપ્રિય પોલિટિકલ એજંટ સર રોબર્ટ હેમીલટન, જે રજા ઉપર વિલાયત ગયેલો હતો તે પાછો આવ્યો. તેણે લૉર્ડ કેનિંગ, કમાન્ડર-ઇન ચિફ સર કૉલિન કેમબલ સાથે વિચાર કરીને મધ્ય હિંદુસ્તાન સર કરવાને બ્રિટિશ સૈન્યના જુદા જુદા ભાગ પડ્યા. મધ્ય હિંદુસ્તાનમાં ઝાંશી સહુથી વધારે બળવાન હતું કારણ કે ત્યાંનો કિલ્લો ઘણો સારો હતો. પછી ત્રણ ભાગે જુદા જુદા સેનાનીઓને મોકલવામાં આવ્યા. તેમાં પેહેલા ભાગમાં ઝાંશી તરફ સર હ્યુ રોજની નિમણૂંક થઇ. સર હ્યું રોજે પછી પોતાના સૈન્યના બે વિભાગ પડ્યા અને તેમને મહુ તથા સિહોરમાં છાવણીઓ નંખાવી. તા. ૧૭ મી ડિસેમ્બર ૧૮૫૭ ને દિવસે પોતાના સૈન્યની તપાસ કરી સર હ્યું રોજે મહુથી ઇંદોર સુધીની સ્વારીની તૈયારી કરી.

તા. ૬ જાનેવારી ૧૮૫૮ ને દિવસે વળી તેણે સર રોબર્ટ હેમિલટનની સાથે સિહોરની ટુકડીને જઇ મળવાને માટે કૂચ કરી. માર્ગમાં ભોપાળની બેગમે મોકલેલા ૮૦૦ માણસો આવી મળ્યા તેમને લઇ સર હ્યું રોજે પ્રથમ સાગરને સર કરવાનો નિશ્ચય કર્યો. સાગર જતાં રહાટગડનો કિલ્લો સર કરતાં બ્રિટિશ સૈન્યને ચાર દિવસ નીકળી ગયા. આ કિલ્લો હસ્તગત થવાથી સર હ્યુ રોજને સારો યશ મળ્યો અને તેણે પોતાના સૈન્યને ઉત્સાહભેર આગળ ચલાવ્યું. રહાટગડથી પંદર માઇલને છેટે બરોડિયા નામનું ગામ છે ત્યાં ઝાડી પુષ્કળ હોવાથી બાણપુરનો રાજા ભરાઈ બેઠેલો હતો. સર હ્યું રોજને તેના સમાચાર મળતાં તેણે બરોડિયા ઉપર હલ્લો કરાવ્યો. અહીં આગળ અંગ્રેજ અને બંડવાળાઓ વચ્ચે સારો ચકમક ઝર્યો અને અંગ્રેજોનાંનો એક શૂરવીર કેપટન નેવિલી રણમાં પડ્યો. છેવટ અંગ્રેજ લોકો જીત્યા અને બંડવાળાઓ માર્યા ગયા.

પછી તા. ૩ જી ફેબ્રુવારીએ સર હ્યુ રોજે સાગર ઉપર સ્વારી કરીને બંડવાળાઓને હરાવ્યા અને તે વખતે જે ઇંગ્રેજ લોક કિલ્લામાં રહેલા હતા તેમને મુક્ત કર્યા. અંગ્રેજ લોકો તેથી એટલો બધો આનંદ પામ્યા કે તેઓએ સર હ્યું રોજના માનમાં તોપોની સલામતી લેવરાવી અને હાથી ઘોડા લઇ તેની સામે આવ્યા. સાગર સુધીનો મુલક સર થયા પછી આગળ વધવાનું આવ્યું. અંગ્રેજ સૈન્ય મોટા ઉત્સાહથી આગળ ચાલ્યું અને સાગરથી ૨૫ માઇલ ઉપર આવેલો ગડાકોટાનો કિલ્લો લી-

ધો. આ કિલ્લામાંથી પુષ્કળ દારૂગોળો અંગ્રેજ સેનાને મળ્યો. નર્મદાની ઉત્તરનો ઘણોખરો ભાગ સર થઈ ગયો તેથી હવે સર હ્યુ રોજે બુંદેલખંડ ઉપર નજર નાંખી બુંદેલખંડમાં ઝાંસી મુખ્ય છે એમ તેમની સમજ હતી અને સર કોલીનકેમ્પલે પણ તેમને પ્રથમ ઝાંશી ઉપર ચઢાઈ કરવાને આગ્રહ કર્યો તેથી તેણી તરફ જવાનો નિશ્ચય થયો તથાપિ ત્યાં જવું એ ઘણુંજ કઠણ કામ હતું; કારણ કે વચ્ચમાં આવેલો પહાડી પ્રદેશ બધો બંડવાળાઓના હાથમાં હતો.

સાગરથી બુંદેલખંડ જતાં વચમાં નારૂત, માલથોન, મદનપુર અને ધમોનીની વગેરે ઘાટ ઓલંગવા પડે છે. એ સર્વે ઘાટમાં બંડવાળાઓ ફેરી વળેલા હતા. અંગ્રેજ સરકારનું સૈન્ય ઘાટમાં થઈને પસાર થશે એમ તેઓ જાણતા હતા, તેથી ઠેક ઠેકાણે નાકાબંધી કરી રાખી હતી. સર હ્યુ રોજ લડાયક નીતિથી પૂર્ણ વાકેફગાર હતો એટલે તે પણ જાણતો હતો કે, બંડવાળાઓ તત્પર હશેજ. તેણે પોતાના લશ્કરની ટુકડીઓ પાડી જુદે જુદે માર્ગે રવાના કરી અને પોતે નારૂતના ઘાટ ઉપર જવાનો નિશ્ચય કર્યો પરંતુ એ ઘાટ ઘણો વિકટ અને દુર્લંઘનીય હોવાથી તેને પોતાનો વિચાર બદલવો પડ્યો. મદનપુર જાય તો શાહગઢનો રાજા મદનપુરવાળાની મદદે આવે અને ધારેલું કામ ઉંધુ વળે એમ ધારી તેણે નારૂત ઉપર લશ્કર મોકલવાનું મિસ કરી મદનપુર ઉપર છાપો માર્યો અને શત્રુઓને ફેંદી નાંખ્યા. એ લડાઈમાં બંડવાળા એવા શૌર્યથી લડયાં કે જે જોઈને સર હ્યુ રોજ છક થઈ ગયો. આના સંબંધે સર કોલિનને લખતાં સર હ્યુ રોજે લખ્યું હતું કે:—"as rapid and pot a fire as I ever saw." શત્રુઓનું પરાક્રમ અપ્રતિમ હતું તથાપિ અંગ્રેજો આગળ તેઓ ટકી શક્યા નહિ. મરતાં અને મારતાં તેમણે અંગ્રેજસેનાને જંપવા દીધી નહિ છતાં આખરે અંગ્રેજની સેના સરાઈના કિલ્લામાં આવી પહોંચી. શાહગઢ સંસ્થાનને પછી ખાલસા કરી લીધું અને સરાઈના કિલ્લા ઉપર બ્રિટિશ વાવટો ચઢાવ્યો. શાહગઢનો રાજા નાશી ગયો અને જે ફિતૂરી લોક પકડાયા તેમને ફાંશી દેવામાં આવી.

એ રીતે શાહગઢના બંડખોરોનો નિકાલ કર્યા પછી અંગ્રેજ સૈન્ય બાણપુર તરફ ઉપડ્યું પરંતુ તેને આવતું સાંભળી બાણપુરનો રાજા નાશી ગયો. અંગ્રેજોએ જુના બાણપુરમાં જઈ બ્રિટિશ સરકારની દુવાઈ ફેરવી અને લોકને અભય આપ્યું. ત્યાંનો રાજમહેલ સુંદર અને મજબુત હતો તેમાં બ્રિટિશ લશ્કરે લૂંટ ચલાવી અને કેટલોક ભાગ તોડી પાડી નાખી-

ના ભાગની વ્યવસ્થા કરવાનું અગ્નિદેવને સોંપ્યું. આખી રાત રાજમહેલનાં ભડકાંથી દૂર સુધી અજવાળાં પડયાં અને અત્તર તેલના સુગંધી ધુમાડા આકાશમાં પ્રસર્યા. સર હ્યુ રોજ પ્રત્યેક ઠેકાણે આ રીતે યશ મેળવતો મેળવતો આગળ ચાલ્યો. તા. ૧૭ મી માર્ચે તેઓ ચંદેરી સુધી પહોચ્યા. એ ઈતિહાસ પ્રસિદ્ધ કિલ્લો જ્યારે અંગ્રેજોના હાથમાં આવ્યો ત્યારે ગોરા સિપાઇઓ એટલા બધા આનંદમાં અને ઉત્સાહમાં આવા ગયા કે, તેમણે બંડવાળાઓના ઉપર વેર લેવાનો પક્કો ઠરાવ કર્યો. તે દિવસ પવિત્ર સેન્ટ પેટ્રિકનો હતો અને સોલજરો ઉત્સાહમાં આવી વેર વેર પોકારી રહ્યા હતા. ડૉ૰ લો લખે છે કે, 'જ્યારે તેમને નાનાં બાળક અને દીન અબળાઓને કાનપુર તથા ઝાંશીમાં રેંશી નાંખ્યાની ઘાત યાદ આવતી ત્યારે તેઓ હાથ ઘસતા હતા.' ઝાંશી જઈ વેર લેવાને એકપગે થઇ રહેલી સેનાને લઇને સર હ્યુ રોજ આગળ પ્રયાણ કરનાર હતો તે રાતે ગવર્નર જનરલ તરફથી એક સ્વાર આવ્યો અને તે એવા સમાચાર લાવ્યો કે, જે તુરત બને તેમ નહોતા. ગવર્નર જનરલે તેમાં ચરખારીના રાજાને તાતિયા ટોપીની સ્વારીમાંથી બચાવી લેવાનું લખ્યું હતું પરંતુ ચરખારી ૮૦ માઇલ દૂર હતું અને ઝાંશી એક મજલ પર હતુ. સર રોબર્ટ હૅામલ્ટને ગવર્નર જનરલના ઠપકાની જોખમદારી પોતાના શિર ઉપર લીધી અને ઝાંશી ઉપર જવાથી એ અર્થ પણ સરશે એવો સર હ્યુ રોજે મત આપ્યો. બેઉ અધિકારીએ ઉપર પ્રમાણે જવાબ લખી આપી કૂચ કરી અને તા. ૨૦ મી માર્ચને દિવસે સવારે ઝાંશી આવીને પડાવ નાંખ્યો. સર હ્યુ રોજે પછી કેવી રીતે લડાઈ કરવી તે સંબંધી તપાસ કરવા માંડી.

અંગ્રેજ સૈન્ય ઝાંશી ઉપર ચઢી આવ્યું છે એવી ખબર જ્યારે દરબારમાં ગઇ ત્યારે ત્યાં ગભરાટ થઈ રહ્યો. રાણી લક્ષ્મીબાઇને ખરી વાતથી અજ્ઞાત રાખેલાં હતાં અને નવી પ્રધાન ઢોળી દીર્ઘ દૃષ્ટિથી કશો વિચાર કરી શકતી નહોતી. લડાઇને માટે જુદી જુદી રીતે ઘણી વાતો ચાલે છે, કોઈ કહે છે કે, ઝાંશીનું સૈન્ય લડાઈ કરવાને માટે તૈયાર હતું તેથી લડાઈ થઈ, કોઇ કહે છે કે, રાણી સાહેબને કેદ કરવાનો વિચાર જાહેર થયો તેથી રાણી સાહેબ રણ પડયાં અને કોઈ કહે છે કે, નયેખાં સ્વાંગ બદલી સૈન્ય લઈ આવ્યો છે એવી ગેરસમજુતીથી લડાઈ થઈ. પ્રથમ અંગ્રેજ સરકાર ની ગેરસમજુતી થઇ અને અગ્નિને વખતે રા-

ણો સાહેબની ગેરસમૃજુતી થઈ. ગમે તેમ થયું પણ લડાઇ થઇ અને રાણી સાહેબ રણમાં નીકળ્યાં તે નીકળ્યાં. હાથમાં ઝાલેલી સમશેરને શાબાશી આપી તે રણ પડયા અને વાર શટચામાં સુતાં ત્યાં સુધી લડયાં.

પ્રકરણ ૧૦ મુ.

ઝાંશાનો ઘેરો અને તાતિયા ટોપી.

પુરાતન ચુનાકામની સુરંગ મારવાં પણ તુટે નહિ તેવી ઝાંશીના કિલ્લાની દિવાલો છે. કિલ્લો ઉંચી ભૂમિ પર બાંધેલો છે અને તોપોને માટે ચારે તરફ મોટા અને વિશાળ બુરજો ઉતારેલા છે. ભવાનીશંકર કડકવિજળી, ધનગર્જ અને નાલદાર નામની ચાર તોપો આ વખતે તેમાં એવી મોટી હતી કે, શત્રુઓનો સંહાર કરી નાંખવાને તે બસ હતી. બીજી નાની મોટી ૪૭ તોપો કિલ્લાના રક્ષણને માટે બુરજો ઉપર ગોઠવેલી હતી. નથેખાંનો સાથે છેલ્લી લડાઇ થઈ ત્યારે તે નિયમ પ્રમાણે ગોઠવેલી હતી એટલે આજ તેમની વ્યવસ્થા શત્રુની રણસ્વાગતા કરવાને માટે યથાસ્થિત હતી. શત્રુની ટોચી ન લાગે તેવો સઘળો બંદોબસ્ત કરેલો હતો તેમ લડાઇની તૈયારી પણ હતી.

બ્રિટિશ સેનાએ ઝાંશીની પાડોશમાં આવીને પડાવ નાખ્યો ત્યાં સુધી રાણી સાહેબ અને બ્રિટિશ પક્ષ વચ્ચે કંઇ સમાધાન થયું નહિ. અદૂરદર્શી મંત્રીઓને લીધે ઝાંશીની રાણીની ગેરસમજ દૂર કરવાની યોજના વિફળ ગઇ હતી. અણિનો વખત આવી પહોચ્યો ત્યાં સુધી તેમણે રાણી સાહેબને ખરી વાતથી અજ્ઞાત રાખ્યાં. ઝાંશીમાં જે લોકો ભેગા થયેલા હતા તે બધા અંગ્રેજોના ઉપર દાઝે બળેલા અને તેમાંના ઘણાક તો ચંદેરીથી નાશીને આવેલા બંડખોર હતા. અંગ્રેજોની સાથે લડવાને તેમને ઉત્સાહ હતો એટલામાં રાણીએ અનુમોદન આપ્યું. રાણી સાહેબ સ્વાતઃ અબલા છતાં તેમનામાં અદ્વિતીય ધૈર્ય, અપ્રતિમ સ્વાભિમાન, અને અલૌકિક દૃઢ નિશ્ચય વગરે ગુણો હતા. તેમના મનમાં એમ આવ્યું કે, 'મેં આટઆટલું સહન કર્યું તેમ છતાં પણ અંગ્રેજ સરકાર ઝાંશી ઉપર ચઢી આવી મને કેદ કરવા ધારે છે' ત્યારે

હવે પાછા પડવાનું શું કારણ છે?' છેવટ અંગ્રેજ લોકની સાથે લડાઇ કારવાનો નિશ્ચય થયો ત્યારે રાણી સાહેબે પોતે સૈન્યની વ્યવસ્થા કરવા માંડી પરંતુ તેઓ શૂરવીર છતાં કવાયતથી બિલકૂલ વાકેફગાર નહોતા. રાણી સાહેબે થોડા વખતમાં જેટલી વ્યવસ્થા થઇ શકે તે કરવા માંડી. કિલ્લાના બુરજો ઉપર જાતે ઉભાં રહી તોપો ગોઠવાવી મોરચા બંધાવ્યા, અને સુધળે ઠેકાણે હોંશિયાર ગોલંદાજોની યોજના કરી. ઠાકૂર અને બુંદલ સરદારોને સેનાના ભાગ પાડી સેનાધિપતિઓ નીમ્યા અને અલ્પ કાળમાં કિલ્લાનો જોઈએ તેવો બંદોબસ્ત કરી નાંખ્યો.

આણી તરફ સર હ્યુ રોજે ઝાંશીના કિલ્લાનું બરોબર અવલોકન કરી કેવી રીતે ઘેરો ઘાલવો તે નક્કી કર્યું, પછી પોતાની સેનાના સાત ભાગ પાડી સર્વ ઠેકાણે જોઇએ તેવી નાકાબંધી કરાવી, એટલામાં ચંદેરીથી બ્રિગેડિઅર સ્ટુઅર્ટ આવી પહોચ્યો. નવું લશ્કર આવવાથી અંગ્રેજ સેનાને જોઇએ તેવું બળ મળ્યું અને ઘેરો જોઇએ તેવો મક્કમ ઘલાયો. ઠેક ઠેકાણે રાખેલી સેનાની ટુકડીઓને વખતો વખત જોઇતા સમાચાર પહોચાડવાને તારની ગોઠવણ કરી, અને એક ઉંચી ટેકરી ઉપર ઝાંશીના કિલ્લામાં બનતા બનાવ જોઈ શકાય તેવી વેધશાળાની યોજના કરી. તા. ૨૩ મી માર્ચને દિવસે સવારમાં લડાઇની શરૂઆત થઈ. અંગ્રેજ લોકોએ કિલ્લા ઉપર હલ્લો કરવા માંડયો પરંતુ વિરૂદ્ધ પક્ષવાળાઓના પાસે તોપનો બંદોબસ્ત સારો હોવાથી તેમાં જય મળ્યો નહિ. અંગ્રેજનું સૈન્ય કિલ્લા તરફ જવા માંડયું એટલે ઝાંશીના બુરજો ઉપરથી તોપનો મારો શરૂ થયો અને તેની સામે અંગ્રેજ લોકનું કંઈ ચાલ્યું નહિ. સાંજ થઈ અને રાત પડી તથા આખી રાત ઝાંશીમાં મોટા કોલાહલ સંભળાયા કર્યા તેથી એમ લાગ્યું કે, રાતે પણ તેઓ શત્રુને જવાબ દેવાને તત્પર હતા. રાતે અંગ્રેજ લોકોએ એક ઠેકાણે પોતાની તોપો ગોઠવી મોરચો બાંધ્યો અને પ્રભાત થતાં ઉભય તરફની તોપો શરૂ થઇ. પ્રથમ અંગ્રેજ લોકને કંઈ ત્રાસ લાગ્યો નહિ પરંતુ જ્યારે 'ઘનગર્જ' નામની તોપ ઝાંશીના બુરજ ઉપરથી છૂટવા માંડી ત્યારે તેઓ ત્રાસ ખાઇને નાશવા લાગ્યા. એ તોપમાં એટલી કારીગરી હતી કે, તેનો ધુમાંડો જણાતો નહિ, આથી વિપક્ષને સાવધ થવાનો વખત મળતો નહિ. તેમાંથી છૂટતા પ્રચંડ ગોળા સુસવાટ કરતા આવીને પડતા ત્યારે જ

દુશ્મનો તેને જાણતા. ત્રીજે દિવસે અંગ્રેજસેનાએ ચાર ઠેકાણે મોરચા બાંધી. તા. ૨૫ મીએ સવારે ઝાંશી ઉપર તોપ ચલાવી. એ મારાથી કિલ્લા ઉપરના કેટલાક ગોલંદાજો ઠાર માર્યા ગયા અને તોપનો મારો બંધ પડયો. અંગ્રેજ લોકોએ આગળ વધી મોરચા બાંધવાને વળખાં માર્યાં પણ બે ત્રણ દિવસ સૂધી કંઇ વળ્યું નહિ, છેવટ તેમને કોઈ ભોમિઓ મળ્યો હો કિંવા નહિ, પરંતુ તેઓ એક મોરચો બાંધી શકયા. એ મોરચા ઉપરથી છૂટેલા ગોળા ધબોધબ શહેરમાં આવીને પડવા લાગ્યા ત્યારે લોક ત્રાસ પામી ગયા. એ મારાથી ઘણાં ઘર ભાગી ગયાં અને બહુ નુકશાન થયું. શહેરનો વેપાર સાવ બંધ થયો, અને માણુસોને રસ્તામાં થઇને જવા આવવાની ધાસ્તી લાગવા માંડી. એ તોપના મારાથી આખા શહેરમાં હાહાકાર થઇ રહ્યો અને મકાનોમાં આંગ લાગવાથી અગ્નિની જવાળાઓ આકાશમાં જવા માંડી. રાણી સાહેબને શહેરની આવી સ્થિતિ જોઈ બહુ લાગી આવ્યું. નિરાશા જેવું થયું પરંતુ તેથી હિમ્મત ન છોડતાં તેમણે ઠેક ઠેકાણે વધારે માણસો રાખી જાપતો કરવા માંડયો. આગો લાવવાથી માણસો લાચાર થઈ ગયાં હતાં તેમને રાણી સાહેબે અન્નદાન અપાવવાની તજવીજ કરી. મધ્યમ સ્થિતિના તેમજ ગરીબ લોકોને માટે તેમણે સપાટાબંધ બંદોબસ્ત કરી નાંખ્યો. આ અગ્નિના વરસાદના યુદ્ધમાં રાણીસાહેબે પોતાનાં માણુસોને ઉત્તેજન આપી બંદુકનો મારો ચાલુ રખાવ્યો. ઉભય પક્ષનાં પુષ્કળ માણુસો તેમાં માર્યા ગયાં. ચોથે દિવસે સર હ્યુ રોજે, ચંદેરીની લડાઇમાં વિજય કરી આવેલા સૈન્યની મારફતે કિલ્લા ઉપર હલ્લો કરાવ્યો. તે દિવસે બેસુમાર ગરમી પડતી હતી છતાં અંગ્રેજોના સૈન્યે હિમ્મતથી લડાઈ ચલાવી. તા. ૨૬ મી ને દિવસે સવારે કિલ્લાથી ૪૦૦ વારને છેટે અંગ્રેજોએ એક ઉંચી ટેકરી ઉપર તોપો ચઢાવી અને ત્યાંથી મારો ચલાવી એક ઉત્તમ જગા હાથ કરી લીધી. ત્યાંથી શત્રુના ઉપર ગોળાનો વરસાદ વરસાવવા માંડયો. કિલ્લા ઉપરની તોપ આગળ બે પ્રહર સૂધી કોઇ માણુસને તેમણે ટકવા દીધું નહિ ત્યારે કિલ્લાઆંના લોક નિરાશ થઈ ગયા. પશ્ચિમ તરફના બુરજ ઉપરની તોપ ફેરવી જયારે તેને ચાલુ કરવામાં આવી ત્યારે અંગ્રેજોના ગોલંદાજો ટકી શકયા નહિ, અને તેમની

તોપો બંધ પડી * આ વખતે રાણી સાહેબે પ્રસન્ન થઇને ગોલંદાજોને ચાંદીના ટોડા બક્ષીસ આપ્યા. તા. ૩૧ મી સુધી આ રીતે મહા ભયંકર રણસંગ્રામ ચાલ્યો અને ઉભય પક્ષે તેમાં પોતાના શૂરવીરો ખોયા.

અંગ્રેજ લોકના અધિકારીઓ ચતુર અને યુદ્ધકળાવિશારદ હતા, ત્યારે રાણી લક્ષ્મીબાઇની પાસે એકઠા થયેલા બંડવાળાઓ અણઘડ અને અભિમાની હતા; છતાં તેમણે યુદ્ધ કળાના જાણનાર અંગ્રેજ લોકની સાથે ઘણા શૌર્યથી ટકાવ કર્યો હતો. એક ગૃહસ્થ લખે છે કે, રાત્રિને વખતે શહેર અને કિલ્લા ઉપર ગોળા પડતા, અને ગરનાળી નામની તોપમાંથી ૫૦-૬૦ શેરનો લાલ ધુમ જેવો ગોળો હવામાં સણસણાટ કરતો નિરંતર ચાલ્યા કરતો હતો. દિવસે તે જણાતો નહિ પરંતુ રાત્રિને વખતે તો લીલ તારો ખરતો હોય તેવો દેખાતો અને તેને આવતો જોઇ માણસના હાંજા ગગડી જતા. આવું ભયંકર યુદ્ધ રાત્રિદિવસ ચાલુ રહેવાથી શહેરના લોક ત્રસ્ત થઈ ગયા હતા. પ્રારંભમાં પહોર દોઢ પહોર સુધી રાણી સાહેબનો જય જણાય પણ ઉતરતે દિવસે તેમનું બળ કમી થઈ અંગ્રેજોનો વિજય વર્તાય. પાંચ છ દિવસ સુધી એ પ્રમાણે ચાલ્યા પછી સાતમે દિવસે સૂર્યાસ્ત કેડે કિલ્લાના પશ્ચિમ તરફના બુરજ ઉપરની તોપ બંધ પડી. રાણી સાહેબે તે રાતે પોતે કામ ઉપર ઉભાં રહી ધીરે ધીરે તોપને બુરજ ઉપર ચઢાવરાવી મોરચો બંધાવ્યો અને તેને ચાલુ કરાવી. અંગ્રેજો અસાવધ હોવાથી તે વખતે તેમનો ઘાણ નીકળી ગયો તથા તેમની એ તોપો એક પહોર સુધી બંધ પડી.

" આઠમા દિવસે પહો ફાટતાંજ અંગ્રેજ લોકોએ પોતાનું તોપખાનું શંકરકિલ્લા ઉપર શરૂ કર્યું. અંગ્રેજ લોકની પાસે એક ઘણીજ ઉત્તમ દૂરબીન હતી. એ દૂરબીનથી દૂરની વસ્તુ પણ પાસે હોય તેમ દેખાતી. તે વડે કિલ્લાને જોઈ રાણીની મોરચાની જગા ઉપર તેમણે તાકીને ગોળા છોડવા માંડ્યા. કિલ્લાના બુરજો ઉપરના ગોલંદાજો એ ગોળાથી માર્યા ગયા એવામાં ઓચિંતી એટલી બધી ધુણી થઇ ગઇ કે લોકો ગભરા પડી ગયા. એ ધુણાના ગોટમાં કોઇને કંઈ સુઝયું નહિ તથા સઉની હિમ્મત જતી રહી. એકલાક પછી ધુણી ઓછી થઈ અને તપાસ કરી ત્યારે

---

* ડૉ. લો લખે છે કે,—The greatest annoyance was experinced from the white tower guns, as from this bastion the enemy quite commanded our position &c.

જાણવામાં આવ્યું કે, કિલ્લામાં દારૂ બનાવવાનું કારખાનું ચાલતું હતું તેમાં શત્રુનો ગોળો આવી પડવાથી મોટો ભડકો થઇ દારૂ સળગી ઉઠ્યો હતો અને કારખાનું નાશ પામ્યું હતું. એ અકસ્માતમાં ૪૦-૫૦ માણસો ઘાયલ થયાં અને પાંચ સાત મરી ગયાં. એ દિવસ મહાભયંકાર હતો. આખો દિવસ બેઉપક્ષની તોપો ચાલુ રહેવાથી ધુમાડી અને ધડાકા થયા કરતા હતા. દસે દિશામાંથી નાના પ્રકારના શબ્દ સંભળાતા હતા. આખી રાત્રિ લાલ ગોળાઓનો વરસાદ થયા કર્યો તેમાં હજારો માણસના પ્રાણ ગયા. રાણી સાહેબ યુદ્ધની દરમીઆન બહુજ શ્રમ લેતાં હતાં. દરેક માણસને મળી તેને બક્ષીસ આપી ઉત્તેજન આપતાં. તેમના સતત શ્રમને લીધેજ તા. ૩૧ મી સુધી અંગ્રેજ શૂરવીરો કિલ્લાને હાથ લગાડી શક્યા નહોતા.

આ પ્રમાણે ઝાંશી ઉપર ઘેરો ચાલતો હતો. એવામાં શ્રીમંત નાના સાહેબનો સેનાધિપતિ તાતિયા ટોપી વીસ હજાર માણસનું મોટું સૈન્ય લઇને મહારાણીની મદદે આવ્યો. આગળ કહ્યા પ્રમાણે સર હ્યુ રોજે જે વેધશાળા બનાવી હતી ત્યાંથી તાતિયા ટોપીની પ્રચંડ સેનાનું આવાગમન તેમના જોવામાં આવ્યું. બેટવા નદી પાસેના સપાટ મેદાનમાં તાતિયા ટોપીનું સૈન્ય આવીને પડ્યું. એ મોટી સેનામાં ઘણા શૂરવીર યોદ્ધાઓ વિજય કરીને આવેલા અને "અંગ્રેજોનું સૈન્ય પેશવા સરકારના સૈન્ય આગળ શી બિસાદમાં છે" એવો ગર્વ રાખનારા હતા. ચરખારી ઉપર હલ્લો કરી ત્યાંના રાજા પાસેથી ત્રણ લાખ રૂપિઆ ખંડણી તથા ચોવિસ તોપ લઇને તે આવેલા હતા અને તેમનામાં લડાઇનો પૂર્ણ ઉત્સાહ હતો. એ સૈન્ય આવતાં સર હ્યુ રોજ ચમક્યો પરંતુ તેણે એ વખતે જે ધૈર્ય અને શૂરવીરતા દેખાડી તે અનન્ય સ્તુતિને યોગ્ય છે. મોટા સૈન્યથી ન ગભરાતાં શાંત રીતે તેણે કેટલાક શૂરવીરોને ચૂંટી કાઢી શત્રુના માર્ગની એક બાજુએ રાખ્યા અને બીજી બાજુએ હાથી ઉપરનું તોપખાનું રાખ્યું. આમ કરતાં ઝાંશીના કિલ્લા ઉપરનો મારો આખી રાત ચાલુ રખાવ્યો, કારણ કે જો એમ ન કરે તો ઝાંશીવાળા તેમની ગભરામણ કળી જાય. અંગ્રેજ સેનામાં માત્ર ૧૫૦૦ માણસ હતાં પરંતુ તેમના શૌર્યને માટે સર હ્યુ રોજને સંપૂર્ણ ખાત્રી હતી. જેમ સર હ્યુ રોજને પોતાના સૈન્યને માટે માન હતું તેમ સિપાઈઓને પણ પોતાના સેનાધિપતિના અડગ ધૈર્ય તથા શૌર્યને માટે ખાત્રી હતી. અંગ્રેજ સૈન્ય પ્રાણ ત્યાગ કરવાને કે અદ્વિતીય વિજય સંપાદન કરવાને માટે કૃતનિશ્ચય હતું.

તાતિયા ટોપી ઘણો શૂરવીર અને યુદ્ધકળા વિશારદ હતો. વિલાયતમાં છપાતાં વર્તમાન પત્રોમાં તેનું બંડના વખતમાં ઘણી રીતે વર્ણન કરવામાં આવ્યું છે. તેના શરીરના વર્ણન માટે એક ઠેકાણે આ પ્રમાણે લખવામાં આવેલું છે. Tatia Topee was nearly fifty years of age; fire fect six inches in height, stout and well made, with an intelligent face and a large head, of great breadh from ear to ear. His piercing black eyes were surmounted by sharply-arched grey eye brows, and the hair, with which his head was covered as well as that of his beard, moushaches, and whiskers was of the same colour. His look and bearing gavepromise of prompt action and dogged fixity of purpose.' તાતિયા ટોપીને લખતાં વાંચતાં આવડતું નહિ છતાં તેની હોંશિયારી શત્રુને છક્ક કરી નાંખે તેવી હતી. 'નાના સાહેબનો પ્રતિનિધિ' એવો તેણે ખિતાબ લીધો હતો. પેશવા સરકારની પાસે રહેનારો એક સાધારણ માણસ જ્યારે તરવાર બાંધી મેદાન પડ્યો ત્યારે અંગ્રેજ સૈન્ય આશ્ચર્ય પામી જતું એ શું ઓછી વાત!!

બાજીરાવ પેશવાના પછી અંગ્રેજ સરકારે નાના સાહેબને પેન્શન આપવું બંધ કર્યું. તેથી નાના સાહેબ તેમના પર ક્રોધે ભરાયલો હતો તેવામાં બળવો થયો એટલે સિપાઈ લોકોને તેણે હાથ આપ્યો અને તાતિયા ટોપીની ખટપટે તથા શૌર્યે અંગ્રેજોની સત્તાને તેમણે નરમ પાડી નાંખી. નાના સાહેબનો મુખ્ય સેનાધિપતિ તાતિયા ટોપી જ્યારે ઝાંશીના ઉપર અંગ્રેજોએ ઘેરો ઘાલ્યો ત્યારે મદદ આવ્યો. કિલ્લામાં જ્યારે તેના આવ્યાની વાત જણાઇ ત્યારે અતિ આનંદ થઈ રહ્યો. તેનું સૈન્ય નજરે પડતાં કિલ્લામાંથી તેને તોપોની સલામતી આપવામાં આવી એટલુંજ નહિ પણ ઉત્સાહ દર્શક વાજીંત્રો વગડાવ્યાં. રાણી લક્ષ્મીબાઈ પોતે કિલ્લા ઉપર સૈનિકોને ઉત્તેજન આપતાં ફરતાં હતાં. ઝાંશીમાં અને અંગ્રેજોના સૈન્યમાં મસાલોનું અજવાળુ કરવું પડ્યું હતું તથા એ અજવાળામાં રાત્રિયુદ્ધ ચાલતુ હતુ. આખી રાત મસાલોને

અજવાળે યુદ્ધ ચાલ્યા કર્યું અને તા. ૩૧ મીની એ રાત્રિ એક ભયંકર કાળ રાત્રિની માફક પસાર થઈ.*

તા. ૧ લી એપ્રિલને દિવસે સૂર્યોદય થતાં લડાઈ શરૂ થઈ. આગલે દિવસે સર હ્યુ રોઝે ઝાંશીના ઘેરાને માટે જોઇએ તેટલું સૈન્ય રાખી બાકીના સૈન્યને શત્રુના કબજામાં આવે નહિ તેવી રીતે જુદી જુદી બાજુએ મોકલી દીધું હતું. તાતિયા ટોપીના સૈન્ય કરતાં અંગ્રેજોનું લશ્કર ઘણુંજ ઓછું હોવાથી તે પોતાના સૈન્યના બળ બાહુલ્ય ઉપર આધાર રાખી સ્વસ્થ રહ્યો હતો. લડાઇનો આરંભ થતાં પેશવાનું લશ્કર ઝાંશીનો ઘેરો ઉઠાવવાને આગળ પડયું. તે સૈન્ય ધશી આવ્યું એટલે સર હ્યું રોઝે જમણી બાજુથી હલ્લો કરવાને અર્થે રાખેલા કેપટન લાઈટફૂટના હાથ તળેની સેનાએ તથા કેપટન પેટીજોનની પલટણે તેના ઉપર મારો ચલાવ્યો, અને ડાબી તરફથી સર હ્યુ રોજના હાથ તળેની ફોજે તોપ શરૂ કરી. અણધારો બેઉ બાજુથી મારો ચાલતાં પેશવાનું સૈન્ય ગભરાઈ ગયું અને આમ તેમ નાશભાગ કરવા મંડયું. શત્રુના સૈન્યમાં ચાલતા ગભરાટનો લાભ લઈ ઘોડેસ્વાર પલટણની પાછળના અંગ્રેજ પાયદળે તેમના ઉપર હલ્લો કરી એવો સપાટો માર્યો કે પેશવાઈ લશ્કર ચારે તરફથી સપડાઈ પૃથ્વી માગ દે તો પેશી જાય તેવી સંકડામણમાં આવી ગયું. ગભરામણમાં અને મારામારીમાં હજારો લોક ખપ્પરમાં ખપી ગયા, એટલામાં મધ્ય ભાગે રાખેલી તાતિયા ટોપીની તોપો શરૂ થઇ અને અંગ્રેજ લોક ઉંચી ટેકરીઓ ઉપર ચઢી જવા લાગ્યા, પરંતુ કેપટન નીડે શત્રુ ઉપર હલ્લો કરી તોપનો મારો બંધ પડાવી દીધો. પેશવાની પહેલી લશ્કરી ટુકડીનો આ પ્રમાણે પરાભવ થયો. એક તરફથી અંગ્રેજોની તોપનો મારો, એક તરફ-

---

* એક અંગ્રેજ કવિ એ રાત્રિનું નીચે પ્રમાણે મનોહર પદ્યમાં વર્ણન કરેછેઃ—

"From camp to camp, though the foul womb of night,
The hum of either army stilly sounds,
That the fixed sentinels almost receive,
The secret whispers of each other's watch :
Fire answers fire; and though their paly flames,
Each battle sees the other's umbered face :
Steed threatens steed, in high and boastful neighs,
Piercing the night's dull ear."

થી ઘોડેસ્વાર પલટણનો હલ્લો, અને એક તરફથી અંગ્રેજ પાયદળનો મારો એમ ત્રણે તરફથી મારો ચાલતાં પેશવાનું સૈન્ય અનુપાય અને લાચાર થઈ ગયું. આ પરાભવ પામેલા પેશવાઈ સૈન્યની પાછળ બે માઈલ ઉપર તાતિયા ટોપીની મોટી ફોજ હતી. તે બેટવા નદીના જંગલી પ્રદેશમાં ઉભેલી હતી, પરંતુ આગલી રણશૂર સેનામાં ભંગાણ પડેલું જોઈ તેનું ધૈર્ય જતું રહ્યું. પેશવાની રણશૂર ફોજે પગ પાછા કર્યા એટલે ઇંગ્લંડની ચાર તોપો અને કેપ્ટન લાઈટફૂટની ફીલ્ડ બેટરીવાળી તોપો લઇને સર હ્યુ રોઝ તેમની પાછળ પડયો. અંગ્રેજોની ફોજને પોતાની પાછળ આવતી અટકાવવાને પેશવાઇ સિપાઇઓએ જંગલમાં આગ લગાડી. તથાપિ બેટવા નદી સૂધી બ્રિટિશ લશ્કર તેમની પાછળ ગયું. નદિની પેલીપાર રહેલી સેનાએ તુરત તોપ ચલાવી પરંતુ અંગ્રેજ સેના ઉચ્ચ પ્રદેશ ઉપર હતી તેથી કંઈ વળ્યું નહિ, અને અંગ્રેજોએ ઉચેથી તોપનો મારો ચાલાવ્યો તે નીચા પ્રદેશમાં રહેલા પેશવાઇ તોપખાના પર એવો આબાદ અને નિશાનબંધ લાગવા માંડયો કે શત્રુના ગોલંદાજો તોપો બંધ કરી જીવ લઇને નાશી ગયા. તોપનો મારો બંધ થતાં વાંત ઘોડેસ્વારોએ તેમના ઉપર હલ્લો કર્યો. હલ્લો થતાં શત્રુઓ ૨૫-૨૬ તોપો પડી મુકી નાશી ગયા. તોપો ઘણી ભારે હતી અને નદીના દડમાંથી શત્રુઓ તેને ચલાવી લઇ જઈ શકયા નહિ. તોપોની સાથે દારૂ ગોળો વગરે પુષ્કળ લડાયક સામાન અનાયાસે અંગ્રેજોને પ્રાપ્ત થયો, એટલુંજ નહિ પરંતુ સોળ મૈલ સૂધી બ્રિટિશ લશ્કરે તેમનો પિછો લઈ સઘળી યુદ્ધ સામગ્રી હાથ કરી લીધી. ઝાંશીના દુર્દૈવે કે પછી તાતિયા ટોપીના કમનશીબે કહો પણ આ હારથી પેશવાઇ ફોજો અપયશ મળ્યો અને અંગ્રેજોનું સૈન્ય વિજયાનંદથી પ્રસન્ન થયું. શત્રુની યુદ્ધ સામગ્રી મળી આવવાથી તેમના મનમાં ઘણોજ આનંદ થયો. ઝાંશીના લશ્કરે આઠ દશ દિવસ સૂધી શત્રુની સામે બચાવ કર્યો અને છેવટે પેશવાઇ સૈન્યની સહાય મળવાની ઉમેદ હતી તે વ્યર્થ ગઇ તથા તેમની યુદ્ધ સામગ્રી શત્રુઓના હાથમાં આવવાથી શત્રુને વધારે બળ પ્રાપ્ત થયું તે જોઈ સર્વ ઠેકાણે હાહાકાર વર્તાઇ રહ્યો. ઝાંશીના સૈન્યમાં નિરાશા દુઃખ અને ત્રાસે ઘર કર્યાં. તાતિયા ટોપીની ફોજમાં અનેક ઠેકાણે રણજીતીને આવેલા સેનાનિઓ, પુષ્કળ યુદ્ધ સામગ્રી અને સંપુર્ણ ઉત્સાહ હતો તે ઉપરાંત તે પોતે શૌર્ય પૂર્ણ અને મોટો બળવાન યોધ હતો પરંતુ આ વખતે તે બધું દુર્ભાગ્યે ધૂળ મળી ગયું એટલુંજ નહિ પણ તેને

પોતાની લડાયક મોટી મોટી તોપો, દારૂ ગોળા અને બીજી મુલ્યવાન યુદ્ધ સામગ્રી મુકીને રણ સંગ્રામમાંથી કાલપી તરફ નાશવું પડયું. યાદવકુળની સ્ત્રિયોને લઇ હસ્તિનાપુર તરફ જતાં જેમ અર્જુનને થયું હતુ તેમ તાતિયા ટોપીને થયું. ખરૂં છે કેઃ—

दुहो.*

समय सदा बलवान् है, नहिं पुरुष बलवान;
काबे अर्जुन लूंटीओ, ए हि धनुष ए हि बान ॥ १ ॥

પ્રકરણ ૧૨ મું.

મહા સંગ્રામ.

તાતિયા ટોપીનો પરાભવ થયા પછી સર હ્યુ રોઝે ઝાંશી ઉપર છેવટનો હલ્લો કરી તે સર કરી લેવાનો નિશ્ચય કર્યો. તા. ૨૩મી માર્ચથી તા. ૨ જી એપ્રિલ સુધી એટલે લાગલગટ ૧૧ દિવસ સુધી ઝાંશી સામે ટક્કર લઇ એક સરખુ યુદ્ધ કરવાથી અંગ્રેજોની યુદ્ધ સામગ્રી પુરી થઇ જવા આવી હતી; પરંતુ તેમના સુભાગ્યે અને ઝાંશીના દુર્ભાગ્યે તાતિયા ટોપી જેવો વીરનર મોટા લશ્કર સાથે આવેલો છતાં હાર્યો અને હાર્યા ઉપરાંત પોતાની યુદ્ધ સામગ્રી બ્રિટિશ ફોજને આપતો ગયો, એટલે તે મદદે આવ્યો નહિ તો ખેર પરંતુ ઉલટો શત્રુની ગરજ સારી ગયો એમ કહીએ તોપણ ચાલે. તા. ૨જી એપ્રિલે પોતાના સૈન્યને એકઠું કરી સર હ્યું રોઝે સર્વાનુંમતે ઝાંશી ઉપર છેવટનો હલ્લો કરવાને નિશ્ચય કર્યો અને સૈનિકોને શાબાશી તથા ઉત્તેજન આપ્યું.

---

* સંસ્કૃતમાં પણ આવાજ ભાવનો આ શ્લોક છે.

शिखरिणी

त एवामी बाणास्तदपि हरलक्ष्यं धनुरिदं ।
स एवाहं पार्थः प्रमथितसुरारातिनिचयः
इमास्तास्ता गोप्यो हरिचरणचित्तैकशरणाः
ह्रियन्ते गोपालैर्विधिरपि बलीयान्न तु नरः ॥

આ હલ્લો છેવટનો અને હારજીતનો હોવાથી સર હ્યુ રોઝે ઘણા-જ બુદ્ધિ ચાતુર્યથી તેની યોજના કરી. પ્રથમ તેણે પોતાની ફોજના ત્રાણ ભાગ પાડયા, અને તેમાંના બે ભાગને જુદી જુદી દિશાએ હલ્લો કરવાને યોજ્યા. ત્રીજા ભાગને ખોટો હલ્લો કરવાનો ભાસ દેખાડવાનું ઠરાવી ઝાંશીની અંદરના સૈન્યનો ભંગ કરવાની પેરવી કરી. મેજર ગોલ-ને એ સૈન્યનું આધિપત્ય આપી તેની પશ્ચિમ તરફ યોજના કરી. બંદુકોનો એકવારકો મારો ચલાવી તરતજ પૂર્વ તરફ ચાલ્યા જવાનું તેમને ફરમાવેલું હતું. એ ટુકડીનું આધિપત્ય લેફ્ટેનંટ કર્નલ લિડેલ, કેપ્ટન રોબીનસન અને બ્રિગેડીઅર સ્ટુઅર્ટને સોંપ્યું હતું. ડાબી બાજુએ હલ્લો કરવાને જે સૈન્યની યોજના થયેલી હતી તેના ઉપરિ તરીને લેફ્ટેનંટ કર્નલ લોથ અને મેજર સ્ટુઅર્ટ હતા. આ સૈન્યના વળી કેટલાક પેટા ભાગ પાડી તેમને મુદ્દામ જુદા રાખી મુકયા હતા. તા. ૩જી એપ્રિલે આ સર્વ સેનાએ ગુપ્ત રીતે પોતાની તૈયારી કરી અને ઠરાવેલી દિશા તરફ જવા માંડયું. પહેલા ભાગની સેનાએ કિલ્લા ઉપર નિસરણીઓ માંડી ઉપર ચઢી જવાનો જોગ રાખ્યો, ત્યારે બીજી સેનાએ તરવારો તથા સંગીન લઈ ગાબડું પડતાં કિલ્લામાં પેશી જવાનો બેત કર્યો હતો. ઠરાવ પ્રમાણે હથીઆરો અને સાધનો લઇ અંગ્રેજ સૈન્ય જ્યારે પોત પોતાની નિયત દિશા તરફ કૂચ કરી જવા લાગ્યું ત્યારે ખુલ્લી ચંદ્રિકા પડેલી હોવાથી તેમનાં શસ્ત્રોનો ઝળકાટ દૂર સુધી ચમકવા લાગ્યો.

કોટના મુખ્ય દરવાજા તરફ અંગ્રેજ સેના કૂચ કરી આવે છે એમ કિલ્લાપરના પહેરેગિરોના જાણુવામાં આવતાં તેમણે ભયસૂચક રણસિંગાં અને રણવાદ્ય વગાડી ઝાંશીની અંદરના લશ્કરને સતેજ કર્યું. ચેતવણીનાં વાદ્ય વાગતાં સર્વે સિપાઇઓ પોત પોતાના સ્થાન ઉપર હાજર થયા. બ્રિટિશ સેનાએ લાગલગટ અગિયાર દિવસ સુધી ઝાંશીના કિલ્લા ઉપર તોપનો મારો ચલાવેલો હોવાથી કોટનો ઘણો ખરો ભાગ જર્જર થઈ ગયો હતો. રાણીના ઘણા શૂરવીર સેનાનીઓ માર્યા ગયા હતા તથાપિ તેમણે હિમ્મતથી કિલ્લાનો બચાવ કર્યો હતો, પરંતુ જ્યારે પેશવાઈ ફોજનો પરાભવ થયાના સમાચાર આવ્યા ત્યારે સિપાઇઓ અને સરદારો નિરાશ તથા નાહિમ્મત થયા. પેશવાનું મોટું સૈન્ય હાર ખાઇ ગયું તો આપણું શું ચાલનાર છે એવો વિચાર તેમના મનમાં આવતાં તેઓ ઉદાશ અને શાંત પડી ગયા. પોતાના સેનાનીઓ અને સૈન્યની ઔદાસિન્યસ્થિતિ જોઇ રાણી સાહેબે મોટા મોટા સરદારોને

પોતાની પાસે બોલાવ્યા અને કહ્યું કે, "આજ સૂધી આપણે પેશવાની હુંફે લડયાં નહોતાં અને હવે પછી પણ આપણે તેમની મદદની જરૂર નથી. આજ સૂધી તમે તમારા સ્વાભિમાન, હિમ્મત, ધૈર્ય અને શૌર્યથી લડયા છો તથા તેમાં તમે યશ પ્રાપ્ત કર્યો છે માટે હવે પણ તમે પોતાના શૌર્ય ઉપર લડો અને તમારા ઝાંશીનું સંરક્ષણ કરી આલોકમાં ઉત્તમ યશ મેળવો." રાણીનું આવું પ્રોત્સાહન યુક્ત ભાષણ તથા શૂર જોઈ સરદારોને શૂર ચડયું. વળી રાણી સાહેબે તેમને સોનાનાં કડાં અને શિરપાવ આપ્યા તે લઇને તેઓ પ્રફુલ્લ શૌર્યભર્યા અંતઃકરણે ઝાંશીનું રક્ષણ કરવાને માટે સજ્જ થયા. પછી ઝાંશીના મુખ્ય ગોલંદાજ ગુલામ ગોષખાને તોપખાનાનો ઉત્તમ બંદોબસ્ત કરી પૂર્વવત્ અંગ્રેજ સૈન્યની ઉપર તોપનો મારો શરૂ કરવાની તૈયારી કરી. એજ રીતે કુંવર ખુદાબક્ષ વગેરે મોટા મોટા સરદારોએ પોતપોતાના મોરચા સંભાળી લીધા. રાણીસાહેબ પોતે કોટ ઉપર આવી સઘળો બંદોબસ્ત કરાવવા લાગ્યાં. રાતે અંગ્રેજ ગોલંદાજોએ કિલ્લા ઉપર ઘનાસારની માફક ગોળાઓનો વરસાદ વરસાવ્યો. કોટમાં કાણાં પડવાથી કેટલોક ભાગ નબળો પડી ગયો હતો. ગરનાળી તોપના ગોળાની અનોનાત વૃષ્ટિ થવાથી રાજયમહેલનો કેટલોક ભાગ ભાગી તૂટી ગયો હતો. રાજમહેલના બીજા મજલા ઉપર ગોળા આવીને પડતાં તેમાંનું ગણેશમંદિર અને બિલોર કામ ચૂરેચૂરા થઇ ગયું હતું તથા ગોળામાંના છરા વાગવાથી બે ચાર માણસોના પ્રાણ પણ ગયા હતા. આવા વખતમાં કોનું ધૈર્ય જતું ન રહે અને અક્કલ કેમ બહેર મારી ન જાય? પણ નહિ, મહારાણી લક્ષ્મીબાઈ હજી જરાએ હિમ્મત હાર્યાં નહોતાં.

રાણીએ કોટ ઉપર આવી જાતે મહેનત લઇ લોક અને યોધાઓને ઉત્તેજન આપ્યું અને શત્રુની રણસ્વાગતા કરવાને ઉત્તમ પ્રકારનો બંદોબસ્ત કર્યો, ત્યાર પછી મહાતુમુલ સંગ્રામનો પ્રારંભ થયો. ઝાંશી સર કરવાને બ્રિટિશ સૈન્ય દરવાજાઓ તરફ ધસવા માંડયું ત્યારે કિલ્લા ઉપરથી તેમની સામે તોપનો મારો ચલાવવામાં આવ્યો. બુરજો ઉપરની તોપોને એટલી ઝડપથી ચલાવવામાં આવતી હતી કે કેટલીક વાર સૂધી તો બ્રિટિશ લશ્કરના ઉપર જાણે અગ્નિની લાલસુરેખ ચાદર નાંખી દીધી હોય તેવો ભાસ થતો હતો. વરસાદની ઝડીઓની માફક પડતી બંદુકની ગોળીઓ, ન સહન થઇ શકે તેવો જબ્બર તોપના ગોળાઓનો

વરસાદ અને ઇતર પ્રાણઘાતક શસ્ત્રોનો સંપાત થતાં બ્રિટિશ લશ્કર બાવરૂ થઇ ગયું. આવો પ્રાણહારક મારો ચાલતો હતો તેમાં પણ કેટલાક અંગ્રેજ શૂરવીરોએ જીવની આશા ન રાખતાં કોટ ઉપર ચઢી જવાની સીડીઓ કોટની રાંગે લગાડવાનો પ્રયત્ન ચાલું રાખ્યો. કેટલોક વખત ઝાંશીની અંદરના સિપાઇઓએ અંગ્રેજોના યત્નને સફળ થવા દીધો નહિ. છેવટ લેફટેનંટ ડિક અને લેફટેનંટ મેકલીજોન મોટા શૌર્યથી સીડીઓ લગાડી કિલ્લા ઉપર જઇને ઉભા રહ્યા પરંતુ તેઓ બીજા લશ્કરને કોટ ઉપર ચઢાવે ત્યાર પહેલાં ઝાંશીવાળા શૂરવીર સરદારોએ તેમને કાપી નાખ્યા. લેફટેનંટ બોનુસ અને ફોક્ષની પણ એજ દશા થઈ. બ્રિટિશ સૈનાએ કિલ્લા ઉપર ચઢી જવાને માટે ઘણો યત્ન કર્યો અને ઉભય સેનાઓ વચ્ચે મહા તુમુલ યુદ્ધ થયું. આઠ ઠેકાણે યુરોપિઅનોએ સીડીઓ માંડી પરંતુ એકે ઠેકાણે તેઓ ફતેહ મેળવી શકયા નહિ.*

---

*ડૉ. લો લખે છે કે:—

"No sooner did we turn into the road leading towards the gate than the enemy's bugles sounded, and a fire of indescribable fierceness opened upon us from the whole line of the wall, and from the towers of the fort overlooking this site. For a time it appeared like a sheet of fire, out of which burst a storm of bullets, round shots, and rockets, destined for our annihilation. We had upwards of two hundred yards to march through this fiendish fire, and we did it, and the Sappers planted the ladders against the wall in three places for the stormers to ascend, but the fire of the enemy waxed stronger, and amid the chaos of sounds of vollies of musketry and roaring of cannon, and hissing and bursting of rockets, stink-pots, infernal machines, huge stones, blocks of wood, and trees, all hurled upon their devoted heads,—the men wavered for a moment, and sheltered themselves behinee stons. But the laeeers were there and there the Sappers, animated by the heroism of their officers, keeping firm hold until a wound or death struck them down beneath the walls. It seemed as though Pluto and the furies had been loosed upon us; and inside bugles were sounding, and tomtoms beating madly, while the can-

એક તરફ આ પ્રમાણે પ્રાણ ઉપરની લડાઇ ચાલતી હતી ત્યારે બીજી બાજુ તરફ બ્રાકમેને રાણી સાહેબના લશ્કરનું જોર કમી કરવાને માટે મહેનત લેવા માંડી હતી અને ત્રીજી બાજુએ બ્રિગેડીઅર સ્ટુવર્ટે ઝાંશીનો વેરછાનો દરવાજો સર કરવાને માટે લડાઇ ચલાવી હતી. દરવાજા આગળ ઉભય પક્ષના યોધાઓ હાથોહાથિઆ લડાઈ લડતા હતા તેમાં હજારો માણસ મરણ પામતા હતા, તેવામાં કેટલાક અંગ્રેજો સીડીઓ માંડીને દરવાજા ઉપર ચઢવાનો યત્ન કરવા લાગ્યા. સરદારો અને સૈનિકોએ બહુ શૂરવીરતા દેખાડ્યા છતાં છેવટ યુરોપિઅનો કિલ્લા ઉપર ચઢી ગયા. તાબડતોબ સર હ્યુ રોજ પોતાના માણસો સાથે ત્યાં આવી પોહોચ્યો અને જોતજોતામાં દેશી લશ્કરને નસાડી તેઓ શહેરમાં દાખલ થયા. શહેરના મધ્ય ભાગમાં રાજવાડાનું રક્ષણ કરવાને માટે કેટલાક માણસો રાખેલા હતા તેમના ઉપર સત્વર હલ્લો લઇ જઇ તે સર કરવાને સર હ્યું રોજે રાજવાડા તરફ પોતાના સૈન્યને પ્રેર્યું.

રાણી લક્ષ્મીબાઇ જે બીજી તરફ કિલ્લા ઉપર રહી અંગ્રેજોની સામે લડાઇ ચલાવતાં હતાં તેમના જાણવામાં આ વાત આવી અને તેમણે પાછું વાળીને ઝાંશી તરફ જોયું તો હજારો યુરોપિઅનોને શહેરમાં દાખલ થયેલા જોયા. લાગલગટ બાર દિવસ સૂધી લડાઈ ચલાવ્યા પછી છેવટ અંગ્રેજ લોકોએ ઝાંશી લીધું એમ જણાતાં રાણી સાહેબનું મોં પડી ગયું, તેમની આશાઓ ગળી ગઈ અને નિરુત્સાહ થયો, તોપણ તેમણે એકવાર ફરીને યુરોપિઅનોની સાથે સંગ્રામ કરવાની હિમ્મત ધરી. રાણીસાહેબની પાસે અઢીહજાર આરબ લોક તરવારબંધ હતા. એ આરબોને લઇ અંગ્રેજ લોકના ઉપર તુટી પડવાનો તેમણે વિચાર કર્યો અને તેમને લઇ કોટ ઉપરથી નીચે ઉતર્યાં. હાથમાં નાગી તલવાર લઇ રાણી આગળ થયાં અને આરબો પૂર્ણ જોશથી તેમની પાછળ ચાલ્યા. અંગ્રેજોએ પણ તરવારો ખેંચેલી હતી. રાજવાડા આગળ અંગ્રેજો અને આરબોનો જંગ મચ્યો. બેઉ લશ્કર એક બીજામાં સેળભેળ થઈ ગયું અને તરવારો ઉપર તરવારોની એવી કતલ ચાલી કે લોહીની નીકો વહી. અ-

---

non and the musket were booming and rattling, and carrying death among us fast. At this instant on our right three of the ladders broke under the weight of men, and a bugle sounded on our right for the Europeans to retire !!"

Central India. P. 254.

૯૫ કાળની અંદર ઘણાક યુરોપિઅનો કપાઇ ગયા. આરબોની તરવાર ચલાવવાની ચાલાકી આગળ યુરોપિઅનોનું ઝાઝું ન ચાલ્યું ત્યારે તેઓ આસપાસનાં ઘરોમાં અથવા અડતલે બેશી ગયા અને ત્યાંથી આરબો ઉપર બંદુકોનો મારો ચલાવ્યો. રાણીના માણુસો પાસે બંદુકો ન હોવાથી યુરોપિઅનોનો ઘાણ કાઢી નાંખ્યા છતાં તેમને પાછા હઠવું પડ્યું.*

ચારે તરફથી અંગ્રેજ લોક શહેરમાં દાખલ થવા લાગ્યા અને પાંચ વર્ષની ઉપરના તથા એંશી વર્ષની અંદરના માણુસને મારતા તથા વિજન કરતા ચાલ્યા. કતલની સાથે તેમણે શહેરમાં આગ લગાડી. લોકો મરણના ભયથી ઘરના ખૂણામાં, કાતુરીઆંમાં અને બીજી જગોએ ભરાઇ જવા લાગ્યા કેટલાક પુરૂષો બાયડીઓમાં કપડાં પહેરી પ્રાણ રક્ષણને માટે પેરવી કરવા લાગ્યા અને કેટલાક ગભરાણમાં આગમાં અને કતલમાં વધભૂમિમાં બેબાકળાં થઇ. નાશભાગ કરતાં પશુની માફક ભાન વગર આમતેમ ગાંડા ઘેલા જેવાં ફટકેલ ચિત્તે ભ્રમણ કરવા લાગ્યા. ગોરા લોકો શહેરમાં પેશી ગયા ને વિજન કરતા ચાલ્યા. અંગ્રેજો આવે છે એમ સાંભળતાં કેટલાક લોક શહેરમાંના ભિડીબજારના બાગમાં ભેગા થયા. જેવું બ્રિટિશ સૈન્ય ત્યાં આગળ આવ્યું તેવાજ લાંબા છટ થઈ દીન મુખે દંડવત્ પ્રણામ કરી તેમણે ગોરા લશ્કરના ઉપરિને કહ્યું કે 'સાહેબ! અમે નિરપરાધી રૈયત છીએ; અમે તમારા સામે લડવા આવ્યા નહોતા, અમને દયાળુ થઈ પ્રાણદાન આપો." ગોરા લશ્કરના ઉપરિના અંતઃકરણમાં તેમનાં દીનવચનોએ દયા ઉત્પન્ન કરી, તેથી તેણે એ

---

*ડા. લો કહેછે કેઃ—

"To the west side of the palace about 1500 men collected in a place called the New Pettah, and here they determined to stand or die. After some hard fighting a good many endeavoured to escape, but the Cavalry cut up some 300, and the rest then moved beneath the fort in which the Ranee and, as reported about 500 followers, had taken shelter. * * * All the day of the 4th there was a good deal of street fighting going on, and we lost great number of men in one way or another."

Central India. P. 260.

ગરીબ લોકને બાગમાં ઘાલી દરવાજો બંધ કરાવ્યો અને ત્યાં આગળ પેહેરો મુકયો.*

*ડા. લૉ કહેછે કેઃ—

"Death was flying from house to house with mercuriae speed; not a man was spared, and the streets began to run with blood. Ere long the houses on both sides of the street leading to the palace were on fire. The heat from the sun and these flames was fearful; and as we passed from beneath the cover of these burning buildings to get into the palace yard, we had to make a rush, for the gate way was immediately commanded by the fort, into which the enemy had fled, and from which they kept up a constant heavy fire upon this spot. + + +

"The street fighting went on all this time in a terrible way. Those who could not escape threw their women and babes down wells, and then jumped down themselves; they were dragged out, the women and children taken care of and the men then despatched. Every house, almost, had its inmates of rebels, who fought to the death like tigers, so the bayoneting went on till after sunset."

"The fall of Jhansi was more than successful, for not only did the General capture their strong-hold, but he so completely hemmed them in that escape to the mass was next to impossible. Death stared them in the face on every side; no quarter was awarded them as a word of warning to others. I exaggerate not when I say I saw the streets stained with blood, but I also know that the rough and bearded soldier behaved most kindly to the women and children. It was an awful sight to see these poor creatures follow out of their houses some rebel husband, brother or son, who was at once shot, and then to see them huddled together, pale and trembling, beneath the walls, helpless and alone in the world! But the soldier was as compassionate to these poor wretches as he was unrelenting to all male inhabitants found in arms. Many I saw dividing the contents of their havresacs among these half-starved women and children, and every women was treated with kindness and respect."

—*Central India. P. 262-63.*

બીજી તરફ કેટલાક ગોરા સિપાઇઓ ઘરોમાં પેશી જઇ લોકને મારી નાંખી સેનારૂપાની લૂંટ ચલાવવા લાગ્યા. ઘરમાંથી જો એકાદ પુરૂષ હાથ આવ્યો તો તેને ગળે ધોતીયું બાંધી ખેંચતાણ કરી ધન માગતા અને ધન બતાવી છુટેલો માણસ આગળ જતાં ગોળીને ભોગ પડતો. ઘરમાં ધનની આશાએ સિપાઇઓ ભૂમિ ખોદી નાંખતા, ભીતો કોચી નાંખતા અને પેટી પટારાઓનો પણ હથિયારોથી નાશ કરી નાંખતા હતા. ગોરા સિપાઇઓ ધર્મ ચુસ્ત અને તોફાની મુસલમાનોની માફક સ્ત્રિઓને મારતા નહોતા પરંતું કુળવાન લોકનાં બૈરાં ગોરાઓ આવી આપણને ભ્રષ્ટ કરશે એવા ભયથી આપો આપ ગળે ફાંસો ખાઇ અથવા બીજી રીતે પોતાના પ્રાણ કાઢી નાંખતાં હતાં. કોઇ ઠેકાણે પોતાના સ્વામીને સિપાઇઓ ગોળી મારીને મારી નાંખવાની તૈયારી ઉપર હોય એટલામાં તેની પ્રતિવ્રતા અને કુળવાન સ્ત્રી આવી તેને ભેટી પડે અને પુરૂષના ઉપર નેમ બાંધેલી ગોળી પેલી સ્ત્રીને વાગતાં ને પોતાના સ્વામિના ભૂજાંતરમાં પરલોકને પામે, અને એ પ્રમાણે ગોળી વાગતાં સિપાઇઓ બીજી ગોળીથી તેના સ્વામિને ઠાર મારે. આ પ્રમાણે દૃઢવ્રત વાળી કેટલીક કુળવાન વધુઓ પોતાના સ્વામિને ભેટી ગોરા સિપાઇઓની, સ્વામિના ઉપરની નેમવાળી ગોળીઓથી પોતાનું મરણ માગી લઇ સતી થઇઓ, પરંતુ ગોરા સિપાઈઓની નીતિને માટે અત્યંત ધન્યવાદ આપતાં એટલું પણ જણાવવું અવશ્ય છે કે, તેમણે એક પણ સ્ત્રીને પોતાના શસ્ત્રથી મારી નહોતી કિંવા અપશબ્દથી અપમાન આપ્યું નહોતુ. શત્રુમાં જે વખાણવા જોગ ગુણ હોય છે તે નીતિ, ગોરા સિપાઇઓમાં સ્તુતિપાત્ર જોવામાં આવે છે. પશ્ચિમ તરફના લોકોમાં સ્ત્રીઓને માટે જે માન જોવામાં આવે છે તે તેમને ખરેખરૂ ભૂષણાસ્પદ છે. નામદાર બ્રિટિશ સરકારના રાજ્યમાં સર્વત્ર સ્ત્રિઓનું માન અને રક્ષણ થાય છે અને તેણે કરીનેજ તેમની ચઢતી થઇ છે એમ કહીએ તોપણ ચાલે. મહાત્મા મનુએ કહેલું છે કે, 'यत्र नार्यस्तु पूज्यन्ते रमते तत्र देवता. સુધરેલા નહિ અને સહજ રીતે ક્રૂર અંતઃકરણના છતાં લડાઈના જેવા હંગામમાં વળી દ્વિગુણિત કોપને પામેલા છતાં પણ સોલજરો કોઇ ઠેકાણે સ્ત્રીઓને અપમાન આપતા નથી. ઝાંશીમાં પણ તેમણે સ્ત્રીઓની આબરૂને સાચવી. એ તેમને તેમજ તેમના ઉપરીઓને શોભા આપનારૂ કહેવાયું. આખો દિવસ ગોરા સિપાઈઓએ નગરમાં કતલ, આગ અને મારામારી

રમખાણુ મચાવી છેવટ રાત્રિને માટે બંદોબસ્ત કર્યો તથા સઉ પોતપોતાના ડેરા તંબુમાં ગયા.

હવે રાજમહેલ કેવી રીતે સર કરવામાં આવ્યો તેણી તરફ નજર નાંખીએ. નગરમાં પેઠા પછી અને આરબ લોકોની સાથે તલવારોની લડાઈ થઈ ગયા પછી સર હ્યુ રોજ અને કર્નલ લોથ ૮૬ મી. પલટણના સિપાઓને લઈ રાજ મહેલ સર કરવા ગયા. રાજ મહેલ આગળ રાણીના કેટલાક શૂરવીર પહેરેગીરો હતા તેમણે સર હ્યુ રોજની સામે ટક્કર લીધી અને તુમુલ યુદ્ધ કર્યું તેમાં કેટલાક યુરોપિઅનો ખપી ગયા. 'ઝાઝી કીડીઓ સાપને તાણે' એ કહેવત પ્રમાણે ઘણા અંગ્રેજો આગળ તેમનું કંઈ ચાલ્યું નહિ અને યુરોપિયનોએ રાજ મહેલમાં આગ લગાડી તેથી પહેરેગીરો જીવ લઇને નાશી ગયા. જે વખતે અંગ્રેજ લોકોએ મોટા શૌર્યથી રાજ મહેલ ઉપર હલ્લો કરી આગીઆ વૈતાલને સાધ્યો તે વેળાએ મોટા વિદ્યુત્પાતની માફક ઝાંશીના મહારાજનો રાજ્ય વૈભવ સંગ્રહ રાજમહેલ લગભગ નાશ પામ્યો. અંગ્રેજ લોકો રાજમહેલમાં દાખલ થઇ ગયા અને જે કોઇ માણસ ધક્કે ચડ્યો તેને તરત યમસદનમાં મોકલી દીધો. પાયગાના ૫૦ માણસોએ વળી તેમની સામે આવી ટક્કર લીધી અને તેમાં ઘણાક અંગ્રેજો માર્યા ગયા. ઝાંશીના રાજ મહેલમાં પછી અંગ્રેજ સિપાઈઓએ લૂટ ચલાવી. 'યુનિયન જેક' નામનો જે વાવટો ઝાંશીમાં હતો તે કિલ્લા ઉપર ચઢાવી દઈ અંગ્રેજ લોકોએ પુનઃ ઝાંશીમાં બ્રિટિશ રાજ્યસત્તા સ્થાપન કરી.

આણી તરફ કિલ્લામાં બીજીજ વાત બની આવી. રાણીસાહેબ પોતાના સૈન્યને હારતુ જોઈ રાજમહેલમાં પાછાં આવ્યાં અને અત્યંત શોકથી દિવાનખાનામાં બેઠાં. રાણીની આપ્ત મંડળી તેમની દશા જોઈ ચિંતાગ્રસ્ત થઈ ગઈ અને હવે શું થશે એમ વિચાર કરવા લાગી. શહેરની અવસ્થા જોવાને માટે તે અગાશીમાં ગયાં અને જોયું તો તેને અંગ્રેજોથી વ્યાપ્ત અને શોકાક્રાંત થયેલું જોયું. રાણીસાહેબની આંખોમાંથી આંસુની ધારાઓ વહેવા માંડી, હલવાઈવાડો જે શહેરમાં સઉથી વધારે ધનવાન હતો તેમાં આગ લાગેલી હતી અને ઉનાળાના પ્રખર તાપમાં અગ્નિની જવાળાઓ નગરની ગરમીમાં લાય વરસાવી રહી હતી. જ્યાં ને ત્યાં રડારડ, નાશાનાશ અને મારામાર ચાલી રહેલી હતી. ઉપરા ઉપરી બંદુકોના બાર થયે જતા હતા અને નિરપરાધી માણસો ટપોટપ મરણ પામતાં હતાં. આવો ભયંકર દેખાવ જોઈ રાણી-

સાહેબનું અંતઃકરણ ભરાઈ આવ્યું, તે નિચેષ્ટિત થઇ રહ્યાં અને કેટલીક-વાર સુધી તો તેમની આંખોમાંના આંસુઓ પાંપણમાં ભરાઇ રહ્યાં. દુઃખ-માં દુઃખ રૂપ એટલામાં વળી ઝાંશીનો મુખ્ય ગોલંદાજ ગુલામ ગોષખાન માર્યો જવાના સમાચાર આવ્યા, મહારાણી લક્ષ્મીબાઇના હાથ હેઠા પડયા અને છેવટ તેમણે પોતાના કારભારીઓને એકાંતમાં બોલાવી આ પ્રમા-ણે કહ્યું. 'આજ સુધી આપણે અંગ્રેજોની સામે ટકાવ કર્યો પરંતુ હવે આપણે તેમની સામે ટકાવ કરી શકીએ એવો જરાય સંભવ નથી. શ-હેરમાં તેઓ નાકાબંધી કરીને પડયા છે માટે હું આ ઠેકાણેજ મહેલને આગ લગાડી મારો દેહાંત આણવા ધારૂંછું. જેને પ્રાણ વહાલો હોય તે-મણે રાતે નાશી જવું અથવા મારી સાથે ઉછળતી આગમાં પ્રાણનું બ-લિદાન આપવાને તત્પર થવું." મહારાણીનાં આવાં રજપૂતાણીના જેવાં વચન સાંભળી આપ્ત મંડળીમાંના એક વૃદ્ધ સરદારે આગળ આ-વી રાણી સાહેબને વિનતિ કરી કે, 'મહારાજ! આપ જરા શાંત થાવ, ઈશ્વરે ઝાંશીના ઉપર આજ જે ભયંકર પ્રસગ આણ્યો છે તે તેના પૂર્વ સંચિતથી આવ્યો છે. જે દુઃખ આવી પડનાર હોય છે તે અન્યથા થતું નથી, માટે આપે આવે પ્રસંગે આત્મઘાત જેવું પાતક કરવાને પત્પર થવું નહિ. હજી વખત છે. આપ આજ રાત્રે શહેર બહાર નીકળી પડો અને પેશવાના લસ્કરને જઇ મળો, એમ કરતાં માર્ગમાં સામી છાતીએ મરણ આવશે તો સ્વર્ગ મળશે, માટે આ આત્મઘાતનો વિચાર છોડી ધો.' તે વૃદ્ધનાં વચનોથી રાણીનું શૂરાતન તેજ થયું અને તેમણે રણાં-ગણમાં પ્રાણ ત્યાગ કરવાનો પુનઃ નિશ્ચય કર્યો.

સાયંકાળ થયા પછી રાણી સાહેબે પોતાનાં ખાસ માણસોને બોલા-વી તેમની છેવટની ભેટ લીધી અને તેમને યોગ્ય બક્ષીસ આપી કિલ્લાને છુપે દરવાજે શહેરમાં મોકલી દીધાં. સેવકો અને દાસીઓ પોતાની માનિતી રાણીની છેવટની ભેટ લઈ આંસુ ભરી આંખે નગરમાં ચાલ્યાં ગયાં, ત્યાર પછી રાણીની સાથે જનારાંએ પોત પોતાની તૈયારીઓ કરી. એ-ક હાથી ઉપર પુષ્કળ ધન લાધ્યું અને તેને ઘોડેસ્વારોની વચ્ચે રાખવા-નો ઠરાવ થયો. સાથે જનાર બીજા શૂરવીરોએ પણ સોનાનાણાની થેલી-ઓ પોતપોતાની કમ્મરે બાંધી લીધી. રાણી સાહેબ તેમની એક માનિ-તી દાસી અને બીજી કેટલીક સ્ત્રીઓ તૈયાર થઈ તેમાં રાણીએ પુરૂષનો પોશાક પહેર્યો અને શ્રીમંત દામોદરરાવને પોતાની પાછળ ઘોડા ઉપર લઈ લીધો. બધી તૈયારી થઈ રહ્યા પછી રાતના બરોબર બાર વાગતાને

અમસે રાણી સાહેબ બહાર પડયાં. શહેરની આસપાસ અંગ્રેજનું મોટું સૈન્ય પડેલું હતું તથા કિલ્લા ઉપરના પહેગારો સાવધાનીથી પોતાનું કામ કરતા હતા. રાણી સાહેબના માણસોએ બહાર પડી અંગ્રેજ લોકની સાથે ઝપટ ચલાવી એટલામાં રાણી સાહેબે પોતાનો ઘોડો મારી મુકયો. સર હ્યુ રોજને રાણી નાશી જવાનો ખબર પડતાં તે આશ્ચર્ય પામ્યો અને તરત લેફટેનંટ બૌકરને તેમની પછવાડે મોકલ્યો પરંતુ રાણીનો પવન વેગી ઘોડો સપાટા બંધ માર્ગ કાપે ગયો અને યુરોપિઅન ઘોડેસ્વારોને અંધારાને લીધે કંઈ સુઝ પડી નહિ. મોટી બ્રિટિશ છાવણીમાં થઈને રાણી સાહેબ પોતાના બુદ્ધિબળથી સપાટા બંધ ચાલ્યાં ગયાં તે સાંભળીને કોને આશ્ચર્ય નહિ લાગે ? *

બીજે દિવસે સવારે અંગ્રેજ લોકોએ કિલ્લાને પોતાને સ્વાધીન લઇ તેના ઉપર બ્રિટિશ વાવટો ચડાવ્યો. રાણીસાહેબ ઝાંશામાંથી ચાલ્યાં ગયાં અને તેમની પુંઠે જનારા માણસોને અંગ્રેજોની સાથે લડાઈ થઈ. એ લડાઇમાં રાણીના માણસો હાર્યાથી બંદિવાન થયા તથા કેટલાક નાશી ગયા. જે લોકો પકડાયા તેમને તરતજ યમસદનમાં પહોચાડી દેવામાં આવ્યા. પછી બીજે દિવસે ઝાંશીના મુખ્ય મુખ્ય મુસદ્દી અને સર-

---

*કર્નલ મેડોજ ટેલર લખે છે કેઃ—

"At last, while yet much of night remained, one of the gates in a secluded part of the fortifications was opened and a sad procession issued forth. The Ranee and her sister, or companion, dressed like men, with a few of her chosen retainers, rode silently from the portal, into the gloom beyond...No one spoke, except in whispers, and the gate was closed and barred as the last man passed out. It was to be a ride for life that night for the English cavalry patrols of the 14th Dragoons, and the Hyderabad contingent, were everywhere vigilant; and to meet any of them was ensure certain death. How these men were evad was never ascertained, but the Ranee had perfect gui s e was a fearless rider, and she pressed on at a rapid i to the rough, jungly country, in which her best safety l

Taylor's Seetu. Vol. III. P. 259.

દાર લોકની શોધ ચાલી. મહારાણીના મુખ્ય કારભારી તેમના પિતા મોરોપંત તાંબે હતા. મોરોપંત રાણીની સાથે નાશીં જવાને તૈયાર થયા હતા પરંતુ દ્રવ્યમાં તેમનો જીવ ભરાઈ રહેલો હોવાથી આપણે ઉપર કહ્યુ તેમ તેમણે એક હાથી ઉપર દ્રવ્ય લાધું હતુ. રાણીના જવા પછી અંગ્રેજોની સાથે થયેલી અથડાઅથડીમાં મોરોપંતને ઘા લાગ્યો છતાં તે ઘોડા ઉપરના ઉપર નાશી ગયા. આખી રાત લોહીઅચુતા નાશીને સવારે તે દતિયામાં આવ્યા અને એક તંબોળીને ત્યાં આશ્રય લીધો પરંતુ દતિયાના દિવાનના જાણવામાં આવતાં તેણે ત્યાંથી પકડાવી તેમને ઝાંશી મોકલી દીધા. બપોરના બે વાગે સર હ્યુ રોજ અને સર રોબર્ટ હેમિલ્ટને તેમને રાજમહેલ આગળ ફાંશી દીધા. આ પ્રમાણે રાણી સાહેબના પિતા અને કારભારી મોરોપંત તાંબેનો અંત આવ્યો.

પ્રકરણ ૧૨ મું.

કતલ અને લૂંટ.

મહારાણી લક્ષ્મીબાઈ ઝાંશી છોડીને ગયા પછી શહેર અને કિલ્લો અંગ્રેજ સરકારના તાબામાં આવ્યાં. અંગ્રેજ સૈન્ય વિજયના આનંદમાં નિમગ્ન થઈ ગયું એટલુંજ નહિ પણ ૧૮૫૭ ના જુન માસમાં ઝાંશીમાં અંગ્રેજ લોકોની કતલ થઈ હતી તેનો બદલો લેવાને માટે એકપગે થઇ રહ્યું. વિજયોત્સાહથી ગોરા સિપાઇઓનાં અંતઃકરણ ભરાઇ ગયાં તેથી તેમની દયાશીલતા જતા રહી અને તેમના મનમાં મહાઝેર તથા દ્વેષ ઉત્પન્ન થયાં. તા. ૫ મી ને દિવસે લેફ્ટેનંટ બેગ્રીસાહેબે ઝાંશીનો કિલ્લો હસ્તગત કર્યો એટલે અંગ્રેજ સિપાઈઓ નિર્ભય થઇ નગરમાં પેઠા. ઝાંશીમાં હથિયાર ઝાલે એવું કોઈ રહ્યું નહોતુ એટલે અંગ્રેજ સિપાઇઓને કોની સાથે અથડાઅથડી થાય? પૌરજન માત્ર અંગ્રેજના દ્વેષને ભોગ પડ્યા. ગોરા સિપાઇઓએ ગરીબ બિચારા ગૃહસ્થ લોકના ઉપર પોતાની બંદુકોના ઘોડા ઢીલા કર્યા. આવે વખતે પૌરજનની જે દીન દશા થઈ હતી તેનું તો આ કલમથી વર્ણન પણ થઇ શકે તેમ નથી. શહેરમાં કોઈ ઠેકાણે અગ્નિદેવ જ્વાળાઓ પ્રસારી રહ્યા હતા અને કોઇ ઠેકાણે ગોરા સિપાઇઓ ગરીબ લોક ઉપર કાળચ-

કને ગતિ આપી, મનુષ્યનું ક્ષણભંગુરત્વ સિદ્ધ કરતા હતા. વળી કોઈ ઠેકાણે સિપાઈ સાહેબોએ ઝાંશીની લક્ષ્મીથી ખીસાં ભરવા માંડયાં હતાં. આ રીતે ઝાંશી શહેરમાં અંગ્રેજ સૈન્યે રમખાન મચાવી મૂકયું હતું. આ રમખાનની હકીકત એક નજર જોનાર વૃદ્ધ માણસ નીચે પ્રમાણે આપેછેઃ—

'રાણી સાહેબ શહેર છોડી જતાંજ સર્વત્ર સ્મશાન જેવું થઈ રહ્યું. પૌરજન ગોરાઓની ગોળીઓથી પ્રાણ રક્ષા કરવાને માટે ઘરની ભીંતોનાં હાટડાંમાં લપાઇ ગયાં અને રસ્તાઓપર મડદાંના ઢગલા થયા. કંઈક લોક આ દુઃખથી કલ્પાંત કરી રહ્યા હતા. ગરીબ લોક અન્નને માટે અને ઉંટ ઘોડાં વગરે જનાવર ઘાસને માટે નગરમાં બેબાકળા જેવાં થઇ જ્યાં ત્યાં આથડતાં હતાં. મોટી મોટી હવેલીઓમાં લગાડેલી આગના ભડકા આકાશને અજવાળતા હતા લોક ઘરબાર વગરના થઈ ગાંડાની માફક રસ્તેરસ્તે રખડતા હતા. પહેલે દિવસે આ પ્રમાણે રમખાણ કરી રાતે જ્યારે ગોરા સિપાઇઓ પોતાના તંબુમાં ગયા ત્યારે લોકના જીવમાં જીવ આવ્યો.

બીજે દિવસે પો' ફાટતાંજ પાછો ત્રાસ વર્તાઇ રહ્યો. અજવાળું થતાંજ બંદુકોના બાર કાને પડવા માંડયા અને પુનઃ હૃદયદ્રાવક મરણ ચીચીઆરીઓ સંભળાવા માંડી. લોકના જીવ પડીકે બંધાઈ ગયા. કોઇને લેશ પણ અન્ન પાણી મળવાની આશા રહી નહોતી. તડકાની સાથે જ પાછા રસ્તાઓ શબોથી ભરાઇ જવા માંડયા. સગાંસાગવાં પોતપોતાના સગાને ઉચકી લાવી ઘરને આંગણે તુળશી કયારા આગળજ તેની દહનવિધિ કરવા લાગ્યા આ પ્રમાણે કરતાં ગોરાઓની નજરે પડનારના પણ બુરા હાલ થતાં દહનવિધિ' કરનારા તેજ વિધિને યોગ્ય થઇ જતા હતા. આ ત્રાસજનક દિવસોમાં સ્ત્રિઓની સ્થિતિ તો છાતી ફાડી નાંખે એવી થઇ પડી હતી. તેમના કલ્પાંતથી તો ભીંતરીવાંમાં લપાઇ ગયેલા લોકનાં હૃદય દ્રવિ જતાં હતાં, જેનું વર્ણન શબ્દોથી થઈ શકે એમ નથી !

લોકો ઘાસની ગંજીઓમાં સંતાઇ પેસતા તો ગોરા સિપાઇઓ ગંજીઓને સળગાવી મૂકી ત્યાંજ તેમનો છેવટનો અંગ્નિસંસ્કાર કરી દેતા હતા, લોક પાણીમા સંતાઈ જાય ત્યાં પણ મચ્છ ઉપર બગની માફક ગોરા સાહેબો ઘોડો ચઢાવીને બેશી રહેતા અને પાણીની બહાર માથુ દેખાતાંજ શ્વાસની સાથે પ્રાણ લઈ લેતા હતા, અર્થાત્ ઝાંશીમાં કોઇ પણ એવું સ્થાન તે વખતે નહોતું રહ્યું કે જ્યાં આગળ સંતાઇ રહેતાં

પ્રાણની રક્ષા થાય. આ રીતે ત્રણ દિવસ સુધી ઝાંશીમાં કતલ ચાલી ત્યાર પછી સિપાઇઓની બહાદુરી માટે તેમને લૂંટ ચલાવવાની પરવાનગી મળી. સિપાઇઓએ પણ ખુબ ખંતથી લૂંટ ચલાવી અને સોનું, રૂપુ, હિરા, મોતી તથા જવાહિર જે મળ્યું તે લૂંટયું. લૂંટમાં ગોરા સિપાઇઓને ઝાંશીમાંથી અઢળક ધન મળ્યું. *ત્રિજે દિવસે અંગ્રેજ સિપાઇઓ રાજમહેમાં પેઠા અને ત્યાં લૂંટ ચલાવી. આ રાજ મહેલ ઘણોજ જુનો અને પેશવા સરકારના વખતનો હોવાથી તેમાં પુષ્કળ હીરા અને જવેરાત હતું. પન્નાની ખાણના હીરા તેમાં ઘણા અમુલ્ય હતા. સોનુ રૂપુ અને

---

* આ લૂંટનું વર્ણન અંગ્રેજોએ લખેલા ઈતિહાસમાં મળતું નથી છતાં સર હ્યુ રોજના સૈન્યમાંના એક ડૉક્ટરોએ થોડુક લખ્યું છે. વળી તે વેળાએ ઝાંશીમાં હાજર રહેલ એક બીજા આસી. સર્જન જોન હેન્રી લખે છે કે:-

"So soon as the fighting had ceased officers and men bagan to look about them with that spirit of curiosity which pervades one when visiting the shops in Wardour street, Leicester Square: they dived into every house and searched its dark corners, they pulled down walls, or parts of walls, which looked of recent build, all in this selfsame spirit of curiosity-not to *loot*, of course, because that was forbidden under the strictest punishment. One class of articles, however, seemed to me to be looked on as fair loot by even the most scrupulous-these were the gods found in the temples. They were collected in great numbers, and were strangely sought after by every officer and soldier. There were Gunputties and Vishnoos innumerable, and of every metal. Some were really pretty ornaments, silver, with gold bangles on their grotesque limbs, and small enough to be worn on the watch chain; others were of brass and stone, of rare workmanship. +"

—*Recollections of the Campaign in Malwa and Central India. P. 108.*

ડુંડામાં સર્વ વસ્તુ અંગ્રેજ સિપાઇઓ લૂંટી ગયા* બીલોરી સામાન, મશરૂની ગાદીઓ અને તકીઆ, રૂપાંના પલંગ અને ખુરશીઓ સોનારૂપાની મુંડવાળી તલવારો અને ભાલાઓ, હાથી દાંતનો સામાન, પાઘડીઓ ઉંચી જાતના સાલજોટા, અને ખુદ ઝાંશીના રાજ્યનું જુનુ નકશીદાર સિંહાસન વગેરે હજારો વસ્તુઓ તેઓએ લઈ લીધી તથા ભાગીને ભુકો કરી નાંખી. ઝાંશીના સુબેદારો વિદ્યાવિલાસી હોવાથી તેઓએ એક મોટી પુસ્તકશાળા રાખેલી હતી, જેમાં ચારે વેદ, તેનાં ભાષ્યો, શાસ્ત્રનાં સૂત્રો અને તેનાં ભાષ્ય, ટીકાવાળી સ્મૃતિઓ, વેદના શ્રોત સ્માર્ત કર્મ ત-

---

*, ડૉ. લો સાહેબ રાજમહેલની ઘટના સંબંધમાં નીચે પ્રમાણે વર્ણન કરે છે:—

"In the first moments of excitement our troops smashed and destroyed everything before them. Doors inlaid with plate-glass, mirrors, chandeliers, chairs, and other native furniture, went to a thousand pieces in a moment; every room ransacked and covered with heaps of things broken and torn to atoms; carpets, mats, velvet and satin beds, bedsteads with silver feet, velvet cushioned chairs, a brazen throne of excellent old workmanship, golden and silver handled tulwars, spears, silver mounted sticks, silver birdcages, ivory footstools, lamp shades, marble slabs, dozens of pagrees and shawls, silver candlesticks, croekery ware, and a thousand other things such as a luxurious woman would have, lay here and there in chaotic confusion in every part of the building.

"The soldiery went to and fro tramping over and threw these things, and kicking them about as they would, any heap of rubbish, until order was somewhat restored."

" A good many of the jewels had found their way into their pockets, but consideriug the temptation, one must say that they were more than obedient to the order to keep their hands from picking and stealing under the trying and exciting circumstances. "

—Central India. P. 264.

થા ધર્મવિષક ગ્રંથો, જોતિષ, વૈદક, નાટક, કાવ્ય તથા બીજા અનેક જાતના ગ્રંથો રાખવામાં આવેલા હતા. અંગ્રેજ સિપાઇઓએ તે સઉ રસ્તામાં નાંખી દીધા અને રાજમહેલ વેરાન બનાવી મૂકયો. કોઇપણ ઠેકાણે તેમણે કોઈ વસ્તુને અખોવન રહેવા દીધી નહિ. લંકામાં વાનરોએ પણ જેવું રમખાણ નહિ કર્યું હોય તેવું રમખાણ ઝાંશીમાં અંગ્રેજ સિપાઇઓએ કરી મૂકયું. નગારખાનાંમાં જઈ નોબતો ફોડી અને ફરાસખાનાં તથા અજબખાનાનો નાશ કરી નાંખ્યો.

ઝાંશીમાંનાં સઘળાં સરકારી સ્થાન લૂંટાઈ રહ્યા પછી, ગોરા સિપાઇઓએ ઝાંશીકરોની કુળદેવી મહાલક્ષ્મીના મંદિર ઉપર દરોડો ચલાવ્યો અને ત્યાંથી અલંકાર વગેરે મૂલ્યવાન વસ્તુ લૂંટી લીધી. મહાલક્ષ્મીને વૈભવનો કંટાળો આવ્યો હશે ત્યારેજ આવો વખત આવ્યો એમજ કહેવું જોઇએ બીજું શું? ઝાંશીમાંથી જેમ અંગ્રેજ લોકને અપાર ધન મળ્યું તેમ હાથી અને ઘોડા પણ કંઇ થોડા મળ્યા નહિ. કિલ્લામાંથી પુષ્કળ દારૂગોળો અને મોટી મોટી ૪૦ તોપો તેમના હાથમાં આવી, તો પછી બંદુકો અને તલવારો કેટલી મળી હશે તેનો વાચકેજ વિચાર કરી લેવો.

પહેલા ત્રણ દિવસ ગોરા સિપાઇઓને લૂંટની છૂટ મળી હતી તે પૂરી થઈ એટલે ચોથે દિવસે મદ્રાસી પલટણને શહેરમાં લૂંટ ચલાવવાની પરવાનગી મળી. પૌરજને પોતાનાં તાંબાપીતળનાં વાસણ લૂંટથી બચાવવાને માટે ટાંકાં, કુવામાં નાંખી દીધાં હતાં પરંતુ લૂંટના સિપાઇઓ પોતાની સાથે બલાડીઓ લેતા આવ્યા હતા. તેમણે કુવા તળાવમાંથી જે વાસણ મળ્યાં તે સઘળાં કાઢી લીધાં. લોકના ઘરમાં જે ધાતુ પાત્ર તેમના જોવામાં આવતું તે તેઓ લૂંટી લેતા હતા. આ રીતે ધાતુ પાત્ર લૂંટવાનું મદ્રાસી પલટણનું કામ પુરૂ થયા પછી હૈદરાબાદવાળા કાળા સિપાઇઓને વસ્ત્ર માત્ર લૂંટી લેવાની વારી આવી. એ લોક શહેરમાં પેઠા અને ફાટયાં તૂટયાં જે વસ્ત્ર હાથ આવ્યાં તે લૂંટી લેવા લાગ્યા. શેરીઓમાં હાથી ઉભા રાખી તેઓ તેના ઉપર વસ્ત્ર, જાજમો, સેતરંજીઓ વગેરે જે હાથ આવ્યું તે લાદીને લઈ ગયા. આ લોકને મોટા મોટા વેપારીઓની દુકાનોમાંથી લાખો રૂપિઆની કિમતનું કાપડ હાથ આવ્યું. છઠ્ઠે દિવસે સર્વે સિપાઇઓ ઝાંશીમાંથી ધાન્ય લૂંટી લેવાને માટે શહેરમાં પેઠા અને પોઠીઓ ભરી ભરીને ધાન્ય લઇ ગયા. સાતમે દિવસે સર્વ પ્રકારની લૂંટ ચલાવવામાં આવી અને અંગ્રેજ લોકની કાળી ગોરી પલટ-

ગ્રે ઝાંસીમાંથી જે કંઈ તેમને હાથ આવ્યું તે લૂટી ગઈ. આ સાત દિવસની લૂંટથી ઝાંસીમાં કંઈજ રહ્યું નહિ, લોકસ્થિતિ દયાજનક થઈ પડી અને શહેર સ્મશાનવત્ થઈ ગયું.

આ પ્રમાણે સાત દિવસની લૂંટ પુરી થયા પછી આઠમે દિવસે અંગ્રેજ સરકારે–'ખુલ્ક ખુદાકા, મુલ્ક પાદશાહકા, ઔર અમલ અંગ્રેજ સરકારકા' એવી આખા શહેરમાં દાંડી પીટાવી. હાલ હવાલ અને કતલ કર્યા પછી લોકને માફી આપવામાં આવી તથા જાહેરનામાં ચોઢી નિર્ભયત્વ સોંપવામાં આવ્યું પરંતુ જો ખરૂ કહીએ તો હવે ઝાંસીના લોકને શાનો ભય હતો? રસ્તામાં પડેલાં શબને અવલ મંજલ પહોચાડવાનો હુકમ નીકળ્યો. ઠેક, ઠેકાણે હોળીઓ બળતી હતી તે છંટાવા માંડી, રસ્તાઓ સાફ થવા માંડયા અને મડદાંના ઢગ ઉપર લાકડાં નાંખી મહા સ્મશાનની માફક એક ચિતામાં અનેક હતભાગ્ય માણસોનાં શબને અગ્નિ દાહ દેવામાં આવ્યો. સાર્વજનિક ચિતામાં ઘણુંક મડદાં બાળી મૂકવામાં આવ્યાં. મનુષ્યનાં શબ આ રીતે ઠેકાણે પાડયા પછી માર્ગમાં જે હાથી, ઊંટ અને ઘોડાની લોથો પડી હતી તે ઉચકાવીને શહેર બહાર એક મોટા ખાડામાં નંખાવી ઉપર ધૂળ વળાવી. અંગ્રેજ સરકારે આ રીતે આઠ દિવસ સૂધી રોળ વર્તાવી છેવટ ઝાંસીનું સંમાર્જન કર્યું.

બીજે દિવસે સરકાર વાડાની પાછળ સર્વ પ્રકારની દુકાનો મંડાઈ ત્યાં હજારો લોક ભેગા થયા અને પોત પોતાના કામની વસ્તુઓ લેવા લાગ્યા. આ બજારમાંથી લોક પુનઃ પોતાના જીવનની વસ્તુઓ લેવા લાગ્યા કારણ કે બીજુ કશું તેમની પાસે રહ્યું નહોતુ. શહેરમાં બજાર ભરાયું ત્યારે આમ નગર બહાર અંગ્રેજ લોકની છાવણી આગળ પણ રાજમહેલમાંથી મળેલી વસ્તુઓની હરાજી ચાલી રહી.[1] હાથી, ઉંટ, ઘોડા અને બીજે લડાઈનો સરંજામ સિંધિયા સરકારે વેચાતો લીધો તથા જવાહીર જેવો મુલ્યવાન સામાન રાજા રજવાડાઓએ ખરીદ કર્યો. રાણી

---

૧ આ લીલામનું ડો. લોએ નીચે પ્રમાણે વર્ણન કર્યું છે.

"The prize agents were busily engaged daily in taking stock of the money, jewels, and other valuables found in the palace and town, and sales were going on daily in camp for the disposal of prize goods and the property that once belonged to officers who had died in action."

—*Central India.2P56..*

સાહેબની અને રાજાની મુલ્યવાન વસ્તુઓ ઠાકોરોએ લીધી. આ પ્રમાણે ઝાંશી નગર હસ્તગત થતાં અંગ્રેજ સરકારને તથા બ્રિટિશ લશ્કરને સારો હાથ વાગ્યો.

ઝાંશીનો બંદોબસ્ત કર્યા પછી સર હ્યુ રોઝે પોતાના વિજયી સૈન્યને વિશ્રાંતિ આપી, ત્યારે ન્યાય માર્ગે લોકના ઉપરે તવાઈ ચાલવા માંડી. સર રૉબર્ટ હેમિલ્ટને પછી બંડમાં સામેલ થનાર લોકને ન્યાયાસન ઉપરથી ન્યાય આપી દેહાંત શિક્ષા કરવા માંડી. તા. ૫ મી ને દિવસે રાણી સાહેબના વડીલ મોરોપંત તાંબે અને ઝાંશીના બક્ષી લાલાભાઉને ફાંસી દેવામાં આવી. બંડમાં સામેલ થનાર જે કોઈ હાથ આવ્યા તેમને એ ન્યાય્યાનુક્રમે રાજમહેલની પાછળ ફાશીને લાકડે લટકાવી દેવામાં આવ્યા. થોડા દિવસમાં સઘળુ થાળે પડી ગયું અને પૂર્વવત ઝાંશીનો કાર્યભાર શાંતિથી ચાલવા માંડયો.

૨૫ મી પલટણના અધિકારી મેજર રૉબર્ટસનને ઝાંશીના કિલ્લાની વ્યવસ્થા સોંપી સર હ્યુ રોઝે સંસ્થાનનો ઉત્તમ પ્રકારે બંદોબસ્ત કર્યો. એજ રીતે વળી તેણે પોતાના લડાઈમાં મરણ પામેલા તથા ઘાયલ થયેલા સૈનિકોની પણ વ્યવસ્થા કરી. રાજ મહેલમાં ઔષધાલય સ્થાપી ત્યાંજ જખમી થયેલા સૈનિકોની સારવાર કરાવા માંડી. લડાઇમાં તથા બળવામાં મરણ પામેલા અંગ્રેજ અધિકારીઓને તેમના ખ્રિસ્તિ ધર્મ પ્રમાણે ભૂમિદા દેવરાવ્યા. આ સંગ્રામમાં સર હ્યુ રોઝે ઉત્તમ પ્રકારે શૌર્ય બતાવ્યું તે બદલ ડ્યુક ઓફ કૅમ્બ્રીજ અને સર કોલિનકૅમ્બેલે તેની સ્તુતિ કરી છે.[1]

ઝાંશી કબજે કર્યા પછી સર હ્યુ રોઝે વિજયાનંદનો અનુભવ લેતાં લાગલીજ કાલ્પી ઉપર કેડ બાંધી. કર્નલ લીડેલને એક સારૂ સૈન્ય આપી કાલ્પી ઉપર સ્વારી મોકલી અને તેની પાછળ ઘણી ચતુરાઇથી યોગ્ય

---

૧ ડ્યુક ઓફ કૅમ્બ્રીજે લખ્યું હતું કે-

"This operation is highly satisfactory, and it only proves how much can be done with a small force, such as the one under your command, if it is but ably handled. I had always the greatest confidence in your talent and judgment."

અવસ્થા કરી. ઝાંશીના ઘેરામાં ઉભય પક્ષનાં મળીને કેટલાં બુદ્ધિવાન પ્રાણિઓ–માણસો *માર્યાં ગયાં તેની વિશ્વસનીય સંખ્યા જાણ્યામાં આવી નથી તથાપિ બ્રિટિશ સરકારના ૩૬ સેનાધિકારીઓ અને ૩૦૭ સૈનિકો મરણ પામ્યા અને ઘાયલ થયા તથા ઝાંશી તરફના ૫૦૦૦ હજાર સૈનિકો વીરગતિને પામ્યા એમ અંગ્રેજ ગ્રંથકારો લખે છે.* પ્રબળ અને કૃપાળુ અંગ્રેજ સરકાર સાથે સ્પર્ધા કરતાં ઝાંશીના સૈનિકોનો આમ ભયંકર સંહાર થઈ ગયો.[૧]

---

* આ સંખ્યા મે. જ. સારઓવેન બર્ન. કે. સી. એસ. આઈએ આપેલી છે. પરંતુ તેમાં જણાવ્યું નથી કે ઝાંશી તરફનાં એટલાં બધાં માણસ સમરાંગણમાં વીરગતિ પામ્યાં હતાં કે ઝાંશીમાં ચાલેલી કત્તલમાં કપાઇ ગયાં હતાં. ડૉ. લૉ. ઝાંશીની કતલના સંબંધમાં લખે છે કે,—

"In Jhansi we burnt and buried upwards of a thousand bodies, and if we take into account the constant fighting carried since investment, and the battle of the Betwa, I fancy I am not far wrong when I say I believe *we must have slain* 3000 of the enemy,"

—*Central India. P. 261.*

૧ માર્ટીન સાહેબ ઝાંશીની કતલના સંબંધમાં લખે છે કેઃ—

"On the 4th of April, the fort and remainder of the city were taken possession of by the troops, who, maddened by the recollection of the massacre committed there, and by the determined resistance of the people, *committed fearful slaughter*. No less than 5000 persons are stated to have perished at Jhansi, or to have been cut down by the flying camps + + + + The plunder obtained in the fort and town is said to have been *very great.*"

—*Martin's Indian Empire. P. 485.*

પ્રકરણ ૧૩ મું.

કાલ્પીમાં લડાઇ.

ઝાંશીમાંથી દશ પંદર સ્વારો લઇને રાણીએ કાલ્પી તરફ કૂચ કરવા માંડી. બીજે દિવસે સવાર થતાં સંસ્થાનની સરહદ ઉપર આવેલા ભાંડેર ગામને પાદરે જઈ તેમણે ઘોડા છોડયા. પોતે ઘોડેથી ઉતરીને પ્રાતઃકર્મ કર્યું અને ગામના મહાલકરીને મળીને દામોદરરાવને ભોજન કરાવ્યું. આણી તરફ અંગ્રેજ લોકોને નગરમાં પેસતાં રાણી નાશી જવાની ખબર મળી. સર હ્યુ રોઝે તરતજ હૈદરાબાદવાળી ઘોડે સ્વાર પલટણના સ્વારોની સરદારી આપીને લેફ્ટેનંટ બૌકરને રાણીની પાછળ મોકલ્યો. તે દુડમજલ ધાવન કરતો ભાંડેર નજીક આવી પહોચ્યો ત્યારે ગામીઆ લોકોએ રાણીને અંગ્રેજ લોકના આવ્યાના સમાચાર આપ્યા. આ વખતે રાણીની સાથે કોઇ નહોતું એમ કહીએ તો ચાલે, છતાં તેમણે હિંમત છોડી નહિ, તરતજ દામોદરરાવને પીઠપર બાંધી પોતે ઘોડે સ્વાર થયાં અને હાથમાં નાગી તરવાર રાખી કૂચ કરવા માંડી. લેફ્ટેનંટ બૌકરે મોટા યશને ખાતર રાણીની ખરેખરી પુંઠ લીધી તેથી માર્ગમાં તેમનો ભેટો થઈ ગયો. રાણીએ અત્રે વીરનરને પણ લાજ ઉત્પન્ન કરે એવું પરાક્રમ કર્યું. લે. બૌકરથી ડરી ન જતાં તે તેની સામે થયાં અને હિંદવાણીના કર્મમાં યશ મળવાનો તેથી મોટો શૂરવીર બ્રિટન રાણીની કાળની જીભ જેવી તીક્ષ્ણ તલવારથી ઘાલય થઈ ઘોડા ઉપરથી ધરણી ઉપર ઢળી પડયો.

જેમ મહા તેજસ્વી ભભુકાથી જગતને સ્તબ્ધ કરી નાંખીને વિજળીનો ચમકારો ચાલ્યો જાય તેમ લે. બૌકરને લોહી લુહાણ કરી રાણીસાહેબ સપાટાબંધ આગળ નીકળી ગયાં અને અનુધાવનમાં અસમર્થ થયેલો અંગ્રેજ વીર તેના ઘોડે સ્વારોની સાથે ભમાશ થઇ પાછો ફર્યો. માત્ર ચાર સ્વારની સાથે રાણી શૂરવીરતાથી કાલ્પી તરફ પ્રયાણ કરતાં હતાં. ચોવિશ કલાકે એક સો મૈલ કાપી રાતના બાર વાગતાં તે કાલ્પી પહોચી ગયાં. કાલ્પી જમુના નદીના તીરે આવેલું એક નાના પણ મજબુત કિલ્લાવાળુ શહેર છે. ત્યાં આગળ ઈતિહાસ ખ્યાત 'ચોરાશી ઘુમટનું મેદાન' નામે રણક્ષેત્ર છે. કાલ્પી પ્રથમ જોલવણવાળાઓના તાબામાં હતુ પરંતુ સને ૧૮૦૬માં તેમની સાથે તહનામુ કરીને બ્રિટિશ સર-

કારે પોતાના તાબામાં લીધું હતું. ૧૮૨૫માં નાના પંડિતે બંડ કરી પાછું તે પોતાના કબજામાં લીધું, પરંતુ તે વેળાએ અંગ્રેજ સરકારે ઝાંશીના સુબેદાર રામચંદ્રરાવની મદદ લઈને હસ્તગત કરી લીધું. ૧૮૫૭ના બળવામાં કાલ્પી બળવાખોરોના હાથમાં આવ્યું હતું. શ્રીમંત નાના સાહેબ પેશવાના બંધુ રાવ સાહેબ કાલ્પીનો કિલ્લો મજબુત હોવાથી ત્યાં આવીને રહેલા હતા. બળવાખોરોના જમાવે કાલ્પીમાં યુદ્ધ સામગ્રીનો ઘણો સારો જમાવ થયેલો હતો. રાણીને અહીં આવી પેશવાને મળવા સિવાય બીજો માર્ગ રહ્યો નહોતો માટેજ તે આટલી રંજ ખેંચી કાલ્પીમાં આવી દાખલ થયાં.

રાતે ઘોડા ઉપરથી ઉતરીને વિશ્રાંતિ લીધી. અને સવારે રીત પ્રમાણે રાણી સાહેબે શ્રીમંત રાવ સાહેબ પેશવાની મુલાકાત લીધી. આ મુલાકાતની દરમીયાન આંખમાં આંસુની સાથે રાણીએ રાવ સાહેબ પેશવાને પોતાની તરવાર પાછી આપતાં કહ્યું કે, 'તમારા પૂર્વજોએ આ તરવાર અમને આપી હતી, તેના પુણ્ય પ્રતાપે આજ સુધી અમે તેનો ઉપયોગ કર્યો, હવે તમે તે પાછી લ્યો.' રાણીનાં વચન સાંભળી રાવ સાહેબને ઝાંશીના ઝઘડામાં સહાય કરી નહિ તેથી ઘણીજ શરમ લાગી; પરંતુ ગઈ વાતને માટે ખેદ બતાવી પેશવાએ પછી રાણીને કહ્યું કે, આજ સુધી તમે જે શૌર્ય દેખાડયું છે તે એક વીરજનને છાજે તેવું છે, માટે હવે હું આ તરવાર તમને અમારા સરદાર તરીકે સહાય કરવાને પાછી આપું છું, તે લ્યો. રાવ સાહેબ પેશવાની સવિનય વિનતિ માન્ય રાખી રાણીએ પોતાની શત્રુના રૂધિરથી યશાંકિત થયેલી સમશેરનો સ્વીકાર કર્યો અને

हतो वा प्राप्स्यासि स्वर्गं जित्वा वा भोक्ष्यसे महीम्

એ ઉક્તિ પ્રમાણે પુનઃ શત્રુઓની સામે લડવાનો નિશ્ચય કર્યો. ઝાંશીવાળી શૂરવીર રાણી કાલ્પીમાં આવી છે અને તે પેશવાના સૈન્યની વ્યવસ્થા કરેછે એવું સાંભળવામાં આવતાંજ બાંદેવાળો નવાબ, બાણપૂર વાળા દેશી રાજાઓ અને બીજા ઠાકોરો પોત પોતાનાં સૈન્યને કાલ્પી મોકલી આપવા લાગ્યા. ચારે તરફથી આવેલા સૈન્યને એકત્ર કરી પેશવાએ તે સઉની કવાયદ લીધી અને પછી તાતીઆ ટોપી તથા મહારાણી લક્ષ્મીબાઈને તેમની સરદારી આપી. આ રીતે કાલ્પીમાં યુદ્ધની ખરેખરી તૈયારી થઈ. હવે આપણે પેલી તરફ અંગ્રેજ લોકોએ શું કર્યું તે જોઈએ.

ઝાંશીમાં બરોબર વ્યવસ્થા અને બંદોબસ્ત થયા પછી સર હ્યુ રોજે ઉનાળાના માર મારના તડકાથી અંગ્રેજ સેનાને હેરાન ગતિ ન પહોચે તેવી રીતે કાલ્પી ઉપર સ્વારી મોકલવાની તદબીર કરી. તા. ૨૫મી એ તેણે પહેલાંની માફક પોતાના સૈન્યના જુદા જુદા ભાગ કરી એકની સરદારી મેજર ગોલને આપી બીજાપર મેજર ઑર વગરેને નીશી કૂચ કરવાનો હુકમ આપ્યો. તેમના સાંભળવામાં આવ્યું હતું કે, મહારાણી લક્ષ્મીબાઈ પેશવાના સૈન્યની મદદથી પુનઃ ઝાંશી પર ઘેરો ઘાલનાર છે અને તાતીઆ ટોપી બીજુ સૈન્ય લઇને છૂપે રસ્તે રવાના થએલોછે. આવી વાત સાંભળતાં સર હ્યું રોજને ઘણીજ ચિંતા ઉત્પન્ન થઈ. તાપતડકાને લીધે અંગ્રેજ સૈન્યની ખુવારી થઈ હતી એટલુંજ નહિ પરંતુ તેમને પાણી અને ભારબરદારી જનાવરોને માટે દાણા પાણીનો પણ જોગ થાય તેમ નહોતું. ચારે તરફ બંડવાળા લોકો અંગ્રેજો ઉપર ટૂટી પડવાને ટમટમી રહેલા હતા. સર હ્યું રોજ આ બધાથી ચિંતાકુળ થઇ રહ્યો હતો છતાં તેણે હિંમતથી શત્રુઓ ઉપર ચોકશી રાખી પાછળથી તેમના ઉપર છાપો મારવાની તજવીજ કરી. ઘણી ચતુરાઇથી તેણે બંડવાળાઓને વિખેરી નાંખવાની યુક્તિઓ યોજી. તા. ૨૭ મેએ તેણે મેજર ગોલ પાસે પુંચ નામના ગામ ઉપર હલ્લો કરાવ્યો, ત્યાં ૫૦૦ બંડવાળા એકઠા થઇ ભરાઇ બેઠેલા હતા. બંડવાળા ઘણા શૌર્યથી લડયા છતાં આખરે તેઓ બ્રિટિશ સમશેરને ભોગ પડયા અને પુંચનો કિલ્લો બ્રિટિશ સૈન્યના તાબામાં આવ્યો. બીજી તરફ મેજર ઑર માથાકૂટ કરતો હતો પરંતુ બંડવાળાઓની સાથે તે વિષમ વિગ્રહમાં ગુંચવાઇ ગયો હતો. ત્યાં તેને એવા સમાચાર મળ્યા કે, બાણપુર અને શહાગઢના રાજાઓ બંડવાળાઓને મદદ કરવા માટે કુંચ તરફ યુદ્ધ સામગ્રી લઇ જાય છે. આ ઉપરથી તેણે તે રાજાઓના ઉપર કોટા આગળ હલ્લો કર્યો અને તેમની એક તોપ પડાવી લીધી, પરંતુ જિગનીના રાજાએ પેલા રાજાઓને સારી સહાયતા આપી તેથી તેઓ અંગ્રેજ સૈન્યનો અટકાવ છતાં સહીસલામત કુંચ ગામમાં જઇ પહોચ્યા. પછી મેજર ગોલ અને ઑર પણ અંગ્રેજ સૈન્યની સાથે તાબડતોબ કુંચ ગયા.

અહીં તા. ૫ મીને રોજે અંગ્રેજ સૈન્યને ૭૧ મી પલટણના શૂરવીરો અને બીજી બ્રિગેડ આવી મળી. આથી સર હ્યુ રોજને વધુ ધીરજ આવી અને તેણે મેજર ગોલને કુંચ ગામથી દશ મૈલ દૂર આ-

વેલા લોહારી નામના કિલ્લા ઉપર હલ્લો કરવા મોકલ્યો. કિલ્લો હસ્તગત થતાં કુંચ ગામનું સામર્થ્ય યથાર્થ લક્ષમાં આવવાથી પછી તેના ઉપર સ્વારી કરતાં વધારે પ્રયાસ પડશે નહિ એમ તેની સમજ હતી. મેજર ગોલે તે પ્રમાણે લોહારી ઉપર હલ્લો કર્યો. એ કિલ્લો મરાઠાશાઇ બાંધણીનો ઘણોજ મજબુત હતો અને વિલાયતી લોક તેનું રક્ષણ કરતા હતા તેથી બે સૈન્ય વચ્ચે સખત લડાઈ થઈ તેમાં આખરે અંગ્રેજોની સરસાઈ થઈ અને કિલ્લો તેમના હાથમાં આવ્યો. આ નાના સીકડા વિગ્રહમાં બે યુરોપિયન અમલદારો અને પુંષ્કળ ગોરા લોક માર્યા ગયા.

લોહારીનો કિલ્લો હસ્ત ગત થયા પછી સર હ્યુ રોજે કુંચ ઉપર હલ્લો કરવાની બેત ચલાવી. બંડવાળા લોકે પોતાનો બંદોરબસ્ત આગળથી ઘણો સારો રાખ્યો હતો તેથી મોખરા ઉપર હલ્લો ન લઇ જતાં તેમની પાછળના ભાગ ઉપર સૈન્યની નિર નિરાળી ટુકડીઓ કરી તથા સામા પક્ષની કાચી બાજુને લક્ષમાં લઇને હલ્લો કરવો એવો તેણે સંકેત કર્યો. બીજે દિવસે સવારે તેમનાથી ૧૪ મૈલને છેટે પોતાનું લસ્કર લઈ જઇને ઇચ્છેલી દિશા સાધ્ય કરી લીધી. પહેલી બ્રિગેડના માણસોને પોતાની ડાબી બાજુ પર રાખી તેમની પાછળ નાગપુરા નામના ગામ આગળ બીજા સૈન્યને રાખ્યું. બીજી બ્રિગેડને મધ્ય ભાગે ચુમેર આગળ રાખી, અને મેજર ઓરના હાથ તળેની હૈદરાબાદ વાળી પલટણને ઉમરી ગામ આગળ મૂકી. આવી રીતે કુંચગામથી બે મૈલને અંતરે સઘળી સૈનિક વ્યવસ્થા કરીને યુદ્ધની તૈયારી કરી.

આણી તરફ બાંડવાળો નવાબ, તાતિઆ ટોપી વગરે મંડળ ગ્વાલીઅરના સૈન્યની રાહ જોતું સ્વસ્થ બેશી રહ્યું. તેમનું લાલ રિસાલા અને બીજું કેટલુંક પાયદળ લશ્કર કુંચ ગામની પાળના મેદાનમાં ઝાડા હતી ત્યાં પડેલું હતું. અંગ્રેજ સૈન્ય આવ્યાના સમાચાર મળતાંજ તેમણે એકદમ પોતાની તોપો ચાલુ કરી સર હ્યુ રોજે પોતાના સૈન્યને જુદી જુદી દિશાઓમાં રાખેલું હોવાથી આ તોપનો મારો ફક્ત સામે આવતા સૈન્ય ઉપર થવા માંડયો. અંગ્રેજ લોકોએ એ મારો બંધ પાડવાને તેમના ઉપર ચારે તરફથી ગરનાળી તોપો અને બંદુકો છોડી. શત્રુના લશ્કરમાં આથી ત્રાસ પડયો અને તેઓ ચારે દિશામાં નાશ ભાગ કરવા લાગ્યા. બંડવાળાઓએ એક બાજુએજ માત્ર બંદોબસ્ત રાખેલો હોવાથી તેમને નાશવું પડયું. અંગ્રેજ લશ્કરને સૂર્યના તાપથી મહા

વિટંબના પડી, છતાં તેમણે બંડવાળાઓને હરાવી દીધા. સર હ્યુ રોજ આ લડાઇનો રિપોર્ટ કરતાં લખે છે કે, 'જો મારા સૈન્યનો તાપથી નાશ થયો ન હોત તો અમે શત્રુનો સદંતર નાશ કર્યો હોત. અમારા સૈન્યમાંના ૧૧ જણ તાપથી મરણ પામ્યા અને ઘણાક બેશુદ્ધ થઈ પૃથ્વી ઉપર પડ્યા. તાપથી કંટાળીને ચારવાર શાંતિને માટે મારે પણ મારા ઘોડાને સેનાવલિમાંથી બહાર લઇ જવો પડ્યો હતો. ડાક્ટર લોએ બધી વખત મારા મસ્તક ઉપર શીતળ પાણી રેડાવીને તથા શીતોપચારક ઔષધો આપીને મને સાવધ કર્યો હતો. છાયામાં પણ જ્યાં ૧૧૦ ડીગ્રી ગરમી પડે છે. એવા હિંદુસ્તાન દેશમાં રહી મારે જે યશ લેવાનો હતો તે મેં લીધો છે, હવે અત્રે મને કશાની ઇપ્સા નથી.' આ પરથી કોઇ પણ વાચકને સમજાશે કે, ઉત્તર હિંદુસ્તાનમાં અંગ્રેજ લોકને ગરમીથી કેટલો ત્રાસ પડે છે.

એક કલાક સુધી અંગ્રેજ સૈન્ય અને બંડવાળાઓ વચ્ચે તુમુલ યુદ્ધ ચાલ્યું. ખરા મધ્યાન્હે ૮૬ અને ૨૫ મી પલટણે કુંચ ઉપર હલ્લો કર્યો. આ વખતે બન્ને લશ્કર વચ્ચે બહુજ ભયંકર લડાઈ થઇ. પેશવાની પલટણે પણ તે વેળાએ પોતાનું ખરેખરૂ પરાક્રમ દેખાડ્યું. હૈદરાબાદની ઇન્ફન્ટ્રીના ઉપરિએ સામા સૈન્યને પાછું હઠાવી તેમની જમા લીધી, પરંતુ પઠાણુ પલટણ આગળ તેનું કંઈ ચાલ્યું નહિ. અંગ્રેજોના ઘોડેસ્વાર લશ્કરે આ વખતે સારૂ કામ બજાવ્યું. શત્રુનો દારૂગોળો તેમણે કબજે કરી લીધો. તાતિઆ ટોપી અને બાંદેવાળા નવાબે પણ ઘણી તદબીરો કરી છતાં છેવટ તેમને પાછા હઠવું પડયું. બંડવાળાઓ હાર ખાઇને નાશી ગયા પછી તેમની આઠ તોપો, પુષ્કળ દારૂગોળો અને ધાન્ય અંગ્રેજ લોકમાં હાથમાં આવ્યું. આ રીતે અવ્યવસ્થાને લીધે બંડવાળાઓનું ૨૦,૦૦૦ માણુસ નાનાશી અંગ્રેજ સેનાથી પરાજિત થઇને નાશી ગયું. સર હ્યુ રોજે પોતાના માણુસોને બહુ શાબાશી આપી. *કુંચ-

---

*સર હ્યુ રોજે નીચે પ્રમાણે પોતાના સૈન્યને અભિવંદન આપ્યું હતું:—
"These noble soldiers, whose successes were never chequered by a reverse, with a dicipline which was as enduring as their courage, never proffered one complaint. They fell in their ranks, struck down by the sun and exhausted by fatigue; but they would not increase the anxieties of their

માં પરાભવ થયા પછી તાતિઆ ટોપી અને પેશવા વગેરે પાછા કાલ્પી ગયા. તાતિઆ ટોપી ત્યાંથી ભાગવતની પાસે આવેલા ચરખારી ગામમાં પોતાના સંબંધીને મળવા ગયો, બાંદવાળો નવાબ અને બાણપુરનો રાજા કાલ્પીમાં રહ્યા. રાણી લક્ષ્મીબાઈ આ યુદ્ધમાં અગ્રણી ભાગ લેતાં નહોતાં. રાવસાહેબ પેશવા અને બાંદેવાળા નવાબે તેમની ઇચ્છાનુસાર સૈનિક ગોઠવણ કરી નહોતી. બાંદેવાળા નવાબને પોતાના ડાહાપણનો ગર્વ હતો તેથી પેશવા સરકાર તેની ઈચ્છાને અનુસરતા હતા. આથી કુંચ આગળ તેમના સૈન્યની વ્યવસ્થા કાચી રહેલી જોઇને અંગ્રેજ સેનાએ તેમનો નાશ કર્યો. રાણી સાહેબનું પોતાનું સૈન્ય બીલકુલ નહોવાથી તેમને પેશવાના સૈન્યની સાથે કાલ્પીમાં પાછા ફરવું પડ્યું.

મહારાણી લક્ષ્મીબાઇએ કાલ્પીમાં રાવસાહેબ પેશવાના કાન ઉઘાડ્યા, અને તેમને સ્પષ્ટ કહ્યું કે, 'જે સૈન્યનો બંદોબસ્ત બરોબર હોય છે તે સૈન્ય કદી પણ હારતું નથી. અંગ્રેજ લોકના કંપુમાં કદી ગાફિલપણું રહેતું નથી. તમારા સૈન્યમાં સર્વત્ર અવ્યવસ્થા હોવાથી તમારા ઉપર તુટી પડવાનો તેમને સારો લાગ મળે છે. આ વખતે મોટા સૈન્યના વિભાગ પાડી ઠેક ઠેકાણે મોરચાબંધી કરો કે જેથી શત્રુની સામે ટક્કર લઈ શકાય.' રાણી સાહેબની સૂચના લક્ષમાં લઇને પેશવાએ કાલ્પીમાં સૈન્યની વ્યવસ્થા કરવા માંડી. બાદેવાળા નવાબના બે હજાર સ્વાર તથા કેટલીક તોપો એક બાજુએ નિરમાણ કરી. અયોધ્યામાંથી આવેલા રોહિલ લોક અને બંગાળ નેટિવ ઈન્ફન્ટ્રીના કાળા લસ્કરને કાલ્પીના સંરક્ષણની નાકાબંધી સોંપી. આ શિવાય જે

General or belie their devotion by complaint. No matter how great their exhaustion or how deep their short sleep, they always sprung to my call to arms with the heartiest good will. To thinr of yielding or retreating would have been ignominy. All felt that physical strength might fail, but that the spirit and discipline never could. They were often too ill to march but their devotion made them fight. It is almost superfluous to add that troops animated by so high a sense of duty were sober, orderly and very respectful to their officers."

મોટી મોટી તોપો હવી તેને કિલ્લા ઉપર ચડાવી ચારે દિશાએ મોરચા બંધાવ્યા અને હોંશિયાર ગોલંદાજોની તેના ઉપર નિમણૂક કરી. કેટલાક બુંદેલના ઠાકોર લોક રણ ભૂમિમાં પરાક્રમ કરવાને ઉત્સુક હતા તેમને યથા ઘટિત સ્થાન સોંપી દીધાં. આ રીતે બંદોબસ્ત કર્યા પછી તે મોટા લશ્કરનું આધિપત્ય પોતે ધારણ કર્યું. રાવ સાહેબ પેશવા સારી રીતે જાણતા હતા કે રાણી શૂરવીર સ્ત્રી છે છતાં આવા મોટા સૈન્યનું આધિપત્ય એક અબળાને આપવું એ તેમને ઠીક લાગ્યું નહિ. ૨૦૦-૨૫૦ માણસ તેમને સોંપી તેમને યમુના તરફનો ભાગ સાચવવાની વિનંતિ કરી. પેશવાએ એકંદરે સૈન્યની અવસ્થા સારી કરેલી જોઇને રાણી સાહેબે પોતાને સોંપવામાં આવેલું કાર્ય સ્વીકાર્યું અને એક મોટા યુદ્ધ વિશારદ સેનાપતિની માફક હોંશિયારીથી તે સ્થાન ઉપર જઇ પોતાના લશ્કર સાથે ડેરા તાંણ્યા.

સર હ્યુ રોઝે કુંચ આગળ બંડવાળાઓનો પરાભવ કર્યા પછી કાલ્પી સર કરવાને હરદોઈ અને ઉરઇને માર્ગે કુચ કરવા માંડી. ગરમીને લીધે તેના લશ્કરના ઘણા સિપાઇઓ માંદાં પડવા લાગ્યા છતાં મજલ દર મજલ કુચ કરીને કાલ્પી ઉપર સ્વારી ચલાવી. ૧૪ મી ડ્રાગુનસનો અધિકારી મે. સ્ટુઅર્ટ આજારી થઈ ગયેલો હોવાથી તેની જગા ઉપર લેફ્ટેનંટ કેંબેલની નિમણૂક કરવાની યોજના કરી.

આ વખતે પ્રવાસના અને યુદ્ધના સતત શ્રમથી અંગ્રેજ સૈન્યની ધમક અને હિમ્મત કમી થઈ ગઈ હતી તેથી સર હ્યુ રોઝે કમાન્ડર ઇન ચિફને લખી બીજી લશ્કરી મદદ મગાવી. ફરીને લશ્કરી તૈયારી કરી તથાપિ બંડવાળાઓ ટક્કર લેવાને સાવધ હતા અને લડાઇને લાયક પ્રદેશ નહોતો તેથી કાલ્પી ઉપર હલ્લો કરવાની બીજી યોજના કરવી પડી.

તા. ૧૫ મી એ અંગ્રેજનું સૈન્ય કાલ્પીથી છ માઇલ દૂર ગલાવલી નામના ગામે આવી પડ્યું. એ બાતમી કાલ્પીમાં પહોચી એટલે શત્રુઓએ તેમના સામા થઈ લડાઇ કરી અને તેમાં અંગ્રેજ સૈન્યનો પરાભવ થયો. આ નજીવી જીતથી બંડવાળાઓ ફુલાઇ ગયા એટલામાં સર હ્યુ રોઝે લડાઇને લાયકની જગ્યા શોધી કાઢી ત્યાંથી તેમના ઉપર મારો ચલાવવો શરૂ કર્યો. શત્રુઓને તે મારાથી નાશવું પડ્યું એટલે ૭૧ મી હાયલંડર્સ પલટણે તેમનો સંહાર કરવા માંડયો. અંગ્રેજ સૈન્ય-

ની જીત થઇ તથાપિ પહાડી પ્રદેશને લીધે કાલ્પી ઉપર હલ્લો કરવો એ અસમાલતી ભર્યું લાગવાથી સર હ્યુ રોઝે તેજ ઠેકાણે પોતાનો પડાવ રાખ્યો. બ્રિટિશ સૈન્યને એક ઠેકાણે પડાવ નાંખી રહેલું જોઈ બંડવાળાઓને પાછું પાણી ચડયું અને તેમણે યમુનાના સોગન લઇ મારવું કે મરવું એવો નિશ્ચય કર્યો. આવેશ અને હોંશમાં તેઓ પોતાની સુરક્ષિત જગાઓ છોડી અંગ્રેજ ઉપર છાપો મારવાને બહાર ધસી આવ્યા. બેઉ સેનાઓ વચ્ચે લડાઈ ચાલવા માંડી ત્યારે બંડવાળાઓ કફોડી જગ્યાએ હોવાથી તેમની ગોળીઓ અંગ્રેજ સેના ઉપર વ્યર્થ જવા માંડી અને અંગ્રેજોનો તોપનો મારો સોળેસોળ આના સચોટ તેમનો સંહાર કરવા લાગ્યો. આથી દીપપતંગન્યાય પ્રમાણે બંડવાળાઓ સમરાંગણમાં પટકાઈ પડવા માંડયા અને જોત જોતામાં તેમની સંખ્યા ઓછી થવા લાગી.

આ રીતે પુનઃ એકવાર બંડવાળાનો પરાભવ થતાં સઘળે નાઉમેદી પ્રસરી રહી. રાવ સાહેબ પેશવા, બાંદેવાળા નવાબ અને મુખ્ય મુખ્ય વીર સેનાનીઓ નિરાશ થયા. તેમણે અગિયારા ગણી જવાનો વિચાર કરવા માંડયો. રાણી સાહેબે તેમને ધીરજ આપી પોતાના ઘોડાને આગળ ચલાવ્યો અને લાલવર્દીના માણસોને લઈ અંગ્રેજ સેના ઉપર હલ્લો કર્યો. તેમના ઝંઝાવાયુના જેવા ઓચિંતા હલ્લાથી અંગ્રેજ સૈન્ય છૂટું પડી ગયું અને રાણીની બહાદુરી જોઈ 'લાઇટફિલ્ડ' નામની નાની તોપોને ચલાવનારા ગોલંદાજો સ્તબ્ધ થઈ ગયા. તોપનો મારો એ રીતે બંધ પડતાં રાણી સાહેબ પોતાના સૈન્ય સાથે તેમનાથી ૨૦ વારને છેટે આવી ગયાં અને તેમનું પરાક્રમ જોઇ કાલ્પીવાળા સૈન્યને પણ શૂર ચડયું. જોત જોતામાં બેઉ સૈન્ય પાસે આવી ગયાં અને હાથો હાથ યુદ્ધ ચાલવા માંડયું. આ દારૂણ યુદ્ધ ચાલતું હતુ તેવામાં રાણી સાહેબ કેટલાંક માણસો સાથે પોતાના ઘોડાને આગળ ફેંકતાં અને તલવાર ચલાવતાં તોપખાના ઉપર ચડી ગયાં. આ વખતનું તેમનું શૌર્ય, આવેશ અને વીરશ્રી જોઇને પેશવાના માણસોને શૌર્ય ચડયું અને તેઓ પણ મરણીઆ થઇ અંગ્રેજ સેના ઉપર તુટી પડયા. આ વખતે જે લડાઈ ચાલી તે ઉપરથી બંડવાળાઓનો વિજય સમીપ જણાવા લાગ્યો. અંગ્રેજોના તોપખાના ઉપરના ગોલંદાજો હતવીર્ય થઇ રણસંગ્રામમાં પ્રાણ ત્યાગ કરવા લાગ્યા,

અને ઘોડાઓવાળું તોપખાનું લડાઈની મારામારમાં અસ્તવ્યસ્ત થઈ જવા માંડ્યું. મામલો બગડતો જોઈ બ્રિગેડિયર સ્ટુઅર્ટ પ્રાણ નાંખી દઈ તોપખાના પાસે આવી ઉભો રહ્યો અને ગોલંદાજોને ઉત્સાહ આપી ફરીને તોપનો મારો શરૂ કરાવરાવ્યો. એટલામાં વળી સર હ્યુ રોજ પણ પોતાનું ઊંટવાળું લશ્કર લઈ ત્યાં આવી પહોચ્યો. તેણે આવતાં વાંત મોટા ઉત્સાહથી કાલ્પીના સૈન્ય ઉપર હલ્લો કર્યો અને સૈનિકોને ઉત્તેજન આપી એવું ત્વરાથી યુદ્ધ ચલાવ્યું કે, જીત ઉપર આવેલું કાલ્પીનું સૈન્ય વિખરાઈ જવા માંડ્યું અને સહજમાં તેમનો પરાભવ થયો. કાલ્પીનું લશ્કર કેફમાં હોય તેવા રણોત્સાહથી લડ્યું તથાપિ સર હ્યુ રોજ વાળા ઉંટના લશ્કરે આવી પહોચી તેમના ઉપર એવી અસહ્ય બાણ વૃષ્ટિ કરી કે—જેના આગળ તેમનું કંઈ ચાલ્યું નહિ.* રાણી સાહેબે આ લડાઈમાં અત્યંત શૌર્ય દેખાડ્યું પરંતુ સર હ્યુ રોજવાળા સૈન્યના આવવાથી પેશવાનું સૈન્ય તેમની મદદે આવી શક્યું નહિ તેથી જીત ઉપર આવેલી બાજી બગડી ગઈ અને તેમને બીજાલોકની માફક રણસંગ્રામમાંથી પાછા ફરવું પડ્યું.

આ પ્રમાણે કાલ્પીનું લશ્કર રણમાંથી નાશભાગ કરવા લાગ્યું એટલે સર હ્યુ રોજે અંગ્રેજ સેનાને શૌર્ય ઉત્પન્ન થાય તેવા શબ્દોથી તેમનો ઘાણ કાઢી નાંખવાને ઉત્તેજિત કરી. વિજયના ઉત્સાહમાં આવેલા

---

* ઉંટના સૈન્યને માટે એક અંગ્રેજ લખે છે કે:—

"Well do I remember that day. Nearly four hundred of my regiment, the '86' were *hors de combat*, the native regiment was not much better, and thousands of yelling savages were pressing on, a river in our rear. We were well-nigh beaten, when the Camel corps came up, and about one hundred and fifty fresh troops soon turned the tide, and sent the bhang-possessed enemy to the right about again. It was the Camel corps that *literally* saved Sir Hugh Rose's division. The enemy were within twenty yards of our battery and out post tents, the latter full of men down with sunstroke. Another quarter of an hour and there would have been a massacre. *Ever since that day I have looked upon a camel with eyes of affection.*"

બ્રિટિશ લશ્કરે નાશભાગ કરતા બંડવાળાઓના ઉપર છુટે હાથે તલવાર ચલાવી. હજારો બંડખોર સિપાઇઓ નાશતાં નાશતાં કપાઇ ગયા અને હજારો માણસ બ્રિટિશ સમશેરથી પ્રાણ બચાવવાને માટે યમુના નદીનાં કોતરોમાં ભરાઈ ગયા. યુદ્ધકળાવિશારદ નાના બ્રિટિશ સૈન્યે આ પ્રમાણે અસંખ્ય બંડવાળાઓના પ્રાણ લીધા અને મોટો વિજય મેળવ્યો.

પેશવાના સૈન્યની આ રીતે વાતાહત જેવી દશા કરી સર હ્યુ રોજે કાલ્પી સર કરવા તરફ નજર નાંખી. બ્રિગેડિયર જનરલ સ્ટુઅર્ટને પોતાના સૈન્ય સાથે કાલ્પી આવવાનો હુકમ આપી બીજુ સૈન્ય લઇ પોતે સિદ્ધો તેની તરફ ચાલ્યો. કાલ્પીના કિલ્લામાં હજી પેશવા સાહેબ પાસે દારૂગોળો, અને માણસો હતાં. તેમણે દરવાજા બંધ કરી નગર રક્ષણને માટે યત્ન કરવા માંડયો. સર હ્યુ રોજે આવતાં વાંત કિલ્લા ઉપર તોપનો મારો ચલાવરાવ્યો. બંડવાળાઓએ તેમની સામે તોપ માંડી ટક્કર લેવા માંડી પરંતુ એટલામાં ત્રણે દિશામાંથી બ્રિટિશ સૈન્ય આવી પહોંચ્યું અને ચારે તરફથી કિલ્લા ઉપર તોપનો મારો શરૂ થયો એટલે સામાવાળાની હિમ્મત જતી રહી. હલ્લાપર હલ્લા થતાં બંડવાળાઓથી ટક્કર લેવાઈ નહિ અને સર હ્યુ રોજના કંઠમાં વિજય શ્રીએ યશની માળા પહેરાવી. બંડવાળા શહેરમાંથી નાઠા તેમની પુંઠ પકડી કર્નલ ગોલ અને કેપટાન આબટે પુષ્કળ હાથી, ઘોડા, ઉંટ અને તોપો પકડાવી લીધાં. આ યુદ્ધમાં પણ પુષ્કળ સૈનિકો ધારાતીર્થમાં પતન પામ્યા અને તા. ૨૪ મી. મે ને દિવસે અંગ્રેજ સેનાએ કાલ્પી શહેર સર કર્યું. તે દિવસે નામદાર મહારાણીનો જન્મ દિવસ હતો તેથી કાલ્પીના મેદાનમાં મોટા આનંદોત્સાહથી તોપની સલામતી આપી બ્રિટિશ સૈન્યે વિજયોત્સવ કર્યો.

અંગ્રેજો કાલ્પી ઉપર આવે છે એવા સમાચાર મળતાંજ શ્રીમંત પેશવા સાહેબ, મહારાણી લક્ષ્મીબાઇ અને બાંદેવાળા નવાબ ત્યાંથી અગિયારા ગણી ગયાં. શહેરમાં અશિક્ષિત અને લૂંટારૂ લોકજ માત્ર રહ્યા હતા. બ્રિટિશોએ કાલ્પી લીધું ત્યારે લૂટારૂ લોક પોતાનું કામ કરીને ચાલ્યા ગયા હતા છતાં એક વર્ષ દિવસના શ્રમે પેશવા સરકાર અને તેમના પ્રધાન તાત્યા ટોપીએ સંપાદન કરેલું પુષ્કળ યુદ્ધ સાહિત્ય કિલ્લામાં પડી રહ્યું હતું. કિલ્લામાંથી અંગ્રેજોને બંદુક તલવારો, બંદુકો, નાની મોટી તોપો અને ૬૦,૦૦૦ પોંડ દારૂ મળ્યો. એ

બધી વસ્તુની કિમ્મત એ લાખ રૂપિઆ જેટલી હતી.+ કાલ્પી સર થયું ત્યારે ગવર્નર જનરલ લોર્ડ કેનિંગે સર હ્યુ રોઝને તરફથી અભિનંદન આપ્યું હતું. કાલ્પી સર થયા પછી ગ્વાલિઅર અને ઝાંશી તરફ બંદોબસ્તને માટે લશ્કર મોકલવાની ગોઠવણ કરી ઉત્તર અને મધ્ય હિંદુસ્તાનમાં બંડવાળાઓનો પરાજય કરવામાં પડેલા શ્રમ પછી વિશ્રાંતિ લે-

---

+ ડો. સિલ્વેસ્ટર લખેછે કે:—

"There was an indescribable medley here, just as in the fort of Jhansi, but the articles here all pertained to the art of war. There were guns, large and small, numbering fifteen, besides a large mortar and howitzer: there were conical stocks of English round shot and shell, and several sheds in which the manufacture of cannon, howitzers, shells, and the repair of arms, was being carried on. The tools and appliances, such as forges, hammers, vices, smiths' braces, &c. were all of English make. Several muskets had been restocked, and very well fitted. There were vast numbers of broken brass shells, which proved they had rather failed in that branch of ordnance manufacture: they had all been cast on clay moulds, and the outside filed smooth. In the arsenal the uniform was knee deep, comprising not only sepoy clothes, but coats that had been taken from Windham's slain, belonging to H. M's 88th Regiment, some bearing the number 92, with the Prince of Wales' plume; also one or two ladies bonnets, together with brass-band instruments, parts of cornopeans, French horns, trumpets, and Infantry bugles, Military drums, flags, standards, Glengarries, stocks &c. &c. under ground, and discovered subsequently, was a vast store of ammunition, including 60,000 pounds of English gunpowder, shot, shell, and fire arms. In fact, this was the greatest central arsenal of the mutineers, and had it been capable of defence *it would not have fallen such an easy prey to us.*"

—*The Compaign in Central India. p. 116, 17.*

વાને સર હ્યુ રોજ મુંબાઈ આવવા તૈયાર થયો ત્યારે, તેણે એક મોટું ભાષણ કરી પોતાના અંગ્રેજ સૈન્યનો ઉપકાર માન્યો, અને અંગ્રેજી કવાયતને તથા બ્રિટિશ સૈન્યના આજ્ઞાધારકત્વને વખાણ્યાં.* ખરેખર કવાયત અને યુદ્ધ કળાથીજ બ્રિટિશ સૈન્ય વિજયી થયું હતું. અસંખ્ય માણસો છતાં બંડવાળાઓ માર્યા ગયા તેનું કારણ અવ્યવસ્થા શિવાય

---

*"Soldiers ! you have marched more than a thousand miles, and taken more than a hundred guns; you have forced your way through mountain passes and intricate jungles and over rivers; you have captured the strongest forts, and beat the enemy, no matter what the odds, wherever you met him; you have restored extensive districts to the Government, and peace and order now reign where before, for twelve months, were tyranny and rebellion; you have done all this and you have never had a check.

"I thank you with all my sincerity for your bravery, your devotion, and your discipline.

"When yeu first marched I told you that you as British soldiers, had more than enough of courage for the work which was before you, but that courage without discipline was of no avail, and I exhorted you to let discipline de your watch-word; you have attended to my roders. In hardships, in temptations and in dangers you have obeyed your General, and you never left your ranks.

"You have fought against the strong, and you have protected the rights of the weak and defenceless, of foes as well as of friends; I have seen you in the ardour of the combat preserve and place children out of harm's way.

"This is the discipline of Christian soldiers, and this it is which has brought you triumphant from the shores of Western India to the waters of the Jumna, and establishes, without doubt, that you will find no place to equal the glory of our arms !"

બીજું કંઈજ નહોતું. કાલ્પીના જેવો કિલ્લો, રાવ સાહેબ પેશવા સાહેબ, રણશૂર તાતિયા ટોપી અને વીરબાળા લક્ષ્મીબાઈ સાહેબ જેવાં સંગ્રામ શૂર લડનાર, અને પુષ્કળ યુદ્ધ સામગ્રી છતાં પરાજય થયો એ દુર્દૈવનું જ વિચેષ્ટિત બીજું શું ? મહા પુરૂષોએ કહ્યું છે તે ખરૂં કેઃ—

वंशस्थवृत्त.

विधौ विरुद्धे न पयः पयोनिधौ
सुधौघसिन्धौ न सुधा सुधाकरे,
न वाञ्छितं सिद्धयति कल्पपाद्दपे
न हेमहेमप्रभवे गिरावपि ॥ १ ॥

પ્રકરણ ૧૪ મું.

ગ્વાલીઅર ઉપર સ્વારી.

કાલ્પી આગળ પરાભવ થયા પછી રાવ સાહેબ પેશવા સરકાર ગ્વાલિઅરની નૈઋત્ય દિશાએ ૪૬ માઇલ ઉપર ગોપાળાપુર કરીને એક ગામ છે ત્યાં નાશી ગયા. મહારાણી લક્ષ્મીબાઈ તેમના સાથે હતાં. રાવ સાહેબ પેશવાનો સેનાધિપતિ તાતિયા ટોપી કુંચ આગળ લડાઇ થયા પછી જાલવણની પાસેના ચરખારી ગામમાં પોતાના વડીલોને મળવા ગયો હતો તે, કાલ્પીના પરાજયની વાત સાંભળી તાબડતોબ ગોપાળપુર આવ્યો અને તેના પછી બાંદેવાળો નવાબ પણ ત્યાં આવી પહોચ્યો. બુંદેલખંડમાંથી હાલ બંડવાળાઓનો દોર તૂટી ગયો હતો. સન ૧૮૫૭ ના જુનમાં બંડ થયા પછી સાગર, કાલ્પી, બાંદા વગરે સ્થળમાં બંડવાળાઓ વ્યાપી ગયા હતા પરંતુ સર હ્યુ રોજ જેવા સેનાધિપતિએ અલ્પ કાળમાં તેમની સત્તાનો નાશ કરી આખા બુંદેલખંડમાં પુનઃ બ્રિટિશ સત્તા સંસ્થાપિત કરી. સર હ્યુ રોજની માફક મેજર રોબર્ટસ, વિટ્લોક અને બીજા અંગ્રેજ સેનાનિઓએ દેશમાં શાંતિ પ્રસારી દીધી તે જોઇને બંડવાળાઓમાંનાં 'હવે આપણે કેમ કરવું' એવો વિચાર કરવાને અર્થે; આપણે ઉપર લખી ગયા તેમ રાવ સાહેબ પેશવા, બાંદાવાળો નવાબ અને રાણી સાહેબ વગરે એકઠાં થયાં હતાં.

વખત ઘણો બારીક હતો, અને ખરેખરા બુદ્ધિચાતુર્યથી આવેલા સંકટને તરી જવાનું હતું. ગમે તે કોઈ પ્રકારે પણ હારેલી બાજી ફરી માંડયા વગર છૂટકો નહોતો. અંગ્રેજ લોક પોતાના બળથી અને બુદ્ધિ ચાતુર્યથી વિજય મેળવી શત્રુની યુદ્ધ સામગ્રી પ્રાપ્ત કરી પ્રબળ થયા હતા. બંડવાળાઓની સ્થિતિ શોચનીય થઇ રહી હતી, તેમના બળકટ કિલ્લાઓ અને લાખો રૂપિઆનો દારૂગોળો નાશ પામ્યો હતો. તેમના મોટા સેનાનિઓ વીરસ્વયંવરમાં વરાઇ ગયા હતા અને બાકી જે લોક અવશેષ રહ્યા હતા તે અશિક્ષિત અને વિશ્વાસને યોગ્ય નહોતા. તેમની સ્થિતિ સાપે છછુંદર પકડયા જેવી થઇ રહી હતી, કારણકે, હવે અંગ્રેજો તેમને જંપીને બેસવા દે એમ નહોતુ. રાવસાહેબ, તાતિયા ટોપી, અને બાંદેવાળો નવાબ આવી પડેલી આપત્તિના ભારમાં ગરકાવ થઇ ગયા હતા. રાતદિવસ નવી યુક્તિઓ જન્મ લે અને નાશ પામે પણ એકે નિશ્ચયાત્મક ઠરાવ થાય નહિ. આ પ્રમાણે ચાલતાં રાવ સાહેબ પેશવાની મુંઝવણ વધી પડી અને તેમનું મન શોકગ્રસ્ત થઈ ગયું.

બીજે દિવસે સવારે રાવ સાહેબની મુંજવણ રાણી સાહેબના જાણવામાં આવી. રાણી સાહેબ અને પેશવા જો મળ્યાં હોત અને અન્યોન્યના વિચાર પ્રમાણે કરવામાં આવ્યું હોત તો કાલ્પીમાં તેમનો પરાભવ થાત નહિ. રાણી સાહેબની પાસે મોટું સૈન્ય નહોતુ. ઝાંશીમાંથી નાશી આવેલાં સો બસો માણસોજ માત્ર તેમની સાથે હતાં. આવા નાના લશ્કરથી અંગ્રેજોની સામે મોટી લડાઈ ન લડી શકાવાથીજ તે પેશવાની સાથે ગોપાળપુરમાં નાશી આવ્યાં હતાં અંગ્રેજોના પ્રબળ દળ સામે આપણો ટકાવ થનાર નથી એમ તેમને ખાત્રી હતી તથાપિ અંગ્રેજોની સાથે લડાઈ કરવાને, તેમને વારંવાર આવેશ આવતો હતો અને એકાદ વાર સમરાંગણમાં પોતાની શક્તિ બતાવવાની આશા ઉત્પન્ન થતી હતી. આવા વિચારથી પેશવાના સૈન્યની સારી વ્યવસ્થા કરી ફરી એકવાર અંગ્રેજોની સામે થવાનું તેમને શૌર્ય ચઢયું. પેશવાની ચિંતાના સમાચાર મળતાં તેમને મળવા ગયાં અને એક મોટા બળવાન વીરની માફક ઉત્તેજન આપ્યું. પેશવાની પાસેથી વચન લઇ તેમણે કહ્યું કે:-મરાઠા લોકોએ આજ સુધી જે વિજય મેળવ્યા છે તે તેમના મોટા અને બળવાન કિલ્લાઓનોજ પ્રતાપ છે. ઔરંગઝેબના રાજ્યમાં મરાઠા સામ્રાજ્યનો પાયો નાંખનાર મહારાજાધિરાજ શિવાજી મહારાજ પણ પોતાના મોટા અને બળવાન કિલ્લાઓને લીધેજ

હિંદુસ્તાનના બળવાન્ પાદશાહની સામે ટક્કર લેવાને શક્તિમાન થયો હતો, માટે કિલ્લાના આશ્રય વગર લડાઇ કરવી એ વ્યર્થ છે. ઝાંશી અને કાલ્પીના જેવા કિલ્લાઓના આશ્રયથીજ આજ પર્યંત આપણે અંગ્રેજ લોકની સામે જવાબ દઈ શક્યાં છીએ, પરંતુ આપણા હતભાગ્યના યોગે હાલ તે મજબુત કિલ્લાઓ આપણા હાથમાં નથી. કિલ્લા વગર રહીશું તો ઘાસની માફક નાશ પામીશું માટે હવે આપ કોઇ મોટો અને બળવાન કિલ્લો હોય તે પ્રથમ સર કરવાનો વિચાર રાખો તો સારૂ. કિલ્લા શિવાય આપણે જે ઠેકાણે જઇશું, ત્યાં અંગ્રેજોનું સૈન્ય આપણી પુંઠે આવશે અને છેવટ આપણે તેમનાથી માર્યા જઇશું. એક વાર તેમને હાથે આપણો નાશ થવાનો છે એમાં શક નથી, તથાપિ તેને માટે, ચિંતાતુર થઈ નિરાશ થવાનું કારણ નથી, કારણ કે જે ભવિતવ્ય હશે તે થવાનું તો છેજ. આવી પડેલા ભયથી ગભરાઈ જઈ બેશી રહેવા કરતાં કોઇ મજબુત કિલ્લો શોધી કાઢી તેને આશ્રયે જઈ રહેવું એ ઉચિત છે. હાથ પગ જોડીને બેશી રહેવાથી કંઈ થનાર નથી. ભાવિ હશે તે થશે ડરવાથી ભય દૂર થવાનું નથી. રાણી સાહેબનાં વચનો સાંભળી પેશવાના મનનું સમાધાન થયું તેમની અકળામણ ઓછી થઇ અને નિરાશીના વખતમાં આવા પ્રસંગને યોગ્ય આશ્વાસનથી સંતોષ ઉત્પન્ન થયો. પછી તેમણે કયો કિલ્લો હાલ હસ્તગત કરવા જેવો છે, એમ રાણીજીને પૂછ્યું. મહારાણી લક્ષ્મીબાઈએ પેશવાના પ્રશ્નનો ઉત્તર આપતાં કહ્યું કે, 'હાલ ઝાંશી અથવા કાલ્પી તરફ જવાય તેમ નથી, કારણ કે અંગ્રેજોએ તેને પદાક્રાંત કરેલાં છે. બળવાન શત્રુની સામે જવું એ આવા વખતને યોગ્ય નથી. હાલ તો આપણે સિંધિઆ સરકારના રાજ્ય તરફ જવું અને તેમના સૈન્યની તથા તેમના પુરાતન ગ્વાલિઅરના કિલ્લાની મદદથી એકવાર શત્રુઓની સામે લડાઇ કરવાનો ઉપાય લેવો એ ઉત્તમ માર્ગ છે.' શ્રીમંત પેશવા સાહેબ અને તાત્યા ટોપી રાણીની યુક્તિ સાંભળી આનંદ પામ્યા તથા તે તેમને પસંદ આવી.* રાવ સાહેબે આવી અતિ ઉત્તમ યોજનાને માટે

---

* કર્નલ મેલિસન લખેછે કે:—

"The situation then seemed desperate to the rebel chieftains. But desperate situations suggest desperate remedies; and a remedy which, on first inspection, might well seem desperate, did occur to the fertile brain of one of

મહારાણી લક્ષ્મીબાઇને ધન્યવાદ આપ્યો અને તાતિયા ટોપી પણ તે યોજનાથી સંપૂર્ણ સંતોષ પામ્યો.

તાતિયા ટોપી પ્રથમ અનેકવાર ગ્વાલીઅર જઇ આવેલો હતો, તેથી ત્યાંના દરબારની તથા સૈન્યની તેને સારી માહિતી હતી. પેશવાનો વિચાર ગર આવશે કે કેમ તે પણ તેના ફળવામાં આવ્યું હતું. તેણે પોતાનું સૈન્ય લઇને ગ્વાલીઅર જવાનો ઠરાવ પસંદ કર્યો એટલે આખરે રાણી સાહેબના વિચાર પ્રમાણે સ્વારી લઈ ઉપડી જવાનો નિશ્ચય થયો. મહારાણી લક્ષ્મીબાઇની યોજના ઘણીજ ઉત્તમ હતી. હારેલી

---

the confiderates. To which one it is not certainly known. But, judging the leading group of conspirators by their antecedents–Rao Saheb, the Nawab of Banda, Tantia Topi, and the Rani of Jhansi–we may at once dismiss the two first from consideration. They possessed neither the character nor the genius to conceive a plan so vast and so daring. Of the two who remain, we may dismiss Tantia Topi. Not that he was incapable of forming the design, but—we have his memoirs—and in those he takes to himself no credit for the most successful act with which his career is associated. The fourth conspirator possessed the genius, the daring, the despair necessary for the conception of great deeds. She was urged on by hatred, by desire of vengeance, by a blood-stained conscience, by a determination to strike hard whilst there was yet, a chance. She could recognise the possibilities before her, she could hope even that if the first blow were successful the fortunes of the campaign might be changed; she possessed and exercised unbounded influence over one at least of her companions—the Rao Sahib. The conjecture, then, almost amounts to certainty that the desperate remedy which the confiderates decided to execute at Gopalpur was suggested and pressed upon her comrades by the daring Rani of Jhansi."

—Malleson's History of the Indian Mutiny, Vol. V. P. 143-144.

બાજીમાં એકવાર યશ મળે તેવો પણ તેમાંથી સંભવ હતો, અને બ-ડવાળા લોકો જે ચારે તરફથી પરાજય પામી બળહીણ થઈ ગયા હતા તેમને આ યોજનાથી બળ અને સત્તા મળે એમ હતું. આ યોજના રાણી સાહેબની છે એમ જાણવામાં આવતાં લશ્કરમાંના સરદારો અને શૂરવીરો રાણી લક્ષ્મીબાઈની સ્તુતિ કરવા લાગ્યા અને ઘણા માણસોએ તેમની અતિ ઉત્તમ યોજનાને માટે ધન્યવાદ આપ્યો. ઉત્તેજક યોજના સર્વાનુમતે પસાર થતાં કુચ કરવાની તૈયારી થઈ અને સેનાએ સંપૂર્ણ ઉત્સાહથી ગ્વાલીઅર જઈ કિલ્લો સર કરવાની તત્પરતા તથા મનોભાવ દેખાડયાં. પેશવા સરકારનો હુકમ થતાંજ મોટું દળ ગોપાળપુર છોડીને આગળ ચાલ્યું અને તા ૩૦ મી. મે ના રાતે તેમણે મુરાર નામની છાવણીની પાસે આવી દેરો ઠોકયા. આ વખતે સિંધિયા સરકારના સૈન્યની કેવી વ્યવસ્થા હતી તેનું અત્ર થોડુંક દિગ્દર્શન કરી પેશવાના લશ્કરે પછી કેવું પરાક્રમ કર્યું તેના ઉપર નજર નાંખીએ.

ઉત્તર હિંદુસ્તાનમાંના મોટા મરાઠા સંસ્થાન ગ્વાલીઅરની ગાદી ઉપર આ વખતે મહારાજાધિરાજ જયાજીરાવ બહાદુર હતા. તેમની ઉમ્મર આશરે ૨૩ વર્ષની હતી. સને ૧૮૪૪ ની સાલમાં લોર્ડ એલિનબરોના અમલમાં અંગ્રેજ સરકાર અને ગ્વાલિઅર વચ્ચે અથડા અથડી થઈ હતી અને તેના પરિણામમાં થયેલા નવા તહનામાથી ગ્વાલિઅરના રાજ્યમાં અંગ્રેજોનો પગ પેઠો હતો. એ તહનામા પ્રમાણે કિલ્લો અંગ્રેજ સરકારના તાબામાં હતો અને ત્યાર પછી સિંધિયા સરકારના લડાયક સરંજામમાં પુષ્કળ ઘટાડો થયો હતો. સને ૧૮૫૩ માં મહારાજ જયાજીરાવને રાજ ગાદી આપવામાં આવી હતી તેમ છતાં સઘળો રાજ કારભાર રેસિડંટના મત પ્રમાણે ચાલતો હતો. મહારાજ જુવાન હોવાથી દિનકરરાવ રઘુનાથ રાજવાડે નામનો માણસ બધો કારભાર કરતો અને પોતે ચેનબાજીમાં નિમગ્ન રહેતા હતા. જુવાન મહારાજ ઘણા ચંચળ અને શોખી હતા. જો રાજકારભાર તેના હાથમાં સોંપવામાં આવ્યો હોય અથવા પ્રસંગ આવ્યો હોય તો હથિઆરનો આશ્રય લેતાં પણ વાર લગાડે નહિ. મહારાજ તથા સરકારનું મન સાચવીને ચાલવાની યુક્તિ દિનકરરાવમાં હતી. તે અસાધારણ બુદ્ધિમાન માણસ કારકુની ઉપરથી મોટા દિવાનના પદ ઉપર આવેલો હતો અને અ-

ધિકાર ઉપર આવ્યા પછી તેણે પોતાની યોગ્યતાને સિદ્ધ કરી બતાવી હતી. ૧૮૫૫ માં જુનો રેસિડંટ બદલાઇ નવો આવ્યો તેવા સંધિના અવસરમાં દિવાન તથા મહારાજા વચ્ચે ભેદ પાડવાનો કેટલાક વિઘ્ન સંતોષીઓએ યત્ન કર્યો અને તેમ થયું પણ હોત; કારણ કે તે વખતે મહારાજ જયાજીરાવ હિતોપદેશમાં વર્ણવેલી સ્થિતિમાં હતા.

यौवनं धनसम्पत्तिः प्रभुत्वमविवेकिता

एकैकमप्यनर्थाय किमु यत्रचतुष्टयम् ॥

અર્થાત્ તારૂણ્ય, ધનસંપત્તિ, રાજ્યાધિકાર અને વિવેકશૂન્યતા એ ચારેવનાં સાથે મળેલાં હતાં, તેથી વિઘ્નસંતોષી મંડળી ફાવી ગઈ હોત પરંતુ સદ્‌ભાગ્યે મહારાજનું મન રેસિડંટના મત પ્રમાણે ચાલતું હતું, એટલે તેણે મહારાજને દિવાનની હોંશિયારી વિશે સારી ભલામણ કરી, રેસિડંટ અને મહારાજને થોડા વખતમાં સારી મૈત્રિ થઈ ગઈ. અને ૧૮૫૭ ની શરૂઆતમાં તેઓ ગવર્નર જનરલને મળવાને કલકત્તે ગયા હતા. મહારાજનો બ્રિટિશ સરકારે કલકત્તામાં સારો સત્કાર કર્યો તેથી તેમને બ્રિટિશ સરકારના ઉપર સદ્‌ભાવ ઉત્પન્ન થયો. મહારાજ કલકત્તેથી પાછા આવ્યા તેવામાં બંડની વાત ઉડી રહેલી હતી. મે મહિનામાં મીરત અને દિલ્લીમાં ખુલ્લી રીતે બંડ થયાના સમાચાર ગ્વાલીઅરમાં આવ્યા. ગ્વાલિઅરમાંની ફોજમાં ફૂટ પડવાનો ભય હતો કારણ કે તેમના મનમાં સરકાર પોતાના ધર્મનો નાશ કરે છે એવો શક આવ્યો હતો. ગ્વાલિઅરમાં નવું અને જુનું એમ બે પ્રધાન મંડળ હતાં, તેમાંના જુનાઓને બ્રિટિશ સરકારની રાજ્ય પદ્ધતિ પસંદ પડતી ન હતી.*

---

* "It was the opinion of the more intelligent Chiefs of the Gwalior State, who were but few in number, that the Bengal native army believed our Government to have intended, through the greased cartridges, to strike at the Hindu and Mahomedan religions in favour of Christianity. But they held that the army was predisposed to revolt through the disaffection of the population, and that the chief causes of the popular dissatisfaction with our rule were—the extinction of Native States, and our

મીરત અને દિલ્લીમાં બંડવાળાઓએ વિજય વર્તાવ્યાથી ઉત્તર હિંદુસ્તાનમાં ઘણે ઠેકાણે બંડ થયાં હતાં. સિંધિઆ સરકારે આ વખતે પોતાની એક સેના લેફ્ટેનંટ ગવર્નરના સંરક્ષણને માટે આગ્રે મોકલાવી અને બીજી એક મરાઠી સૈન્યની ટુકડી એટાવાસ તરફ મોકલી આપી, એટલુંજ નહિ પણ ગ્વાલીઅરમાંના યુરોપિઅનોના રક્ષણને માટે અનેક પ્રયત્ન કર્યા. તા. ૧૪ મી જુનને દિવસે ઘણો બંદોબસ્ત અને સાવચેતી રાખેલી હોવા છતાં ગ્વાલીઅરવાળી ફોજે ઉઘાડી રીતે બંડ કરીને અંગ્રેજોની છાવણીમાં આગ લગાડી, અને ચૌદ અંગ્રેજ સેનાનિઓને મારી નાંખ્યા. રેસિડંટ આ સમાચાર મળતાં વાંત મહારાજની પાસે આવ્યો અને રેસિડન્સીના દરેક યુરોપિઅન અને બૈરાં છોકરાંને આગ્રે મોકલી આપવાનો બંદોબસ્ત કરવાને અરજ ગુજારી. તેણે એકલા ગ્વાલીઅરમાં રહેવાની ઇચ્છા જણાવી છતાં મહારાજાએ તેને જણાવ્યું કે, 'બંડવાળાઓ તમારો પિછો છોડશે નહિ માટે તમે પણ જાવ.' સારા બંદોબસ્ત સાથે પછી તેમને આગ્રા તરફ વળાવવામાં આવ્યા. ચંબળા નામની નદીથી ૭ માઈલ પર હિંગોના કરીને એક ગામ છે ત્યાં પહોચતાં તેમના પર એક આફત આવી. જહાંગીરખાન કરીને સિંધિઆ સરકારનો એક માણસ મિત્રના રૂપમાં શત્રુ થઈ તેમની સાથે ગયો હતો અને છુપાઈ રહેલા બંડવાળાઓને હાથે યુરોપિઅનોનો નાશ કરવાનો તેમણે બેત રચેલો હતો, પરંતુ દિવાન દિનકરરાવે તેના પ્રતિકાર રૂપ ગોઠવણ કરી રાખેલી હતી તેથી યુરોપિઅનો છેવટ સહી સલામત આગ્રે પહોચી ગયા. આ વખતે મહારાજ જયાજીરાવ સિંધી-

consequent measures; the depression of Chiefs and heads of society; the resumption, or the conversion into life-tenures, of hereditary rent free tenures of land, or of hereditary interests connected with land or the land revenue; alienation of zamindary lands for arrears of revenue, or in satisfaction of Civil decrees; the non-conferment of estates or honours for eminent services to the state; the want of conciliatory and confidential personal intercourse between our officers and the Native Chiefs heads of society and people; our system of administering Civil justice."

—*Memorials Page.* 327.

આ, દિવાન દિનકરરાવ, ઠાકોર બળદેવસિંહ અને ધોળપુરના રાણાએ જે ઉપકાર કર્યો હતો તે અંગ્રેજોને માટે ચિરસ્મરણીય છે એમાં કંઈ શંકા નથી.

અંગ્રેજ લોકના ગયા પછી બંડવાળાઓએ પોતાનું આધિપત્ય લેવાને માટે સિંધિયા સરકારને વિનંતિ કરી. સિંધિયા સરકારને પોતાના સેનાધિપતિ બનાવી આગ્રા ઉપર ચડાઈ કરવાનો તેમનો વિચાર હતો. આગ્રામાં આ વખતે અંગ્રેજ લોકો પાસે સૈન્ય નહોતું તેમ બીજો આશ્રય પણ નહોતો. મેજર મેકફરસને મહારાજાને તથા દિવાનને લખ્યું કે, 'તમે ગમે તેમ કરીને બંડવાળાઓને આગ્રા તરફ આવવા દેશો નહિ.' જો બંડવાળાઓ આગ્રા તરફ ગયા હોત તો ત્યાં તેમને વિજય મળત અને આગ્રાનો હિંદુસ્તાનના ઇતિહાસમાં પ્રસિદ્ધ થયેલો કિલ્લો પણ તેમને હાથ આવત પરંતુ સિંધિયા સરકાર તથા તેમના દિવાને સમજાવી પટાવી તેમને ગ્વાલીઅરમાંજ રોકી રાખ્યા. દિવાન દિનકરરાવ બહાદૂર અને સિંધિયા સરકારની યુક્તિથીજ યુરોપિઅનો આગ્રામાં સલામત રહી શક્યા.†

કંટીજંટ ફોજ કેટલાક દિવસ સુધી ગ્વાલીઅરમાં સ્વસ્થ રહી અને પોતાના નેતા તરીકે સિંધિયા સરકારને વશ કરવાને યત્ન કર્યો, એટલુંજ નહિ પરંતુ 'અમારી સાથે આગ્રે ચાલો અથવા અમને ખજાનામાંથી ધન આપો' એમ તેમણે તગાદો ચલાવ્યા કર્યો, તથાપિ સિંધિયા સરકાર તથા તેમના દિવાન દિનકરરાવે તેમને પોતાનું મન ન આપતાં

---

† આગ્રામાંના એક યુરોપિઅન ગૃહસ્થે આ પ્રસંગને માટે લખ્યું છે કેઃ—

"Few know how much we, at Agra, are indebted to Major Macpherson for our immunity from attack by the full force of the Gwalior Contingent, with their powerful siege artillery. The real state of the case was this: the Political Agent had full influence over Sciudia's Dewan, or Prime Minister, the celebrated Dinkar Rao; the Minister in his turn influenced his master; and thus Major Macpherson, from the interior of the fort at Agra, ruled the course of events at the Court of Gwalior."

—*Notes on the Revolt in the N. W. Provinces of India by Charles Raikes.*

બવરાવ્યા કર્યા. તેમણે પોતાના ધૈર્ય, નિશ્ચય અને ચાતુર્યથી સારૂ સારૂ બોલી તેમને તા. ૧૫ મી અક્ટોબર સુધી ગ્વાલીઅરમાં ખાળી રાખ્યા. આ વખત ઘણો બારીક હતો. મહારાજ, દિનકરરાવ અને બીજા બે માણસો સિવાય સર્વ અંગ્રેજ સરકારની વિરૂદ્ધ હતું. અંગ્રેજોની કંટીજંટ ફોજ સ્વેચ્છાચારી થઈ સિંધિયા સરકારના આનુકૂલ્યની તથા દ્રવ્યસાહાયની અપેક્ષા રાખીને બેઠી હતી. જો સિંધિયા સરકારનો હેતુ જરાક ગણેસણે પણ તેમના કળવામાં આવ્યો હોત તો રજવાડા ઉપર તોપનો મારો ચલાવી તેમણે મોટુ રમસ્તાન મચાવી મૂક્યું હોત. વળી, સિંધિયા સરકારને તેમના સ્વેચ્છાચરણ ઉપર રાગ આવ્યો હોત તોપણ કામ બગડી જાત, કારણ કે ખુદ સિંધિયાની દશ હજાર માણસની ફોજ બંડવાળાઓને મળી ગઈ હતી. શ્રીમંત નાના સાહેબ પેશવાના ઉપર સઉ કોઈને સીરૈ પ્રેમ હોવાથી અને દિલ્લી તરફ તેમનો વિજય થવાથી લોકમત તેમની તરફ ઢળ્યું હતું. દિલ્લી અને લખનૌમાં અંગ્રેજોની સ્થિતિ બહુજ શોચનીય થઈ પડી હતી. આવા વખતમાં સિંધિયા સરકારની રાજ્યભક્તિનો પાયો જો એક જરા પણ ડગ્યો હોત તો ૧૮૫૭ ના બળવાએ કેવું રૂપ લીધું હોત તે કહેવું કઠિન છે બુંદેલખંડ, ભોપાળ, અને માળવાની કંટીજંટ ફોજો અને હોલકરનું સૈન્ય બંડવાળાઓને અનુકૂલ થયું હતું. તેઓ અંગ્રેજોની જડ ઉખાડી નાંખવાને ટમટમી રહ્યા હતા અને ખરેખર જો સિંધિયા સરકારે તેમને આંગળી આપી હોત તો તેઓ ટમટમી રહેલા મેઘની માફક અંગ્રેજો ઉપર તૂટી પડી મોટો ઉત્પાત કરી મૂકત પરંતુ તેમના સુભાગ્યે સિંધિયા સરકાર પોતે અને તેમનો દિવાન દિનકરરાવ છેવટ સુધી રાજ્યભક્તિથી વિમુખ થયા નહિ, અને બધું ભરમમાંને ભરમમાં શાંત ચાલ્યું ગયું. ઉત્તર હિંદુસ્તાનમાંજ નહિ પણ બગાવો દક્ષિણમાં અને ટુંકામાં કહીએ તો આખા હિંદુસ્તાનમાં પ્રસરી જઈ બંડવાળાઓએ મોટો અનર્થ કર્યો હોત.†

† આ વખતની સ્થિતિનું એક અંગ્રેજ ગ્રંથકાર આ પ્રમાણે વર્ણન કરેછેઃ-

"Gwalior, while it thus continued in his hands, might have been regarded as in one sense the key of India, or rather, perhaps, as one link of a chain, which could not have given way in any part without ruining our power in India. If the Ruler of Gwalior had either played us false, or succumbed to the strong adverse elements with

સપટેમ્બર મહિના સુધી સિંધિયા સરકારે તથા દિવાન દિનકરરાવે પોતાનો અંતસ્થ હેતુ બંડવાળાઓને જાણવા દીધો નહિ, પરંતુ પછી તે વધારે વખત ગુપ્ત રેહી શકયો નહિ. શ્રીમંત નાના સાહેબના પ્રતિનિધીઓ ગુપ્ત રીતે સેનાઓને ફોડતા હોવાથી મહુ અને ઈંદુરનાં સૈન્ય ફુટી ગયાં, ત્યાર પછી તા. ૭ મી સપટેંબરે કંટીજંટ ફોજના ૩૦૦ માણસો સિંધિયા સરકારની પાસે ગયા અને 'અમારે આગ્રે જવું છે માટે મદદ આપો' એવી માગણી કરી. આ વખતે સરકારે પોતાનો વિચાર તેમને જણાવી દીધો અને એમ કહ્યું કે, 'હું તમને આ કામમાં કંઈ મદદ આપનાર નથી એટલુંજ નહિ પણ તમે જે કાર્ય કરવાને માટે ઉદ્યત થયેલા છો તે મારા મતથી વિરૂદ્ધ છે. તમારા પગાર હું આપવાનો નથી.' બંડવાળાઓ આ ઉત્તરથી સિંધિયા સરકારનો ખરો હેતુ પામી ગયા અને ઘણા ક્રોધ સાથે દરબારમાંથી પાછા ફર્યા. સિંધિયાસરકારે પોતાના ઉપર આવી પડનાર આફતની સામે થવાને બંદોબસ્ત કર્યો. મરાઠી ફોજને સમજાવી પોતાના ઉપર પ્રેમ ઉત્પન્ન કરાવ્યો અને ઠાકોર લોકોને બોલાવી મદદે ઉભા રહેવાને ઉત્તેજન આપ્યું. કંટીજંટ ફોજે સરકારની સામે તોપનો મારો ચલાવવાને મોરચા બાંધ્યા પરંતુ છેવટ તેનો ઉપયોગ ન કરતાં તાતિયા ટોપી આવી મળ્યો તેની સાથે તેમણે કાનપુર જવાનો માર્ગ લીધો. સિંધિયા સરકાર બંડવાળાઓની સામે છે એમ જાણીને તેમણે કેટલાંક પરગણાંમાં લુંટફાટ ચલાવી દેશને ઉજડ કરી નાંખ્યો તથા એક જમીનદારના છોકરાની આ-

---

which he had to contend, the Revolt would almost certainly have been national and general instead of being local and mainly military; and instead of its fate being decided by those operations in the easily traversable Gangetic valley, upon which public attention was concentrated, we should have had to face the warlike races of Upper India combined against us, in a most difficult country; and, in all probability, those of the South also." + + + + + "Had Scindia then struck against us—nay, had he even done his best in our behalf, but failed—the character of the rebellion might have been changed almost beyond the scope of speculation."

—*Memorials of Service in India.*

આ ખાતરી કાઢી તેની પાસેથી પુષ્કળ ધન કઢાવ્યું. તા. ૧ લી ડિસેમ્બરે સઘળા બંડવાળાઓ કાનપુર આવ્યા એટલે આગ્રામાં રહેલા યુરોપિઅનો અનાયાસે ભયંકર સંકટમાં આવતાં બચી ગયા.

કંટીજંટ ફોજ આ પ્રમાણે ગ્વાલીઅરમાંથી ચાલી ગઇ તેથી સિંધિયા સરકારનો ભય કંઈ ઓછો થયો નહિ, કારણ કે બીજા સરદારો અને લોકો બ્રિટિશ સરકારની વિરૂદ્ધ સખ્ત લાગણી ધરાવતા હતા. રજપૂત, મરાઠા, ઠાકોર, બુંદેલા અને પુરવિઆ પોતાના જાત ભાઇઓના બંડમાં ભળી જવાને ઇચ્છા રાખતા હતાં, તથાપિ તેમના ઉપરિ અધિકારી બળવંતરાવ અને માહુરકરે તેમને સમજાવી રાખેલા હતા. મેજર મેકફરસનના વિચાર પ્રમાણે દિવાન દિનકરરાવે આ સ્થિતિ મોટી યુક્તિથી સંભાળી રાખી હતી; કારણ કે જેમના હાથમાં ગ્વાલીઅરની રાજ્ય સત્તા હતી તે સઘળા અધિકારીઓ મહા ધુર્ત અને રાજ્યકાર્ય કુશળ હતા. દરબારના સઘળા સરદારો બ્રિટિશ રાજ્ય સત્તાની વિરૂદ્ધ હતા એટલે સૈનિકો માત્ર તેમની હુકમનીજ વાટ જોઈ રહેલા હતા. આખા દેશમાં જ્યારે રૂધિર રેડાતું હતુ ત્યારે ગ્વાલીઅરમાં આ પ્રમાણે વિરૂદ્ધતા છતાં બધુ સ્વસ્થ રહ્યું હતું, તે દિવાન દિનકરરાવની ચતુરાઇને લીધેજ હતું.

૧૮૫૭ ના સપટેમ્બરથી ૧૮૫૮ ના એપ્રિલ સુધી આમન્યા રહી પરંતુ પછી જેમ જેમ ઝાંશી અને કાલ્પીના યુદ્ધની વાતો આવતી ગઇ તેમ તેમ અવ્યવસ્થા વધતી ગઇ. દિવાન દિનકરરાવની પરવાનગી વગર પાન પણ હાલતું નહિ તે વ્યવસ્થા અને બંદોબસ્ત શિથિલ થવા માંડ્યાં. આ વખતે વળી તાતિયા ટોપી છૂપી રીતે સિંધિયા સરકારના લશ્કરમાં ફિતૂર કરાવવા ગ્વાલીઅર આવ્યો. તેણે સરદારો અને ફોજની મુલાકાત લઈ નાના સાહેબને મદદ કરવાનાં વચનો મેળવ્યાં એટલે કે, વખત આવતાં બંડ થવાને જરાય વિલંબ થાય નહિ. માત્ર સિંધિયા સરકાર અને તેમનો દિવાન બેજ માણસો તેમની હિલચાલની વિરૂદ્ધ હતા.*

---

* આના સંબંધે મેજર મેકફરસને આ પ્રમાણે લખ્યું છે:—

"Already, in September 1857, when he went there to gain the contingent to the Nana, and move it upon Cawnpore, Topeh had become thoroughly acquainted with the ground. He saw that the Maharajah, influenced by the

ગ્વાલીઅરમાં આ પ્રમાણે ચાલતું હતું તેવામાં આણી તરફ સર હ્યુ રોજે કાલ્પી લીધું અને બંડવાળાઓને જમુનાની પેલીપાર હાંકી કાઢવાનો યત્ન કર્યો તથાપિ સર્વ પ્રાંતોમાં હજી અરાજ્યનિષ્ઠાનો પ્રબળ અગ્નિ ધુંધવાતો હતો. અયોધ્યાના રોહિલ અને રાવસાહેબનાં સૈન્ય એક ઠાય તથા સિંધિયા સરકારની ફોજ તેમના ભેગી મળે તો તેઓ પુનઃ રાજ્ય સત્તા જમાવી શકે એમ હતું. અંગ્રેજ લોક આ બાબતથી અજાણ્યા નહોતા. તેઓ સારી રીતે જાણતા હતા કે જો ઉપર પ્રમાણે બનશે તો બ્રિટિશ સત્તાનો નાશ થશે. બ્રિટિશોના વિજયનો આધાર સિંધિયા સરકાર ઉપર હતો.† ગ્વાલીઅરમાં ગોરૂ લશ્કર મોકલીને પાકો બંદોબસ્ત કરાવવાને આગ્રાથી ગ્વાલીઅરના રેસિડંટ મેજર મેકફરસને લૉર્ડ કેનિંગને લખ્યું હતું, પરંતુ ગોરૂ લશ્કર આવે તે પહેલાં પેશ્વાનું સૈન્ય ગ્વાલીઅર ઉપર આવ્યું એટલે વચમાં થઈ માર્ગ કરવાનો આવકાશ રહ્યો નહિ.

Dewan, was the only serious obstacle to the acquisition of Gwalior to the revolt; and that the sole hope of mastering that obstacle lay in gaining over the Mahratta and Gwalior Divisions of Scindia's troops which still looked to him for guidance, in addition to those who already sympathised with the rebels."

—*Memorials. P. 331.*

† સિંધિયા સરકાર જો આ વખતે બ્રિટિશ રાજ્યભક્તિથી ચલિત થયા હોત તો અંગ્રેજોને ઉચાળા ભરવા પડયા હોત. એક ગ્રંથકાર લખે છે કે.-

"It needs but a glance at the map to show what the result might have been, had Gwalior sided with the rebels. The Nizam's territories, already sufficiently inflammable, would assuredly have caught fire; and it is questionable, whether in that case any part of southern India could have been saved." *P. 326.*

વળી ગવર્નર જનરલ લૉર્ડ કેનિંગે ઇગ્લંડ તાર કર્યો હતો કે:—

"If the Scindia joins the mutiny, I shall have to pack off to-morrow."

તાતિઆ ટોપીએ ગ્વાલીઅર જઈ સરદારોને મળીને વાત કરેલી હતી તેથી પેશવાના લશ્કરને પોતાની હદમાં આવતાં કોઈની સાથે અથડા અથડી થવાનો સંભવ નહોતો અને રાવસાહેબે પોતે સિંધિયા સરકારના ઉપર એક પત્ર મોકલાવ્યો હતો. 'સ્નેહભાવથી હું તમારી તરફ આવું છું અને તમારે આપણો પૂર્વનો સંબંધ યાદ આણી આજ અમને મદદ કરવાની છે. તમારી મદદ આવ્યા પછી હું દક્ષિણ તરફ ઉતરવા ધારૂં છું.' દિવાન દિનકરરાવે આ પત્રનો ઘટિત ઉત્તર આપ્યો અને રાવ સાહેબ સિંધિયાની મદદની પૂર્ણ આશાએ પછી આગળ ચાલ્યા. આમેન મહાલ આગળ આવતાં સિંધિયાના મહાલકરીને પેશવાઈ ફોજને અટકાવવાનો પ્રયત્ન કર્યો, પરંતુ તેને રાવસાહેબે નીચે પ્રમાણે જણાવ્યું 'અમને પ્રતિબંધ કરનાર તું કોણ છે? હું સિંધિયાને તથા દિવાનને ઓળખતો નથી! શું તેઓ ખ્રિસ્તિ છે કે અમારી સામે થાય છે? હું 'રાવ પંત પ્રધાન પેશવા' છું અને સ્વરાજ્ય તથા સ્વધર્મને માટે યુદ્ધ કરૂં છું સિંધિયાના પૂર્વજોએ અમારી હજુરગીરી કરેલી છે અને અમેજ આ રાજ્ય તેમને આપેલું છે. સિંધિઆનું સૈન્ય અમારી સાથે મળેલું છે અને સેનાના અધિકારીઓના અમારા ઉપર આશ્વાસન પત્રો આવેલા છે. તાતિઆ ટોપીએ ગ્વાલીઅર જઈ સર્વ બંદોબસ્ત કરેલો છે ત્યારે તમારે શું અમારી સાથે લડાઇ કરવાનો વિચાર છે," રાવસાહેબ પેશવાનાં આવાં બાણુદાર વચન સાંભળી મહાલકરી ટાઢો પડી ગયો અને તેમને અટકાવવાનો વિચાર માંડી વાળો. તા. ૩૦ મી મે ૧૮૫૮ ને દિવસે પછી ગ્વાલીઅરથી નવ માઈલ ઉપર બરાગાવમાં આવીને પેશવાના લશ્કરે છાવણી નાંખી.

શ્રીમંત રાવસાહેબે ત્યાંથી સિંધિયાને પોતાના આવ્યાના સમાચાર આપી મદદને માટે વિનંતિ કરી. પેશવાનો પત્ર આવતાં ગ્વાલીઅર દરબારમાં મોટી હોહા થઇ રહી. સિંધિયાના સરદારો અને મુસદ્દીઓ પેશવાને મળેલા હતા તેથી દરબારમાં તેમનો વિચાર વિરૂદ્ધ ‡પડયો

‡"Scindia's whole force had now been brought to sympathise more or less with the rebels; a large portion was fully with them, and the remainder had no sufficient motive to strike heartily against them for Scindia. Still, the Dewan was confident that, as the small force detached by Sir Hugh Rose was advancing behind them, and

સિંધિયા સરકાર પોતાના વચનને વળગી રહ્યા અને બંડવાળાઓની સામે થવાનો વિચાર જણાવી પોતાના શીળને સફળ કર્યું. કહ્યું છે કે:—

દુહો.

जलकी शोभा कमल है, दलकी शोभा पील;
धनकी शोभा धरम है कुलकी शोभा शील.

આ ઉક્તિ પ્રમાણે સિંધિયા સરકારે પોતાના કુળની શોભા વધારનાર શીલ પ્રકટ કરી દરબારમાં બંડવાળાઓને બીલકુલ મદદ નહિ આપવાનો નિશ્ચય જાહેર કર્યો. જુવાનીને લીધે મહારાજે બંડવાળાઓની સામે યુદ્ધ કરી તેમનો દોર તોડી નાંખવાનો વિચાર કર્યો પરંતુ દિવાન દિનકરરાવ ઘણો અનુભવી અને ગંભીર હતો તેણે બહાર પડી બંડવાળાઓના સામે લડવાની યોજનાને સ્વીકારી નહિ. સર હ્યુ રોજ ગોરૂં લશ્કર લઇને આવે ત્યાં સુધી ગ્વાલીઅરમાં રહીનેજ પોતાનું રક્ષણ કર્યા કરવું એવો દિવાન તથા મેજર મેકફરસન વચ્ચે દૃઢ વિચાર થયેલો હતો. દિવાન સારી રીતે જાણતો હતો કે સરદારો અને મુસદીઓ બંડવાળાઓનું હિત ઇચ્છે છે. સિંધિયાના સૈન્યમાં મત્સર અને વૈમનસ્ય વ્યાપેલું હતું કારણ કે 'બાલેઘાટા' નામની એક પલટણના ઉપર સરકારને બહુ પ્રીતિ હતી અને તે પલટણ પોતાના બહુ માનથી નવાનવા પોશાક અને સારા ઘોડાઓની સાથે હમેશાં ઠાઠમાં રહેતી હતી. બીજા સૈનિકોથી તે દેખી ખમાતું નહિ. દિવાન દિનકરરાવે મધ્યરાત્રિ સુધી મહારાજની પાસે બેશીને તેમને કિલ્લામાં રહી સ્વરક્ષણ કરવાને સમજાવ્યા પરંતુ દિવાનના ગયા પછી એક મળતીઆએ મહારાજનું મન ફેરવી નાંખી બંડવાળાઓની સામે બહાર લડવા જવાનો હુકમ મેળવ્યો અને મહારાજે પોતે તલવાર બાંધી તેના સેનાધિપતિ થવાને કબુલ રા-

---

as the rebels themselves might be divided by bribery, a selected body of Scindia's Gwalior and Mahratha men—if posted in advance, while the mass of his troops was kept back—would check them for a few days, and give time for our force to come up.'

—*Memorials. P. 233.*

ર્યું.† પેશવાને સિંધિયાની મદદની જે આશા હતી, તે હવામાં ઉડી ગઈ અને સિંધિયાની સાથે ટક્કર લેવાનો પ્રસંગ આવ્યો.

તા. ૧ જુનને દિવસે સવારે મહારાજ જયાજીરાવ સિંધિયા લશ્કરી પોશાક ધારણ કરી તથા તલવાર બાંધી ઘોડેસ્વાર થયા, અને લશ્કરને કુચ કરવાનો હુકમ આપ્યો. બે માઇલને છેટે બહાદરપુર આગળ બંડવાળાઓનો પરાજય કરવાને રણસ્તંભ રોપી ત્યાં આવી સઘળા બંદોબસ્તથી ઉભા રહ્યા. આ વખતે તેમની પાસે ૬ હજાર પાયદળ બારસેં ઘોડેસ્વાર લોકની બાલેઘાટી પલટણ અને મોટી મોટી આઠ તોપો હતી. સિંધિયા સરકારે પોતે આગળ આવીને સૈન્યની વ્યવસ્થા કરી અને મોખરા ઉપર તોપો ગોઠવાવી, સૂર્ય નારાયણનાં કિરણો ફુટતાંની સાથેજ શત્રુના ઉપર તોપ ચલાવવાનો હુકમ આપ્યો. પેશવાના સૈન્યના આગલા ભાગપર મુરાર તરફથી ગોળા આવવા માંડ્યા તે જોઈ કેટલાક અધિકારીઓએ રાવસાહેબને સિંધિયાની સામે લડાઈ કરવાનો હુકમ આપવાની વિનતિ કરી પરંતુ તાતિયા ટોપી અને રાવ સાહેબ પેશવાએ તે માન્યું નહિ તેમણે ધાર્યું કે સિધિયા લડવાને નહિ પણ આપણને સત્કાર આપવા માટે તોપોની સલામતી આપે છે. પેશવા સરકાર સલામતી સમજીને બેશી રહ્યા પણ તોપમાંથી છૂટતા નાશકારક ગોળાઓએ તેમની આંખ ઉઘાડી. પેશવાઇ ફોજમાં દોડ દોડ થઈ રહી અને કેટલાક માણસ અસાવધતાથી માર્યા ગયાં. તાતિયા ટોપી અને પેશવા

---

† મી. માર્ટિન લખે છે કે:—

"At this crisis, an unfortunate difference of opinion is said to have arisen between Scindia and his minister. The latter was in favour of an exclusively defensive policy pending the arrival of British reinforcements; the former, deceived by certain ring-leaders in the confidence of Tantia Tope, was led to believe that he might safely attack the rebels (who were reported to be dispirited and disorganised) at the head of his own household troops. The councels of the Dewan, however prevailed up to midnight on the 31st af May: but after he had quitted the palace, the Maharaja was prevailed upon to give orders for an instant march against the advancing enemy."

—*British. India. Vol. 11. p. 488.*

નાહિંમત ગભરાઇ ગયા પરંતુ મહારાણી લક્ષ્મીબાઇએ મોટા ઉત્સાહથી વખત પ્રમાણે કામ કરવાની યોજના કરી.

રાણી લક્ષ્મીબાઇએ પેશવાને ગ્વાલીઅર ઉપર ચઢાઇ કરવાની સલાહ આપી હતી અને તે પ્રમાણે તેઓ ચાલી આવ્યા હતા. પેશવાને સિંધિયાની મદદની આશા હતી પણ આં તો તેથી ઉલટું નીકળ્યું. રાણી લક્ષ્મીબાઇ ઘણાં કુશળ હતાં છતાં તેમના કહેવા પ્રમાણે થતું નહોતું. પેશવા પોતાના મનમાં પોતાને માટે ગર્વ રાખતા ત્યારે તાતિયા ટોપી પોતાને માટે મગરૂર રહેતો અને બીજા બંડવાળાઓ પોતાના મત પ્રમાણે વર્તતા હતા, એટલે કે પેશવાના સૈન્યમાં એકમન નહોતું. સહુ કોઇ પોત પોતાની ઇચ્છામાં આવે તેમ વર્તતા હતા. લડાઇને વખતે અવ્યવસ્થા થઇ જવાનું કારણ એજ હતું. ઐક્ય માત્ર એટલુંજ હતું કે સઘળાઓને અગ્રેજો સામે લડવું હતું. બ્રિટિશ રાજની વિરૂદ્ધ લાગણી સર્વેના મનમાં સરખી હતી.

સિંધિયા સરકારની તોપો ચાલુ થવા માંડી અને તેથી પેશવાનું મોટું સૈન્ય ગભરાવા માંડ્યું તે જોઇને રાણી લક્ષ્મીબાઇ પોતાના બસેં ત્રણસેં સ્વારને બહાર કાઢી તોપખાના તરફ હલ્લો કરવાને માટે આગળ ધસ્યાં. તાતિયા ટોપી પણ સૈન્યની ટૂકડીઓ પાડી સિંધિયાના સૈન્યની એક તરફ ધસી ગયો. રાણી સાહેબ પોતાના નેક અને શૂર ઘોડેસ્વારોની સાથે સિંધિયાના તોપખાના ઉપર તૂટી પડયાં અને તેમના શૂરવીરોએ એવી સમશેર બજાવી કે ગોલંદાજો તોપોને પડી મુકી નાશી ગયા, અને બીજી તરફના સૈનિકોએ તાતિયા ટોપીના વચનથી બંધાયલા હોવાથી ગોળીઓ છોડવી બંધ કરી. મહારાજ જયાજીરાવ સિંધિયા બાલેઘાટી નામની પોતાની પલટણની સાથે મોટી રાજ ભક્તિથી બંડવાળાઓની સામે લડવા લાગા. એક તરફ મોટા માનવંત મહારાજા અને બીજી તરફ એક બ્રાહ્મણ અબળા વચ્ચે તુમુલ યુધ ચાલવા માંડ્યું, સિંધિયા સરકાર અંગ્રેજો ઉપરના ભાવને લીધે શૂરથી લડતા હતા ત્યારે રાણી લક્ષ્મીબાઇ તેમના પ્રતિના અભાવથી મહા ક્રોધાંધ થઇ લડાઇ ચલાવતાં હતાં. મહારાણી લક્ષ્મીબાઇ સાહેબે ઉમદા પોશાક વાળા સિંધિયા સરકારના માનિતા સૈન્ય ઉપર પોતાનાં ગંઝેળ પોશાક વાળા શૂરવીરોથી એવો સપાટો ચલાવ્યો કે, જવાન મર્દ સિંધિયાના માનિતા સિપાઇઓ ટપોટપ ધરણી ઉપર ઢળી પડવા માંડ્યા,

અને જોત જોતામાં બંડવાળાઓનો દોર ફેલાવવા રણ પડેલા મહારાજ જીયાજીરાવને પ્રાણ બચાવવાને રાજવાડાનો રસ્તો લઈ રાણીને પુંઠ બતાવવી પડી. સિંધિયા સરકારને પાછુ પડવું પડયું તેમ છતાં તેમના એટલી તો અત્રે સ્તુતિજ કરીશું કે, તેમણે બ્રિટિશ સરકાર પ્રત્યેના મૈત્રિને એ યુદ્ધથી સફળ કરી બતાવી હતી. મહારાણી લક્ષ્મીબાઈ સાહેબને આ વિજયથી અનન્ય કીર્તિ મળી. મહારાજ જયાજીરાવ સિંધિયા કે જેમના શૈર્યને માટે મોટામોટા લોકોએ છક થઇ જઇ વખાણ કરેલાં, જેની લડાયક સામગ્રી જોઇનેજ શત્રુનો દર્પ ગળી જાય તથા જેની પાસે મોટા મહારથી જેવા શૂરવીરો રણમાં હતા, તેજ સિંધિયા સરકાર આજ એક ગરીબ અબળાથી પરાજય પામી રણમાંથી નાશી ગયા એ મહારાણી લક્ષ્મીબાઇની હોંશિયારીને માટે ઓછું સ્તુતિપાત્ર નથી. ખરૂં છે કે:—

क्रियासिद्धिः सत्वे भवति महतां नोपकरणे

કેવળ સાધન સામગ્રીથી કંઈ થતું નથી. મનુષ્યનામાં સત્વનીજ અપેક્ષા છે, એ આ યુદ્ધથી સિદ્ધ થયું.

પ્રકરણ ૧૫ મું.

છેવટનું યુદ્ધ અને મૃત્યું.

મહારાણી લક્ષ્મીબાઇથી પરાભવ પામી જયાજીરાવ સિંધિયા રણાંગણમાંથી નાશી રાજવાડામાં આવ્યા અને ત્યાંથી દિવાન દિનકરરાવને લઇ તાબડતોબ આગ્રા તરફ અગિયારા ગણી ગયા. સિંધીયા સરકાર નાશી જતાંજ રાજવાડામાં હાહાકાર થઇ રહ્યો. પરાજય પામવાથી સરકાર આગ્રા તરફ નાશી ગયા એવા સમાચાર જનાનખાનામાં જઇ પહોંચતાં રાજસ્ત્રિઓ પોતાના રક્ષણને માટે નરવર નામના ગામમાં જતી રહી અને ત્યાં સરકારના એક બે વિશ્વાસુ માણસો હતા તેમણે તેમનો સારો બંદોબસ્ત કર્યો. આણી તરફ મહારાજના નાશી ગયા પછી બંડવાળાઓએ આનંદથી નગરમાં પેસવા માંડયું. ગ્વાલીઅર દરબારના જે સરદારો અને મુસદીઓ તાતિયા ટોપીને આગળથી

મળેલા હતા તે રાવ સાહેબના આગમનથી આનંદ પામ્યા અને તેમણે પેશવાને પોતાનો આનંદ દેખાડવાની તૈયારીઓ કરવા માંડી. શ્રીમંત રાવસાહેબ પેશવા હવે આપણા સ્વામિ છે. એમ માની ગ્વાલીઅરના ફૂટેલા લશ્કરે તેમને તોપોની સલામતી આપી અને મોટા ઉત્સાહથી બંડવાળાઓને શહેરમાં આવવા દીધા. શ્રીમંત પેશવા સરકારે મોટા ઠાઠ માઠથી નગર પ્રવેશ કરી વાજાંના વિચિત્ર નાદની સાથે રાજ મહેલમાં આવી ઉતારો લીધો. મહારાણી લક્ષ્મીબાઇએ નવલખાના બાગમાં પોતાનો પડાવ નાંખ્યો, અને પેશવા સાથે આવેલા બીજા સરદારોએ મોટાં મંદિરમાં મુકામ કર્યા. ટુંકામાં કહીએ તો શ્રીમંત રાવસાહેબ પેશવાને સિંધિયાની રાજધાની હસ્તગત કરતાં જરાપણ શ્રમ પડયો નહિ.

શહેર કબજે કર્યા પછી તાતિયા ટોપીએ કિલ્લાનો કબજો લેવા માટે એક સૈન્યને મોકલ્યું. કિલ્લાનો ઉપરિ પહેલેથીજ તાતિયા ટોપીને મળેલો હતો એટલે તે સ્વાધીન કરવાને શાનો શ્રમ પડે? જેવું તાતિયાનું સૈન્ય આવ્યું કે તુરતજ કિલ્લેદારે દરવાજા ઉઘાડી નાંખ્યા. મોટો, મજબૂત અને ડુંગર ઉપર આવેલો અજય્ય કિલ્લો આ રીતે પુષ્કળ યુદ્ધ સામગ્રી સાથે બંડવાળાઓને હાથ આવ્યો. ગ્વાલીઅરના જેવો કિલ્લો હાથ આવતાં તાતિયા ટોપીને બહુજ આનંદ થયો અને હવે આપણે નિર્ભય છીએ એમ તેના મનમાં સંતોષ ઉત્પન્ન થયો. કિલ્લો અને શહેર હાથ આવ્યા પછી વિજયાનંદમાં ફૂલાઈ ગયેલા સિપાઇઓએ રેસિડેન્સી ઉપર દરોડો પાડયો. રેસિડન્સીને લૂટી તથા બાળીને પાયમલ કર્યા પછી તેઓએ અંગ્રેજોનું હિત ઇચ્છિનારાઓનાં મકાનો નાશ કરવા માંડયાં. જુનો રાજ્ય મહેલ લૂટી લઇ દિવાન દિનકરરાવનું ઘર અને બીજા સરદારોનાં રહેઠાણ લૂટી તથા બાળીને જમીનદોસ્ત કરી નાંખ્યાં, એટલુંજ નહિ પરંતુ દ્રવ્ય તૃષ્ણા પૂરી કરવાને તેમણે શહેરમાં લૂંટ ચલાવવા માંડી પરંતુ રાવસાહેબ પેશવાએ રૈયતને લૂટવાની મનાઇ કરી.

સિંધિયા સરકારની રાજ્યધાની ગ્વાલીઅર પ્રાપ્ત થતાં શ્રીમંત રાવસાહેબ પેશવાને રાજ્યાભિષેકની ઇચ્છા થઇ આવી, અને વખત પ્રમાણે ગ્વાલીઅરના સરદારો તથા મુસદીઓ એમના વિચારને અનુકૂલ થયા. પાદશાહી અને સિંધિયાશાહીનો નાશ થઇ હવે પેશવાઈ જામશે એમ સર્વેને ભ્રમમૂલક વિચાર આવ્યો અને જે તે કોઇ એ-

વાતને અનુમોદન આપવા લાગ્યા. રાવસાહેબનો વિચાર પછી દઢ થયો. શ્રીમંત સાહેબે પછી રાજમંડળને બોલાવ્યું અને સિંધિયાના રાજાઓ તથા જાગીરદારોને આમંત્રણ મોકલ્યાં. સિંધિયાના કોશાધિકારીને પોતાની પક્ષમાં લઇ રાજ્યાભિષેકને માટે જોઇતાં નાંણાં મેળવ્યાં. બાણપુર અને શાહગઢના રાજાઓ ઉપર કંકોતરીઓ મોકલાવી. આ પ્રમાણે બધી તૈયારી કરાવ્યા પછી સિંહાસનારૂઢ થવાનું મુહુરત નક્કી કરાવ્યું અને તા. ૩ જુન ૧૮૫૮ ને દિવસે ફુલબાગમાં મોટા ઠાઠદાર રાજ્યાભિષેકનો સમારંભ કર્યો. રાજ્યાભિષેકના દરબારમાં પેશવા સાહેબને અનુકૂલ થઇ રહેલા સરદારો, મુત્સદીઓ, મહાલકરીઓ અને બીજા લોકો પોત પોતાની યોગ્યતા પ્રમાણે આવીને બેઠા પછી પેશવા સરકારને શોભે એવાં વસ્ત્ર અને અલંકાર ધારણ કરી શ્રીમંત રાવસાહેબ છડીદારની સાથે દરબારમાં આવ્યા. સરદારોએ ઉભાં થઇ રીત પ્રમાણે મુજરા કર્યા પછી રાવસાહેબે સર્વેને પોશાક આપ્યા, અને મુખ્ય પ્રધાન પદ ઉપર રામરાવ ગોવિંદ નામના માણસની નીમણોક કરી તથા સેનાધિપતિના પદ ઉપર તાત્યા ટોપીને કાયમ કરી રત્નજડીત તલવાર બંધાવી. દરબારમાં પાન ગુલાબ વહેંચાયાં અને જે તે ઠેકાણે આનંદ ઉત્સવ થઇ રહ્યો.

રાજ્યાભિષેકનો મહોત્સવ થઇ રહ્યા કેડે બ્રહ્મ ભોજનની તૈયારીઓ થઇ. સાતે વાનીનાં પકવાન્ન પડાવવામાં આવ્યાં અને બ્રહ્માવર્ત તથા ગ્વાલીઅરના બ્રાહ્મણોને નિત્ય નવાં નવાં ભોજન કરાવવા માંડ્યાં. શ્રીમંત રાવસાહેબ કસબી પિતાંબર અને સાલ જોટા ઓઢી પંગતમાં આવે, બ્રાહ્મણો તેમને આશીર્વાદ દે અને પોતે આગ્રહ કરી કરીને વિદ્વાન બ્રાહ્મણોને પકવાન્ન પિરસાવે; એવો ઠાઠ કેટલાક દિવસ સુધી ચાલ્યો અને સમસ્ત મંડળી મોજ શોખ આનંદ તથા બ્રહ્મ ભોજન અને રાગતાનમાં તલ્લીન રહેવા લાગી. બ્રાહ્મણોને પ્રીતિ ભોજન મળે અને ઉપર સુવર્ણ દક્ષિણા અપાય એવા જમણના તડાકાઓમાં રાવસાહેબને એમજ લાગે કે, હવે કોઇ રહ્યું નથી–અર્થાત् निर्वीरमुर्वीतलम् પેશવાને આવા મોજ શોખમાં પડેલા જોઈ રાણી લક્ષ્મીબાઇને ઘણું લાગી આવ્યું તેમણે ગ્વાલીઅર લીધું અને પેશવાને રાજ્યાભિષેક થયો એટલે 'ખોદે ઉંદર અને ભોગવે ભોરિંગ' એવું થયું તેની તો એમને ચિંતા નહોતી પરંતુ માથે પ્રબળ દુશ્મન ગાજતા હતા અને પેશવા આવી તાનબાજીમાં પડ્યા હતા તે જોઇ એમનો જીવ દુખાતો હતો.

મોટા સમારંભમાં એમણે ભાગ લીધો નહિ એટલુંજ નહિ પરંતુ પેશવાના કાન ઉઘાડ્યા. તેમણે નીચે પ્રમાણે સંદેશો કહાવી મોકલાવ્યો. "તમે આ વખતે આપણા વિજયને શાશ્વત માની આનંદમાં મગ્ન થયા છો પરંતુ તેમાં સાર નથી. ગ્વાલીઅર અને ગ્વાલીઅરનું સૈન્ય મળવાથી તમને કોઈનો ભય નથી એમ ધારતા નહિ. અંગ્રેજ લોક બડા બાહોશ અને ચતુર છે. તેઓ કેવી રીતે તમારા ઉપર હલ્લો કરશે તે કલ્પનામાં આવે તેમ નથી. તમને આજે શુભ સંધિ પ્રાપ્ત થયો છે તેને એળે ન ગુમાવો. મોટા સૈન્યને લીધે તમે ઘણું કરી શકો તેમ છે. દેશમાં ચારે તરફ નાકાબંદી કરાવો અને પલટણના સિપાઈઓને પગાર આપી તેમનાં મન બાંધી લ્યો. બાજીરાવ પેશવાએ બ્રહ્મ ભોજનમાં પેશવાઈ ગુમાવી હતી તેમ તમે પણ આ શુભ અવસરને ગુમાવશો." રાણી સાહેબે આ પ્રમાણે કડવાં વચન કહાવ્યાં પણ પેશવાના કાન ઉઘડ્યા નહિ. નડારૂ થવાનું હોય છે ત્યારે માણસને કંઈ ગોઠતુંજ નથી, તેમ રાણીનાં હિતકર વચનો પેશવાને ગોઠયાં નહિ. જેમ પેશવાની આંખો ઉઘડી નહિ તેમ તાતિયા ટોપી પણ પોતાની મગરૂરીમાં મસ્ત રહ્યો. આપણી બળાઢ્ય સેના ઉપર કોણ ચઢી આવનાર છે એવો તેના મનમાં ગર્વ રહ્યો. બંડવાળા લોકો પણ ચાર દિવસના ચાંદરણા જેવા સુખોપભોગમાં મગ્ન થઈ ગયા અને ગ્વાલિઅરમાં સહુ કોઈ ચેનબાજી તથા રંગતાન ઉડાવવા લાગ્યા એટલે પેશવાઈ તો નહિ પણ ગ્વાલીઅરમાં ઝોટિંગ પાદશાહી ચાલવા માંડી.

આણી તરફ અંગ્રેજ લોકોએ કેવી ગોઠવણ કરી તે તરફ નજર કરીએ. કાલ્પીની લડાઈમાં હાર ખાઈ બંડવાળાઓ ચારે દિશામાં નાશી ગયા ત્યાર પછી કર્નલ રિડેલ, અને રોબર્ટસન વગેરેએ પોતાની સેનાના ભાગ પાડી શત્રુની પુંઠે લગાડયા, અને પછી ચારે તરફનો બંદોબસ્ત થયા કેડે યુદ્ધથી થયેલા શ્રમની વિશ્રાંતિને માટે સર રોજે રજા લીધી. તેણે માગેલી રજા આપી હિંદુસ્તાનની સરકારે તે જગા ઉપર બ્રિગેડીઅર જનરલ નેપિઅરની નિમણોક કરી. સર હ્યુ રોજ પોતાનો અધિકાર સોંપી મુંબાઈ જનાર હતો એટલામાં બંડવાળાઓ ગ્વાલીઅર તરફ જાય છે એવા સમાચાર મળ્યા. એ સમાચાર મળતાં તેણે જનરલ સ્ટુઅર્ટને કાળાગોરા લોકની બે પલટણો આપી કર્નલ રોબર્ટસનની મદદે મોકલ્યો, અને બેઉ સેનાએ મળી બંડવાળાઓનો નાશ

કરવો એમ ઠરાવ્યું. આ યોજનાથી બંડવાળાઓ નાશી જશે એમ સર હ્યુ રોજનું માનવું હતુ પરંતુ તે સૈન્ય ગ્વાલીઅર પ્હોંચે તે પહેલાં તો એવા સમાચાર આવ્યા કે, સિંધિયા સરકાર આગ્રે નાશી ગયા અને ગ્વાલીઅર બંડવાળાઓએ કબજે કર્યું તા. ૪ થી જુનને દિવસે આ વિંણાચુટા કરાવે એવી ખબર આવી એટલે સર રોજને રજા લઇ વિશ્રાંતિ લેવા જવાનો મનોરથ ભાગી પડયો, તે મોટા ગંભીર વિચારમાં પડી ગયો. અહોરાત્ર શ્રમ લઇને બંડવાળાઓને હરાવ્યા પરંતુ તે બધા ઉપર પાણી ફરી વળ્યું. ગ્વાલીઅર તેમના હાથમાં આવતાં બધી ઉપાધિ અને શ્રમ નવે નામે પુનઃ માથે ખેડવાનાં થયાં, તથાપિ આવી પડેલા ભયની સામે થવાને તેણે પુનઃ પોતાના મનમાં ઉત્સાહ આણી બંડવાળાઓને બીલકુલ દાબી દેવાનો નિશ્ચય કર્યો જો. સર હ્યુ રોજ જેવો સેનાપતિ ન હોત તો રાવ સાહેબ પેશવાએ માંડેલી ગ્વાલીઅરની ગાદીને ભય આવી પડત નહિ, અને તેનાં દક્ષિણ સુધી ઉડાં મૂળ રોપાત. સર હ્યુ રોજે તાબડતોબ ગવર્નર જનરલ લૉર્ડ કેનિંગને તાર કર્યો કે, "ગ્વાલીઅર ઉપર સ્વારી કરી શહેર અને કિલ્લો સર કરવાને હું તૈયાર છું" લોર્ડ કેનિંગે તેના ઉત્સાહ ઉપરથી એ માગણી સ્વીકારી તેને સેનાધિકાર આપ્યો. તેણે પોતાની જગાનો અધિકાર લીધો એટલે એ જગા ઉપર આવનાર બ્રિગેડીઅર જનરલ નેપિઅરે મોટા આનંદથી તેના હાથ તળે કામ કરવાનું સ્વીકાર્યું. આ ઉપરથી વાંચનારે વિચારી લેવું કે—અંગ્રેજ લોકો પોતાનું શ્રેય કરવાને માટે કેવું જીવ નાંખીને કામ કરે છે. ઉનાળાના દિવસોમાં ઝાંશી અને કાલ્પી વગેરે પહાડી પ્રદેશમાં યુદ્ધ ચલાવી થાકી ગયેલો સર હ્યુ રોજ રજા લઈ વિશ્રાંતિને માટે જતો હતો તે સ્વપ્રજાના શ્રેયને માટે રજા નામંજુર કરાવી ગ્વાલીઅર ઉપર આવેલું વાદળ વિખેરી નાંખવાને તત્પર થયો !!

સર હ્યુ રોજ અને બ્રિગેડીઅર જનરલ નેપિઅર એ બે નરવીર હવે ગ્વાલીઅરની સ્વારીએ ચડયા. તા. ૫ મીને દિવસે તેમણે પોતાના સૈન્યના જુદા જુદા ભાગ પાડી તેમને હરેક પ્રકારે ગ્વાલીઅર ઉપર જવાનો હુકમ આપ્યો અને મેજર ઓરને હૈદરાબાદવાળી કંટીજંટની રણશૂર ફોજ આપી દક્ષિણ તરફ ગ્વાલીઅર અને સિપ્રાને મધ્ય ભાગે રાખ્યો. મેજર સ્મિથને ગ્વાલીઅરની પૂર્વે કોટાકીસરાઈ પર મોકલ્યો અને કર્નલ રિડેલને ભરપૂર તોપખાનું આપી આગ્રા ગ્વાલીઅરના ર-

રતા ઉપર રાખ્યો, તથા બ્રિગેડીઅર નેપિઅર અને પોતે મોટાં સૈન્ય લઇને જુદે જુદે રસ્તે મુરારની છાવણી ઉપર ચડાઈ કરી. આ પ્રમાણે સૈન્યની વ્યવસ્થા કર્યા પછી કુચ કરવા માંડી. એમની સાથે સર રોબર્ટ હેમિલ્ટન અને ગ્વાલીઅરનો રેસિડંટ મેજર મેકફરસન હતા. એ બેઉ જણ ગ્વાલીઅરના કિલ્લાની અંદરની વ્યવસ્થાથી ભોમિયા હતા. જુદે જુદે ઠેકાણે મોકલેલા સેનાનીઓ ડુંગરી પ્રદેશમાં મહા વિટંબણા વેઠીને મજલ દર મજલ કુચ કરવા લાગ્યા તે, જોઈ સર હ્યુ રોજને લડવાનું જોર આવ્યું.*

જે ઠેકાણે સિંધિયા સરકારનો પરાભવ થયો હતો તે બહાદરપુર ગામની પાસે હતા. ૧૬ માં જુનને દિવસે અંગ્રેજોનું સૈન્ય આવી પહોચ્યું. અહીંથી તેમને ગ્વાલીઅરનો પહાડી અને પ્રાચીન કિલ્લો દેખાવા માંડયો. મુરારની છાવણી બંડવાળાઓના હાથમાં હતી. સર હ્યુ રોજે પછી બંડવાળાઓના આશ્રયનું સૂક્ષ્મ રીતે અવલોકન કર્યું. મુરારની છાવણીમાં બંડવાળાઓએ બરોબર બંદોબસ્ત કરેલો હતો તેથી સર હ્યુ રોજે અંગ્રેજ ફોજના ભાગ પાડી તેને જુદે જુદે ઠેકાણે મોરચા

---

*"The whole affair deserved, and narrowly escaped burning by order of Sir Hugh. The misery of the drowsy hace at which we were compelled to follow our way, trammelled as we were with ordnance, and worn out draught animals, was almost the greatest trial, we were called on to endure and then to be obliged to halt about every hundred yards, and battle against sleep, was aggravating in the extreme. The Cavalry constantly slept in their saddles while marching, and by the constant lounging and dragging to one side galled their chargers' backs as they dreamt.

......................" Of battle begun,
Of field-day and foray, and foeman undone;
Of provinces sacked, and warrior store,
Of hurry and havoc, and hampers of ore;
Of captive maidens for joys abundant,
And ransom vast when these grow redundant."

The—Campxign in Central India. P. *174-175.*

બંધી કરીને ઉભા રહેવાનો હુકમ આપ્યો. સર હ્યુ રોજે મુરારની છાવણી ઉપર જોરદાર હલ્લો કરી તે એકદમ સર કરવાનો નિશ્ચય કર્યો, કારણ કે, તેના જેવું બીજું સ્થાન નહોતું. પોતાની રણશૂર ૮૬ મી પલટણને લઇ બંડવાળાઓના ઉપર છાપો મારવા તૈયારી કરી. મુરારની છાવણીમાં સિંધિયાની નામાંકિત પણ સરકારની વિરૂદ્ધ થયેલી પલટણ હતી, એ શિવાય બીજો સઘળો સાજ સિંધિયા સરકારનો હતો અને તે ઠેક ઠેકાણે લડવાને તૈયાર થયેલો હતો. આ બળવાન સૈન્ય ઉપર તાતિયા ટોપીએ અને રાવ સાહેબે હિંદુસ્તાનમાં હિંદુ રાજ્ય સ્થાપવાનો વિચાર કર્યો હતો, પરંતુ તેમના અંધાધુંધીના કારભારમાં દુરદર્શિત્વ નહોતું. સેનાને જો પોતાને સ્વાધીન લીધી હોત તો સારૂ ફળ થાત; પરંતુ તેઓ રાજ્ય સુખની આશામાં અંધ થયા હતા. અયોધ્યાથી આવેલું રોહિલ લોકનું સૈન્ય અને બીજી બંડવાળી પલટણો પણ પોત પોતાના અધિકારમાં મસ્ત રહેલી હતીં. મોટી સેનાના ઉપર કાબુ ધરાવનાર એકે અધિકારી નહોતો. સેનાની ગોઠવણ અને લડાઈની વ્યવસ્થા કરવામાં આવેલી નહોતી એટલે બંડવાળાઓની પાસે માણસ, અને યુદ્ધ સામગ્રી ભરચક હોવા છતાં એક નેતા વગર બધું અવ્યવસ્થિત હતુ. 'ધણી વગર ઢોર સુનાં' જેવી સ્થિતિ બંડવાળાઓની હતી.

અંગ્રેજોનું સૈન્ય મુરારની છાવણી ઉપર ચઢી આવે છે, એવી ખબર શ્રીમંત રાવસાહેબ પેશવાને કરવામાં આવી નહોતી. રાજ્ય મળવાથી હિંદુ રાજ્યની સંસ્થાપનાના ઉત્સાહમાં તે અંગ્રેજોની હિલચાલ તપાસવામાં ગાફીલ રહ્યા હતા. મરાઠાઓના શૂરવીરોએ પૂર્વે મરાઠી રાજ્યનો વાવટો અટકમાં રોપ્યો હતો, પરંતુ હાલ તેવો રણશૂર માણસ પેશવાની પાસે નહોતો અને પોતે પુણ્યશીલ હોવાથી બ્રહ્મભોજન અને દાન કરવામાં તલ્લીન થઈ ગયા હતા. પેશવા આ રીતે પોતાની પ્રવૃતિમાં પડ્યા હતા એટલે અંગ્રેજ લોક ગ્વાલીઅર ઉપર આવે છે એવી ખબર તેમને કોણ આપે ? છેવટ જ્યારે સર હ્યું રોજ મુરારની છાવણી ઉપર ચઢી આવ્યો છે એમ પેશવાના જાણવામાં આવ્યું ત્યારે તાતિયા ટોપીને સૈન્યની વ્યવસ્થા કરવાનો હુકમ આપ્યો, અને પોતે પોતાના નિત્ય ક્રમમાં અંતરં નપડવા દેતાં જેવીને તેવી રીતે બ્રહ્મ ભોજન કરાવવામાં અને દક્ષિણા વેહેંચવામાં પડી રહ્યા !!

તાતિઆ ટોપી યુદ્ધ વિદ્યામાં કુશળ અને વિકટ વખતે કોઇથી હાર્યો જાય તેવો નહોતો, પરંતુ આ વખતે તો તે પણ પેશવાની સાથે વિજયોત્સાહમાં તથા ગર્વમાં પડી ગયો હતો; અને પોતાના લશ્કરની વ્યવસ્થા ન રાખતાં હિંદુનું રાજ્ય કેવી રીતે સ્થાપવું અને કેમ ચલાવવું તેના વિચારમાં નિમગ્ન થઇ ગયો હતો. તેના મગજમાં એવો વિચાર પેશી ગયો હતો કે, પેશવાની ગાદી સ્થાપન થવાથી સઘળા રાજાઓ તેમને અવશ્ય મદદ કરશે. આવા વિચારમાં તે સ્વસ્થ બેઠો હતો પણ અંગ્રેજ સૈન્ય આવ્યાના સમાચાર મળતાંજ પાછો તૈયાર થયો. લશ્કરી પોશાક ધારણ કરી તેણે સઘળે ઠેકાણે મોરચા બંધી કરવાના હુકમ આપ્યા અને પોતે આખી છાવણીની વ્યવસ્થા કરવા લાગ્યો. તેઓ તૈયાર થાય ત્યાર પહેલાં સર હ્યુ રોઝે તેમના ઉપર જોરદાર છાપો માર્યો અને મોટા સૈન્યને છિન્ન ભિન્ન કરી નાંખ્યું સિંધિયા સરકારના સૈન્યે અંગ્રેજોના ઉપર તોપ માંડી પરંતુ સર હ્યુ રોઝે મારાની જગાઓ હાથ કરી લીધી હતી એટલે તેમનું કંઈ ચાલ્યું નહિ અને અંગ્રેજોના સામે થવાને નિરૂપાય થઇ રણમાંથી નાશવું પડ્યું. બંડવાળાઓમાંના કેટલાક શૂરવીરોએ આ વખતે પરાક્રમ દેખાડવામાં પાછી પાની કાઢી નહિ. અંગ્રેજોના ઉપર તૂટી પડી મોટા આવેશથી તેમણે લડાઈ કરી. ૭૧ મી હાઇલેન્ડર્સ પલટણની સાથે તેઓને હાથોહાથ લડાઈ થઇ તેમાં પણ તેમણે શૂરવીર હાઇલેન્ડર્સને કાપી નાંખવામાં મણા રાખવી નહિ. નીવ્હ નામના તેમના સેનાનીને જખમી કરી હતાશ કરી નાંખ્યો. આ વખતે મુંબાઇ વાળી ૨૫ મી નેટીવ ઇન્ફન્ટ્રીના અધિકારી લે. રોઝે પોતાનો વિક્રમ વ્યક્ત કર્યો અને બંડવાળાઓના ઉપર ધસારો કરી તેમને પાછા હઠાવ્યા. બંડવાળાઓમાં શૂરવીર કરતાં બાયલા ઘણા હતા અને એ બાયલાઓને લીધેજ શૂરવીરોનો યશ વ્યર્થ ગયો. 'એક બાયલો સો શૂરવીરને ખરાબ કરે' એમ કહેવાય છે તે બંડવાળાઓના સંબંધે સિદ્ધ થયું. મુરારની રણભૂમિ ઉપર બે કલાક સુધી જંગી લડાઇ થઈ તેમાં અંગ્રેજોને યશ તથા વિજય મળ્યાં. તેમણે છાવણીને કબજે કરી ત્યાં પોતાનો પડાવ નાંખ્યો.

મુરારની છાવણી અંગ્રેજ લોકોએ લીધી એવા સમાચાર ફરી વળતાં બંડવાળાઓમાં હાહાકાર વરતાઈ રહ્યો. શ્રીમંત રાવસાહેબની ઉંઘ ઉડી ગઇ. તેમના મનમાં વિચારચુંટા થવા લાગ્યા, અને ગાભરા ગાભરા લ-

લશ્કરમાં આવી સિપાઈઓને ઉત્તેજન આપવા લાગ્યા. બાંદેવાળો નવાબ પોતાની મગરૂરી મૂકી શહેરના મોરચાની વ્યવસ્થા કરવા લાગ્યો અને તાતિયા ટોપીએ સૈન્યની તૈયારી કરવા માંડી તેણે ઠેક ઠેકાણે તોપના મોરચા બંધાવ્યા, ઘોડેસ્વારના રિસાલા અને પાયદળ પલટણના ભાગ પાડી મોટા પાયા ઉપર લડાઈની તૈયારી કરી વળી તેણે મહારાણી લક્ષ્મીબાઈની મુલાકાત લઇ અત્યંત નમ્રપણે પહેલાંની માફક મદદ કરવાને વિનંતી કરી. સેનાની કેવી રીતે ગોઠવણ કરવી તેના સંબંધી સલાહ પૂછી. પરંતુ હવે તે કઇ કામની નહોતી, કારણ કે મળેલો અતિ ઉત્તમ અવસર જતો રહ્યો હતો. શ્રીમંત રાવ સાહેબના વર્તન ઉપરથી રાણી સાહેબને ખાત્રી થઇ હતી કે હવે આપણને યશ મળનાર નથી, પરંતુ તાતિયા ટોપીએ જયારે નમ્ર થઇ જઈ સૈન્યની વ્યવસ્થા કરવાની માગણી કરી ત્યારે તેમના મનમાં લાગણી થઈ. તેમણે પછી તાતિયા ટોપીને આ પ્રમાણે કહ્યું:—" આજ સૂધી જીવ નાખી દઈને કરેલો શ્રમ ફળદ્રુપ થવાની હવે આશા નથી. ચેનબાજીમાં પડેલા શ્રીમંત સાહેબને મારી સલાહ પસંદ આવી નહોતી અને અંગ્રેજ લોક છાતી ઉપર આવીને ઉભા રહ્યા ત્યાં સૂધી તમારી આંખ ઉઘડી નહિ. હવે તેમની સામા થવામાં યશ મળવાનો નથી; તથાપિ ચાલુ પ્રસંગમાં ધીર જ મુકી દેવાનું કારણ નથી. હવે તમારે જે કરવાનું છે તે એજ કે આપણા લશ્કરને સાવધ કરો અને તેમની ટુકડીઓ પાડી જૂદી જૂદી દિશાઓ પર રાખો કે જેથી શત્રુઓ આપણી ઉપર હલ્લા આણી શકે નહિ. હું મારૂં કામ બજાવવાને તૈયાર છું અને તમે તમારૂ કામ સંભાળો. જાવ ફીકર રાખહો નહિ." રાણી સાહેબના વીર્યોત્સાહપ્રેરક શબ્દો સાંભળી તાતિયા ટોપીના પગમાં જોર આવ્યું અને તેણે ગવાલીઅરની પૂર્વ દિશાનું રક્ષણ કરવાની તેમને વિનંતિ કરી. રાણી સાહેબે છેવટનું યુદ્ધ છે એમ ધારી અદ્વિતીય રણોત્સાહથી પોતાના સૈન્યની તૈયારી કરવા માંડી. †રાણી પોતાનો લડાયક પોશાક પેહેરી ઘોડા ઉપર સ્વાર થ-

---

†" * * * But little preparation was made for the defence of the fort; and it is probable that both Tantia Tope and the Ranee concurred in resolving to abide by the old Mahratta tactics, and avoid shutting themselves up within walls. Therefore they disposed their forces so as to observe and hold the roads leading upon the city

યાં અને રત્ન ખચિત તલવાર લઈ સૈન્યની કવાયદ લેવા લાગ્યાં. તેમનું તે વેળાનું ભવ્ય રૂપ અને ગંભીર શબ્દ સાંભળી સિપાઇઓને શૌર્ય આવ્યું તથા શત્રુ ઉપર હલ્લો કરી તેમને પરાભવ કરવાને ઉત્સાહ થઇ આવ્યો.

તા. ૧૪ મી. ને દિવસે બ્રિગેડીઅર સ્મિથ પોતાનું સૈન્ય લઈ અંત્રી આગળ આવી પહોચ્યો. મેજર ઓર્ર અને મી. સ્મિથનાં લશ્કર ભેગાં થયા પછી સર હ્યુ રોજના હુકમ પ્રમાણે ગ્વાલીઅરના અગ્નિ ખૂણા તરફ પાંચ મૈલને છેટે કેટાકાસરાઇ નામના ગામ આગળ થઇને હલ્લો કરવાનો નિશ્ચય કર્યો. સર હ્યુ રોજ અને જનરલ નેપિઅર મુરારની છાવણી કબજે કરી ત્યાંથી હલ્લો કરવાને તૈયાર બેઠા હતા. બ્રિગેડીઅર સ્મિથ અને મેજર ઓરે કોટાકીસારાઈ જાઈ ત્યાંથી શત્રુના સૈન્યનું નિરીક્ષણ કરવા માંડ્યું. એ બાજુ તરફ રાણી સાહેબના તાબાનો મોરચો હતો તેથી અંગ્રેજ લોકોએ પણ સારી રીતે એ બાજૂની વ્યવસ્થા કરવા માંડી. રાણીએ પોતાના સૈન્યને ઉંચા પ્રદેશમાં રાખી, શત્રુનો ઘાણ નીકળી જાય તેવી જગાએ તોપો ગોઠવી હતી અને એવા બંદોબસ્ત કર્યો હતો કે, એ ભાગ અંગ્રેજ સૈન્યને દુસાધ્ય થઇ પડ્યો હતો.

તા. ૧૭મી. ને દિવસે બ્રિગ્રેડીઅર સ્મિથે રણ વાદ્ય વગાડી લડાઈનો પ્રારંભ કર્યો. અંગ્રેજ સૈન્ય આગળ વધ્યું એટલે રાણી સાહેબે ગોલંદાજોને સાન કરી તોપ શરૂ કરાવરાવી. રાણીની તોપ શરૂ થતાં અંગ્રેજોના લશ્કરમાં ફુટ પડવા માંડી અને યોધાઓ પાછો પગ ભરવા લાગ્યા. રાણી સાહેબના તુર્ક લોકોએ અંગ્રેજોની સામે ઉતરી પડી યુદ્ધનો આરંભ કર્યો. બ્રિગેડીઅર સ્મિથ તરત ચેતી ગયો અને પોતાના લશ્કરને રાણીની તોપના મારામાંથી બીજી બાજુએ મોટા વિશાળ

---

from Indoorkee, Seepree, and the north; the necessary arrangements being effected mainly under the direction and personal supervision of the Ranee, who, clad in military attire, and attended by a picked and well-armed escort, was constantly in the saddle, ubiquitous and untiring."

—*Letter from Bombay Correspondent—*
Times, August 3rd 1858

મેદાન તરફ ચલાવી ગયો. સૈન્યની ટુકડીઓ પાડી નાંખી ઘોડેસ્વાર પ-લટણને મોખરે આણી તેણે રાણીના મોરચા ઉપર ચારે તરફથી મારો ચલાવવાની તદબીર કરી. નાની તોપો લઈ અંગ્રેજો શત્રુની સામે આવ્યા પરંતુ રાણીના મકરાણી સ્વારો તેમની સામે થયા અને ઉભય વચ્ચે પ્રખર મારામારી ચાલી. બેઉ તરફના યોધાઓએ પોતાનાં પરાક્રમ દે-ખાડયાં. રાણી સાહેબના સ્વારોએ તરવાર ચલાવી વિજયશ્રીને પોતાની સોડમાં આકર્ષવા માંડી, પરંતુ આણી તરફથી કર્નલ રેન્સ અને બીજી તરફથી કરનલ પેલી અને મુંબાઇવાળી ૧૦ મી નેટીવ ઇનફન્ટ્રીએ તે-મની બાજુએ ચઢી આવી એવો મારો ચલાવ્યો કે રાણીના ઘોડેસ્વારો-ને એકે આરો રહ્યો નહિ, તેઓ ચારે તરફથી શત્રુના પંજામાં આવી ગયા. અંગ્રેજોની યુદ્ધ ચલાવવાની યુક્તિ આગળ હિંદુઓનું શૌર્ય આ વખતે હાર ખાઇ ગયું અને રાણીના શૂરવીર ઘોડેસ્વારોને પાછા હ-ઠવું પડયું.

કર્નલ રેન્સ મોટો રણપટુ યોધ હતો. તેણે ધૈર્યથી શત્રુના ઉપર મારો ચલાવ્યા કરયો. તે ચાલુ મારાને આગળ વધારતો હતો અને જો તેને એક ખાઇને લીધે અટકવું પડયું ન હોત તો તે આગળ વધી ગ-યો હોત. તે આ રીતે પહાડમાં થઇને મહા મુશીબતે પોતાના લશ્કરનો નિભાવ કરતો હતો ત્યારે બીજી બાજુએ બ્રિગેડીઅર સ્મિથ એક નાની નદી ઉતરી આગળ વધી આવી શત્રુના સૈન્યની હાર તોડવાનો વિચાર કરતો હતો. આણી તરફ ગ્વાલીઅરના સૈન્યમાં રાણી સાહેબ ઘોડા ઉ-પર બેશી નાગી તરવાર હાથમાં લઈ સેનાને મોખરે આવી સૈનિકોને આવેશ ઉત્પન્ન કરતાં હતાં. તેમનો નિશ્ચય અને શૌર્ય જોઈ યોધાઓને હોંશ થતી અને તેઓ શત્રુની સામે ટકાવ કરતા હતા. રાણીની પાસે સારા શૂરવીરો થોડા હતા, પરંતુ તેમના ઉત્સાહથી આવેશમાં આવેલા સૈનિકો વધારે કામ કરતા હતા. આવી રીતે રાણી પોતાના સૈનિકોને ઉત્સાહ આપી મહા ચતુરાઇથી યુદ્ધ ચલાવતાં હતાં ત્યારે રાવસાહેબ પે-શવા તાતિયા ટોપી અને બીજા મોટા મોટા સરદારો પણ પોત પોતા-ના મોરચા સાચવી રહ્યા હતા, પરંતુ જો ખરૂં કહીએ તો તેમની ત-રફ કંઇજ વ્યવસ્થા નહોતી.

તા. ૧૭ મી ને દિવસે ગ્વાલીઅર સર કરવાના વિચારે અંગ્રેજ સેનાપતિએ ચારે તરફથી હલ્લો કરવાનો પ્રયત્ન ચલાવ્યો. કોટાકીસરાઈ

થી ગ્વાલીઅરના ફુલબાગમાં જવાના રસ્તાને સાધ્ય કરી બંડવાળાઓની હાર તોડી ફુલબાગ ઉપર હલ્લો કરવાના ઉદેશે બ્રિગેડીઅર સ્મિથ તેનું જોરદાર મોટું સૈન્ય લઈ આગળ આવ્યો. અંગ્રેજોના લશ્કરને સન્મુખ આવતું જોઇ રાણી સાહેબે તેમના લશ્કરને લડાઇનો હુકમ આપ્યો. રણ વાદ્યથી આકાશમાં પ્રતિઘો પડવા માંડયા, અને પોતાની રાણીની આસપાસ વિંટાઈ દેશી શૂરવીરોએ અંગ્રેજોની છાતી સામે ઘોરતર યુદ્ધનો પ્રારંભ કર્યો. આખો દિવસ રાણીએ તેમજ બ્રિગેડીઅર સ્મિથે પોતાનાં લશ્કરને ઉત્તેજીત રાખી આવેશ યુક્ત લડાઇ ચાલુ રાખી. ઉભય પક્ષના પુષ્કળ સિપાઈઓ મારયા ગયા. જ્યાં ને ત્યાં રણ ગર્જના સંભળાતી રહી અને આકાશ ધુળથી ભરાઇ ગયું. મહા તુમુલ સંગ્રામમાં રાણી પોતાના સૈન્યને મોખરે રહી સેનાવલ્લિમાં ટુટ પડવા દેતાં નહિ તેથી વજ્ર જેવાં દુર્ભેદ્ય અને અજીત્ય વ્યૂહને ફોડવાને અસમર્થ થયેલી પોતાની અંગ્રેજ સેનાને આંગ્લ સેનાધિપતિએ બીજી બાજુએ લઇ જવા માંડી.

તા. ૧૮ મી નો સૂર્યોદય થયો અને રાણી સાહેબનું રણશૌર્ય જોઈને આશ્ચર્ય પામેલા અંગ્રેજ સેનાપતિને દ્વિગુણિત સ્ફુરણ આવ્યું. તેણે પુનઃ પોતાના સૈન્યની કવાયદ લઈ બીજી બાજુએ લશ્કરને ચલાવ્યું અને તેણી તરફ કર્નલ રેન્સના સૈન્ય સાથે મળી શત્રુના ઉપર જબરજસ્ત હલ્લો કરવાનો નિશ્ચય કર્યો. કર્નલ હિક્ષ, અને કેપટન હેનેજની મદદ લઇ તેઓએ શત્રુપર અસહ્ય મારો શરૂ કરવાની તજવીજ કરી. આ રીતે એકનિષ્ઠ અંગ્રેજ લોકોએ "યુદ્ધને માટે તૈયાર થઈ કૃતાંત કાળની પ્રમાણે વિરૂદ્ધ પક્ષને સ્વાહા કરવા માટે આગળ ચાલવા માંડયું.

રાણી સાહેબ પોતાના સૈન્ય સાથે લડાઈ કરવાને તૈયાર થયાં. તેમણે પુરૂષના બરનો લશ્કરી પોષાક ધારણ કર્યો. માથે બત્તીની પાઘડી, બદનપર અંગરખુ, અને પાયજામો તથા કોટમાં મોટા મોટા મોતીની માળા ધારણ કરી. તેમનો ઘોડો બે દિવસના શ્રમથી થાકી ગયેલો હોવાથી સિંધિયાની ઘોડશાળામાંથી એક સુંદર દેખાવના ઘોડો મંગાવી તેના ઉપર સ્વારી કરી, તલવાર ખેંચી મોટા ઉત્સાહથી તે લશ્કરની વ્યવસ્થા કરવા મંડયાં. ગ્વાલીઅર સર કરવાના નિશ્ચયાત્મક વિચારથી અંગ્રેજો ચારે તરફથી હલ્લો કરી આવવા લાગ્યા. સર હ્યુ રોઝે એક તરફથી બંડવાળાઓની ઉપર હલ્લો કર્યો અને બીજી બાજુએ બ્રિ-

જેડીઅર સ્મિથે જુદી જુદી ટૂકડીઓને ઉશ્કેરી રાણી સાહેબની બાજુ ઉપર ચઢાઇ કરી. રાણી પોતાની ઘોડેસ્વાર પલટણને લઈ ઘણાજ આવેશથી અંગ્રેજોની સાથે લડવા લાગ્યાં. તે પોતાના વિશ્વાસુ શૂરવીરોની સાથે લડાઇને મોખરે આવ્યાં અને અંગ્રેજોના ઘોડેસ્વારોની સામે થઈ તેમને પાછા હઠાવ્યા. બીજી વાર બેઉ સેનાઓ સામ સામે આવી અને મોટા આવેશથી લડવા લાગી. તુમુલ સંગ્રામમાં રાણી સાહેબ સ્ફુરતીથી ફરતાં જણાતાં હતાં. રાણીના શૌર્યથી ઉત્તેજીત થયેલા માણસોએ એ લડાઇમાં એવા ઉત્સાહથી જંગ જમાવ્યો કે, તેમનું શૌર્ય શોભા પામવા લાગ્યું. સામે અંગ્રેજ યોધાઓ પણ હઠી જાય તેવા ન હોતા, તેથી ઉભય સેનાઓને લડવામાં એક બીજાને પરાક્રમ દેખાડવાનો પ્રસંગ મળ્યો. અંગ્રેજ લોકો મોટા જોરથી વિદ્યુત્પ્રપાતની માફક રાણીના લશ્કર ઉપર તૂટી પડી એવી તલવાર ચલાવે કે રાણીના માણસો ટપોટપ મરણ પામે પરન્તુ રાણી સાહેબની હાજરી અને વીરશ્રીના ઉત્તેજનથી તેમની યોધાવલિમાં ભંગ પડે નહિ ત્યારે અંગ્રેજો ક્ષણવાર પાછા પડે. રાણી સાહેબ પોતાના શૂરવીરોના અંતઃકરણમાં વીરશ્રી ઉત્પન્ન કરીને જે જગાએ તેઓ ઉભા હતા ત્યાંથી જરા પણ દૂપછાત પડવાનું ન કરવા દેતાં યોધાવલિને કાયમ રાખી રહેવા લાગ્યાં.*

---

* રાણી સાહેબના આ છેવટના યુદ્ધ માટે એક અંગ્રેજ લેખક લખે છે કેઃ-

"She was surprised in her camp near the city of Kotaki-Sarai in Gwalior. When this took place, Ranee Luchmee Bai and her sister, who also was a lady of remarkable valour and beauty, were seated together in the camp in male attire and drinking sherbet. Immediately the beautiful Ranee went over the field and made a firm stand against the array of Sir Hugh Rose. She led her troops to repeated and fierce attacks, and though her ranks were pierced through and gradually thinner and thinner, the Ranee was seen in the foremost rank, rallying her shattered troops and performing prodigies of valour. But all was of no avail. The Camel Corps, pushed up by Sir Hugh Rose in person broke her last line. Still the dauntless and heroic Ranee held her own."

—*The National Guardian, December 14, 1891.*

આ રીતે ભયંકર અને પ્રખર લડાઈ ચાલતાં યોદ્ધા એક બીજામાં સેળ ભેળ થઇ ગયા, અને એવી કતલ ચાલી કે કાયરનાં કાળજા કંપી જાય, પરંતુ ઉભયમાંથી એકે પક્ષને ઉઠી જવા મળ્યો નહિ.

મુરારની બાજુ તરફથી પેશવાના સૈન્ય ઉપર હલ્લો કરી સર હ્યુ રોઝે તેમના બે મોરચા કબજે કર્યા અને લસ્કરને વિખેરી નાંખ્યું. પેશવાના સૈન્યની હારના સમાચાર આવતાં રાણી સાહેબની પાયદળ પલટણના પગ ભાગી ગયા, કિંવા સિંધિયા સરકારના સામે લડવું એ તેમને ઠીક લાગ્યું નહિ—તેથી તેઓ પાછા પડયા. રાણી સાહેબ ઘોડેસવાર પલટણને લઇ શત્રુની સામે લડતાં હતાં, તેમણે પાયદળના ભાગવા છતાં પોતાની વ્યૂહાવલિને ભાગવા દીધી નહિ. સ્વારો એક પછી એક પટકાઈ પડતા હતા તોપણ રાણી હિમ્મતથી બીજા સ્વારોથી તેમની જગા પુરાવતાં હતાં. હરકોઈ પ્રકારે પણ તેઓ પોતાના તરફના મોરચાનું રક્ષણ કરવાના નિશ્ચયથી લડતાં હતાં. ઘોડેસ્વાર ખુટી જતાં તેમને પાયદળ ઉપર આધાર હતો પરંતુ તે તો દુર્ભાગ્યે નાશી ગયું અને થોડા સ્વારોની સાથેજ તેમને પોતાને ભાગ આવેલું કાર્ય કરવાનું રહ્યું. પાયદળના ભાગવાથી હવે તેમને પોતાની સમશેરનોજ આશ્રય રહ્યો હતો.

રાણી સાહેબના પાયદળ ઉપર હલ્લો કરવાને બ્રિગેડીઅર સ્મિથે બે શૂરવીર બ્રિટન સરદારોને મોકલ્યા હતા. તેઓ પોત પોતાની ટુકડીઓ લઇને આવ્યા પરંતુ તેમને જોતાંને વારજ રાણીનું પાયદળ રણસંગ્રામમાંથી પલાયનઃ કરી ગયું અને બે તોપ તથા કેટલીક યુદ્ધ સામગ્રી તેમને મળી આવી. પાયદળ નાશી જવાથી અને લડાયક સામગ્રી મળવાથી ઉત્તેજીત્ થયેલા બ્રિટેશ લશ્કરે પાછળથી પણ રાણીના લસ્કરનો ઘાણ કાઢવા માંડયો. ચારે તરફથી અંગ્રેજો અને બંડવાળાઓની બંદુકો તથા તોપોના બાર થવા માંડયા. ચારે દિશામાં અંગ્રેજી સૈન્ય ફરી વળેલું છતાં બંડવાળા પિંઢારી લોક તેમને જવાબ દેઈ શકતા હતા, પરંતુ તેમની વ્યવસ્થા બરોબર ન હોતી. તેમ તેઓ યુદ્ધ કળામાં ઘણા કાબેલ નહોતા તેથી છેવટ તેમને પ્રાણરક્ષણને માટે દશેદિશામાં નાશ ભાગ કરવી પડી. ગુરૂ ગમે તેવો હોય પણ શિષ્યનામાં બુદ્ધિજ નહોય તો શું કરે? તેમ રાણી સાહેબ ઘણાં હોંશિયાર અને યુધ્ધ કળાવિશારદ હતાં પરંતુ બંડવાળાઓ જાતે અકવાયતી અને અણઘડ હોવાથી તેમનાથી પોતાનું રક્ષણ થઈ શકયું નહિ એ તેમના દુર્ભાગ્યનુંજ ફળ હતું. પાયદળ નાશી ગયું અને શૂરવીર પિંઢારીઓ પણ રણમાંથી પગ પાછો કરી નાઠા

ત્યારે રાણી સાહેબે નિશ્ચય કર્યો કે હવે સ્વપરાક્રમ વગર છૂટકો નથી, અને ચારે તરફ ગાજતા અંગ્રેજોની વચ્ચે એક સમશેરનોજ આશ્રય લીધા વગર છુટકો નથી તેથી તેઓએ હિમ્મત ન છોડતાં પોતાના સ્વારોને ઉત્કર્ષક વચન કહ્યાં અને અંગ્રેજ વીરોની સાથે જેવું ને તેવું ભયંકર યુદ્ધ ચાલુ રાખ્યું. પરંતુ તેમાં પણ તેઓ વધારે વખત ફાવી શકયાં નહિ. રાણીની સાથે પ્રાણ આપવાના નિશ્ચયવાળા સિપાઇઓ અને ઘોડેસ્વારો, પુરે ચડેલા સાગરના જેવા બ્રિટિશ સૈન્યને ચારે દિશામાં મોટા ઉત્સાહથી પ્રસરી જતુ જોઇને હિમ્મત હારી ગયા અને રાણી સાહેબને પણ ખાત્રી થઈ કે હવે આપણી ટેકી લાગનાર નથી. ચારે તરફ મહા ભયંકર અને ઘનઘોર યુદ્ધ ચાલી રહ્યુ હતું. બંદુકો અને તોપોના અવિશ્રાંત મારાથી ધુમાડી ને ધૂળ ઉડી રણ સંગ્રામ ધાંધળું બની રહ્યું હતું. સૈન્યમાં સર્વત્ર મહા પ્રબળ અને ક્ષણે ક્ષણ રધિરનો વરસાદ વરસાવતો શસ્ત્રસંપાત થઈ રહ્યો હતો અને મોટા સેનો દધિમાં મહારાણી લક્ષ્મીબાઈ પોતાના મુખ્ય સ્વારોની સાથે શત્રુના સૈન્યના મધ્ય ભાગમાં રહી વીરશ્રીને શોભાવતાં હતાં. મહારાણીનું આ યુધ્ધ તેમને છેવટનો યશ આપનાર હતું.

તા. ૧૮ મી. જુન સને ૧૮૫૮–સંવત્ ૧૯૧૪ ના જેષ્ટ શુદ ૭ ને દિવસે વીરપુરૂષોને પોતાનું મંડળ ભેદાવી પેલી પાર સ્વર્ગ દ્વારમાં પહોચાડનાર સૂર્ય નારાયણ તપી રહ્યા હતા, ત્યારે સૈન્ય તલવારે તલવારના હાથોહાથિયા યુધ્ધમાં આપ આપણું પરાક્રમ દેખાડતું હતું. બ્રિગેડીઅર સ્મિથ અને બીજા શૂરવીર બ્રિટનો હજુર પલટણોની સામે ઝઝુમતા હતા, પરતુ દિવસની ધુમરતાને લીધે તથા રાણી સાહેબે વીર પુરૂષનો પોશાક ધારણ કરેલો હોવાથી તેઓ તેમને પારખી શકયા નહોતા. રાણી સાહેબ પોતાના સ્વારો અને આપ્ત સેવકોની સાથે બ્રિટિશ યોધાઓના સાગરમાંથી નીકળી પોતાના પક્ષના મોટા ભાગને મળી જવા માગતાં હતાં, પરતુ બ્રિટનો તેમાં તેમને સફળ થવા દેતા નહોતા. રાણી સાહેબે જ્યારે વ્યૂહની બહાર નીકળી જવાને પ્રાણ નાંખી દઇને આગળ ધસવા માંડયું ત્યારે એવું તુમુલ યુધ્ધ થયું કે એક ક્ષણમાં અનેક માણસો ધારાતીર્થ ઉપર રામ શરણ થવા માંડયાં અને અંગ્રેજલોકો તેમને જોત જોતામાં તલવારથી, બંદૂકથી અથવા તોપના ગોળાથી દૂર કરી નાંખવા લાગ્યા. રાણી સાહેબે પણ આ મહા ભયંકર સંગ્રામમાં પોતાનું અદ્વિતીય શૌર્ય દેખાડી આપ્યું. અંગ્રેજ યોધાઓનો પ્રબળ

મારો અને અટકાવ હોવા છતાં પોતાની તલવારના જોરે મોટી સેનામાંથી માર્ગ કરી રાણી સાહેબે પોતાના ઘોડાને બહાર કાઢયો. બ્રિગેડીઅર સ્મિથે તુરતજ હજુર્સ પલટણના ઘોડેસ્વારોને તેમની પુઠે દોડાવ્યા પરંતુ મહારાણીની ચપલતાને તેઓ કેવી રીતે પહોચી શકે? આગળ જતાંને વાર તેઓનો ભેટો થયો અને તેમ થવાનુ કારણ રાણી સાહેબનો થાક હતો, કારણ કે લાગલાગટ ઘણા દિવસ થયા તે યુદ્ધ કરતાં હતાં. રાણી સાહેબના શૌર્યથી અગ્રેજો છક થઇ ગયા હતા તેથી તેમને જીવતાં કેદ કરવાની કદાપિ તેમની ધારણા હશે, પંરંતુ રાણી સાહેબ કંઇ તેવાં અચાલક નહોતાં. પુંનઃ તેઓ તેમના શસ્ત્રસંતાપને જવાબ આપા વિજળીના લિસોટાની માફક આગળ નીકળી ગયાં. મોટા બંડવાળાઓના સૈન્યમાં અંગ્રેજો રાણી સાહેબ જેવા રણરત્નને શોધી કાઢવા અશક્ત થઇ પડયા. રાણીને પોતાના દેશનું, ધર્મનું અને જાતનું અભિમાન હતું, તેથી મરણાંતે પણ યવનના સ્પર્શથી પોતાનો દેહ અપવિત્ર ન થાય તેમ કરવાને તેઓ સાવધ રહેતાં હતાં. મુંદર અને કાશી નામની બે દાશીઓ તથા રામચંદ્રરાવ દેશમુખ અને રઘુનાથસિંગ વગરે સેવકો તેમની હજુરમાં હાજર રહેતા હતા પોતાના એકનિષ્ટ સેવકોને રાણી સાહેબે કહી રાખેલું હતુ કે, જો હું "યુદ્ધમાં પડું તો મારા દેહની તમે એવી વ્યવસ્થા કરજો કે યવનનો તેને કરસ્પર્શ પણ થાય નહિ. મારી આ ઇચ્છાને પુરી કરશો તોજ તમે ખરા સ્વામિનીનીષ્ટ કહેવાશો." આ લોકો અત્યારે મોટા યુદ્ધના ભર પૂરમાં ચઢેલા સાગરમાં પણ રાણીની પાસે હતાં અને રાણીના ઘોડાની પુઠે તેઓ ઘોડા નાંખતાં ચાલ્યાં જતાં. રામચંદ્ર રાવની પાછળ બાળક દામોદરરાવને મોટા બંદોબસ્તથી રાખેલો હતો. તેનું સર્વથા તેઓ રક્ષણ કરતાં હતાં.

મહારાણી લક્ષ્મીબાઇએ પોતાના શૌર્યથી અંગ્રેજોની સેનાવલિ ફોડી આગળ ચાલવા માંડયું તે જોઇ હજુર્સના સ્વારોએ તેમના ઉપર અસહ્ય મારો ચલાવ્યો. પોતાના ઉપર ધશી આવતા સ્વારોને મહારાણીએ મોટી ચાલાકીથી જવાબ દીધો પરંતુ એટલામાં એક જણની સમશેરથી મુંદર દાસી કપાઇ ગઇ અને 'બાઇ સાહેબ હું મારી ગઈ, એવી તેની છેલ્લી ચીસ રાણીજીના કાન ઉપર પડતાં તેમના કોમળ અંતઃકરણમાં વજ્રધાત જેવું દુઃખ થયું. પોતાની પ્રિય અને નિમકહલાલ દાસીને મારનાર દુષ્ટને રાણીએ ક્રોધથી પાછાં ફરી પૂરો કર્યો. આખ મીચાઇનેઉ

ધડે એટલામાં તેનો પ્રાણ લઈ રાણીનો ઘોડો પાછો વળ્યો અને આગળ માર્ગ કાપવા માંડયો. પરંતુ આગળ ચાલતાં એક નાનો જળપ્રવાહ આવ્યો ત્યાં સિંધિયાની પાયગાનો રૂપાળો ઘોડો રાણીને લઇને ઉભો રહ્યો. રાણી સાહેબે પોતાનો ઘોડો બદલ્યો હતો એમ આગળ કહી ગયા છીએ. જો એ ઘોડો હોત તો કદાપિ રાણી સાહેબ નાશી ગયાં હોત પરંતુ જેમ ખરેખરા પ્રસંગે કુરૂક્ષેત્રમાં ભારતીય યુદ્ધની વખતે પૃથિવીએ કરણના રથચક્રને ગળી તેને નિરૂપાય બનાવી મુકયો હતો તેમ આ વખતે સિંધિયાની ઘોડારના સુંદર ઘોડાએ નાનું નાળુ ન કુદતાં, રાણીને નિરૂપાય કરી મુકયાં. તેને પાછો લઇ એડી મારી, થાપડી. ડચકાર વગેરે કરી ઘણી રીતે નાળુ કુદાવવાને યત્ન કર્યો પણ અણસમજુ પ્રાણી હઠમાં આવ્યું તે આવ્યું. તેણે એક ડગ પણ આગળ ભર્યું નહિ. ઘોડાની હઠથી રાણીજીએ નિશ્વાસ નાંખ્યો અને તેમને લાગ્યું કે હવે આ ઠેકાણેજ અવસાન કાળ આવી રહ્યો. પાછળ હુજર્સ ઘોડેસ્વારો ધસમશી આવતા હતા અને રાણી સાહેબની સાથે તેમનાં નિમકહલાલ દાસ દાસી સિવાય બીજુ કોઇ નહોતુ. હુજર્સના ઘોડેસ્વારો તેમને રાણી સાહેબ જાણીને આવતા નહોતા. તેઓના મનમાં તો એમજ હતુ કે કોઇ વીર પુરૂષ નાશી જાય છે માટે તેને મારી યશ લેવો. વળી કોઇ એમ કહે છે કે રાણીસાહેબના કંઠમાં પાણીદાર મોતીનો* છડો હતો તે લેવાની આશાએ તેઓ તેમની પુંઠે પડયા હતા. ભવતુ, ગમે તે કારણ હો પરંતુ આ તેમનો અવસાન વખત હતો. નિરૂપાય થએલાં રાણીની આ વખતે કેવી સ્થિતિ થઈ હશે તેનો વાચકોએજ વિચાર કરી લેવો.

રાણી સાહેબના ઉપર તે લોકો તુટી પડયા પરંતુ પ્રથમ તેમણે ગણગાર્યા નહિ. અંગ્રેજ લોક પોતાના ઉપર ધશી આવતાં તેમણે પોતાની પાણીદાર સમશેર ખેંચી અને આવનાર સ્વારોની સામે ટકર લીધી.

---

* એક ગ્રંથકાર લખે છે કે:—

"Flying at length from the field where she had lost what she valued more than Jhansi or the memory of her family, *i, e,* her revenge, an English dragoon, it is said, cut her .down, taking her for a sowar and tempted by the necklace over her jacket."

—*Dalhousie's Administration of British India.* P. *133.*

તેમના અટગધૈર્ય આગળ ધસી આવનારાઓનું ચાલ્યું નહિ. ખરૂ છે કે:-
नपादपोन्मूलनशक्तिरंह शिलोच्चये मूर्छति मारुतस्य—મોટાં મોટાં વૃક્ષોને ઉન્મૂલન કરવાની શક્તિવાળો પવન જેમ પર્વતની આગળ ફાવી શકતો નથી તેમ હુજર્સના સ્વારો રાણીસાહેબના અદ્વિતીય ધૈર્ય આગળ તેમને સપાટા બંધ રોળી નાંખવાના આવેશ યુક્ત ધસારામાં ફાવ્યા નહિ. રાણી સાહેબની કાળની જીભ જેવી તલવારે તેમની રણરવાગના કરવા માંડી તેથી ઉપજેલો જોશ નરમ પડી તેઓ કિંચિત્ ઢીલા પડયા. રાણીએ તેમને હંફાવવા માંડયા છતાં, એક સ્વારની સામે આપણું કંઈ ચાલતું નથી એમ મનમાં દ્વેપ આવવાથી તેઓ વધારે બળથી લડવા લાગ્યા. તેઓ ઘણા અને રાણી સાહેબ એકલાં એટલે ક્ષણે ક્ષણે તેમનું પ્રાબલ્ય વધતું ગયું. એક જણે સાહસિક થઈ રાણી સાહેબના ઉપર ઘા કર્યો અને તે ઘાથી રાણીનું દક્ષિણ પાર્શ્વ તથા આંખ બહાર નીકળી પડયા છતાં તેમણે અવળે હાથે મહા કષ્ટમાં અને રૂધિરના પ્રવાહથી નવાઈ જતાં જતાં પણ પોતાના ઉપર ઘા કરનારને આ દુઃખમય સંસારમાંથી મુક્ત કર્યો. ઘાયલ થયેલાં છતાં રાણીએ છેવટની પોતાની સમશેર શોભાવી ઘણાઓના રૂધિરમાં તેને તલબોળ કરી નાંખી પરંતુ રૂધિરના જવાથી છેવટ તેમની શક્તિ કમ થવા માંડી. તેમના શરીર ઉપર મોટા મોટા ઘા પડયા હતા અને તેમાંથી રૂધિરની ધારાઓ નીકળતી હતી છતાં તેમણે જે રણહાક વગાડી તે જોઈને દુસ્મનો પણ છક થઈ ગયા."

---

* મેલિસન સાહેબ લખે છે કે:—

"Among the fugitives in the rebel ranks was the resolute woman, who alike in council and in the field, was the soul of the conspirators. Clad in the attire of a man and mounted on horseback, the Rani of Jhansi might have been seen animating her troops throughout the day. When inch by inch the British troops pressed through the defile, and when reaching its summit Smith ordered the Hussars to charge, the Rani of Jhansi boldly fronted the British horsemen. When her comrades failed her, her horse, in spite of her efforts, carried her along with the others. With them she might have escaped but that her horse, crossing the canal near the cantonment, stumbled and fell. A hussar close upon her

રાણી સાહેબે આ રીતે પોતાનું પરાક્રમ પ્રસિદ્ધ કર્યું પરંતુ શત્રુઓથી થયેલા અસહ્ય જખમોને લીધે તેમની સર્વ શક્તિ એક ક્ષણમાં કમી થઇ ગઈ અને તેમને પોતાનો અંતકાળ સમીપ આવેલો જણાયો.* અંગ્રેજસ્વારો બંડવાળાઓની ઉપર ચારે તરફથી એક સરખો રીતે તૂટી પડ્યા હતા, તેથી કદાચિત્ મારો દેહ તેમને હાથ જશે એવી સમજથી રાણી સાહેબે પોતાના વિશ્વાસુ સરદાર રામચંદ્રરાવ દેશમુખને ઇશારત કરી.૧ રામચંદ્ર રાવ મહા સ્વા-

---

track, ignorant of her sex and her rank, cut her down. She fell to rise no more. That night her devoted followers determined that the English should not boast that they had captured her even dead, burned the body."

—*History of the Indian Mutiny.*

* મી. મેકફરસન અને એક બીજો ગ્રંથકાર તેમના મરણ વિષે નીચે પ્રમાણે લખે છેઃ-

"The Rani of Jhansi fell on the 17th. She was seated, drinking sherbet, 400 of the 5th Irregulars near her, when the alarm was given that the Hussars approached forty or fifty of them came up, and the rebels fled save about fifteen. The Ronee's horse refused to leap a canal, when she received a shot in the side, and then sabrecut on the head but rode off. She soon after fell dead, and was burnt in a garden close by."

—*Memorials of Service in India.* P. 335.

"This Indian Joan of Arc was dressed in a red jacket and trousers and white turban. She wore a Scindia's celebrated pearl necklace which she had taken from his treasury. As she lay mortally wounded in her tent, she ordered those ornaments to be distributed among her troops. The whole rebel army mourned her loss."

—*Clyde and Strathnairn.*

(૧) રાણી સાહેબ જખમી થયાં છે એમ અંગ્રેજોના જાણવામાં આવ્યું નહોતું.

"No English eye marked her fall. The Hussars, unconscious of the advantage they had gained, and sooner

મિનીનિષ્ટ હોવાથી, તેણે રાણી સાહેબની તે વખતની સ્થિતિ જોઇ નેત્રમાંથી આંસુ ઢાળ્યાં અને પછી તે મોટી ચપલાકીથી તેમને રણ સંગ્રામની પાસેની એક પર્ણકૂટીમાં લઇ ગયો. ગંગાદાસ નામના એક ખાખી

---

able to sit on their saddles from heat and fatigue were, for the moment, incapable of further exertions, and retired, supported by a timely reinforcement. Then, it is said, the remnant of the faithful body-guard (many of whom had perished at Jhansi) gathered around the lifeless forms of the Ranee and her sister, who dressed in male attire, and riding at the head of their squadrons, had fallen together, killed either by part of a shell, or as is more probable by balls from the revolvers with which the Hussars were armed. A funeral pyre was raised and the remains of the two young and beautiful women were burnt, according to the custom of the Hindus."

—*British India*. P. 489.

"When the Hussrs surprised the camp, the ladies were seated together, drinking sherbet. They mounted and fled. But the horse of the Ranee refused to leap a canal, and she received a shot in the side and sabrecut on the head; but still rada till she fell dead from her saddle, and was surrounded and burnt."

"Memorable too for another reason is this affair: the gallant Queen of Jhansi fell from a carbine wound, x and was carried to the rear, where she ezpired and was qurnt according to the custom of Hindoos. Thus the brave woman cemented with her blood the cause she espoused. It is as well it was so, and that, she did not servive to share the ignominious fate of Tantia Topee. The fact of her death was not known to us for some days, as she was attired as a cavalry soldier. Even the report was received with doubt until sir Robert Hamilton established it irrefragably."

—*The Campaign in Central India*. P. 183

બાવાની તે પર્ણકુટી હતી એમ કહેવાય છે. રાણી સાહેબને ઘણી તરસ લાગેલી હતી તેથી તુરત તેણે ગંગા જળ લાવી આપ્યું. તેમનાં સઘળાં અંગ લોહીથી તરબોળ થઇ ગયાં હતાં અને જખમોમાં અસત પીડા થતી હતી. અસત્ર સ્થિતિમાં તેમણે એકવાર પોતાના પ્રાણથી પણ અધિક પ્રિય પુત્ર શ્રીમંત દામોદર રાવને વાત્સલ્ય સ્નેહથી ઉઘરાઇ જતા અંતઃકરણે જોયો અને છેવટ તેને જગત્કર્તા પરમેશ્વરની કૃપામાં મુકી પોતે શાંત મને અને શૌર્ય ભર્યા ઉત્સાહી અંતઃ કરણે આલોકમાંથી છેલ્લો શ્વાસ લીધો. તા. ૧૮ મી. જુન ૧૮૫૮ ને દિવસે ગ્વાલીઅરની પાસેના સમરાંગણમાં અદ્વિતીય શૌર્ય શોભિત દિવ્ય સ્ત્રી રત્ન ઝાંશીનાં મહારાણી શ્રી લક્ષ્મીબાઇ સાહેબે ઇહલોકમાંથી પોતાનું કર્તવ્ય પુરૂં કરી અક્ષય સુખનો લાભ લેવાને માટે સ્વર્ગલોક પ્રતિ ગમન કર્યું.

રામચંદ્રરાવ દેશમુખે પછી પોતાની સ્વામિનીનો જ્ઞાતિની રીત પ્રમાણે તેમના પવિત્ર દેહને અગ્નિસંસ્કાર કરાવ્યો અને સ્મશાનના શૂરા અગ્નિએ નાજુક પણ અત્યંત શૌર્યશાલી મહારાણીના દેહને એક ક્ષણમાં પંચભૂતના જુદાં જુદાં તત્વોમાં વહેંચી નાંખ્યો. આ રીતે આર્યાવૃત્તની એક મહા શૂરવીર અને બ્રહ્મકુળની શોભારૂપ ઝાંશીની મહારાણી લક્ષ્મીબાઇનું ઇહિકર્મ સમાપ્ત થયું.

પ્રકરણ ૧૯ મું.

ઉપસંહાર.

મહારાણી શ્રી લક્ષ્મીબાઇ વીરગતિને પામ્યાં ત્યારથીજ રાવ સાહેબ પેશવા અને બંડવાળાઓની પડતી આવી. તેમના નાશનો પ્રારંભ મહારાણીના સ્વર્ગવાસથીજ થયો, એમ કહીએ તો ચાલે. જ્યારે તાતિયા ટોપી અને રાવ સાહેબે એ દુઃખદ સમાચાર સાંભળ્યા ત્યારે તેમના હાથ હેઠા પડયા. રાણી સાહેબને માટે તેમના મનમાં શોક ઉત્પન્ન થયો અને પેશવાએ પોતાનો જમણો હાથ કપાઇ ગયો એમ કહ્યું. રાણી સાહેબના જેવાં શૂરવીર સ્ત્રી રત્નના જવાથી તેમને એકે દિશા સૂઝી નહિ.

શ્રીમંત સાહેબ પેશવા અને તાતિયા ટોપી અંગ્રેજ લોકના બુદ્ધિચાતુર્યને પહોંચી વળ્યા નહિં અને નિરાશ થયેલા તેઓ શાંત બેશી રહ્યા એટલામાં સર હ્યુ રોજે ગ્વાલીઅરનો કિલ્લો અને શહેર પોતાના તાબામાં લઇ લીધાં. રણાંગણમાંથી મહારાણી ગયા પછી બંડવાળાઓ શોક યુક્ત થઇ ગયા અને અંગ્રેજોના હોંશી લશ્કરે જે મારો ચલાવ્યો તેથી તેમને ચારે દિશાએ નાશ ભાગ કરવી પડી. સૂર્યાસ્ત પહેલાં સિંધિયાની રાજ્યધાની સર કરવાનું સર હ્યુ રોજે પણ લીધું હતું, તેથી બાકી રહેલા બંડવાળાઓના સામે સખ્ત યુદ્ધ ચલાવી સાંજ પડતાં તેણે પોતાના પણને રક્ષ્યું. તા૰ ૧૯ મીને દિવસે મોટા આનંદથી બ્રિટિશ લશ્કર રાજ્યધાનીમાં પેઠું અને અંગ્રેજોએ પોતાના પરમ વિશ્વાસુ મિત્ર મહારાજ જયાજીરાવ સિંધિયાને રાજ્ય ગાદી ઉપર બેસાડવાનો દબદબા ભર્યો મોટો સમારંભ કર્યો. ગ્વાલીઅરની જીતના સમાચાર મળતાં ગવર્નર જનરલ લોર્ડ કેનિંગે અત્યંત હર્ષ પ્રદર્શિત કર્યો અને સિંધિયા સરકારને ગાદીએ બેસાડવાની પરવાનગી આપી. વળી તેણે એ વિજયોત્સવ પ્રદર્શિત કરવાને દેશના બીજા ભાગોમાં તાર કર્યા, એટલુંજ નહિ પરંતુ કલકત્તામાં એક જાહેરનામું બહાર પાડી હિંદુસ્તાનનાં દરેક શહેરમાં સિંધિયા સરકારને સન્માનપૂર્વક અને જયઘોષસૂચક તોપની સલામતી આપવાની આજ્ઞા ફેરવી. જે દિવસે ગ્વાલીઅરમાં મહારાજ જયાજીરાવ સિંધિયાને ગાદીએ બેસાડવામાં આવ્યા તે દિવસે દરેક ઠેકાણે તેમને તોપની સલામતી આપવામાં આવી તેથી હિંદુસ્તાનની ચારે દિશામાં તેનો જયઘોષ થઇ રહ્યો. ગ્વાલીઅરમાં મોટા ધામધુમથી દરબાર ભરવામાં આવ્યો અને સિંધિયાએ સર હ્યુ રોજ વગેરે અંગ્રેજ સેનાધિપતિઓને ઉત્તમ ઉત્તમ શિરપાવ આપ્યા. આ વિજયોત્સવ ગ્વાલીઅરમાં કેટલાક દિવસ સુધી ચાલ્યો અને સિંધિયા તથા અંગ્રેજ લોકે એ વિજયના આનંદ સુખમાં નાના પ્રકારની મિજબાનીઓ કરી પોત પોતાના આનંદને પ્રદર્શિત કરવા લાગ્યા.

ગ્વાલીઅરમાં અંગ્રેજ લોકનો પ્રતાપ સૂર્ય ઉગ્યો તેની ઉપર રાવ સાહેબ પેશવા, તાતિયા ટોપી અને બંડવાળાઓએ કેટલાક દિવસ સુધી ધૂળ ઉરાડી પરંતુ તેથી કંઇ વળ્યું નહિ. બ્રિગેડીઅર જનરલ નેપિઅર તેમની પુંઠે પડયો અને જાવરઅલીપુર આગળ તેમને એવી હાર ખવરાવી કે તે દિવસ પછી તેઓ કોઈ ઠેકાણે પગ વાળીને બેશી

શક્યા નહિ. બાંદેવાળો નવાબ પ્રાણ રક્ષણને માટે અભયવચન મેળવી અંગ્રેજોને શરણ થયો, પરંતુ શ્રીમંત રાવ સાહેબ અને તાંતિયા ટોપી પોતાનું અદ્વિતીય પલાયન ચાતુર્ય દેખાડવા માટે આમથી તેમ નાશ ભાગ કરવા લાગ્યા. વર્ષ દોઢ વર્ષ સૂધી તેઓની પુંઠ પકડીને જનરલ નેપિઅર, રોબર્ટસન, ગિચેલ, બ્રિગેડીઅર પાર્ક, સમરસેટ, વગરે અંગ્રેજ સેનાનીઓ તેમની પાછળ પડયા પરંતુ તેઓને યશ મળ્યો નહિ એટલુંજ નહિ પણ તેમને તોબાતોબ પોકારવી પડી * તેમણે મધ્ય હિંદુસ્તાનમાં ધમાલ મચાવી મૂકી

* 'The rain now fell in torrents, and brought refreshment to the dying soldiery, while it washed the bloodstains from well nigh a score of our battle fields. And now Tantia with his demon horde commenced a lawless, marauding, and vagabond flight through the country always apparently having the Deckan in his view as the promised land; but unfortunately for him, the man before the rustle of whose standard all rebels had learnt to quail, had preceded him, and taken authority there. Tantia and his myrmidons were allowed no rest, sweeping like a locust cloud over districts, they left the same sad effects behind. Gradually and gradually with his Gwalior treasure his influence declined and star began to set, though occasionally and again some rebel Rajah with a thousand robbers, would join his standard and cause his light to flicker and shine for a moment; but his reinforcements made him more liable to be attacked, and then he became more obscure than before. The Bombay Government, by means of the Bullock Train running some six hundred miles, were enabled to send up constant reinforcements of troops and supplies of stores, and notwithstanding it was the rainy season, and even the Agra Trunk road axle deep in black mud, it covered the country with flying forces–and fly they did, over mountain, dale, and river, over districts without roads, and where Europeans had scarce or never been before, in pursuit of the Will-o'-the Wisp Tantia. He could only fight when

અનેક સંસ્થાનવાળાઓને ભયચકિત કરી દીધા. મોટા મોટા કુશળ અનુધાવકોને છક કરી નાંખ્યા. આખા દેશમાં ભય અને ત્રાસ વર્તાવી દીધો અને અનેક લોકને પીડા કરી છતાં છેવટ તેમનું પરિણામ નઠારૂં આવ્યું. ગ્વાલીઅરમાં હિંદુનું રાજ્ય સ્થાપવાનો મનસુબો એળે ગયા પછી રાવ સાહેબે સંન્યસ્ત લીધું હતું. પંજાબના એક અરણ્યમાં છુપી જગાએ તે પોતાના દિવસ ગાળતા હતા પરંતુ આખરે સને ૧૮૬૨ ની સાલમાં અગ્રેજ બહાદુરોએ તેમનો પત્તો મેળવ્યો. સંન્યાસી થઇને પંજાબમાં રહેલા રાવ સાહેબને કેદ કરી તેઓ કાનપુર લઈ આવ્યા અને તા. ૨૦ મી અગસ્ટ ૧૮૬૨ ને દિવસે બ્રહ્માવર્તમાં ફાંશી દીધા. તાતિયા ટોપી પોતાના સ્વામિનું આવું અનીષ્ટ જોવા કે સાંભળવા પામ્યો નહિ; કેમકે, રજપૂતસ્થાનમાં મેજર જનરલ મીડે એક જંગલમાંથી તેને રહેવાની ગુપ્ત જગ્યા શોધી કાઢી, રાજા માનસિંગના છળ ભેદથી સુનેસો પકડી તા. ૧૮ મી એપ્રિલ ૧૮૫૯ ને દિવસે

---

escape was unavoidable, and then invariably was beaten and lost his guns, but never lost heart." * * * "His light horse could hover round us like shadows, and always get away from our overworked Irregular or overweighted Regular cavalry. Each fresh Commandant who took the field fancied he could catch Tantia: prodigious marches were made, officers and men threw aside all baggage even their tents, and accomplished upwards of forty miles daily-the rebels did fifty. The and was our horses wera all sorebacked and the halt of a week or ten days rendered absolutely necessary. Then came a new aspirant for a C. B, and Tantia's head, who brought fresh troops and camels into the field. He, perhaps, had not only to chase Tantia, but to keep clear of other forces commandded by a senior in rank to himself. It was wonderful the amount of energy that was thrown into the pursuit, and the hundreds of dead camels strewn over every jungle track: roads were no object, or rivers either, to pursued or pursuers. &c &c &c."

સિપ્રીમાં ફાંશી દીધો.‡ જ્યારે તાતિયા ટોપીને ફાંશી દેવામાં આવ્યો ત્યારે શાંત ચિત્તે તે માત્ર આટલુંજ બોલ્યો હતો. "મેં જે કંઇ કર્યું છે તે શ્રીમંત પેશવાના હુકમથીજ કર્યું છે, મેં કંઇ દુષ્ટ કર્મ કર્યું નથી માટે હે ઇશ્વર! મને શીઘ્ર પરલોકમાં લઇ લેજે'. આ પ્રમાણે હિંદુસ્તાનમાં ઉઠેલો મોટો બળવો અને તેના અગ્રેસરોનો અંત આવ્યો તથા સર્વત્ર સ્વાસ્થ્ય પથરાઈ અંગ્રેજોનું રાજ્ય ચિરસ્થાયી થયું.

સને ૧૮૫૭ ના બળવાએ હિંદુસ્તાનમાં મોટી ઉથલ પાથલ કરી મૂકી પરંતુ તે વખતે લોર્ડ કેનિંગ જેવો ધીર ગંભીર ગવર્નર જનરલ અને સર હ્યુ રોજ જેવો બળવાન સેનાધિપતિ હોવાથી બ્રિટિશ રાજ્ય રૂપી ખરાબે ચડેલી નૌકા સહજમાં બચી ગઈ. બંડનો વખત હિંદુસ્તાનના ઇતિહાસમાં પ્રસિદ્ધ થયો અને તેમાં ભાગ લેનાર અંગ્રેજ અને આર્ય પાત્રોનાં નામ સુવર્ણના અક્ષરે દિગંતપટમાં ચળકતાં રહ્યાં. બળવાની શાંતિ થયા પછી પરમ ઉદાર લોર્ડ કેનિંગે તા ૧ લી નવેમ્બર ૧૮૫૮ ને દિવસે ચક્રવર્તિની નામદાર મહારાણીની આજ્ઞાથી એક જાહેરનામુ પ્રસિદ્ધ કરી હિંદુસ્તાનના લોકને અભય આપ્યું. એ જાહેર

---

‡ "Our very remarkable friend, Tantia Topee, is too troublesome and clever an enemy to be admired. Since last June he has kept Central India in a fervor. He has sacked stations, plundered treasuries, emptied arsenals, collected armies, lost them; fought battles, lost them; taken guns from native princes, lost them; taken more lost them: then his motions have been like forked lightning; for weeks he has marched thirty and forty miles a day. He has crossed the Nurbudda to and fro; he has marched between our columns, behind them and before them. Ariel was not more subtle aided by the best stage mechanism. Up mountains, over rivers, through ravines and valleys, amid swamps, on he goes, backwards and forwards, and side-ways and zigzag ways-now falling upon a post-cart, and carrying off the Bombay mails-now looting a village, headed and burned, yet evasive as Proteus.'

—*Times, January 17th 1859.*

નામામાં નામદાર મહારાણીએ જે આશ્વાસન આપણને આપેલાં છે, તે બ્રિટિશ રાજ્યની સત્ય પ્રીતિ અને ઔદાર્ય દેખાડવાને બસ છે. એ જાહેરનામું હિંદની પ્રજાને માટે એક પ્રીતિની સનદ રૂપ છે. તે જ્યારે ગામે ગામ અને શહેરે શહેરમાં પ્રસિદ્ધ કરવામાં આવ્યું ત્યારે હિંદુસ્તાનની રાજ્ય ભક્ત પ્રજા રાજ પ્રતિ પ્રેમોદધિમાં બુડી ગઇ અને તે ભાગ્યશાળી દિવસ બળવાને પરિણામે આવ્યો એટલું બળવાને માટે પણ યશપ્રદ થયું. પછી વળી લોર્ડ કેનિંગે કાનપુર, આગ્રા, મીરત, દિલ્હી, લખનૌ, અંબાલા, અને જબલપુર વગેરે ઠેકાણે જાતે જઇ ત્યાં મોટા દરબાર ભર્યા અને લોર્ડ ડેલાહૌસીની સંયુક્તક રાજનીતિથી ભય પામેલા દેશી રાજાઓને અભય વચન આપ્યાં. બળવો દાબી દેવામાં મદદ કરનાર રાજાઓનો અંતઃકરણ પૂર્વક આભાર માન્યો અને ટુંકામાં સર્વે પ્રજાનાં મન શાંત પાડી તેમના અંતઃકરણ ઉપર ઊંડી રાજ્યભક્તિની છાપ પાડી.

બળવાથી વળી સાર્વભૌમ સરકારને એક બીજો પણ અતિ ઉત્તમ અનુભવ મળ્યો. દેશી રાજ્યો કેટલાં ઉપયોગી છે તે તેમના સામજવામાં આવ્યું અને એજ કારણે લોર્ડ કેનિંગે પછી દેશી રાજ્યોને સાર્વભૌમ રાજ્યમાં આબાદ રાખવાનાં અભય વચન આપ્યાં. નિઝામ, સિંધિયા, હોલકર, અને પંજાબમાંનાં દેશી રાજ્યો આબાદ હતાં તેથીજ બ્રિટિશ સરકાર આવી પડેલા ઉત્પાતને પાછો વાળી શકી એમ અંગ્રેજોને ખાત્રી થઇ.* સિંધિયા, નિઝામ અને શીખ રાજ્યોને લીધેજ બ્રિટિશ સત્તા પુનઃ સંસ્થાપન થઇ શકી એમ મોંટસ્ટુઅર્ટ જેવા

---

* "The Native Principalities acted as breakwaters when a surge of Native feeling—we will say, at the risk of being misunderstood, of national feeling—threatened to overwhelm the foreigners. Madras was saved by the Nizam. Bombay was saved because Gwalior broke the rush of the wave which had the able coward, Tantia Topee, on its crest. The Punjab was saved because the old Sikh Princes of the Protected States stood honestly by our side."

—*Extract published in the Retrospects and Prospects of Indian Policy, P. 203.*

અનુભવીઓએ ઈંગ્લંડમાં સિદ્ધ કરી બતાવ્યું.+ આ ઉપરથી ખાત્રી થઈ ત્યારે અંગ્રેજ સરકારે સર્વે દેશી રાજાઓને દત્તક લેવાની પૂર્ણ પરવાનગી આપી. [1] સિંધિયાને જ્યારે દત્તક લેવાની પરવાનગી મળી ત્યારે ગ્વાલીઅરના દરબારમાં પુત્ર જન્મના ઉત્સવ જેવો આનંદ આનંદ વ્યાપી રહ્યો અને રજપૂતસ્થાનવાળા રેવા સંસ્થાનના મહારાજાને જે વખતે દત્તક લેવાની પરવાનગી આપવામાં આવી તે વખતે તેણે ખુદ લોર્ડ કેનિંગ સાહેબની સન્મુખ આ પ્રમાણે હર્ષોદગાર કાઢ્યો " અમારૂં ક્ષત્રિય કુલ આજ ૧૧૦૦ વર્ષથી સર્વત્ર પ્રસિદ્ધ થઈ રહેલું છે, તેને નાશ કરવાને જે નઠારો વાયુ પ્રથમ વહાવા માંડ્યો હતો તે આપના અભય વચનથી આજ સર્વ ઠેકાણે શાંત પડ્યો છે અને હું તેનો હર્ષ દેખાડી પણ શકતો નથી. આ પ્રમાણે પ્રાચીન રાજ્ય વંશોને અભય આપી બ્રિટિશ સરકારે જે અનન્ય કીર્તિ મેળવી છે તે પ્રલય કાળ સુધી અક્ષય્ય રહેશે. આપણા પ્રાચીન રાજ કુટુંબોનું દત્તકથી પરિ-

"I think the ardour for the consolidation of territory, concentration of authority, and uniformity of administration, which was lately so powerful, must have been a good deal damped by recent events. Where should we have been now if Scindia, the Nizam, and the Sikh Chiefs, had been annexed?"

—*Asiatic Journal Vol. XVIII. P. 334.*

"The safety of our rule is increased, not diminished, by the maintenance of Native Chiefs well-affected towards us. Should the day come when India shall be threatened by an external enemy, or when then the interest of England elsewhere may require that her Eastern Empire shall incur more than ordinary risk, one of our best main stays will be found in these Native States. But to make them so we must treat their Chiefs and influential families with consideration and generosity, teaching them that in spite of all suspicion to the contrary, their independance is safe, that we are not waiting for plausible opportunities to convert their country into British territory."

—*Adoption Minute, 30th April 1860*

પાલન કરવા માટે આપણે ચક્રવર્તિની નામદાર **મહારાણી**, લોર્ડ કેનિંગ–કૃપાળુ કેનિંગના ગુણે ઓસિંગણ છીએ.

બળવાથી કેટલાક વીર પુરૂષો અમર થઈ ગયા. સર હ્યુ રોઝ, લોર્ડ લૉરેન્સ, અને જનરલ નેપિઅર જેવા અંગ્રેજ વીરોને માટે બ્રિટિશ પ્રજા સગર્વ રહે છે. ઉપરના અંગ્રેજ વીરોની માફક મહારાણી **લક્ષ્મીબાઈ** એક આર્ય અબળા પોતાના વીરત્વથી અમર થઈ ગયાં છે. અશુદ્ધ સ્થાનમાં પડ્યા છતાં રત્નની કિમ્મતમાં ઘટાડો થતો નથી તેમ પરીક્ષક તેના સ્થાનને જોતો નથી પરંતુ ગુણનેજ જુવે છે. મહારાણી લક્ષ્મીબાઈ દુર્દૈવને લીધે બળવામાં સામેલ થયાં પરંતુ તેમનું શૌર્ય, તેજસ્વિતા, સ્વાભિમાન, બુદ્ધિચાતુર્ય અને કાર્ય દક્ષતા પ્રશંસનીય હતાં એમાં તો શંકાવકાશ નથીજ. સર હ્યુ રોઝ કે જેને માટે અંગ્રેજી વર્તમાન પત્રો સ્તુતિ કરતાં થાકતાં નથી અને જેને અંગ્રેજો એક અતુલ બળવાન યોધરૂપ માને છે તે સર હ્યું રોઝને જેણે કેટલાક દિવસ સુધી રણસ્વાગતા આપતાં ઝાંશીની બહાર તરવારને તોરણે ઉભો રાખ્યો અને પોતાને માટે ઉચ્ચ ઉદ્‌ગાર કઢાવ્યો તે એક પડદાનશીન આર્ય અબળાને જેટલો ધન્યવાદ આપીએ તેટલો ઓછો છે. મહારાણી લક્ષ્મીબાઇને જે પક્ષ લઇને લડવું પડયું તે પક્ષમાં તેઓ ન હોત અને જો બ્રિટિશ સરકારના પક્ષમાં રહી તેમણે આટલું પરાક્રમ કર્યું હોત તો તેમનું નામ આખા ભૂગોળ ઉપર ચિર સ્મરણીય થઈ રહ્યું હોત. રાણી સાહેબ સામાં પડયાં તેથી કેટલાક ઇતિહાસકોએ તેમને માટે સખ્ત લેખ લખ્યા છે છતાં તેમનાં પરાક્રમના ગુણથીજ થઇ તેમણે વખાણ પણ કંઈ ઓછાં કર્યાં નથી. गुणाः पूजास्थानं गुणिषु न च लिंग न च वयम् આ મહા કવિ ભવભૂતિની ઉક્તિ પ્રમાણે મહારાણીના ગુણ સમુચ્ચયની પ્રશંસા તેમણે ખરા પરીક્ષકની દૃષ્ટિથી કરી છે. સર હ્યું રોઝે મહારાણીને માટે નીચે પ્રમાણે સ્તુત્ય ઉદ્‌ગાર કાઢેલો છે. "રાણી સાહેબની અતિ ઉચ્ચ કુલિનતાને લીધે, આશ્રિત અને સેવક જનપ્રતિના તેમના અપાર ઔદાર્યને લીધે અને વિકટ પ્રસંગે જરા પણ ન ડગનારા તેમના અદ્વિતીય ધૈર્યને

લીધેજ તેમનો પક્ષ બળવાન થઇ પડયો હતો.” વળી જ્યારે તેમનાં સ્વર્ગવાસના સમાચાર મળ્યા ત્યારે તે દિગવિજયી સેનાનીએ શોક પૂર્ણ હૃદયે આ પ્રમાણે શોકોદગાર કાઢયો હતો. “ગ્વાલીઅરની લડાઇમાંનું અતિ મહત્વનું પરિણામ કહીએ તો તે ઝાંશીની બળવાન મહારાણી લક્ષ્મીબાઇનું મરણજ છે. તે જાતે અબળા છતાં શત્રુ પક્ષમાં એક અતિ શૂરા અને અતિ ઉત્તમ સેનાગ્રણી રાણી હતાં.” ડો. લો. ગ્વાલીઅરનું વિજયપત્ર લખતાં કહે છે કે, “ગ્વાલીઅરની લડાઇમાં જે મોટામાં મોટો શત્રુ પડયો તે બીજો કોઇજ નહિ પણ એક [illegible] અબળા–ઝાંશીની મહારાણી શ્રી લક્ષ્મીબાઇ હતાં.” માર્ટિન નામનો ઇતિહાસકાર લખે છે કે, “મહારાણી લક્ષ્મીબાઈ ભર જુવાનીમાં હોઈ અત્યંત સ્વરૂપા હતાં, તેમનું મન ઉત્સાહપૂર્ણ અને શરીર સશક્ત હતું, તથા તેમનામાં જહાંગીર પાદશાહના પ્રતિપક્ષી રજપૂત વીર રાણા ઉમાની માફક “मनस्वी म्रियते कामं कार्पण्यं न तु गच्छति” પ્રાણ જાય તો ખેર પરંતુ માનહાનિ ન થવા દેવી, એવું સ્વાભિમાન હતું.* સર એડવિન આર્નોલ્ડે રાણી સાહેબને માટે ઘણોજ ઉત્તમ વિચાર દેખાડયો છે. તેણે લખ્યું છે કે, ‘જે રાણીની પાસેથી અમે રાજ્ય લઇ લીધું તેજ રાણી એક મોટા સૈન્યની નેતા થઈ રણમાં ઉતરી તેની મને તો હમણાંજ ખબર પડી.” તેણે આટલીજ પ્રશંસા કરી નથી, પરંતુ રાણીને ‘બોડિશિયા’ની ઉપમા આપી છે.† ટોરેન્સ નામના પાર્લામેન્ટના સભાસદે

---

*“In the prime of life, exceedingly beautiful, vigorous in mind and body, Lakshimi Bye had all the pride of the famous Rajput prince the Rana Umra, (the opponent of the Emperor Jehangeer) whe,

"rather than be less cared not to be at all."

—*Indian Empire, P. 303.*

†“ * * * We found that the woman from whom we had taken, as incapable of government, the regency of a state, could at least command an army. Her name

લખ્યું છે કે, "ઘનઘોર યુદ્ધમાં શત્રુની સામે મોટા ધૈર્યથી અડગ રહીને યુદ્ધ કરતાં કદી પણ તેમણે પુંઠ દેખાડી નથી." જસ્ટીસ મેકથીએ સર હ્યુ રોજે કરેલી રાણીની પ્રશંસાના સંબંધે લખ્યું છે કે, ગુણી હોય તેજ ગુણીની તુલના કરી શકે છે. રાણીનો ઉજ્વળ યશ જગતને ધવલ કરે છે.‡

આ રીતે જેના વિમલ ગુણને માટે પશ્ચિમ દેશના પરીક્ષકો સાનંદ અંતઃકરણે સંતોષ બતાવે છે તે અતુલ પરાક્રમી, વીર્યશાલિની મહારાણી લક્ષ્મીબાઈ સાહેબ જેવાં સ્ત્રી રત્ન આપણા આર્યજાતના લલામભૂત થાય, અને તેમને માટે આપણને પૂજ્ય બુદ્ધિ જણાય એ સાહજીકજ છે. મહારાણી લક્ષ્મીબાઈ સાહેબ જેવાં વીરવંદનીય પાત્રનો અનુવાદ કરવાને કોણ સમર્થ છે?*

---

was the centre of the revolt in the North-west. She was the swarthy Boadicea of the Hindoo and Mussalman levies; by her adroit intrigues Gwalior was nearly lost, and Central India with it. For weeks and month, after Delhi fell, her wonderful power of generalship kept the British columns under Sir Hugh Rose at the strain of effort and endurance, till at last she led her troops in open battle against us at Calpee. Defeated there, she made an other masterly effert against us at Gwalior, and it was not the fault of this able and passionate woman that her army broke that day, and fled in utter confusion. Armed and dressed as a cavalry officer, she led her ranks to repeated and fierce attacks, and when the Camel corps, pushed up by Sir Hugh in person, broke her last line, she was among those who stood when hope was gone...."

—*Dalhousie's Administration of British India, Vol. II. P. 152.*

"One of those who fought to the last on the rebel side was the Ranee or Princess of Jhansi whose territory as we have already seen, had been one of our annexations.

છેવટ જે જગત્પાલક પરમેશ્વરે સને ૧૮૫૭.ની સાલ પછી હિંદુસ્તાનમાં મહા કીર્તિમાન બ્રિટિશ સરકારનું રાજ્ય શાશ્વત કર્યું તે જગત્પાલકની આપણે સ્તુતિ કરી રાત્રિ દિવસ એજ ઇચ્છીશું કે, અમારા ઉપર બ્રિટિશ રાજ્યની નિરંતર છાયા રહો અને અમારી ઉપર લોકપ્રિય પરમ કલ્યાણકારિણી નામદાર મહારાણી શ્રી વિક્ટોરિયાનો રાજ્ય અમલ ચિર કાળ સુધી અમર રહી અમારૂં પ્રજાની માફક પાલન કરો ! !

સમાપ્ત.

She had plunged all her energies in to the rebellion, regarding it clearly as a rebellion and not as a mere mutiny. She took the field with Nanasaheb and Tantia Topee. For months after the fall of Delhi she contrived to baffle Sir Hugh Rose and the English. She led squadrons in the field. She fought with her own hands. She was engaged against us in the battle for the possession of Gwalior. In the uniform of the Cavalry officer she led charge after charge and was killed among those who resisted to the last. Her body was found upon the field scarred with wounds enough in the front to have done credit to any hero. Sir Hugh Rose paid her the well-deserved tribute which a generous conquror is always glad to be able to offer. He said in his general orders, that *the best man upon the side of the enemy was the woman found dead the Rani of Jhansi."*

—*History of our oun times by Justin McCarthy M.P., III.*